शुभसंग्रह—भाग पहेलो

(ખાસ ઉપયોગી ૯૬ લેખો)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
અમદાવાદ અને મુંબઈ-૨

મુલ્ય ચાર આના—એક રૂપીયાની પાંચ પ્રત

शुभसंग्रह

भाग पहेलो

ખાસ ઉપયોગી ૯૬ લેખો

આવૃત્તિ ચોથી, પ્રત ૫૩૦૦, કુલ પ્રત ૨૧૬૦૦, સં. ૧૯૮૪

सस्तुं साहित्य वर्धक कार्यालय तरफथी

સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ

અમદાવાદ અને મુંબઈ-૨

મૂલ્ય ૦।, પાંચ પ્રતનો ૧)

પ્રત્યેક વાંચનારને સૂચના

આ પુસ્તકમાંની જે જે હકીકતો તમને વ્યાજબી લાગે તે તે મુજબ વર્તવા કાળજી રાખશો, તો તેથી તમને લાભજ થશે.

આવાં પુસ્તકો વાંચ્યા પછી ઘરનાં તેમજ બહારનાં અન્ય સજ્જનોને તે વાંચવા આપશો, કે વાંચી સંભળાવશો; એટલી તમે લોકસેવા બજાવી-એમ સમજશો.

આ "શુભસંગ્રહ"ના બીજા ભાગો પણ આવા ને આવા ખાસ ઉપયોગી લેખોથી ભરપૂર હોઇ તે દરેકનું કદ ૬॥ × ૧૦, તથા પાકાં પૂંઠાં સાથે તેનું મૂલ્ય નીચે મુજબ છે:-

શુભસંગ્રહ-ભાગ બીજો-પૃષ્ઠ ૫૯૨ ... મૂલ્ય ૨॥

શુભસંગ્રહ-ભાગ ત્રીજો- ,, ૪૩૨ ... ,, ૧॥

શુભસંગ્રહ-ભાગ ચોથો-છપાય છે.તે ૧૯૮૫ના શિયાળામાં નીકળશે.

શુભસંગ્રહ-વધુ ભાગો-દર વર્ષે એકાદ નીકળશે.

અમદાવાદ-'સસ્તું સાહિત્ય મુદ્રણાલય'માં
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

નિવેદન

પહેલી આવૃત્તિ વખતે આ ગ્રંથની ચારેક હજાર પ્રત વિવિધ ગ્રંથમાળાનાં ગ્રાહકોને ૧૯૮૨ ના અધિક ચૈત્રના અધિક અંકતરીકે અપાઇ હતી. ઉપરાંત બીજી તેટલી પ્રત એક ઉદાર સજ્જન-કે જેમણે પોતાનાં નામઠામ આપવાની ના કહી હતી તેમના ખર્ચથી અન્ય સજ્જનોને પણ વિનામૂલ્યે અપાઇ હતી. એ ઉપરાંત ત્રણ હજાર પ્રત બીજી આવૃત્તિરૂપે ભેગાભેગી નીકળેલી, તે પણ તુરતમાં ખપી ગઇ. પુષ્કળ માગણી થવાથી ત્રીજી આવૃત્તિ પાંચ હજાર પ્રતરૂપે છપાઇ હતી. અને તે પણ ખપી જવાથી આ ચોથી આવૃત્તિ છપાઇ છે.

આ પુસ્તકદ્વારા રજુ થયેલા ટુંકા, પરંતુ હિતાવહ લેખોની સાથે, તે તે લેખકોનાં નામ તેમજ જે માસિકો, વર્તમાનપત્રો વગેરે ઉપરથી તે લેવાયલાં, તેઓનાં પણ નામ બનતાંસુધી અપાયાં છેજ. આ સ્થળે તે તે તમામ લેખક તેમજ તેના સંપાદક અને પ્રકાશક મહાશયોનો સપ્રેમ આભાર માનીએ છીએ.

આષાઢ-૧૯૮૪ ભિક્ષુ-અખંડાનંદ

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩	૧૦	વિદ્યાથીની	વિદ્યાર્થીની
૯	૧૬	આભ	આભા
૧૨૯	૨૪	તૂટયાં	ખૂટયાં
૧૫૫	૨૪	પ્રાથના	પ્રાર્થના

ग्रंथवांचनना फायदा

यस्यास्ति सद्ग्रन्थविमर्शभाग्यं किं तस्य शुष्कैश्चपलाविनोदैः।

અર્થાત્—જેના ભાગ્યમાં સારા સારા ગ્રંથો વાંચવાવિચારવાના હોય તેના આગળ ચંચળ લક્ષ્મીના શુષ્ક વિનોદ શી ગણત્રીમાં છે?

મહાત્મા ગાંધીજી લખેછે કે:-"પુસ્તકોમાં હું ગુંથાયલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર નહિ થાત; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે; તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર વિચાર પણ કરી શકશો."

સ્વ૦ પઢિયાર લખે છે કે "બંધુઓ! સારાં પુસ્તકો એટલે શું એ તમે જાણો છો? સારાં પુસ્તકોની કિંમત તમે સમજો છો? ભાઈ! હજી આપણે એ નથી સમજતા. જો સમજતા હોઇએ તો આપણી હાલત આવી ન હોય. મને તો લાગે છે કે, જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્રનો લાભ લઇ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ તે પુસ્તકો છે; જ્ઞાન એ સોનાની ખાણ છે, અને પુસ્તકો તે તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે, અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન વાયુ છે, અને પુસ્તકો તે એ વાયુને ખેંચી લાવી ઠંડક આપનાર પંખાઓ છે. જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો તે આપણને રહેવાલાયક મકાનો છે; જ્ઞાન તે અનાજનો ભંડાર છે, અને પુસ્તકો તે રોટલા છે; જ્ઞાન તે મેઘ છે, અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; અને જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે, અને પુસ્તકો તે એનો રસ્તો દેખાડનાર પૂજનીય દેવો છે."

उत्तम जीवनचरित्रोनो महिमा

(અનેક અનુભવીઓના ઉદ્દગાર)

"જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવામાટે પ્રયત્ન કરે છે; તેમ ચરિત્રરૂપી આરસી-થી પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ–ગુણદોષ તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગ્રત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઈ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમશૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તકદ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે, તેના કરતાં એવા ગુણોથી અંકિત થઇ પ્રખ્યાતિમાં આવેલા મહા-પુરુષોનાં ચરિત્ર વાંચી સમજવાથી અધિક અસર થાય છે. વાંચનારના સ્મરણસ્થાનમાં તેની આબાદ ઊંડી છાપ પડે છે અને પછી તે તેને અનુસરીને ઉત્તેજિત થઇને બહાર પડે છે."

"ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલી હદસુધી ઉત્તમ બનાવી શકે તથા કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે."

"ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે, આપણી આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે. આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ, આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે, આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે હિસ્સેદાર થવાને ઉશ્કેરાઇએ છીએ. આ પ્રમાણે જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમાંના દાખલાઓ જોઇને સ્ફૂર્તિમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળમાં સહવાસ કરવા બરાબર છે."

अनुक्रमणिका

શુભસંગ્રહ-ભાગ ૧ લો

૧—ઓ હિંદુઓ ! તમે સાંભળો.

(મહાત્મા ગાંધીજીના ભાષણમાંથી-"સૌરાષ્ટ્ર" તા. ૯-૮-૨૫)

આપણી મનોહર ધરતી ઉપર વસતી તમામ જાત અને કોમ વચ્ચે બંધુતા, એને હું હિંદુમુસ્લીમ એકતા કહું છું. એ બંધુતા આપણે હાથે બંધાવી શું અશક્ય છે? એ કાર્યક્રમ શું અનિષ્ટ છે? પણ મેં તો એ વાતમાં હાથ ધોઇ નાખ્યા છે. મેં તો જાહેરાત કરી દીધી છે કે, આ દર્દની દવા કરનાર વૈદ્યતરીકે હું નાપાસ પડયો છું. હિંદુ અગર મુસલમાન કોઇ પણ મારી ઔષધિ સ્વીકારવાને તૈયાર નથી; એટલે આ વિષયનું નામમાત્ર લઇ હું ચૂપ થઇ જાઉં છું. હું એટલુંજ કહેવા માગું છું કે, જો આપણી આ ભૂમિનો ઉદ્ધાર કરવાની આપણી ઇચ્છા હોય તો આપણે બન્નેએ એક થયેજ છૂટકો છે; અને આપણે લલાટે જો એવુંજ લખાયું હોય કે, આપણે એકબીજાનાં લોહી વહેવડાવ્યાસિવાય ભેટવાનાજ નથી, તો તો હું કહું છું કે, એ લડાઇ કાલ થતી હોય તો આજે થાવ અને જલદી થાવ. જો આપણે એકબીજાનાં માથાંજ કાપવાં છે તો ચાલો, એ કામ મરદાનગીને શોભે તે પ્રમાણે આપણે કરીએ તો તો એકબીજાને માટે ખોટાં આંસુ પાડવાનાં છોડી દઇએ, એકબીજાની સહાનુભૂતિ માગવાનું છોડી દઇએ.

અને અસ્પૃશ્યતાના શાપમાંથી હિંદુનો છૂટકારો કરવો એ
અનંતકાળ ચાલે એવો અગર તો અશક્ય કાર્યક્રમ છે? હિંદુ
એ સુંદર વદન ઉપર જ્યાંસુધી અસ્પૃશ્યતાનું કલંક ચોંટયું છે, ત્ય
સુધી સ્વરાજપ્રાપ્તિ એ છેકજ અશક્ય વસ્તુ છે, એમ હું દાંડી પીટી
કહું છું. કદાચ ડાઉનીંગ સ્ટ્રીટથી સ્વરાજની ભેટનું પાર્સલ હિંદુસ્તાન
માં આવી પહોંચે, તોપણ જ્યાંસુધી આ શાપનું નિવારણ નથી થયુ
ત્યાંસુધી એ ભેટ એ ઝેર છે. અસ્પૃશ્યતાનિવારણના પછીનાં પગલાં
છે? ઓ સનાતની હિંદુઓ! તમારાજ એક સનાતની હિંદુના મોઢા
આ શબ્દો સાંભળો. **અસ્પૃશ્યોની સાથે ખાવાપીવાનો વહેવ
રાખવાનું હું નથી કહેતો. અસ્પૃશ્યોની સાથે બેટાબેટીનો વહેવા
કરવાનું હું નથી કહેતો;** પણ એટલુંજ કહું છું કે, તમારી સેવા
ઉઠાવે તો તમે પણ એને તમારી નજીક રાખો. એને તમારાથી અસ્પૃ
ન રાખો. ધર્મને નામે વર્ષો થયાં આપણે એને બેડીમાં રાખ્યા
અને આપણી એ સેવા ઉઠાવે છે. સેવા કરનારનો એ અધિકાર છે
એને આપણે આપણાથી અસ્પૃશ્ય ન બનાવીએ. કલકત્તાના
હિંદુઓ! તમે સાંભળો! હિંદુધર્મ આજે તોળાઈ રહ્યો છે અને ત
અસ્પૃશ્યોનો ઉદ્ધાર નહિ કરો તો એનું છાબડું બેસી જવાનું છે.

૨–તમારાં બાળકોમાટે ઉત્તમ શિક્ષણ

જાપાનમાં નિશાળે ભણતા પ્રત્યેક બાળક સાથે નીચલા ભાવ
વાતચીત શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે એકાદ વખત પણ થાય છે

શિક્ષક:–તું આવડો મોટો શાથી થયો?

વિદ્યાર્થી:–ખોરાક ખાવાથી.

શિક્ષક:–એ ખોરાક ક્યાંથી ઉત્પન્ન થયો?

વિદ્યાર્થી:–આપણા દેશ–જાપાનની જમીનમાંથી.

શિક્ષક:–વારુ, ત્યારે તો તારું શરીર જાપાનનીજ ભૂમિમાં

ઉત્પન્ન થયું છે અને એનાથીજ એનું પાલનપોષણ થાય છે. માતાપિતાવડે એ પેદા થયું છે તોપણ એ માતાપિતાની શક્તિ પણ જાપાનની બહારની તો નથીજને ?

વિદ્યાર્થીઃ—નાજી.

શિક્ષકઃ—ત્યારે તો જાપાનને—આપણી માતૃભૂમિને પૂરેપૂરો અધિકાર છે કે જ્યારે યોગ્ય લાગે ત્યારે તારૂં શરીર એના ઉપયોગને માટે લઇ લે !

વિદ્યાર્થીઃ—જી હા, એ વખતે મારૂં કોઇ પણ બહાનું ચાલેજ નહિ.

એટલીજ વાતચીતથી માતૃભૂમિમાટે પ્રાણસમર્પણ કરવાનો ભાવ જાપાનીસ વિદ્યાર્થીની નસેનસમાં પ્રવેશ કરી જાય છે.

ખરેખર ધન્ય છે એ નાનાં નાનાં બાળકોને કે જેમની બુદ્ધિમાં બચપણથીજ આવી મહત્ત્વની વાત ઠસાવવામાં આવે છે, ઠસી જાય છે અને આચરણમાં ઉતરવા માંડે છે! આપણા દેશમાં તો એક બાજુ વિદ્વાન પંડિતજી અને બીજી બાજુ આલિમ ફાજિલ મોલવી સાહેબ, શતાબ્દીઓ વીતી ગઈ તોપણ એટલું વ્યાવહારિક સત્ય નથી સમજ્યા કે આપણે **હિંદુ અને મુસલમાન એકજ માતા-(ભારત)નાં સંતાનો છીએ અને એકજ માતાનું દૂધ (અન્ન) પીએ છીએ એટલા માટે સગા ભાઇઓજ છીએ.**

૩—સાગર ઓળંગવાનો સેતુ

("નવયુગ"—શ્રી વસવાણીના લેખમાંથી)

હિંદુસ્તાને ઘણીએ ગાઢ નિદ્રા લીધી છે; પણ, આજે તે જાગે છે. એની આંખ જ્યારે ચેતનથી વિકસશે, એનું હૃદય જ્યારે આત્મજ્ઞાનથી ઝળહળશે ને એને જ્યારે સ્વરૂપનું આત્મભાન આવશે, ત્યારે સ્વરાજ એની હથેળીમાં હશે. આજે એની જાગૃતિમાં ઉણપ રહી છે; આજે હજી ગ્રામ્યપ્રવેશ અધુરો રહ્યો છે. ગામોગામ રાષ્ટ્રનો સંદેશ ફરી વળવો જોઇએ; ગામેગામ કુમારોનાં સૈન્યોએ રાવટીઓ નાખવી

જોઇએ. એ કુમારોની સેના બોલે તે પહેલાં વિચાર કરે. ભૂતકાળમાં હિંદની કયી દશા હતી અને આજે એની શી દશા થઈ છે, એ બધું ડેરા ઠોકનારાઓએ જાણી લેવું જોઇએ. આજની અધોગતિનું મૂળ-કારણ તેમણે શોધવું જોઇએ. 'સ્વદેશી'થી આપણી આઝાદીની લડતને કેવો ને કેટલો વેગ મળી શકે છે, એ દરેકે સમજી લેવાનું છે. સામ્રાજ્યવાદની છાતીમાં પ્રજાઓને ચૂસીને એકઠું કરેલું લોહી ધબકે છે. આપણે એક વખત આર્થિક શોષણને અટકાવી શકીએ તો સામ્રાજ્યવાદ આપણી આગળ પાંગળો થઈ પડે. નાના ગૃહઉદ્યોગોના વિકાસમાં જનતાનો ઉદય છે ને એ વિકાસ હિંદુસ્તાનને બ્રિટિશ સામ્રાજ્યવાદનાં જડબાંમાંથી છોડાવે છે.

આત્મજ્ઞાન આવશે ત્યારે શ્રદ્ધા જન્મશે. આજે હિંદમાં તો ભયની ધ્રુજારી ચાલી રહી છે. એક અધિકારી પણ ગામડીઆઓને થથરાવે છે; એક પોલીસ પણ ગામડીઆઓને થથરાવે છે; એક પોલીસ પણ પટેલને દબડાવે છે અને માંડ માંડ જીવન ખેંચતા ખેડુત-ને ત્રાસથી પોતાની મજુરીમાંથી ભાગ આપવો પડે છે. આજે એકે એક ખાતામાં લાંચની ભ્રષ્ટતા પેઠી છે. લોકોમાં હિંમત નથી કે તેઓ લાંચ-રૂશ્વત આપવાની ના ભણી શકે. લોકો તો પોલીસોને–અધિકારીઓને સર્વશક્તિમાન લેખે છે; અને આ બીકને લીધે તેઓ દીનને મારે છે. યુવકોએ તો વીરતાનો સંદેશ આપવાનો છે ને ભીરુતાને ભગાડવાની છે.

શ્રીરામચંદ્રજી કહે છે કે, જનની ને જન્મભૂમિ તો સ્વર્ગથીએ ગરવાં છે. ઋષિસંતાનોને જન્મ દેનારી હિંદની પુણ્યભૂમિ શું જગદ્-ગુરુ નહિ બની શકે? હિંદમાં શ્રદ્ધા મૂકો, એના ભાવિમાં વિશ્વાસ રાખો. જેટલી શ્રદ્ધા હશે તેટલી વીરતા હશે. જે જ્ઞાનમાં પારકાની નિષ્કાળજી છે, તે જ્ઞાનમાં ભીતિની ભીંતો છે ને તેથી તમારા અં-તરમાં પ્રેમ રાખજો, ધિક્કાર રાખજો મા! વીર હનુમાનને હિંદ તો અભણ લેખે છે. તેણે પુસ્તકો નથી વાંચ્યાં, પણ એનામાં જ્ઞાનપ્રકાશ હતો ને શ્રદ્ધાજ્યોત હતી. એણે સાગર ઓળંગ્યો, ત્યારે એનામાં ભય

નહોતો. એણે તો શ્રદ્ધાના ચેતનબળથી સેતુ બાંધ્યો, પત્થરે પત્થરે એણે રામનામની આસ્થા ઉતારી અને રામલક્ષ્મણની બેલડીએ લંકામાં લશ્કર દોર્યું, ત્યારે આ સાગરને આપણે કાં ન ઓળંગીએ ? કાં હનુમાનની શ્રદ્ધાથી સેતુ ન બાંધીએ ? અને બાંધીશું ત્યારે સ્વરાજ આપણું છે.

૪—વટાળવાના ખ્રિસ્તીઓના પ્રયત્નો

(દૈનિક "હિંદુસ્થાન"માંથી)

વરતેજથી ભાઈ મૂળચંદ પારેખ નીચે પ્રમાણે લખી જણાવે છે:—

હિંદુસ્થાનની વસ્તીનો લગભગ પાંચમો ભાગ એટલે ૭ કરોડ મનુષ્યો અસ્પૃશ્ય ગણાય છે. આમાંનો મોટો ભાગ દક્ષિણ હિંદુસ્થાનમાં છે. ઉચ્ચ જ્ઞાતિના બંધુઓ તેમનો સ્પર્શ કરતા નથી, સ્પર્શ કરવામાં પાપ માને છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીને આ દૃશ્ય અસહ્ય લાગવાથી તેઓશ્રીએ અત્યંજોદ્ધારનું કામ હાથ ધર્યું. આ કાર્યને સનાતનીઓએ વખોડી કાઢ્યું તેથી તેઓ પૂ૦ ગાંધીજીની વિરુદ્ધ વર્તન કરવા લાગ્યા. પરિણામે ખ્રિસ્તી મીશનરીઓ, જે હિંદુધર્મ પાળતા અંત્યજોને ખ્રિસ્તી બનાવવાનું કામ કરતા હતા તે પગભર થયા.

ખ્રિસ્તી મીશનરીઓના પ્રયત્નો

મીશનરીઓએ ક્રાઈસ્ટને નામે ૭ કરોડ અસ્પૃશ્યોની ઉન્નતિ કરવાનું જાહેર કરી તે કામ આજે ઘણાં વર્ષ થયાં હાથ ધર્યું છે. પૈસાની મદદ તેમને યૂરોપ—અમેરિકામાંથી થોકબંધ મળે છે; કારણ કે પોતાના ધર્મમાં એક પણ માણસની વૃદ્ધિ થાય તેમાં પુણ્ય મનાય છે, તેથી આ પુણ્યના કામમાં પૂરતી મદદ વિલાયતની સરકાર તથા ત્યાંની પ્રજા કરે છે. બે દિવસ પહેલાંજ નવસારીના મીશન ખાતાને અમેરિકાથી પાંચ હજાર ડૉલર(લગભગ સોળ હજાર રૂપિયા)નો ચૅક આ કાર્યના પ્રચારમાટે મળ્યાનું સાંભળ્યું છે.

મદ્રાસ ઈલાકામાં એક મીશનરી સંસ્થા છે, કે જેમાં ૧,૨૦,૦૦૦

ખ્રિસ્તી થઇ ગયેલા અસ્પૃશ્યો છે. આ સંસ્થા તરફથી ૧૦૦૦ પ્રાથમિક શાળાઓ, તેર આશ્રમો, બે હાઇસ્કૂલો અને એક કૅાલેજ ચલાવવામાં આવે છે; એકંદર ૨૪૦૦૦ ખ્રિસ્તી થયેલા અસ્પૃશ્યોને કેળવણી આપે છે. દર વર્ષે ૧૨૦૦૦ નવા અસ્પૃશ્યોને ખ્રિસ્તી બનાવે છે. આ સંસ્થામાં મોટે ભાગે બધા ખ્રિસ્તી થઇ ગયેલા અસ્પૃશ્યોજ કામ કરે છે. તેમાં ૮૦ અસ્પૃશ્ય ખ્રિસ્તી પાદરીઓ છે, જે બીજા અસ્પૃશ્યોને વટાળવાનું કામ કરે છે. ઉપરની હકીકત તો માત્ર મદ્રાસ ઇલાકાની એકજ સંસ્થાની છે. આવી રીતે બીજી પણ અનેક સંસ્થાઓ મુંબઇ ઇલાકામાં, બંગાળામાં, પંજાબમાં વગેરે સ્થળે કામ કરતી હશે.

સનાતનીઓએ ચેતવાની જરૂર છે.

આવી રીતે એકજ પ્રાંતમાં દર વર્ષે આપણા ૧૨૦૦૦ હિંદુભાઇઓ–એકજ પિતાના પુત્રો–આપણાજ વર્તનથી ખ્રિસ્તી થઈ જાય છે! હિંદુસ્થાન આખામાં તો લાખોની સંખ્યાને વટલાવતા હશે; ત્યારે હજુ પણ શું સનાતનીઓ અસ્પૃશ્યોનો વિરોધ કરી આ હલકી ગણાતી કોમની ઉન્નતિને માટે કાંઈ પ્રયત્નો નહિ કરે?

શાળા અને આશ્રમોની જરૂર

અસ્પૃશ્યોના ઉદ્ધારમાટે આપણી દિલસોજી ન હોવાથી અને આપણે તેમને હડધૂત કરતા હોવાથી તેઓ મીશનરીઓની નિશાળો અને આશ્રમોમાં દાખલ થઇ ખ્રિસ્તી થઈ જાય છે. આપણે આપણા રામ અને કૃષ્ણને ભજનાર ભાઇઓને બીજા ધર્મમાં વટલાતા અટકાવવા હોય તો સનાતનીઓ તેમજ દરેક ચુસ્ત હિંદુની ફરજ છે કે, તેઓએ અંત્યજશાળા તથા આશ્રમો સ્થાપવાં અને તેવી સંસ્થાઓ હોય તેને પૂરતી મદદ આપવી કે જેથી તે સંસ્થામાં અસ્પૃશ્યો કેળવણી લઈ ખ્રિસ્તી નિશાળો અને આશ્રમોમાં જતા અટકે અને હિંદુ ધર્મ પાળી શકે.

સ્વધર્મરક્ષા અને સ્વરાજ્ય

સનાતનીઓના અંત્યજપ્રત્યેના વિરુદ્ધ વર્તનને લીધે હિંદુધર્મની રક્ષા થવાને બદલે ધર્મનો ક્ષય થતો જાય છે. આ અંત્યજ જો

હિંદુધર્મ છોડી ખ્રિસ્તી કે મુસલમાનધર્મી થઇ જાય છે, તો પછી આપણી સાથે તેઓ છૂટથી હળી મળી શકે છે. સારી કેળવણી પામેલા આવા વટલેલા અંત્યજ ભાઈઓ તો આપણી ઉપર અમલદાર પણ થઇ આવે છે અને શેઠાઇ ભોગવે છે, જે આપણે મૂંગે મોઢે સહન કરીએ છીએ. હિંદુ ધર્મ છોડવાની ફરજ આપણે તેઓને આપણા પોતાના વર્તનથીજ પાડીએ છીએ. આડકતરી રીતે આપણે આપણા પોતાના ધર્મનો ક્ષય કરીએ છીએ.

આપણે સ્વરાજની વાતો કરીએ છીએ; પરંતુ આ મીશનરીઓ અંત્યજની સેવા કરી તેને પોતાના કરી તેઓને એવી રીતે તૈયાર કરે છે અને સરકાર પાસે કહેવરાવે છે કે, અમારે સરકારનું રાજ્ય જોઇએ છીએ, હિંદુઓનું રાજ્ય અમારે નથી જોઇતું. આનો સાક્ષાત્ દાખલો પ્રિન્સની હિંદુસ્તાનની મુલાકાત વખતે જ્યારે તેમની મુલાકાતનો બધાએ બહિષ્કાર કર્યો હતો ત્યારે મીશનરીઓએ અસ્પૃશ્યોની એક કૉન્ફરન્સ દિલ્હીમાં તે સમયે બોલાવી, જ્યાં ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) અસ્પૃશ્યોને એકઠા કર્યા અને પ્રિન્સને ઉપર મુજબ સંદેશો અપાવ્યો. આવી રીતે આપણા ધર્મનું છેદન ઉઘાડી રીતે થયા કરે છે; આપણે સવેળા ચેતવાની જરૂર છે. અંત્યજોના સ્પર્શ માટે વાંધો હોયજ નહિ, છતાં કોઇને વાંધો હોય તો તેઓ પણ અત્યંજોદ્ધારના કામમાં તનં, મન અને ધનની મદદ કરી શકે છે, પછી સ્નાન કરી દેહશુદ્ધિ કરી શકે છે. અંત્યજવિરુદ્ધની ચળવળથી નક્કી હિંદુધર્મનો ક્ષય થતો જાય છે અને થતો જશે. તે થતું અટકાવવું તે દરેકે દરેક હિંદુની ફરજ છે.

૫—નોવેલો અને કાલ્પનિક કથાઓ

(લેખક—મણિલાલ ચુનીલાલ ભટ્ટ; "ગુજરાતી" તા. ૨૧-૨-૨૬)

હાલમાં નોવેલો અને કાલ્પનિક કથાઓનું વાચન અધિક પ્રમાણમાં નજરે પડે છે અને તે વિશેષ પ્રમાણમાં છોકરાઓ અને યુવાનોમાં

જોવામાં આવે છે.

કેટલાક ગ્રંથકર્તૃત્વપદાભિલાષી તેમજ અન્ય જનો નોવેલો અને કલ્પિત વાર્તાઓ બહાર પાડે છે; અને તેનો મોટો સમુદાય મદન અને સ્ત્રીવિષયક વસ્તુથી ભરેલો હોય છે. એવા વાચનથી કેટલાક અવિચારી યુવાનો અને છોકરાઓ પોતાનું શ્રેય નહિ સમજી અનીતિના ગર્તમાં ઉતરી પડી શારીરિક તથા માનસિક શક્તિની અને ધનની ખરાબી કરે છે.

સુશિક્ષિત પુરુષો અને સ્ત્રીઓએ પોતાનાં છોકરાંઓને એવા વાચનથી દૂર રાખવાં જોઇએ. યુવાનોએ પણ સમજવું જોઇએ કે, એવા વાચનથી આપણાં મન અને નીતિ ઉપર ખરાબ અસર થાય છે, માટે ઉત્તમ પુસ્તકોનું વાચન રાખો, કે જેથી તમે ઐહિક તેમજ પારલૌકિક શ્રેય સાધી શકશો. ઇતિ શમ્.

૬—હસવું એટલે શું?

(“પ્રજામિત્ર અને પારસી” ઉપરથી)

હસતો ચહેરો કોને પસંદ પડતો નથી? દરેક જણ બળિયલ અને કુંજરા ચહેરાને બદલે હસતો અને આનંદી ચહેરો જોવા માગે છે. જેઓ આનંદી તંદુરસ્તી ધરાવે છે, તેઓ સદા હસ હસ કરે છે. બિમારો અને પોતાની તબિયત બગડી જતી હોવાનો વહેમ રાખનારાઓજ ખુદાની કિંમતી બક્ષીસરૂપ હસવાથી અને આનંદી સ્વભાવથી દૂર રહે છે. હસતાં રહેવાથી અનેક લાભો થાય છે. એક પ્રખ્યાત જર્મન તબીબ કહે છે કે, હસવાથી શરીરમાંનું લોહી ગરમ રહે છે, હસવાથી આપણી નાડ બરાબર નિયમિત ચાલે છે, હસવાથી આપણા બરડાનો કાંઠો મજબૂત બને છે અને હસવાથી તનમાં તાજી હિંમત આવે છે. હસવું જીવનશક્તિમાં વધારો કરે છે. ખુશાલી અને આનંદી સ્વભાવ ચેતનશક્તિ વધારે છે. હસવું અને હસમુખો સ્વભાવ શરીર અને આત્માને મજબૂત અને તંદુરસ્ત રાખે છે. હસવું એ જીંદગીમાટે ખાસ જરૂરી છે. તંદુરસ્તી અને સુખનો આધારજ હસવું છે. હસવું એ

એક પ્રકારની શક્તિ વધારનારો ઈલાજ છે. એક તબીબ તો આગળ વધીને કહે છે કે, ખોરાક કરતાં પણ હસવું વધારે ઉપયોગી છે.

૭–જંજીરને ઝણકારે !

("ગાંડીવ" તા. ૧૩–૧૨–૨૫ માંથી. લેખક–વિનાયક સાવરકર)

(વિનાયક સાવરકર અને ગણેશ સાવરકરનાં નામ કોણે નથી સાંભળ્યાં ? ગણેશપત્ની સ્વ. યશોદાબાઈને પોતાના હૃદયદેવનો સારા જીવનમાટે વિયોગ થયો હતો. પોતાની ગોદમાં ઉછરેલો એક દિયર બાલ પણ સરકારની જંજીરોમાં જકડાયો હતો; પણ પ્રેમઘેલી ભાભીને કાજે ઘનઘોર આકાશમાં એક તારલીઓ ચમકતો હતો. બેરીસ્ટર થઈને બીજો દિયર વિનાયક વિલાયતથી આવશે અને જીવનમાં ઉલ્લાસની કંઈક રેખાઓ આંકશે, એવી તેને આશા હતી; પરંતુ ૧૯૧૦ ના માર્ચમાં છવ્વીસ વરસની નાજુક ઉંમરે વિનાયક પણ વિલાયતમાં ગિરફતાર થયો. પોતાની પરહેજીના સમાચાર વિનાયકે ભાભીને મરાઠી કાવ્યરૂપે મોકલ્યા. તે કાવ્ય આ—)

"વૈશાખનો ચંદ્ર આકાશમાં મીઠું મીઠું હસી રહ્યો છે. સફેદ ચંદ્રિકા ઈમારતોપર આભ પ્રસારી રહી છે. જાઈ ફૂલની જે વેલડીને "બાલે" જાતે જળ સિંચેલાં, તે પોતાનાં નાનકડાં ફૂલોના મઘમઘાટથી મહેકી રહી હતી. બધાં સગાંવહાલાં ઘેર આવ્યાં હતાં. મારૂં ઘર જાણે ગોકળીઉં બની રહ્યું હતું. એ નવજવાનોનું દેશઘેલાપણું, પવિત્રતા અને આત્મત્યાગની પ્રતિભા જોઈ કીર્તિસુંદરી પણ થનથન નાચી રહી હતી. જુવાનીના નવલોહીઆળા પ્રાણ હૃદયપુષ્પને પ્રકટાવી રહ્યા હતા—તેની સુવાસ વહાવી રહ્યા હતા. ગામના લોકો જેને ધર્મશાળા કહેતા, તે એ ધામ દિવ્ય ફૂલવેલોથી બગીચા જેવું બની રહ્યું હતું. એ વેળા મારી વહાલી ભાભી ! તારા પ્રેમને રસે રસાળતાથી ઉભરાતું ભોજન તું બનાવતી હતી. વાતોને હિંચકે હિંચતા અમે ચાંદરણામાં ભોજન કરી રહ્યા હતા. કદી કદી શ્રીરામચંદ્રના વનવાસનું પુરાણ ઉકેલાતું–બીજીજ પળે ઇટાલિ દેશની સ્વતંત્રતાનો ઇતિહાસ કોઈ ઉપાડતું–વીર

તાનાજીનાં અદ્દ્ભુત શૌર્યગીત લલકારાતાં, અથવા તો ચિતોડગઢ કે પૂનાના શનિવારવાડાનો મહિમા ગવાતો ! એ વેળા મારી માતૃભૂમિ ગુલામીની બેડીઓમાં જકડાયલી, દુશ્મનોના તીરથી છિન્નભિન્ન થયેલી મારી અનાથ હિંદમૈયા પણ સાંભરતી; અને તેના દુઃખથી હૈયામાં ચિરાડા પડતાં તેની મુક્તિને કાજે મારા ભાઇને હું ઉપદેશ દેતો.

પ્યારી ભાભી ! એ રમ્ય સમય, એ સગાંઓનો મીઠડો સહવાસ, એ ચંદ્રપ્રકાશ, એ નવનવી કથાઓ, એ સ્મરણીય રાતો, દેશમાતાને મુક્ત કરવાનો દિવ્ય ઉલ્લાસ અને તેને પૂર્ણ કરવાને કરેલી ઉગ્ર પ્રતિજ્ઞાઓ–સાંભરે છે ? સાંભરે છે, મારી ભાભી !

સાંભરે છે, ભાભી ! એ વેળા યુવકસંઘ પોકારતો, અમે "બાજી પ્રભુ" થશું. યુવતીઓ સગર્વ મસ્તક ડોલાવી કહેતી–અમે ચિતોડની વીરાંગનાઓ બનીશું ! એ વ્રત, માડી ! અંધવૃત્તિથી નહોતાં લેવાયાં ! એ દિવ્ય જ્વાળામાં પ્રજળવાનું સતીવ્રત, અમે જાણી–સમજીને સ્વીકારેલું.

દેવિ ! પ્રિયજનો સાથે કરેલી એ પ્રતિજ્ઞાઓ સંભારો અને ભાળો ! પૂરાં આઠ વરસ વીતે ન વીતે ત્યાં તો મારો ઉદ્દેશ કેટલો સફળ થયો છે ! એ વેળાએ કહોને, હરખે હૈયું શે ન ઉભરાય ? જુઓ, જુઓ ! કન્યાકુમારીથી માંડીને હિમાલયના ગૌરવોન્નત મસ્તક સુધી હાહાકાર પ્રવર્તી રહ્યો છે. રઘુવીરનાં ચરણોમાં ભક્તોની ભીડ જામે છે–બીજી બાજુ યજ્ઞકુંડમાં પણ હોળી પ્રકટી રહી છે. એ યજ્ઞ કરવાની દીક્ષા લેનારાઓની પરીક્ષાનો, કસોટીનો અવસર આવે છે–અને રઘુવીર પ્રભુ પૂછે છેઃ–"સમસ્ત સંસારના મંગળ કાજે, આ અગ્નિમાં કોણ પોતાની આહુતિ આપશે ?" ભાભી ! એ દિવ્ય નિમંત્રણ મળતાં મેં ગર્જના કરી–"તૈયાર છે મારૂં કુળ, તૈયાર છે મારૂં સારૂંય કુટુંબ !" ને એ બોલે બોલે જાણે મેં ઇશ્વરી સન્માન મેળવ્યાં. ધર્મને કાજે દેહ ન્યોછાવર કરવાનાં અમારાં વેણ હતાં ! વ્યર્થ નહોતાં ભાભી ! તે વ્યર્થ નહોતાં ! અપાર યાતનાઓ વેઠતાંએ મારૂં ધૈર્ય નહિ ખૂટે–મારો યોગ નહિ તૂટે ! એ વેળા પ્રિયજનોની સોડમાં કરેલી પ્રતિજ્ઞાઓ આજે

પૂર્ણપણે સત્ય નિવડી છે. મારી માડીની જંજીરો તોડવા કાજે પ્રકટેલી યજ્ઞજ્વાળમાં, મારા સ્વાર્થને–મને પોતાને હોમી દઇને હું કૃતાર્થ થયો છું.”

૮—ઉજળા જીવનની સાધના

(“ક્ષત્રિય” માગશર–૧૯૮૨ ના મુખપૃષ્ઠપરથી ઉતારો)

ઉન્નત પ્રજાજીવનના આદર્શ પ્રત્યેની દોડમાં આગળ વધવું છે કે પાછળ પાછળ ઘસડાઈ જવું છે ? એ પ્રશ્ન આપણા નવજુવાનોના જીવનમાં ગુંથાઇ ગયેલો હોવો જોઇએ.

વિકસિત અને પ્રભાવશાળી પ્રજાજીવનનાં સોનેરી સ્વપ્નો સાચાં કરવા માટે સાચો વિકાસ પામેલું વ્યક્તિજીવન અને જોસદાર સંઘબળ જોઇશે; જીવનને નીચે ને નીચે ઘસડી જનાર પ્રચલિત વ્યક્તિહીન અને સામાજિક જીવનની સંકુચિત ભાવનાઓને છેલ્લી સલામ કરવી પડશે.

સંઘ–સાંકળની શક્તિ તેમાં રહેલી વ્યક્તિ–કડીઓના બળથી અંકાય છે. આપણા સંઘની એકે એક વ્યક્તિ જોમદાર અને પ્રેરણા પામેલી હોવી જોઇએ. આમ હશે તોજ આપણું સંઘજીવન અને પ્રજાજીવન ઉજળું બની શકશે.

આપણી પાસે ભવ્ય ભૂતકાળ છે, સુંદર ભાવિનાં સોનેરી સ્વપ્નો છે, પ્રેરણા છે–અને એ સૌથી વધારે મહત્ત્વનું આપણી નસોમાં જોસથી વહેતું યૌવનનું ઉકળતું લોહી છે !

ઉજળા પ્રજાજીવનની સાધનામાટે કાળા માથાના માનવીને બીજાં કયાં સાધનો જોઇએ ?

૯—પુરુષોને બે બોલ

(સ્વામી વિવેકાનંદના સદુપદેશોમાંથી)

“જે સ્રીજાતિ તમારા સુખદુ:ખની ભાગિયણ છે અને સદાકાળને માટે પોતાનું સર્વસ્વ તમને અર્પણ કરી રહી છે, તેમને શિક્ષણ

આપવા તથા ઉન્નત બનાવવાને માટે તમે શું પ્રયત્ન કરો છો ?"

"જે દેશમાં, જે પ્રજામાં નારીપૂજા નથી, તે દેશ, તે પ્રજા કોઈ કાળે મહાન કે ઉન્નત થઈ શકે નહિ. નારીરૂપી શક્તિ–મૂર્તિની અવગણના કરવાથીજ આજે તમારૂં અધઃપતન થયું છે."

"અત્યારે પણ આ દેશની કન્યાઓમાં અને સ્ત્રીઓમાં જેવું સદ્વર્તન, સેવાભાવ, સ્નેહ, દયા, સંતોષ તથા પતિભક્તિ જોવામાં આવે છે, તેવું પૃથ્વીના બીજા કોઈ ભાગમાં મેં જોયું નથી."

"એકમાત્ર ભારતવર્ષની કન્યાઓને જોવાથી આંખો ઠરે છે. તેમનામાં લજ્જા–વિનય આદિ સદ્ગુણો હજી પણ જેવા ને તેવાજ રહી શક્યા છે. આવાં સરસ સાધનો હોવા છતાં તમે સ્ત્રીજાતિની ઉન્નતિ કરી શકતા નથી !"

"મહામાયાની સાક્ષાત્ પ્રતિમા જેવી સ્ત્રીજાતિનો તમે ઉદ્ધાર નહિ કરો અને દેવતુલ્ય ગરીબ વર્ગને જાગ્રત નહિ કરો, ત્યાંસુધી તમારા દેશનો ઉદ્ધાર નથી."

"તેઓમાં જ્ઞાનનો પ્રકાશજ ફેલાવવાનું કાર્ય તમારે કરવાનું છે. યોગ્ય શિક્ષણ મળે તો તમારા દેશની સ્ત્રીઓ હજી પણ 'આદર્શ' સ્ત્રીઓ બની શકે તેમ છે."

"જે જે આદર્શ નારીઓ થઈ ગઈ છે, તે સર્વ પવિત્ર સન્નારીઓનાં જીવનચરિત્રો કન્યાઓની નજર આગળ તરતાં રાખવાં જોઇએ."

"થોડાજ સમયમાં એક અદ્ભુત નવું ભારત અપૂર્વ મહિમાવાન બનીને જગતને આશ્ચર્યચકિત કરતું આવિર્ભાવ પામશે. મારી દૃઢ ધારણા છે કે, એવો સુંદર ફેરફાર થવા લાગ્યો છે અને એ શુભ દિવસ થોડાજ સમયમાં તેજસ્વી ઉદયકિરણથી ચળકી રહેશે !"

("બંકિમ નિબંધમાળા"માંથી)

"સ્ત્રીઓ એ સાક્ષાત્ક્ષમા, દયા અને સ્નેહની દૈવી મૂર્તિઓ છે."

"શાળાઓમાં ભણ્યાવિના પણ જ્ઞાનની વૃદ્ધિ થઈ શકે છે."

"કથા અને હરિકીર્તન એ પૂર્વકાળે જ્ઞાનપ્રાપ્તિનો એક મુખ્ય

ઉપાય હતો."

"પ્રાચીન સન્નારીઓ કથાકારોના મુખથી પુરાણ તથા ઇતિહાસની વાતો સાંભળતી અને તેથી કરીને પુરાણ-ઇતિહાસમાં જ્ઞાનનો જે ઉત્તમ ભંડાર છુપાયલો છે, તે તેમની પાસે ખુલ્લો થઇ જતો."

"અત્યારના આપણા સુશિક્ષિત ગણાતા યુવકો કરતાં પણ અનેક વિષયો પૂર્વકાળની સન્નારીઓ બહુ સારી રીતે સમજી શકતી હતી."

૧૦—મુડીવાદ અથવા મહેલાતની ફિલસુફી

("ક્ષત્રિય"ના માગશર-૧૯૮૨ ના અંકમાંથી)

વિલાસી રાજવટની કે કોઈ મદાંધ ધનિકની વૈભવવાસના પોષવા ઉભા થયેલા પેલા રાજમહાલયો નિહાળો! ત્યાં શું છે? વૈભવ, વિલાસ, કપટ, ક્રૂરતા—અરે પાપ અને વિષયવાસના—માનવજીવનમાં પશુતા લાવનાર સર્વ સાધનો ત્યાં છે! એ વૈભવો ગરીબોના જીવનલોહીથી ખરડાયલા અને એ વિલાસો નિરાધારનાં આંસુથી તરબોળ છે.

એ મહેલાતોને ઉભી કરતાં કેટલાય ગરીબ મજુરોનાં લોહી વહ્યાં હશે! ઘણાંય દૂધમલ બાળકો માતાની સંભાળવિના સૂર્યના પ્રખર તાપમાં તરફડી રહ્યાં હશે?—અને તેમાં સૌથીય વધારે ક્રૂર અને ભયંકર ઘટના તો એ હશે કે, કેટલીયે મજુરણોનાં શીલ વેચાયાં હશે!!

રાજ્યમહાલયોની બાહ્ય સુંદરતા અને ભવ્યતાના ઓછાડ નીચે મલિનતા અને કરુણ ઇતિહાસની કેટકેટલી કહાણીઓ છુપાઈ હશે?

× × × × ×

શું આ મહેલાતો પવિત્રતા, સ્નેહ અને દયાનાં મંદિરો ન હોવાં જોઇએ?

૧૧—જીવજંતુઓની પ્રજા

("ગાંડીવ" તા. ૧૩-૧૨-૨૫ ના અંકમાંથી. લેખક-વિશ્વામિત્ર)

આપણે તો સમાજની સ્થિતિવિષે વિચાર કરવાની શક્તિનુંજ

દેવાળું કાઢયું છે. જો આજે હિંદમાં કોઈ મુસ્તફા કમાલપાશા જેવો પ્રચંડ નેતા હોત તો તેણે લોખંડી કાયદો ઘડીને કૂતરા–બિલાડાની પેઠે પરણીને જીવજંતુ જેવી પ્રજા વધારતા હિંદુઓને અટકાવ્યા હોત! ગાંધીજીએ એક–બે વાર હિંદુસ્થાનની વધી ગયેલી વસ્તી સામે પોકાર ઉઠાવી પ્રજાને બ્રહ્મચર્ય પાળીને વસ્તી અટકાવવાની સલાહ આપી છે; પણ એ સલાહ કુદરતી નથી. જુવાનીના પ્રવાહને ગમે તેટલો રોકશો, તોપણ તે રોકાવાનો નથી. હાલમાં તો કોઇ બનાવટી ઉપાયથી પણ પ્રજોત્પત્તિ રોકવાની જરૂર છે. આપણે પ્રજાને જીવનશક્તિ આપનારા સુધારા પણ કરી શકતા નથી, કેમકે આપણી પાછળ કાયદાનું બળ નથી. ધારો કે, આજે સરકાર બાળલગ્ન અને વૃદ્ધલગ્ન અટકાવનારો તથા પુનર્લગ્નની છૂટ આપનારો કાયદો ઘડે, નાતજાતનાં બંધનો કાયદાની સત્તાથી તોડી નાખે અને પુનર્લગ્ન કરનાર અથવા આંતર્જાતિ લગ્ન કરનારને નાતબહાર મૂકનારને સખ્ત સજા કરવા તૈયાર થાય તો હિંદુઓનો કયો દેવતા પોક મૂકીને રડવાનો છે? દેશ અને કાળ પ્રમાણે સમાજમાં પરિવર્તન થવુંજ જોઇએ; કારણકે પરિવર્તન એજ જીવનનું ચિહ્ન છે. પાણી પણ ખાબોચીઆમાં સ્થિર થવાથી ગંદુ થઇ જાય છે, તે હિંદુસમાજે ધ્યાનમાં રાખવાની જરૂર છે.

૧૨–ખેતીની ઉપજ અને કસ ઘટવાનું કારણ

ગોપાલન અને ઢોર ઉછેરવાનું ભૂલ્યા!

(રા. રા. દુલેરાય છોટાલાલ અંજારિયા, તંત્રી 'ખેતીવાડીવિજ્ઞાન')

રાજા એ ગૌબ્રાહ્મણપ્રતિપાળ કહેવાય છે. દ્રોણાચાર્ય જેવા મહાન સમર્થ વિદ્વાન ગુરુએ તેમને વિદ્યાદાન, હથીઆર વાપરવાનું જ્ઞાન અને ક્ષત્રિયધર્મ શીખવેલો, ત્યારે ક્ષત્રિયપુત્રના કાનમાં એક મહામંત્ર મૂકેલો છે કે "તમો ગાય અને બ્રાહ્મણનું રક્ષણ કરજો, પણ ભક્ષણ કરતા ના. જો આ મંત્ર ચૂકશો તો રાજ્યતેજવિનાના નિર્માલ્ય–ઘણા

દુઃખી–થશો, રેવન્યુ ઉપજ ઘટી જશે, ખેડુત ગરીબ બનશે, પ્રજા નિર્ધન, નિર્બળ, અલ્પાયુષી અને દુરાચારી થશે." આવો ઉત્તમ ગુરુમંત્ર ચૂક્યા ત્યારથીજ આપણા દેશની જમીન દિનપ્રતિદિન કસ-વગરની થતી ચાલી; અનાજ, ઘાસ, કપાસ હલકી જાતનાં થયાં; ઉપ-જ ઘટતી ચાલી; વ્યાપારમાં પણ મંદી આવી અને શારીરિક તેમજ માનસિક નિર્બળતા આવી.

રાજાઓ પોતાની ફરજ ચૂક્યા એટલે 'યથા રાજા તથા પ્રજા' એ કહેવત અનુસાર પ્રજા પણ હિંસક અને અધર્મને રસ્તે ચાલનારી સ્વાર્થપરાયણ થઇ, એટલે કોઇ પણ કાર્યમાં તેની ફતેહ થતી નથી. વડીલોની મેળવેલી પ્રતિષ્ટા પણ ખોઇ. અરે ! વિચાર કરો ! આપણાં એનાં એજ ખેતરો અને વાડીઓ છે, એ ને એજ કામ કરનારા છીએ, છતાં પ્રથમની માફક ધાર્યું અનાજ ઉત્પન્ન કેમ થતું નથી ? આ સવાલના જવાબરૂપે આ લેખ લખાય છે.

જ્યારે મારી ઉંમર દશબાર વર્ષની હતી અને જામનગરમાં હતો, ત્યારે પિતા, કાકા અને મામા સાથે ગામડામાં ફરતો તે સમયમાં દરેક ઘેર સંખ્યાબંધ ગાયો પળાતી; જેથી દૂધ, ઘી, માખણ, દહીં અને છાશની છોળ ઉડતી. ખળીમાં જતા ત્યાં ખેડુતોને બાજરી, જુ-વાર, કઠોળ અને કપાસનાં કાલાંના ડુંગર જેવડા ઢગલા થતા અને રાજ-ભાગનો ગંજ બબ્બે ચચ્ચાર ગાઉના અંતરથી દેખાતો. રજપૂત, ચારણ, કાઠી, ગરાસીઆઓ પાણીદાર, તેજદાર ઉત્તમ ઓલાદના વાલીઘોડા રાખી ઓલાદ વધારતા અને પાળતા. કોઈ પાસે માણકી, અ-બલખ, કયાડી, રોજકી, ગંધેલી તો કોઇ પાસે લાખણ વગેરે જાત ને નામનાં ઘોડાઘોડીઓ પાગામાં ખોંખારતાં બાંધ્યાં રહેતાં. તે વખતે ઘોડાગાડી કે મોટરમાં ફરવાનું જવલ્લેજ હતું. કોઇ પણ સ્થળે બહાર-ગામ જવું હોય તો ઘોડાપર સ્વાર થઇને જવાનો રિવાજ હતો, એટલે ઘરનાં નાનાં મોટાં દરેક ઘોડેસ્વારી જાણતાં. અત્યારે તો મોટું દિવાન-પદ ભોગવતા અથવા તો મોટી પાયરી ધરાવતા ઑફીસરને ઘોડેસ્વારી

આવડતી નથી, જે શોચનીય છે. કહે છે કે, આ સુધારાના જમાનામાં આપણાં સ્ત્રીપુરુષો કેળવણી પામેલાં, અંગ્રેજી વાતચીત કરે તેવાં થયાં છે અને આગળનાં સ્ત્રીપુરુષો કરતાં ઘણાં લાયક છે; પરંતુ આ સુધારા સાથે જો તેમના વડીલોના ઉત્તમ ગુણોથી ભૂષિત થએલાં હોત તો તેઓ વધારે સુખી થાત. અત્યારે તો ખરો પ્રેમ કે સગાઇનો સ્નેહ રહ્યો નથી. બધું જર્મનસીલ્વર જેવું કૃત્રિમ થયું છે; બધું ઉપરથીજ, અંતઃકરણનું કંઇજ નહિ! આમ દિનપ્રતિદિન સુધરતા ગયા તેમ અસલનું ભૂલતા ચાલ્યા. પરિણામ એ આવ્યું કે, ગૌપાલન ગયું, ખેતી કસવગરની થઇ અને કમ ઉપજ આવતી ગઇ. ઢોર નબળાં પડયાં, રાજ્યની ઉપજ અને વ્યાપાર ઘટયો. આ બધું ગૌપાલન અને ઢોરઉછેરનું–દેશની નવી દોલત ઉત્પન્ન કરવાનાં સહાયકારક કામ તરફ દુર્લક્ષ રાખ્યું, તેથી થયું છે.

રાજાઓ કુંવરીના લગ્નપ્રસંગે દાયજામાં હજારો ગાયો આપતા, બ્રાહ્મણો પણ પોતાની દીકરી પરણે ત્યારે ગાયો આપતા, કોઈ રાજા કે બ્રાહ્મણ વૈષ્ણવમાં મરણ થાય ત્યારે અંતકાળ વખતે બ્રાહ્મણોને તથા દેવમંદિરમાં ગાયોનાં દાન અપાતાં. આ બધું દેશની ખેતીને આબાદ રાખવા માટે હતું.

ઢોરઉછેરનો ધંધો કરનાર ભરવાડ, રબારી, આયર, કાઠી, ચારણ, મતવાગવલી, સિંધી વગેરે સંખ્યાબંધ ગાયો પાળતા. રાજાઓ ચરવા–માટે મોટા વિસ્તારની જમીન પડી મૂકતા અને તેમાં ખેતી કરાવતા નહિ. કોઇ પણ જાતનો પૂંછડાંવેરો કે સિંધરોટી વગેરે કરવેરો અને પાનચરાઇ કે વનચરાઇ લેતા નહોતા. ઢોર મરી જાય તેની ભામનો ઇજારો નહોતો. હવે તો મરેલાં ઢોરનાં ચામડાં પણ વેચી તેની ઉપજ લે છે, જેથી પરિણામ એ આવ્યું છે કે, ભામના ઇજારદારો ઢોરોને ઝેર ખવરાવી મરણ નીપજાવે છે, જેથી ઝાઝાં ચામડાં મળી શકે! હવે કૂતરાં–બકરાં પાળવાનો રિવાજ દાખલ થતો જાય છે, ત્યાં ગાય બાંધે કોણ! કૂતરાંબકરાંની લીંડીપીશાબ ઉપાડવામાં અભડાય નહિ, પણ ગાયનું છાણ–ગૌમૂત્ર જે પવિત્ર છે, તે ગંદકી અને

મચ્છરનો ઉપદ્રવ કરનારૂં ગણાય છે! તંદુરસ્તી ટકાવી, દીર્ઘાયુષ્ય કરનારૂં સ્વચ્છ દૂધ ઘરની ગાય આપતી; તેને બદલે તંદુરસ્તી બગાડનાર, ભૂખ ઓછી કરનાર ચાહ વગેરે લેવા માંડયું એટલે પછી પ્રજા નબળી થવા લાગી અને અનેક પ્રકારના રોગના ભોગ થયા અને થાય છે; જેથી આપણાં સ્ત્રીપુરુષો નાલાયક ઠર્યાં. તેમને પોતાનાં પુત્રપુત્રીઓ ઉછેરતાં આવડતું નથી-નબળાં રાખે છે, માટે જેનાં છોકરાં સારાં તંદુરસ્ત હોય તેમને ઇનામ આપવાં. એ બહાને ઉત્તેજન આપવા ખાતર હાલ 'બેબી વીક' ગોઠવાયાં છે. આથી આપણને ખાત્રી થાય છે કે, આપણી માતાઓ બાળઉછેર માટે નાલાયક છે. ઘરમાં ગાય હોય નહિ એટલે બજારનું પાણીવાળું અને ભેળસેળવાળું દૂધ પીએ છે અને વાપરે છે. જેની અંદર અનેક જંતુઓ હોય છે, તેવા દૂધથી શીતળા, ઓરી, અછબડા, પ્લેગ, નીમોનીઆ, ઇન્ફલુએન્ઝા આદિ અનેક રોગો લાગુ પડે છે અને મરણની સંખ્યા વધતી જાય છે, તેનું કારણ ઘરની ગાયનું દૂધ નહિ તેજ છે. અત્યારે આપણે શારીરિક અને માનસિક બળ ખોયું, આત્મબળ તો છેજ નહિ; એટલે પછી કૂતરાં-કાગડાંની માફક અલ્પ આયુષ્ય ભોગવી નાની ઉંમરમાં સ્ત્રીપુરુષો મરવા લાગ્યાં છે. કુછંદી વર્તણુંક પણ આનું એક કારણ છે.

આ પ્રમાણે ગાયનું પાલન ભૂલી જઇ તેના તરફ બેદરકાર રહેવાથી આપણે આપણી જમીનનો કસ ખોયો, ઉપજ ખોઇ, મજબૂત બળદો ખોયા, જમીન ખેડનાર અને કામ કરનારે પોતાનું શરીરબળ ખોયું અને નિર્ધન કંગાલ બન્યા.

ગાયને શણગારવી, તેની સેવા-પૂજા કરવી વગેરે પૂજનવિધિ અને મૂત્ર, છાણ વગેરે પવિત્ર ગણ્યું છે, તે પણ તેની ઉત્તમતા માટે છે; કેમકે દેશની ખેતી કરનારા બળદને તે જન્મ આપે છે. ગાયો પાળવાનું ઓછું કર્યું તે તો ઠીક, પણ ગૌબ્રાહ્મણપ્રતિપાળ બ્રાહ્મણ વૈષ્ણવોએ ગોમાંસ ભક્ષણ કરવા માંડયાનું સાંભળ્યું છે. પછી કહો-જમીન કસ કેમ ન ચોરે? વરસાદ કેમ વરસે? એક વરસાદની તાણે સૂકવણું કેમ

ન પડે? અનીતિ-અધર્મને રસ્તે ચાલી કુશળતા ચાહવી એ બનેજ કેમ!

ઉપર મુજબનાં અનિષ્ટ પરિણામો આવ્યાં છે અને આવશે, માટે ગૌપાલન અને ઢોરઉછેરનું કામ તાત્કાલિક હાથ ધરવા અમારી નમ્ર વિનતિ છે. લોકો પાંજરાપોળમાં ખોડાં અશક્ત ઢોર મૂકે છે, તે બરાબર છે. મહાજન દયાળુ છે તો પાળીપોષી સારવાર કરાવે છે, પણ દરેક માણસે પોતાનાં ઢોરને જીવે ત્યાંસુધી પોતેજ પાળવું, એ તેની ફરજ છે. મહાજન ઉપર આવો બોજો નાખવો તે દેશની વસ્તીપર બોજો નાખવા બરાબર છે.

મુંબઇમાં દૂધ વેચવાનો ધંધો કરનારા દૂધની ઉપજ લઇ પૈસા કમાવા માટે ખર્ચ કરી સારી ગાયભેંસ લાવે છે. દૂધ આપે ત્યાંસુધી રાખી પછી પાણીના મૂલે વેચી નાખે છે, પણ સારા માણસોને-પાળી શકે તેને આપતા નથી અને વાંદરા વગેરે કતલખાનામાં પૈસા કમાવા આંધળા બને છે. જેમની જીંદગી પરમાત્મા પણ ટુંકી કરી નાખે છે, ત્યારે પાપનું ફળ મળ્યું એમ મનમાં સમજે છે.

જ્યારથી ઢોર ઉછેરવાનું કામ ભૂલાયું છે, ત્યારથી નીચે પ્રમાણે ખેતીને ધક્કો લાગ્યો છે:—

(૧) છાણિયું ખાતર નહિ મળવાથી જમીન તરાતી નથી. (૨) ઢોર કતલખાને જઇ તેમજ મોતથી મરે છે તેમનાં હાડકાં-ચામડાં પરદેશ ચઢે છે; એટલે જમીનમાં ખાતરતરીકે તેનો ઉપયોગ થતો નથી, જેથી જમીનની ઉત્પાદક શક્તિ ઓછી થઇ છે અને અનાજ તથા કઠોળનાં કણસલાં નાનાં અને ઓછાં પુષ્ટિકારક તત્ત્વવાળાં બન્યાં છે. (૩) ગાયો ચરવાની જગ્યાઓ ગૌચર નહિ રહેવાથી ખોદાયાં કરતી અને તે પર છાણપીશાબનું ખાતર પડવાથી પુષ્ટિકારક મોટું ઘાસ થતું તે થતું નથી, એટલે ઢોર નબળાં પડયાં છે. (૪) બળદ કમતાકાતવાળા નાના કદના થયા, એટલે ખેતર ખેડાતાં નથી. આમ ખેતરની ઉથલપાથલ સારી નહિ થવાથી પેદાશ પણ ઓછી થઇ છે. (૫) બજારમાં અને ટોળામાં આંકેલા સાંઢ ફરતા, જેનાં વાછરડાં સારાં

થતાં. તેવા સાંઢ હવે ટોળામાં રાખવામાં આવતા નથી. (૬) ગાયો ઉછેરવાનો ધંધો કરનારને પૈસા ધીરીને સારી ગાયો અને ઉત્તમ ઓલાદના સાંઢ રાખવા ગોઠવણુ કરી આપવી. (૭) ચરવાની જગ્યાએ જાનવરના આરામ માટે છૂટાં છૂટાં ઝાડ વવરાવવાં; જેથી જમીન તેમજ હવા ઠંડી રહે છે અને ઘાસ લાંબા વખત સુધી સૂકાતું નથી. (૮) ગાયોનાં ટોળાંમાં નાની ઉંમરના ખુંટ નહિ રાખવા. (૯) ઢોરની ઉછેર કરવાવાળાનાં મંડળો સ્થાપી તેના અમુક નિયમો ઘડી તે માટે જોઇતી મુડી આપવા બંદોબસ્ત કરવો. (૧૦) દરેક ઘર દીઠ એક ગાય પાળવી અને ચરવા માટે દરેક ગામે ગૌચરની ઇલાયદી જમીન રાજ્યના ધણીએ મુકરર કરવી. ખેડવાણુ હોય તો ખેડુતો પાસેથી મૂકાવીને પણ રાખવી જોઇએ.

આ પ્રમાણે બંદોબસ્ત થાય તો ગૌપાલન અને ઢોરઉછેરનું કામ આગળ ચાલશે અને દેશની દરેક રીતે આબાદી થશે; માટે આ મારી નમ્ર અરજ ધ્યાનમાં લઈ ગૌપાલન કરવા તરફ લક્ષ દોરાશે તો આ લેખ લખવાનો મારો હેતુ સચવાશે. પરમ કૃપાળુ પરમાત્મા રાજા, ગરાશીઆ સર્વને દેશની ખેતી આબાદ કરવા અને ઢોર પાળી ઉછેરવાનું કામ હાથ ધરવા સુબુદ્ધિ આપો.

૧૩—ચાલવાની આવશ્યકતા

જે માણસ દરરોજ થોડુંઘણું ચાલવાનું રાખે છે તેને અપચો નથી થતો અને તેના શરીરમાં વધારાની ચરબી પણ રહી શકતી નથી. ચાલવાના જેવી બીજી કોઇ કસરત નથી. એક અમેરિકન ડૉકટરે "મેડિકલ રિવ્યૂ ઑફ રિવ્યૂઝ" માં લખ્યું છે કે, દરેક માણસે પરિસ્થિતિ અનુસાર રોજ ૩ થી ૧૦ માઇલ સુધી ચાલવું જોઇએ. "ડેલી મેલ"માં એક રોગીનો કિસ્સો પ્રસિદ્ધ થયો છે. તે હમેશાં માંદો રહેતો હતો, રોજ દવાઓ ખાતો હતો. કોઇ દવાથી તેને ફાયદો ન થવાથી તે જીવનથી કંટાળી ગયો હતો. એક ડૉકટરની સલાહથી

તેણે થોડું થોડું ચાલવાનું શરૂ કર્યું અને થોડાજ મહિનામાં તે પૂર્ણ રીતે સાજો તાજો થઇ ગયો! જે માણસ રોજ ચાલી ન શકે, તેણે અઠવાડીઆમાં એક વાર તો જરૂર ૧૦–૧૫ માઇલ ચાલવું જોઇએ. અઠવાડીઆમાં એક દિવસ ૧૦–૧૫ માઇલ ચાલવું, બીજા ૭ દિવસો માટે પૂરતું છે. દિવસે ભોજન કરતા પહેલાં ચાલવાથી વધુ લાભ થાય છે. ચાલવાનો ઉત્તમ સમય પ્રાતઃકાળ છે.

૧૪–હોળી શામાટે?

(તા. ૨૦–૨–૨૬ ના "સૌરાષ્ટ્ર" ઉપરથી)

હુતાશની એ તો ગ્રામ્યજીવનને સૃજનારી વિધાતા છે. એની સાથે આર્યજીવનની કેવી કેવી ઉદાર અને વિરાટ ભાવનાઓ ગુંથાઈ છે! વૈરાગ્યની ઝળહળતી મૂર્તિશા ભગવાન રુદ્રે એ દિને પોતાનું ત્રીજું લોચન ખોલી કામદેવને બાળી નાખ્યો. ઉગ્ર તપ અને ત્યાગની સિદ્ધિ ત્યારે જગતભરમાં વિરાજી રહી. અધમ વાસનાઓનો જાણે વિશ્વમાંથી સદંતર લોપ થયો! એ ઉજમાળી ભાવનાને સદા જીવતી રાખવા હુતાશનીનો તહેવાર નિર્માયો છે. **હુતાશની એટલે આત્મસંશોધનનો પુણ્યદિવસ. એકે એક નગરવાસીએ એ પ્રચંડ જ્વાળાઓમાં વિકારને, હલકી મનોદશાને અને પાપવાસનાને હોમી જીવનને નિર્મળ, સેવામય અને ત્યાગમય બનાવવાનો એ અણમોલો અવસર છે.** કૃષ્ણચંદ્રે એ પ્રાતઃસ્મરણીય તિથિએ માસી પુતનાના થાનપરથી હળાહળ ઝેર ચૂસીને–પુતનાના પ્રાણનું પાન કરીને કાલકૂટ પચાવેલાં. એજ મંગળ રાત્રિએ તે રાક્ષસીની કાયાને ખાક કરતી હુતાશનીની પાવકશિખાઓ, ગામગોંદરે ભેગા મળી હોળી ખેલનારાઓની સન્મુખ સંસારનાં ઝેર–ઈર્ષ્યા, કાવાદાવા અને કલહકંકાસો–શમાવી માનવદેહમાં વસતા શયતાનને સંહારવાનો સંદેશ પાઠવે છે.

નગાધિરાજ હિમાલયનાં ગિરિ–શિખરો ઉપર વિધાન પામેલી કામદહનની એ કથાને આજે એક વધારે વર્ષ પૂરૂં થશે. ચંદ્રચૂડામણિ

ત્રિપુરારિ શંકરને તપસમાધિમાંથી ડોલાવવા આવેલા કામદેવને જ્યારે એ ભગવાન રુદ્રે તેમનું ત્રીજું લોચન ઉઘાડી એમની કોપ-જ્વાળાઓથી બાળીને ભસ્મ કર્યાં, ત્યારે કૈલાસનાં શિખરે શિખરે એ અગ્નિશિખાઓથી પ્રકાશી ઉઠયાં અને ભારતવર્ષમાં આજથી દશહજાર વર્ષ ઉપર, એ દિવસે પ્રથમ પહેલી હુતાશની પ્રકટી. એ કામદહનની ક્રિયાના સ્મરણમાં, ભારતવાસીઓની નબળાઇઓને જલાવી દેનારી હોળી, ભારતવર્ષને ગામડે ગામડે સળગશે.

હુતાશનીના ખ્યાલે એક બીજું એવુંજ પ્રતાપી સ્મરણ પાછું સજીવન થાય છે. વસુદેવ અને દેવકીનો નંદન કનૈયો હજી નાનકડો કા'નકુમારજ હતો. ત્યારે પોતાના મારણહાર એ કનૈયાનો વધ કરવા મામા કંસે પુતના રાક્ષસીને મોકલી. પુતનાએ દૂધમાં વિષ મિલાવીને શ્રીકૃષ્ણને વિષપાન કરાવવાની તરકીબ (યુક્તિ) રચી. કા'નકુમાર પુતનાના પેટનું એ પાપ કળી ગયા અને એ રાક્ષસીના પ્રાણ ચૂસી લીધા. રાક્ષસી મુડદું થઇને ધરતી ઉપર ઢગલો થઈ પડી. એ પુતનાના શબને, પાંચ હજાર વર્ષ પહેલાં આ ફાગણ માસની પૂર્ણિમાની રાત્રિએ અગ્નિદાહ દેવાયો–હોળી પ્રકટી. એ પુતનાવધના સ્મરણમાં, ભારતવર્ષને વિષપાન કરાવવા મથતા રાક્ષસોને ભસ્મીભૂત કરનારી હોળી, ભારતવર્ષને ગામડે ગામડે સળગશે.

કામદહન અને પુતનાવધનાં પવિત્ર સ્મરણોથી ઝળહળતા હોલિકામહોત્સવે ક્ષત્રિયોના યુગમાં વીરોના મહોત્સવનું સ્વરૂપ લીધું. ચૌદમી સદીમાં મેવાડ–મારવાડના એકે એક રાજપૂતરાજ્યમાં હોલિકામહોત્સવ શસ્ત્રવિદ્યાના શિક્ષણનો અને વીરત્વના પરીક્ષણનો મહોત્સવ બનતો; ત્યારે એકે એક ભારતજાયો કેસરિયાં સજતો અને વસંતપંચમીની પ્રભાતથી ફાગણી પૂર્ણિમાની રાત્રિસુધી–એ ચાળીસ ચાળીસ દિવસસુધી ગામેગામ અખાડાઓ સ્થપાતા, તીરંદાજી અને નિશાનબાજીના ખેલો જામતા, અશ્વકળા અને તલવારની કવાયત મચતી, મલ્લોનાં યુદ્ધો થતાં અને સમરાંગણના વ્યૂહો રચી સૈન્યો સૈન્યો ખાંડાના ખેલ

માંડતાં. ચાળીસ દિવસ સુધી ભારતનું વીર્ય અને શૌર્ય સાબુત રાખવાનાં તાલીમખાનાં ચાલતાં અને છેલ્લે દિવસે મેવાડના ખુદ મહારાણા મોટો દરબાર ભરી, એ દરબાર વચ્ચે વીરતાની પરીક્ષાનાં રમખાણો ગોઠવતા. એમાં વિજય વરનાર વીરોને મહારાણાશ્રી પોતાના હાથે વીરોચિત તલવારો બંધાવતા અને પછી આખો સંઘ હોલિકાનાં દર્શન કરવા સંચરતો. **ત્યાં અનેક જુવાનો હનુમાન બનવાનાં, અને એવાં વીરત્વનાં વ્રતો સજતા.**

ભારતના જાયાઓ! ગુજરાતના ઓ નવજુવાનો ! હોલિકાનો એ અર્થ છે. **હોલિકા વીર બનવાની અને સૈનિક બનવાની પ્રતિજ્ઞાઓ કરવાનો પવિત્ર યજ્ઞકુંડ છે.** આજની હોલિકાની યજ્ઞવેદીની સમક્ષ, ઓ યુવાનો ! મહાવીર મારુતિરાજ જેવા બ્રહ્મચારી બનવાનાં વ્રત સજજો; ભારતના ઉદ્ધારને કાજે ભીષ્મપિતામહનો વજ્રકછોટો ધારવાની પ્રતિજ્ઞાઓ કરજો; શસ્ત્રકળા, તલવારબાજી અને નિશાનબાજી, અશ્વકળા, ધનુર્વિદ્યા અને મલ્લવિદ્યા સિદ્ધ કરવાના મનોરથ બાંધજો; આજનાં માયકાંગલાં શરીરોમાંથી ડોલતા ડુંગર જેવા પ્રચંડ દેહો બાંધવાના–એ શરીરશક્તિ ખીલવવાના અભિલાષો નોતરજો. તરુણો! આ તહેવારને એવો વીરોનો તહેવાર બનાવી દેજો; એ યજ્ઞકુંડની સાક્ષીએ મંત્ર ભણજો કે ઓ સરજનહાર !

तेजोऽसि तेजो ददातु । बलमसि बलं ददातु ॥

૧૫–આ તે મોટરગાડી કે મોતગાડી !

(લોકોપર ગુજરતો એક અદૃશ્ય ગજબ–"ગુજરાતી કેસરી" ઉપરથી)

[લેખક–મોહનલાલ માણેકલાલ ઝવેરી]

'સાયન્સ અને ઇન્વેન્શન' નામનું અમેરિકન માસિક જણાવે છે કે, હવામાં **એક હજાર ભાગે માત્ર** દોઢજ ભાગ કારબન મોનોક્સાઇડ આવી જાય તોપણ તે ભયંકર નિવડે છે. ૨૩ હૉર્સપાવરની

એક મોટરકાર દર મીનીટે ૨૫ ક્યુબીક ફીટ ગેસ છોડે છે, જેમાંથી ૭ ટકા અથવા ૧॥ ક્યુબીક ફીટ કાર્બન મોનોકસાઇડ હોય છે. કાર્બન મોનોકસાઇડ રંગવગરની, સ્વાદવગરની અને ગંધવગરની ગેસ છે, એટલે તે હવામાં મળેલી છે કે કેમ તે જાણવું મુશ્કેલમાં મુશ્કેલ છે; અને બીજી તરફ તેને માટે આપણા લોહીમાં એવી સરસ સગવડ છે કે, લોહીગાંના લાલ કણમાં રહેલું હીમોગ્લોબીન નામનું તત્ત્વ એને (કાર્બન મોનોકસાઇડને) ઑક્સીજન (પ્રાણવાયુ) કરતાં ૩૦૦ ગણું જલદીથી ખેંચી લે છે અને લોહીને એકદમ ઝેરી બનાવી મૂકે છે. આમ થવાથી લોહીની મારફત આપણા સ્નાયુઓને પ્રાણવાયુ મળી શકતો નથી અને મરણ નીપજે છે, હજાર ભાગ હવામાં દોઢ ભાગ પણ કાર્બન મોનોકસાઇડ હોય તો ભયંકર છે, તોપછી મોટરનું ઇંજીન તો સેંકડે ૭ ભાગવાળી એટલે હજારે સાઠ ભાગવાળી ગેસ છોડે છે તે કેવી જીવલેણ છે, તેનું અનુમાન કરો ! ૨૩ હૉર્સપાવરનું મોટર ઇંજીન દર મિનિટે એક ચોરસફુટ કારબન મોનોકસાઇડ છોડે તે હિસાબે ૧૦×૧૦×૨૦ ફુટનો એક મોટર તબેલો તો ત્રણ મીનીટમાંજ એ ઝેરી હવાથી ભરાઇ જઈ મનુષ્યના પ્રાણ લઈ શકે. એનો હુમલો ખબર ન પડે તેમ થઇને ધીમે ધીમે માણસ બેભાન બની જાય છે. આમ ક્લિનર અને શૉફરની જીંદગી જોખમમાં રહે છે; અને મુંબઇમાં એવા તબેલા છે કે જેમાં એકેક મોટરકાર આવી જાય પણ બારી તો એક પણ ન હોય ! મોટરનું ઇંજીન ચાલુ હાલતમાંજ અંદર જાય અને ચાલુ હાલતમાં મૂકાયા પછી થોડીક મિનિટ લગી ધુધવાટ કર્યા બાદજ બહાર નીકળે, એ મોટરના શૉફર અને ક્લિનરની જીંદગીના જોખમનો જવાબદાર કોણ છે ? અને આખો દિવસ મુંબઇના રસ્તાઓમાં એ મોટરોવાળા સેંકડોને ઈજા અને કુડીબંધ ખૂન કરતા ફરે અને પાંચ પચાસ દંડ ભરી છૂટી જાય તથા પગે ચાલનાર પોતાના જીવથી જાય એ તો એક ન્યાયનો નમુનોજ છે; પણ હવા બગાડવા માટે એ લોકો પગે ચાલનારને અને ઘરમાં રહેનારને શું નુક-

સાન ભરપાઇ કરી આપે છે? આપણે રસ્તે ફરતા હોઇએ ત્યારે પણી બાજુમાંથી એ ભંયકર ચીજ ઝેર રેડતી ચાલી જાય અને પણે તે ઝેર શ્વાસમાં લેતા ફરતા ફરીએ, એ જીંદગીના જોખમ શું એ ખુનીઓને સજા નથી થવી જોઇતી? હેલ્થ ઑફિસર આ બત શું કહે છે? એડલ્ટરેશનની સજા તો પોલ્યુશનની નહિ કે? ર કે બારીમાંથી રસ્તાપર કચરો નાખતાં હવા બગડે તો આનાથી બગડે કે? સ્મોક ઇસેન્સ એક્ટ છે તેના કરતાં મોટરના ઝેરી ધુમ માટે સખત ઍક્ટ થવોજ જોઇએ.

૧૬–નવું જગત

(મોડર્ન રિવ્યુમાંના એક સંવાદ ઉપરથી–"સૌરાષ્ટ્ર" તા. ૧૫–૧૧–ર

ગરીબી એ કેવો ગુન્હો! નિર્ધનતા એ કેવું કલંક! કોઇ ગ ચોરી કરે અને તેને માટે જેલ તૈયાર છે; કોઇ નિર્ધન ધનને અર્થે કરે અને એ ખુનીને માટે ફાંસીનો માંચડો ઉભો છે; અને શ્રીમંત? શ્રીમંત ચોરી કરે, લૂંટો ચલાવે અને દુનિયા તેની ચાતુરીની સ્તુ ગાવા માંડે–તે લક્ષ્મીને અર્થે તેના સ્વદેશમાં અને વિદેશમાં માન હત્યાકાંડો રચે અને એ હત્યારો સ્વદેશસેવકનું સુનામ પામે ચોરીઓ, એ લૂંટો અને એ હત્યાઓથી તે દોલતમંદ બને, એટલે ઉમરાવપદે ચઢાવવામાં આવે; અને જગત તેની ઝુકી ઝુકીને સ લે! ઓ જગત! તારો કેટલો અધઃપાત થયો છે!

પણ હા, આ જૂની દુનિયાના ખંડેર ઉપરજ નવું જગત રચાશે–જરૂર રચાશે. કોઈ જાદુગર એક રાતમાંજ મહેલાતો ઉભી દે, તેમ આજની પવિત્ર ગરીબીના ઉદરમાંથીજ દુનિયા ર રશે–અને થોડા કાળમાંજ અવતરશે. તે નવા જગતમાં સત્યનાં વાળાં ચોમેર રેલાઇ રહ્યાં હશે; પ્રેમની મધુરતા સર્વત્ર મધમઘી હશે; તે દુનિયામાં સેવા સર્વની પૂજા પામશે; સર્વ સમાન મનાશે

સન્માનના અધિકારી ગણાશે.

આજે પૃથ્વી તેની પ્રથાઓ અને તેના શિષ્ટાચારોના કાદવમાં ખદબદી રહી છે; આજે ધરતી ઉપર સત્તાલોભ અને ધનતૃષ્ણાની જ્વાળાઓ સળગી રહી છે; આજે એ યુદ્ધનો સેતાન માનવીઓના અંતરમંદિરમાંથી પ્રભુને પદભ્રષ્ટ કરી રહ્યો છે; આજે શ્રીમંતોની લાલસા-તૃપ્તિને અર્થે ગરીબોની જીંદગીની હરરાજીઓ બોલાઈ રહી છે અને આજે જગત કદ્રૂપા દાનવ જેવું બની ગયું છે! પણ નવો પ્રકાશ અને નવી દૃષ્ટિ, નવો આદર્શ અને નવી આશા, એ બધી બદબોને ધોઇ નાખશે; એ બધી કદ્રૂપતાને હરી લેશે અને આ જૂની કાયામાં નવા પ્રાણ પૂરશે. શુદ્ધિ પામેલા આ જગતમાં પ્રકાશમય, પ્રેમમય અને સુંદર પ્રભુની પુષ્પવાટિકાસમું નવું સ્વર્ગ સર્જાશે. સ્વર્ગના ઓ સુખકર વાયરાઓ! તમે દેવોના ઉપભોગની એ તમારી વાયુલહરિઓ આ અવનિ ઉપર વર્ષાવો; અમારા પ્રાણમાં સ્વર્ગનાં અમૃત ભરો અને આ ખુનીઓ તથા હત્યારાઓની એડીતળે ચગદાતા જગતને સેવાની અમીરીથી ઝળહળતું, પ્રેમની ખુશબોથી મહેકતું, માનવીની સ્વાધીનતાનું મહારાજ્ય બનાવો!

૧૭—બાળલગ્ન ને ભારે લગ્નખર્ચ

(લેખિકા—સૌ૰ સમજુબા દેશાઈ)

બાળકો જાણે માબાપને લગ્નનો લહાવો લેવા માટેજ ન હોય તેમ આપણે માત્ર એટલોજ વિચાર કરીએ છીએ કે, ક્યારે તેમને પરણાવી દેવાય; પરંતુ તેમને કેળવણી આપી, પોતાની આજીવિકા પેદા કરવાને લાયક કરવાને કંઇ વિચાર કરતાં નથી. આનું પરિણામ એ આવે છે કે, તેઓ અજ્ઞાન અને અભણ રહે છે અને મોટપણમાં દુઃખી થાય છે વળી ઘણી વખત બિચારી બાળકીને કુમળી વયથી વિધવા-પણું ભોગવવું પડે છે અને તેથી તેને તથા તેનાં ભાઈભાંડુને આખી જીંદગી દુઃખી થવું પડે છે; માટે બાળલગ્ન ન કરતાં કન્યા ઓછામાં

ઓછી ચૌદ વર્ષની અને છોકરો ઓછામાં ઓછો વીસ વર્ષનો થાય ત્યાંસુધી તેને કેળવણી આપવાસિવાય બીજો વિચારજ કરવો ન જોઇએ આજકાલ કન્યા-કેળવણી તરફ કંઇક લક્ષ અપાય છે ખરૂં, પણ બાળલગ્ન થતાં હોવાથી કેળવણી અધુરી અગર નહિ જેવીજ અપાય છે પરણ્યા પછી છોકરાઓ તો ભણતર જારી રાખે છે, પણ કન્યાકેળવણી તો લગ્નની સાથેજ બંધ થાય છે. લાયક ઉંમરનાં થયા પછીજ પુત્રી અથવા પુત્રનો વિવાહ કરવાનો વિચાર કરવો જોઇએ. નાનપણથી વિવાહ કરી રાખવો એ સારૂં નથી; કારણ કે એમ કરવાથી બાળકોના મનમાં ભણવા કરતાં પરણવાની વાત વધારે રમ્યા કરે છે. વળી તેઓ મોટાં થયે લાયક ન નિવડે તો માબાપને પસ્તાવું પડે છે. પુત્રને માટે ગુણવાન ને લાયક કન્યા લેવાને બદલે કયી કન્યા લેવાથી વધારે રૂપિયા મળશે, એટલુંજ જોવાય છે. કન્યામાટે ગુણવાન વર જોવાને બદલે માત્ર કહેવાતું કુળ જોવાય છે અને વરની લાયકી કેવી છે, તે જોવાતું નથી. આનું પરિણામ માઠું આવે છે અને દુઃખી થવાય છે, માટે આપણા કઢંગા રિવાજમાં સુધારો થવાની જરૂર છે. તે નહિ થાય ત્યાંસુધી આપણી ઉન્નતિ થવાની નથી, એમ સમજી આ બાબતમાં ખાસ ધ્યાન આપવા જેવું છે. લગ્નપ્રસંગે ગજા ઉપરાંત ખર્ચ કરવામાં આવે છે, તેથી આપણી પાયમાલી થાય છે. લગ્ન જેવે આનંદને પ્રસંગે શક્તિ પ્રમાણે ખર્ચ કરવા કોઈ ના કહેતું નથી; પરંતુ શક્તિ ન હોય છતાં પણ ઘરબાર ગીરો મૂકી, દેવું કરી, ગજા ઉપરાંત ખર્ચ કરવું એ મૂર્ખાઈ છે.

૧૮—ચાહ, કૉફી ને કોકો, વહેલી પડાવે પોકો

("વૈદ્યકલ્પતરુ"ની ૨૧ મા વર્ષની ભેટમાંથી. લેખક-મ૦ મૂ૦ ત્રિવેદી)

ચામાં મગજની શક્તિને કુદરતના નિયમની વિરુદ્ધ ઉશ્કેરવાનો ગુણ છે, કેમકે તેમાં ટેનીક ઍસીડ જેવું શરીરનો ઘાત કરનારૂં દ્રવ્ય

આવે છે. તેમાં પણ હોટલો તથા દુકાનોની ચા તો ઘણીજ ભયંકર છે; કારણકે ત્યાં ચા ઘણા વખતથી ઉકળેલી રહેતી હોય છે અને તેમાંથી સુવાસિક તથા પૌષ્ટિક પદાર્થો તો ક્યારનાએ ઉડી ગયા હોય છે. ખરી વાત છે કે, ચા પીવાથી ક્ષણિક હુશિયારી આવે છે; પણ અંતે તો જઠરાગ્નિ મંદ થાય છે, કમતાકાત આવતી જાય છે, માનસિક સ્થિતિ દુર્બળ થાય છે અને શરીર અનેક વ્યાધિને લાયક બની જાય છે. ચામાં ટેનીક ઍસીડસિવાય સાકર પણ આવે છે અને તેથી જઠરનું શ્લેષ્મપડ સૂજી જાય છે અને તેમાંથી એક જાતનો સ્રાવ થાય છે, ખાવું ભાવતું નથી, મોળ આવે છે, ઉલટી થાય છે અને વખતે તાવ પણ આવી જાય છે. વળી ચા પીવાથી લોહીમાં યુરીક ઍસીડનું પ્રમાણ વધી જાય છે અને તેથી આંતરડાં તથા જઠરની ક્રિયા મંદ પડે છે.

એક ડૉકટરે ચાવિષે નીચે પ્રમાણે જણાવેલું છે:-

" ચા તથા કૉફી પીનારા, મદ્યપાન કરનારા લોકોના જેવા તોફાની, નાચનારા, ગાનારા કે કજીઆ કરનારા હોતા નથી; પણ ચા તથા કૉફી તેના પીનારાને મૂર્ખ બનાવે છે, તેમના પગને નબળા કરે છે, યાદશક્તિનો નાશ કરે છે, હૃદયમાં થડકો પેદા કરે છે, શરીરમાં કંપ કરે છે, હાથમાં અસ્થિરતા કરે છે અને અનિદ્રાને પેદા કરે છે. વળી ચાથી માથું દુઃખે છે, જીભ બેસ્વાદ થાય છે, સ્વભાવ ચીડીઓ થાય છે અને મીજાજ ઠેકાણે રહેતો નથી. ચા તથા કૉફી પીનારાઓ બોલવામાં મંદ થાય છે, તેમના વિચારો અસ્થિર હોય છે અને માનસિક શક્તિ ગુમાવે છે. ચાના વ્યસનથી અજીર્ણ, આંતરડામાં અવાજ તથા કબજીઆત થાય છે; અને પાચન કરનારા રસોનો અટકાવ થાય છે. આ સર્વ કારણોથી જે લોકો ચા તથા કૉફી બહુ પીએ છે, તેઓ શરીરે દુબળા રહે છે, તેમના ગાલ બેસી ગયેલા હોય છે, તેમના ચહેરા મેલા હોય છે, તેઓનાં માથાં દુખવાનું દરદ વધારે પ્રમાણમાં હોય છે, તેઓમાં પિત્તનો કોપ નિરંતર થયા કરે છે, તેમના વાળ જલદી ખરી પડે છે અથવા ધોળા થાય છે. ચા તથા કૉફીનું વ્યસન

સર્વત્ર ફેલાયું છે અને તેથી લકવો, અર્દિત વા તથા નબળાઇનાં દરદો હજારોગણાં વધી પડયાં છે.”

ચાવિષે એક વિદ્વાને નીચેનો એક સુંદર શ્લોક બનાવ્યો છેઃ-

प्रज्ञैरज्ञैस्तरुणजरठैर्ब्राह्मणैरन्त्यजातैः ।
पौरैर्ग्राम्यैर्नरपतिवरैर्निर्गृहैर्निःस्वकैश्च ॥
प्रातः सायं नियमिततयाभ्यर्चितो भक्तिभावाद् ।
हा ! हा ! चाहा हत कलियुगे कर्षति प्राणवित्तम् ॥

અરે ડાહ્યા, મૂર્ખ, જુવાન અને વૃદ્ધ માણસો, બ્રાહ્મણ તેમજ અંત્યજો, શહેરીઓ તથા ગ્રામ્યજનો, રાજાઓ અને ઘરહીન તથા સાધનહીન લોકો ! તમારાથી નિયમિતપણે સવાર–સાંજ ભક્તિભાવથી આદરને પામતી ચા આ કલિયુગને વિષે પ્રાણ અને દ્રવ્ય બન્નેની હાનિ કરે છે!

આ શ્લોક અક્ષરશઃ સત્ય છે, એમ વિચાર કરતાં સાફ માલૂમ પડશે.

ચાથી થતી આર્થિક ખરાબી

ચાથી આર્થિક ખરાબી પણ પારવગરની છે. સને ૧૯૦૬–૭ માં આ દેશમાં પાંચ લાખ અગીઆર હજાર એકરમાં ચા વાવવામાં આવી હતી અને તેમાંથી સાડીત્રેવીસ કરોડ જેટલી ચાનો પાક થયો હતો. તે પાકમાંથી $\frac{1}{4}$ ભાગ ચા આ દેશમાં વપરાઇ હોય તેમ ગણીએ તો– પણ કરોડો રૂપીઆની ચા પીવાનું વિનાશકારક ધોરણ ચાલુ થયું ગણાય. ચાની સાથે વાપરવામાટે કરોડો રૂપીઆની ખાંડ પણ પરદેશથી મંગાવવી પડે છે. આ સર્વથી પૈસા તથા તંદુરસ્તીના નુકસાનનો હિસાબ રહેતો નથી. આ સર્વ આર્થિક બોજો આપણા ગરીબ દેશમાં વધારે પડતો છે, એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી. મહાત્મા ગાંધીજીના સદુપદેશથી આજકાલ કેટલીક હૉટલો બંધ થઇ છે અને થતી જાય છે તથા ઘણી જ્ઞાતિઓમાં ચાના બહિષ્કારમાટે સખત પગલાં લેવાય છે અને ઘણાં કુટુંબોમાંથી ચા પીવાનો ચાલ નીકળી ગયો છે. આવા હાનિકારક બોજામાંથી મુક્ત થવામાટે ઉગતી પ્રજા સમક્ષ ચા–કૉફી તથા કોકોનાં પીણાં કેટલાં જોખમકારક છે તે સમ-

જાવવા સઘળા ઉપાયો લેવાની દેશના વિદ્વાનોની ફરજ છે.

ચાવિષે એક લેખકના ઉદ્‌ગારો

ચાવિષે એક લેખક પોતાના ઉદ્‌ગારો નીચે પ્રમાણે જણાવે છેઃ-

"આ હતભાગ્ય હિંદમાં વિદેશીઓની નકલ કરવાની નબળી પ્રકૃતિ એટલી હદ ઓળંગી ગઇ છે કે તેને અંકુશમાં લાવતાં વિલંબ લાગશે. વિદેશીઓની નીતિરીતિની નકલો કરવામાં નિર્વીર્ય દેશી મગજો એટલી હદ ઉપર ચઢી ગયાં છે, કે હવે સ્વાત્માભિમાન, દેશાભિમાન અને આત્મગૌરવ સર્વને છેક ભૂલી ગયાં છે."

"ચા જેવી જે ક્ષુદ્ર ચીજે આપણને નિર્લજ્જ બનાવ્યા છે, તે ઝેરી છે અને કોઇપણ રીતે ફાયદાકારક નથી, એમ જાણ્યા છતાં આપણે હોંસે હોંસે તે પીએ છીએ; એટલુંજ નહિ પણ તેને સ્વદેશી ચીજ માનીને તે વાપરીએ છીએ અને જેઓ સ્વદેશી તથા બહિષ્કારના મેળાવડાઓ અને મંડળીઓ જમાવે છે, તેઓ પણ આ ચાની પાર્ટી' આપે છે."

"જો હિંદુસ્તાનમાં ચાનું વ્યસન લાગુ ન પડયું હોત તો વિદેશી ખાંડ આટલી બધી પ્રચલિત થાત નહિ. ખરૂં જોતાં ખાંડનો મુખ્ય વપરાશ, આ ડાકિણી ચાનેજ આભારી છે. આ રીતે ચાએ આપણાં ખિસ્સાં ઉપર જબરો બોજો નાખ્યો છે અને ધર્મથી વિમુખ કર્યા છે, તે વાત સમજ્યા પછી ચાને સ્વદેશી કહીને વધાવી લેવી તે શું શરમભરેલું નથી?"

"આટલેથીજ ચાની ખરાબી થતી નથી. ચા હિંદુસ્તાનમાં પાકે છે તે વાત ખરી છે, પણ તેના ખેડુતો કોણ છે? તે ચા કેવી રીતે પકવવામાં આવે છે? કોના લોહીના ભોગે કોણ પૈસા મેળવે છે? અને એ માતબર ખેડુતોની નીચતા કેટલી હદસુધી પહોંચી છે? તેનો ચાના વાપરનારાઓએ અને સ્વદેશી ચીજતરીકે ચાનાં વખાણ કરનારાઓએ કદી વિચાર કર્યો છે?"

"ચા બનાવવાના બગીચા આસામ, નીલગિરિ જેવા પ્રદેશોમાં ઘણા છે. તે બગીચાના માલીકો લગભગ અંગ્રેજોજ છે. આ ચા ઉગાડવા, ઉછેરવા અને તેને તૈયાર કરવાના કામ ઉપર જે મજુરો છે, તે સઘળા

હિંદી મજુરો છે. તે મજુરોની સખત મહેનતવડે કરોડો રૂપીઆની ચા ઉત્પન્ન થઈ અંગ્રેજી ચાવાળાઓને કરોડો રૂપીઆનો નફો મળે છે."

"તે મજુરોને ઘણો હલકો પગાર આપે છે અને જ્યારે તેઓ ઠરાવેલું કામ કરી શકતા નથી, ત્યારે તેઓને નેતરની સોટીવતી નિર્દય-પણે એટલે સુધી મારે છે, કે તેમની ચામડીમાંથી લોહી નીકળી ચામડી રંગાઈ જાય છે, તોપણ શિક્ષા બંધ કરતા નથી! આ સિવાય તે મજુરો ઉપર અનેક પ્રકારનો જુલમ ગુજારવામાં આવે છે. સ્વરૂપવાન સ્ત્રીઓને વિષયાંધ ગોરા દેવોના કામાગ્નિમાં પાતિવ્રત્યપણાની આહુતિ આપવી પડે છે. રાજીખુશીથી તેમ ન કરે તો તેને તેમ કરવાની ફરજ પાડે છે. તે મજુરોના ફોટા લેવામાં આવ્યા હોય છે અને તેમની પાસેથી પાંચ વરસનું એગ્રીમેન્ટ લખાવી લેવામાં આવે છે, તેથી તેઓ નાસી જઈ શકતા નથી. જે નાસી જાય છે તેને મજુરો-ના એજંટો ફોટાની મદદથી પકડી પાડી તેના માલેકોને પાછા સોંપે છે અને ત્યાં તેનાપર પહેલાં કરતાં પણ વધારે ત્રાસદાયક જુ-લમ ગુજારવામાં આવે છે. તે ગોરાની ઉપર ફરિયાદ થઈ શકતી નથી; કારણ કે પોતાની સામે ફરિયાદ કરનારા મજુરના જડજો પો-તેજ હોય છે; કેમકે સરકારે તેમને થર્ડ ક્લાસ મેજીસ્ટ્રેટની સત્તા આપેલી હોય છે. બંધુઓ! દયા છે? હૃદય છે? તમારી જે ચાને માટે હિંદી મજુરોને-તમારા લાચાર ભાઇઓને મરણશરણ થતાંસુધી ગુલામગીરીની હાડમારી ભોગવવી પડે છે, જે ચાને માટે તેમને શરદી-વાળી ગંદી જમીનમાં હલકા ખોરાક ઉપર જીવન ગાળવું પડે છે, જે ચાને માટે તેમને ચામડી ફાટી લોહીની ધારાઓ વરસતાં સુધી માર ખાવો પડે છે, જે ચાને માટે નિરાશ્રિત હિંદી બહેનોને પોતાના પાતિવ્રત્યની આહુતિ આપવી પડે છે, જે ચાને માટે પ્રાણથી પ્યારાં પતિપત્નીને હમેશને માટે બળાત્કારથી ફારગતી આપવી પડે છે, તે **ભયંકર ચાને** મોટાઇના ડોળની ખાતર સ્વદેશી ચીજ ગણીને તમારા પેટમાં રેડતાં હજી પણ તમને કમકમાટી આવતી નથી? "મારે ઘેર

રોજ ૧૦ વખત ચા ઉકળે છે” “મને ચાવિના ચાલતું નથી”
ા તો મારૂં જીવન છે ” “ખાધાવિના ચાલે પણ ચા વિના તો
નહિ ચાલે” વગેરે શરમભરેલાં વાક્યો બોલતાં હજી પણ કંઇ
ણી ઉત્પન્ન થશે કે નહિ? શું તમે ચા પીઓ છો? અમે તો
એ છીએ કે, **ચાનો પ્યાલો નહિ પણ રક્તનો પ્યાલો તમે**
ઓ છો! હિંદી મજુરોની ચામડી ફાટીને જે લોહી નીકળે છે, તે
મો છો! શું ચાના પ્યાલામાં તમે લોહી જેવો રંગ જોતા નથી?
ો તો કહીએ છીએ કે, તે ચા નથી પણ પતિવ્રતા સ્ત્રીઓનાં
થતાં પાતિવ્રત્યનાં અશ્રુબિંદુઓ છે. શું તમે ચાદાનીના ઢાંકણા
ર તે બિંદુઓને જોતા નથી? અમે તો કહીએ છીએ કે, તે ચા નથી,
નિર્દોષ મનુષ્યોની હાયવરાળ છે. શું તમારા ચાના ભરેલા પ્યાલા-
ી નીકળતી વરાળ તમને તે વાતનું ભાન કરાવતી નથી? શું
ને ચા પીતી વખતે ગરીબ મજુરોની પીઠ ઉપર પડતા ચાબૂકના
તું હજી પણ સ્મરણ નહિ થાય?”

“મારા સ્વદેશી બાંધવો! ચાલો, આપણે પ્રતિજ્ઞાઓ કરીએ કે,
ભ્રષ્ટ વિદેશી ખાંડની મોટી મા, દેશીઓનું રક્ત, સતીઓના શાપ,
ંકોની ગાળ, ગરીબોની હાય—ચા! અમે અમારી જીંદગીમાં
પણ પીશું નહિ! બીજાઓને પીતા અટકાવી સ્વદેશસેવા બજા-
યત્નો કરીશું. હૃદયવિનાના દેશી શેઠીઆઓની આગળ રડીને,
ને પગે પડીને, કાલાવાલા કરીને, સમજાવીને, કરગરીને, તેમના
થી થતાં આ પાપથી તેમને બચાવવા પ્રયત્ન કરીશું. ઈશ્વર આ
માં અમને સહાયતા આપો! અસ્તુ.”

૧૯—ચા-કૉફીનો વધુ ચિતાર

(લેખક—મ૦ મૂ૦ ત્રિવેદી, ''વૈદ્યકલ્પતરુ''ના ૨૧ મા વર્ષની ભેટમાંથી)

કૉફી—બુંદદાણાથી થતું નુકસાન!

કૉફીના ગુણદોષ લગભગ ચાને મળતાજ છે. કૉફી થાકી ગયેલા માણસને ચાલાક બનાવે છે અને ઉજાગરો કરવો હોય, ત્યારે તે બહુ ઉપયોગી થઈ પડે છે. કૉફી શરીરના અવયવોને શાંતિ આપે છે અને મગજને ઉશ્કેરે છે. ઘણા થાકમાં તથા અફીણથી જે ઘેન ચઢે છે, તે ઉતારવામાં કૉફી સારી અસર કરે છે. સાંધાના દુઃખાવામાં તથા પગમાં કળતર થતી હોય તેમાં પણ કૉફી સારો ગુણ આપે છે; પણ કૉફીના આ સર્વ ગુણો જે લોકો તેનું નિત્ય સેવન કરે છે, તેને બીલકુલ ફાયદો કરતા નથી, પણ ઉલટું નુકસાન કરે છે.

જેમ લીલી ચા બનાવવામાટે તેની ઉપર રંગ ચઢાવવામાં આવે છે, તેમ કૉફીમાં ઘેરો રંગ લાવવામાટે ચીકોરી નામના મૂળીઆનું મિશ્રણ કરવામાં આવે છે. કૉફીના વેપારી નફો લેવા કૉફીમાં ચીકો-રીનો ભેગ મેળવે છે; તેમ ચીકોરીના વેપારી પણ ચીકોરીમાં રંગ, ગા-જર અગર ઈંટના ભૂકાનો ઉપયોગ કરે છે.

ડૉ. કેલોગ એમ. ડી. જણાવે છે કેઃ—''દારૂના વ્યસન કરતાં પણ હાલમાં ચા—કૉફી વધારે નુકસાન કરી રહ્યાં છે; એટલા માટે વ્યસનનિષેધક મંડળીઓએ લોકોમાં તે વિષે વિશેષ અજવાળું પાડ-વાની જરૂર છે.''

દશ કરોડ રૂપિયા ચા—કૉફીમાં!

હિંદુસ્તાનમાં ચા પીવાનો શોખ દિવસે દિવસે વધતો જાય છે. ચાના બગીચાવાળાઓ મોટે ભાગે વિદેશી હોય છે અને તેઓએ હિંદમાં ચાનો ખપ વધારવામાટે સને ૧૯૧૬ માં રૂા. દોઢલાખ નોખા કાઢ્યા હતા, જેના પરિણામમાં તેજ વર્ષમાં આશરે સાડાત્રણથી ચાર કરોડ રૂપિયાનો ચા હિંદમાં વેચાયો હતો. ૧૯૧૭ માં સવા બે લાખ

પેયા બાજુએ મૂક્યા હતા, પણ તે વર્ષમાં કેટલો ચા વેચાયો તેનો પોર્ટ બહાર પડેલો ન હતો. એવો અડસટ્ટો કાઢવામાં આવે છે કે, પાછળ આશરે ૪ કરોડ અને વિદેશી ખાંડ પાછળ ૬ કરોડ મળી કરોડ રૂપિયા ફક્ત ચા-કૉફી પાછળ ખરચવામાં આવે છે. બદલા- ચા-કૉફીનું દાસત્વ તથા નબળી પાચનશક્તિ મળે છે. દરેક સમ- માણસને પોતાના ઘરમાંથી ચા, કૉફી તથા કોકો જેવાં વિનાશ- રક પીણાંનો જેમ બને તેમ જલદીથી બહિષ્કાર કરી આરોગ્ય ા ધનનું રક્ષણ કરવું ઘટે છે. જે ધનનો ઉપયોગ પરદેશીઓનાં સ્સાં તર કરવામાં થાય છે, તે ધનનો ઉપયોગ જો દેશમાં વિદ્યા- ર વગેરે વધારવામાં થતો હોય તો કેવું સારૂં!

કોકો

કોકોનો ઉપયોગ આપણા દેશમાં ચાના ઉપયોગ જેટલો વિશાળ ાણમાં થયો નથી, તેનું કારણ તે ચા કરતાં કંઈક મોંઘો છે; તો- ુ જે લોકો ચાલુ જમાનામાં પોતાને 'ફેશનેબલ' કહેવડાવે છે, ાઓને ત્યાં કોકો પૂર્ણ સત્તા ભોગવે છે. ચાની પેઠે કોકો પણ પા- શક્તિને મંદ પાડે છે. તેમાં પણ નિશો રહેલો છે; કેમકે જેને તેનું સન પડે છે, તે તેને મૂકી શકતો નથી. કોકો પીવાથી ચામડી ર બને છે, લોહી તથા બળ ક્ષીણ થાય છે અને વીર્ય કે જેનો ગ્રહ દરેક મનુષ્યે કરવોજ જોઇએ તેને તે હરી લે છે.

કોકોની ઉત્પત્તિવિષે જો જાણવામાં આવે તો જેઓનાં હૃદય દ- ળુ હોય છે, તેઓ કદી તેનો ઉપયોગ કરેજ નહિ. જે ઠેકાણે કોકો ા થાય છે, ત્યાં સીદીઓ ઉપર એટલો બધો જુલમ ગુજારવામાં આવે કે જો તે આપણે નજરે જોઇએ તો ચકરી આવે અને તે પીવા- કદી ઇચ્છા ન કરીએ. કોકોનાં ખેતરોમાં ગીરમીટીઆ મજુરો ર થતા જુલમોવિષે મોટાં મોટાં પુસ્તકો રચાયાં છે. જે વસ્તુ મ- ોનાં અંતઃકરણો બાળીને તથા રક્ત ચૂસીને પકવવામાં આવે છે, વસ્તુ મનુષ્યજાતને પુષ્ટિ આપીજ કેમ શકે?

કોકોમાં ચા-કૉફીના દોષો પણ રહેલા છે. કોકોનો અતિ ઉપયોગ પૈસા તથા આરોગ્યનો નાશ કરવાવાળો છે. જે લોકો ચા-કૉફી અગર કોકોમાં પોતાનાં નાણાંનો વ્યય કરે છે, તે લોકો જો તે વસ્તુને બદલે દૂધ લેવામાં વ્યય કરે તો તેમના આરોગ્યનું ઘણી સારી રીતે રક્ષણ થઇ શકે; તેમ છતાં જે લોકોને તેનાવિના ચાલતુંજ ન હોય તે લોકોએ તુલસીનો નિર્દોષ અને પુષ્ટિકારક ચા પીવાનો ચાલ દાખલ કરવો. તેથી જઠરાગ્નિ પ્રદીપ્ત રહેશે અને તુલસીમાં શક્તિ આપવાનો ગુણ હોવાથી શક્તિ પણ મળશે; પરંતુ જેને તે ચા અતિ ગરમ લાગે, તેણે ઘઉંને બરાબર સાફ કરી ચૂલાપર ખુંદદાણાની માફક શેકી તેનું ચૂર્ણ બનાવી તેનો ચા બનાવી તે પીવો. આવી રીતે બનાવેલો ઘઉંનો ચા પણ પુષ્ટિકારક છે. આ ચાથી તંદુરસ્તી તથા પૈસા બંનેનું રક્ષણ થઈ શકશે.

૨૦—ગામઠી વનસ્પતિઓની ચ્હા

તુલસી, કલ્લાર, બીલી, લજામણી અને આંબો, આ પાંચે વસ્તુઓનાં પાન (એમાં આંબાનાં પાન કુમળાં લેવાં) લઈ તેને છાંયે સૂકવી અધકચરાં કરી રાખવાં. ભૂખને મારનારી અને લોહીને બગાડનારી હાલની ચ્હાને ઠેકાણે આ આરોગ્યદાયક અને વગરખર્ચે તૈયાર થતા ઘરાળુ વનસ્પતિઓના ભૂકાને થોડી વાર પાણીમાં ઉકાળી લેવાથી જે ચ્હા તૈયાર થાય છે તે ભૂખ લગાડે છે, વાયુ હઠાવે છે, લોહી સુધારે છે અને એકંદરે વાયુ, પિત્ત અને કફ, એ ત્રણમાંથી કોઇ પણ પ્રકારની પ્રકૃતિવાળાને માફક આવે છે.

જેઓ ગરમાગરમ પીણાની કુટેવ નજ છોડી શકતા હોય, તેમને માટેજ ઉપલી ઘરાળુ ચ્હાની સૂચના છે; નહિ તો માણસને માટે એટલું પણ ગરમાગરમ પાણી પીવું એ આંતરડાંને શેકીને નિર્બળ બનાવનારૂં છે. પથારીમાંથી ઉઠ્યા પછી થોડા કોગળા કરીને લોટામાંનું રાતનું ભરી મૂકેલું અને તે નહિ તો છેવટે તાજું પાણી પણ એક

પ્યાલો રોજ પીધા કરવાથી જે ઉત્તમ લાભ થાય છે, તેના અસાધારણ ફાયદાઓ તો આ બાબતની અજમાયશ એક મહિનો ચ્હા અને બીજું ગરમાગરમ પીણું છોડીને કરી જોવાય ત્યારેજ સમજાય તેમ છે.

૨૧—ચ્હા એ શું ખોરાક છે?

ચ્હા એ ખોરાક છે કે કેમ? આ બાબત ઘણા ડૉકટરો પ્રયોગો કર્યાજ કરે છે; અને લગભગ બધા એકમત થયા છે કે, ચ્હાને ખોરાક કહેવો તે મૂર્ખાઇ છે. ચ્હા તો માણસના શરીરને અશક્તિ લાવવાવાળી ચીજ છે. જ્યારે કોઈ પણ કારણે શરીર થાકી જાય છે અને કુદરત કહે છે કે "તું કામ કરતો નહિ" ત્યારે આ થાકેલો માણસ ચ્હાનો પ્યાલો લઇ પેટમાં ઝેર નાખે છે. આ ઝેર કહે છે કેઃ— "રસ્તો ખુલ્લો છે, આગળ ચલાવ." આ પ્રમાણે થાકેલો માણસ કુદરતની વિરુદ્ધ જઇ કામ શરૂ કરે છે. પરિણામ એ આવે છે કે, તેને થાક વધુ ને વધુ લાગતો જાય છે અને છેવટે ટાંટીઆ ભાંગી જાય છે. ચ્હાના શોખીનો સમજી જઇ ચ્હાને બદલે છાશ પીવાનું ચાલુ કરે તો જરૂર ટાંટીઆમાં વધારે બળ આવે. ચ્હા પીવાથી તો ઉપર જણાવ્યું તેમ ટાંટીઆ ગળી જવાનાજ. પ્રભુએ આંખ આપી છે, તેનો ઉપયોગ કરી જોનારને માટે દુનિયામાં દાખલા ઓછા બનતા નથી. અંધાને માટે તો કુદરતે મોટી ખાઇ ખોદી રાખી છે; ભલે આવીને તેમાં પડે!

૨૨—ચ્હા અને કૉફી

(હિંદી 'માધુરી' ઉપરથી)

તંબાકુની પેઠે ચ્હા—કૉફી પણ ભારતવર્ષમાં ખૂબ પ્રચલિત છે. મહારાષ્ટ્ર અને દક્ષિણમાં તેનો સૌથી વધુ પ્રચાર છે. જાહેરખબરબાજો તેને "તાજા કરનારી માત્રાઓ" કહે છે. કોઇ કોઇ તો ગરમ ચ્હાથી તાવને દૂર કરતા ફરે છે; પણ માનનીય (જસ્ટિસ) ન્યાયમૂર્તિ

રમેશમના મત પ્રમાણે 'તે પદાર્થો ભોજ્ય નથી પણ વિષ છે.' તેના નિરંતર સેવનથી એક બે પેઢીમાં તે કુટુંબના લોકોની જીવનશક્તિ ક્ષીણ થઇ જાય છે. ઘણાખરા નાના–મોટા વ્યાધિઓ ચ્હા અને કૉફીની ટેવને લીધેજ થાય છે. ડૉ. વિલિયમ ટિબ્સ કહે છે કે, ચ્હા-કૉફી પીનારાઓ કહે છે કે એક પ્યાલો પીવાથી જાગૃતિ આવે છે અને શક્તિ વધે છે. તેનું ખરૂં કારણ તો તેમાં મળેલાં દૂધ અને સાકર છે. જેઓ ચ્હા–કૉફીની આદતવાળા છે, તેમનામાં ઘણેભાગે અપચો, હૃદયમાં દાહ, ચહેરાનું કરમાઈ જવું, ગભરાટ, હૃદયની અનિયમિત ગતિ, તેનું ધડકવું, માથાનો દુ:ખાવો અને નિદ્રારોગનાં ચિહ્ન દેખાઈ આવે છે. એક ડૉકટરે ઉમેર્યું છે કે, કૉફીના એક પ્યાલામાં મૂત્રના કરતાંએ વધારે યૂરિક ગેસ રહે છે. હજારો સ્ત્રીપુરુષો–જેઓ નિદ્રા, શિથિલતા, અપચો અને બંધકોશની બૂમો પાડયા કરે છે, તેનું કારણ આ આદતજ છે. ચ્હા અને કૉફી પીનારાઓને કદાચ ખ્યાલ પણ નહિ હોય કે તે ચીજોના સેવનથી તેઓ રક્તસંચલનને તેજ કરનારી માત્રાઓ લે છે.

ઘણા લોકો કહે છે કે, ચ્હા અથવા કૉફી પીધા બાદ તેમનો થાક દૂર થાય છે. આ બહુજ ભૂલભરેલી માન્યતા છે. વાસ્તવિક રીતે આ માત્રાઓ શિથિલતાનાં કેન્દ્રોને ટુંક સમય માટે જરૂર બંધ કરે છે, પણ તેનો ભાવ સ્થાયી નથી હોતો. ઘણે ભાગે ચ્હા અને કૉફી પીનારાઓનેજ સખ્ત અપચો રહ્યા કરે છે; કારણકે તેના સેવનથી પેટમાં ગાંઠો બંધાઈ જાય છે.

બાળકોને માટે તો તે ખાસ વર્જ્ય છે. તેના સેવનથી તેમની ઉંઘ ઓછી થઇ જાય છે. વાસ્તવમાં બાળકોમાટે ઉંઘ ખાસ જરૂરની છે. ચઢતી વયમાં તેનું સેવન કરવાથી આયુષ્ય ઓછું થવા લાગે છે.

૨૩-ઠંડી કુલફી મલાઈ! ગરમાગરમ ચ્હા કૉફી!

(દૈનિક 'હિંદુસ્તાન'માંથી)

આ બૂમ શહેરોમાં રહેનારાને કાને હમેશાં પહોંચે છે. આ બૂમોએ માણસોની હોજરી બગાડવામાં પૂરેપૂરો ભાગ ભજવ્યો છે. મહાન

ડૉકટરોનું કહેવું એવું છે કે, શરીર સારૂં રાખવાને માટે પ્રભુએ મોંને દરવાજો બનાવ્યો છે. જો ઘરના બારણામાં આપણે સારા માણસને દાખલ કરીએ તો નુકસાન થાયજ નહિ; પણ જો બેદરકારીથી અથવા જાણીબુઝીને તેમાં ખરાબ માણસો દાખલ થઈ જાય, તો જરૂરજ નુકસાન થાય છે. એમ કહેવામાં આવે છે કે, જે વસ્તુઓ ગમે તેટલી વખત મોંમાં રાખવા છતાં કોઇ પણ જાતનું દુ:ખ ન થાય, તેજ વસ્તુઓ ખાવા–પીવામાં વાપરવી જોઇએ. કુલફી, મલાઇ કે આઇસક્રિમ આપણે મોંમાં જરા વાર પણ રાખી શકતા નથી અને તરતજ ગળાનીચે ઉતારવા મહેનત કરીએ છીએ; તેમજ ગરમાગરમ ચ્હા–કૉફી પણ આપણે મોંમાં રાખી શકતા નથી અને તરતજ ઉતારી જઇએ છીએ. આવી બેહદ ઠંડી કે બેહદ ગરમ ચીજો ખાવાથી જઠરાગ્નિને બહુજ નુકસાન પહોંચે છે. આપણા શરીરની અંદર મોંથી શરૂ થઇને કેઠ પુંઠસુધી એક સળંગ નળી છે. આ નળીને અંદરથી ફરતું ઝીણું ચામડાનું પડ છે. આ પડ એવું સૂક્ષ્મગ્રાહી છે કે આપણા શરીરની ગરમી કરતાં વધારે ગરમ કે વધારે ઠંડી ચીજ તેના સંગમમાં આવે તો તે કઠણ થઇ જાય છે. આમ થવાથી તેનું કામ તે કરી શકતું નથી અને તેથીજ ખોરાક પાચન કરવાની ક્રિયા મંદ પડે છે. આટલા માટેજ બહુ ગરમ કે બહુ ઠંડી ચીજોથી ચેતતા રહેવાની જરૂર છે. આપણા કેટલાક શોખીન ભાઇઓ, સ્વાદના રસીઆ અને ગરમાગરમ દાળ કે કઢીના સબડકા લેવાવાળાઓએ પણ આ વાત લક્ષ્યમાં રાખવા જેવી છે. ચ્હા, કૉફી, કુલફી, મલાઈ વગેરેના રસિકો આની નોંધ લેશે કે? આ પોથીમાંહેલાં રીંગણાં નથી હો ભાઇ!!

૨૪–‘સેકેરીન’ દેશનિકાલ !

સાકરથી ૫૫૦ ગણી ગળી ‘સેકેરીન’ને બધા ઓળખે છે. આ કોલતારની બનાવટ છે. લાંબો વખત તે વાપરવામાં આવે તો ઝેરી ગણાય છે. સાકરને બદલે ઘણાં માણસો આ ચીજનો ઉપયોગ કરે છે.

બેલ્જીઅમ સરકારે આ ચીજ મંગાવવાની, વાપરવાની, બહાર ચઢાવવાની કે રાખવાની પણ મનાઇ કરેલ છે. જે જે ચીજોની બનાવટમાં 'સેકેરીન' વાપરવામાં આવેલ હોય, તેને પણ આ કાયદો લાગુ પાડ્યો છે. ખોરાકની ચીજમાંથી તો 'સેકેરીન'ને દેશનિકાલ કરવાની ખરેજ જરૂર છે. લેમોનેડ અને શરબતોમાં એ બહુ વપરાય છે. હૉટેલની ચ્હામાં પણ વપરાય છે; છતાં પ્રજા સમજતી નથી અને સરકાર કશું કરતી નથી.

૨૫–તમાકુના ભક્તોને ભયની ચેતવણી

(લેખક:–મણિશંકર મૂળશંકર ત્રિવેદી)

તમાકુનો ઉપયોગ ત્રણસો વર્ષ પહેલાં અમેરિકામાં થતો હતો. દેખાદેખીથી ત્રણસો વર્ષમાં તમાકુનો ઉપયોગ એટલો બધો વધી પડ્યો છે કે એવું એકે ગામડું નહિ હોય કે જ્યાં તમાકુનો ઉપયોગ નહિ થતો હોય. જ્યાં ગામડાની વાત કરવામાં આવે છે ત્યાં શહેરની તો વાતજ શી કરવી? તમાકુનો આટલો બધો ફેલાવો થવાનું મુખ્ય કારણ દેખાદેખીજ છે. જનસ્વભાવ એવો છે કે, કોઈ પણ નદારી વાત ઉપર તેના મનની પ્રવૃત્તિ જલદી થઇ જાય છે. વળી તમાકુ એક દેશમાંથી બીજા દેશમાં નવાઇની વસ્તુતરીકે ફેલાઈ અને ચડસાચડસીથી લોકો તેનો છૂટથી ઉપયોગ કરતાં શીખ્યા.

તમાકુમાં કેફી પદાર્થો

તમાકુમાં ત્રણ પ્રકારના કેફી પદાર્થો જોવામાં આવે છે:–(૧) તમાકુમાં **નિકોટીન** નામનો ચીકણો તેલ જેવો પ્રવાહી પદાર્થ હોય છે, તે બહુ ઝેરી છે. તેમાં તમાકુની વાસ આવે છે અને તીખો હોય છે. તેનું એકજ ટીપું કૂતરાને આપ્યું હોય તો કૂતરૂં મરી જાય છે. તે ઝેર તાપથી ઉડી જાય છે. (૨) તમાકુમાં બીજો **તેલ જેવો કડવો પદાર્થ** રહે છે. મોં ઉપર મૂકવાથી તમાકુના જેવીજ તેની અસર થાય છે. નાકે લગાડવાથી છીંક આવે છે અને ખાવાથી ફેર તથા ચક્કર આવે છે અને ઉલટી થાય છે. (૩) તમાકુમાં **તીખાશવાળું**

તેલ રહે છે. આ તેલ ઝેરી છે, તે ઉડી જતું નથી. તેનું એક ટીપું બિલાડીને બે મીનિટમાં મારી નાખે છે. આ ત્રણે પ્રકારનાં ઝેર તમાકુમાં રહે છે; પણ તાપમાં તે ઉડી જાય છે, તેમજ ઘણા થોડા પ્રમાણમાં હોવાથી માણસને તમાકુનો ઉપયોગ કરવાથી મારી નાખતા નથી; તોપણ આ ત્રણે તત્ત્વો તમાકુ પીનાર ઉપર અસર કરે છે. જે લોકો તમાકુ બહુ પીએ છે, તેમનામાં હમેશાં નિશો રહે છે અને તેનું શરીર વહેલું બગડે છે.

તમાકુ સુંઘવા, ખાવા ને પીવાથી થતી ખરાબી

તમાકુ સુંઘવાથી નિશો ઘણા ઓછા પ્રમાણમાં આવે છે અને કેટલીક વખત માથાનાં દરદ તથા સળેખમને શાંત કરે છે; પણ તેના વખતોવખતના ઉપયોગથી કશો ફાયદો માલમ પડતો નથી. એના અતિ ઉપયોગથી નાકની અંદર ચાંદી અને માથાનાં, ગળાનાં અને પેટનાં દરદો થાય છે. વળી છીંકણી સુંઘવાથી નાક તથા સાદને ઇજા થાય છે. છીંકણી ઘુંટનારને ક્ષય વગેરે દરદો થયાના ઘણા દાખલા માલમ પડ્યા છે.

તમાકુ ખાવાથી અપચો, અજીર્ણ, મોંનું ગંધાવું, દાંતનો સડો, અતિસાર, મરડો, ફેર વગેરે રોગ લાગુ પડે છે. તમાકુ ખાનારને વળી થુંકવા માટે વખતોવખત ઉઠવું પડે છે અને એ રીતે પણ તમાકુ ખાનાર બીજાને સુગ અને અણગમો પેદા કરે છે.

તમાકુ ત્રણ રીતે પીવાય છેઃ-(૧) હોકાથી, (૨) ચલમથી અને (૩) બીડી અથવા ચીરૂટથી. દરેક રીતે પીવાથી તમાકુનો ઝેરી ધુમાડો પીનારના શ્વાસોચ્છ્વાસમાં જઇ મોંના, ગળાના, દમના, મગજના અને જઠરના જૂદા જૂદા રોગોને પેદા કરે છે અગર તો તેવા રોગોને લાયક શરીરને બનાવે છે. વળી તમાકુ પીનારની સ્મરણશક્તિ મંદ પડી જાય છે.

તમાકુનો ઉપયોગ કરવા કુદરત પણ ના કહે છે.

દાખલાતરીકે જે માણસે તમાકુનો ઉપયોગ કદી નહિ કર્યો હોય તેને જો થોડીક પણ તમાકુ ખાવા આપશું તો તેને ઉલટી થઇ ફેર આવે છે. કુદરતજ તેને શરૂઆત કરતાં અટકાવે છે; છતાં તે ખાવામાંજ મર્દાઈ છે

એમ માની વખતોવખત અભ્યાસ કરી તેને ખાવાની ટેવ પાડે છે.

તમાકુમાં પિત્ત વધારવાનો, મદ ચઢાવવાનો, ભ્રમ કરવાનો તથા આંખના તેજને હરી લેવાનો ગુણ છે. તમાકુમાં ઝેર રહેલું હોવાથી જનાવરોનાં-કીડીઆળાં ઘરોમાં તે દાબવાથી કીડા તથા જંતુઓ મરી જાય છે. તેનાં પાન અંડવૃદ્ધિ (વધરાવળ) ઉપર સીલારસ ચોપડી બાંધવાથી ફાયદો કરે છે. તેના પાણીથી જૂ મરી જાય છે. તેના નિત્ય સેવનથી શરીરમાં ટુંક વખતમાટે તે જાગૃતિ પેદા કરે છે; પણ પછીથી તેના વગર ચાલતું નથી અને તે પોતાનું છુપું ઝેર શરીરમાં દાખલ કરી શરીરના સારા અવયવોને પણ ઝેરી બનાવે છે.

તમાકુ પીનારાઓને સૂચના

તમાકુનું બ્યસન દુષ્ટ છે. તેનાથી કોઇ પણ પ્રકારનો લાભ છેજ નહિ. ફક્ત થોડાક વખતસુધી તે શરીરને નિશામાં રાખે છે, પણ અંતે તો તમાકુથી શરીર ફિક્કું પડી જઇ પાંડુરોગ અને ક્ષયરોગ થાય છે. તમાકુને લીધેજ દારૂ પીવાનું વ્યસન પડે છે. તે સંબંધમાં ન્યુયૉર્કમાં તમાકુવિરુદ્ધ હિલચાલ ચલાવનારી મંડળી (ન્યુયૉર્ક એન્ટી ટૉબેકો સોસાયટી) પોતાના રિપોર્ટમાં જણાવે છે કે, થુંક પેદા થાય છે તે ગ્રંથિઓ(સૅલીવરી ગ્લાન્ડસ)માંથી તમાકુ પીવાથી તથા ખાવાથી થુંક ખૂટી જાય છે અને તેથી તમાકુ પીધા અગર ખાધા પછી (કેટલાકોને) દારૂ પીવાનું મન થાય છે. તમાકુથી નાડી નરમ પડે છે, શરીર ફિક્કું થઇ જાય છે, મોંમાં ચાંદીઓ પડે છે, પેટમાં ભયંકર વ્યાધિ થાય છે, લોહી અનિયમિત રીતે ફરે છે અને આંખે અંધાપો આવી જાય છે. કેટલાક એમ કહે છે કે, તમાકુથી અમને ઝાડા તથા પેશાબનો ખુલ્લાસો રહે છે. વખતે તેમ હશે; પણ જે લોકો તમાકુ નથી પીતા તેને પણ ઝાડા તથા પેશાબનો ખુલાસો રહે છે. એકંદરે જોતાં તમાકુ શરીરને બગાડનાર ચીજ છે. તમાકુ અનાજ નથી. તે નથી દૂધ કે નથી પુષ્ટિ આપનારો પદાર્થ. તમાકુ પીનારાઓએ આ સર્વ વાંચી–વિચારી તમાકુને ધીમે ધીમે કાઢી નાખવા પ્રયત્ન કરવો.

તમાકુવિષે નામાંકિત ડૉક્ટરોના અભિપ્રાય

ડૉ૦ **પ્રાઉટ**—લખે છે કે, તમાકુ પીવાથી માણસો નબળા પડી જાય છે. લોહીમાંથી લાલાશ ઘટી પીળાશ આવે છે. છીંકણીથી અજીર્ણ, કલેજાં તથા જઠરનાં દરદો વગેરે થાય છે અને એવાં દરદોથી મૃત્યુ થયેલા દાખલાઓ મોજુદ છે.

ડૉ૦ **ટેલર**—લખે છે કે, ૧૮૭૭માં એક માણસે લાકડાની એક ચલમ સાફ કરી પોતાના છોકરાને રમવા આપી. છોકરાએ તે ચલમનો ઉપયોગ સાબુના પરપોટા ઉડાડવામાં કર્યો, તેથી તમાકુનું ઝેર મોંદ્વારા તે છોકરાના શરીરમાં દાખલ થયું. તેની અસરથી છોકરો બેશુદ્ધ થઇ મરી ગયો.

ડૉ૦ **ટવીચેલ**—કહે છે કે, તમાકુથી ફેફસાં, હૃદય અને જઠરના સ્નાયુ નરમ પડી જાય છે. કોઇ કોઇ વખતે હૃદય એકદમ ઓચીંતુ બંધ થઈ મરણ પણ થઈ જાય છે.

ડૉ૦ **કલન**—જણાવે છે કે, ઘડપણ આવ્યા પહેલાં તમાકુથી સ્મરણશક્તિ નાશ પામેલી, મૂર્ખતા આવેલી અને જ્ઞાનતંતુઓની હારમાળા બગડી ગયેલી એવા ઘણા દાખલા મારા અનુભવમાં આવ્યા છે.

ડૉ૦ **ઑલકૉટ**—કહે છે કે, તમાકુથી શરીરને બીજાં જે નુકસાનો થાય છે, તેના કરતાં સ્મરણશક્તિને વધારે નુકસાન થાય છે, એ વાત ચોક્કસ છે.

ડૉ૦ **એલીન્સન**—કહે છે કે, ફ્રાન્સદેશમાં ખાસ જોવામાં આવ્યું છે કે જેમ જેમ તમાકુનો ઉપયોગ વધારે થતો જાય છે, તેમ તેમ ગાંડાં થઇ જતાં માણસોની સંખ્યા પણ વધતી જાય છે.

ગવર્નર સલીવાન—પોતાના સ્વાનુભવથી લખે છે કે, "તમાકુ મને જડ અને સુસ્ત કર્યાવિના, મારી નિત્યના વિચારની ચંચળતામાં ખલેલ કર્યાવિના અને મારી માનસિક શક્તિને નબળી પાડ્યાવિના કદી રહી નથી."

ફ્રાન્સદેશની શાળાઓમાં તમાકુના ઉપયોગની અટકાયત છે, તેમજ યુનાઇટેડ સ્ટેટમાં લશ્કરી શાળામાં બીડી પીવાની સખ્ત મ-

નાઈ કરવામાં આવી છે.

તમાકુવિષેના આ સર્વ અભિપ્રાયો વિદ્વાન અને નામાંકિત ડૉકટરોના છે, માટે તેનો ઉપયોગ કરનારાઓએ આ ઉપરની શિખામણ ધ્યાનમાં લઇ જેમ બને તેમ તેનો જલદીથી નિષેધ કરવો એજ સલાહ તથા સલામતીભરેલું છે.

તમાકુવિષે મહાત્મા ગાંધીજીનો ઉપદેશ

જેવી રીતે દારૂ, ભાંગ તથા અફીણ ખરાબ છે, તેથી પણ તમાકુ વધારે ખરાબ છે. તમાકુની સત્તા મનુષ્યજાતિપર એટલી બધી વધી ગઇ છે કે, તેમાંથી છૂટવાને માટે ઘણો વધારે સમય લાગશે. નાનાંથી મોટાંઓ સર્વ તેના ઝપાટામાં આવી ગયાં છે. આશ્ચર્યકારક તો એ છે કે, નીતિમાન માણસો પણ તમાકુનો છૂટથી ઉપયોગ કરે છે. મિત્રના સન્માનમાટે આજકાલ તમાકુ એક ઉત્તમ સાધન થઈ પડયું છે. સાધારણ મનુષ્યો તો જાણતાં નથી કે, તમાકુનું વ્યસન દૃઢ થાય એટલા માટે સીગારેટ અગર ચીરૂટ બનાવવાવાળા તેમાં એક પ્રકારનો સુગંધીયુક્ત તેજાબ છાંટે છે. તમાકુને ટેસ્ટવાળી બનાવવામાટે તેમાં અફીણનું પાણી છાંટે છે, તેથી તમાકુ માણસપર જાદુઈ અસર ચલાવી રહી છે. તમાકુનો ફેલાવો કરવામાં હજારો રૂપિયા જાહેરખબરમાં ફેંકી દેવામાં આવે છે. યૂરોપમાં ચીરૂટ બનાવનારી કંપનીઓ પોતાનાં છાપખાનાં ચલાવે છે, બાયોસ્કોપ ખરીદે છે, ઇનામી ટીકીટો કાઢે છે વગેરે હજારો પ્રકારની યુક્તિઓ કરે છે. તમાકુએ પોતાની સત્તા સ્ત્રીઓપર પણ ચલાવી છે. તમાકુ-ચીરૂટથી જે નુકસાન થાય છે, તેના આંકડા વિગતવાર આપી શકાય નહિ. ચીરૂટ પીવાવાળા જ્ઞાનશૂન્ય બની જાય છે અને બેપરવાઈથી બીજાના ઘરમાં રજાવગર ચીરૂટ સળગાવી પીએ છે અને તેમાં તે શરમાતા નથી.

એવો અનુભવ થયો છે કે, તમાકુ—ચીરૂટ પીવાવાળા આથી પણ વધારે મોટા અપરાધો કરે છે. બચ્ચાંઓ બીડી પીવાને માટે પોતાના માબાપથી છાના ઘરમાં ચોરી કરે છે. જેલમાં કેદીઓ મોટી જોખમ-

ારી સહન કરીને બીડીને છુપાવી રાખે છે. લડાઇમાં ચીરૂટ પીવા-
ાળાઓ ચીરૂટવગર ગાંડા તથા ઉદાસ બની જાય છે અને કોઇ પણ
કારનું કામ કરી શકતા નથી.

ચીરૂટનું ખર્ચ—પણ કંઇ કમતી આવતું નથી. કેટલાએક માણસો-
ા તો ચીરૂટ પછવાડે માસિક ખર્ચ રૂા. ૭૫ કરવું પડે છે. ઉપ-
ાક્ત ઉદાહરણ તદ્દન સાચું છે. મુંબઇમાં ચીરૂટના વેપારીઓએ
ાળા ખરીદ કર્યાં છે, કોઇએ ફેકટરી ઉભી કરી છે; વગેરે પૈસા ફક્ત
ીરૂટના ધંધામાંથીજ પેદા કરવાના ઘણા દાખલા મળી શકે તેમ છે.

બીડી પીવાથી પાચનશક્તિ મંદ પડી જાય છે, મોઢું ગંધાય છે,
ીડીના ધૂમાડાથી બહારની હવા દૂષિત થઇ જાય છે, દાંત કાળા તથા
ીળા પડી જાય છે. **જે મનુષ્યો નિરોગી રહેવા ઇચ્છે છે, તેઓએ
ીડી તથા તમાકુને અવશ્ય છોડી દેવી જોઇએ.** દારૂ, તમાકુ,
ાંગ, ગાંજો આદિ વ્યસન આપણા આરોગ્યને હરી લે છે; એટલુંજ
ાહિ પણ આપણને ગુલામ બનાવી આપણી નીતિનો પણ નાશ કરે છે.

**આપણા હિંદુસ્તાનમાં એક કરોડ રૂપિયાનો ધુમાડો થાય
છે.** એવું માલમ પડયું છે કે, બહાર દેશાવરથી હિંદુસ્તાનમાં ૧ કરોડ
ૂપિયાની સીગારેટ આવે છે. તે સીગારેટનો ઉપયોગ આપણા
ાબાંધવો માત્ર ફુંકી ધુમાડો કાઢવામાં કરે છે. આ પ્રમાણે એક
ારોડ રૂપિયાનો ધુમાડો કરી પરદેશીઓનાં ખીસ્સાં તર કરવાનું કાર્ય
ાપણે પોતેજ કરીએ છીએ. જો સર્વ ભાઇઓ સીગારેટ પીવાનો
ાગ કરે તો એક કરોડ રૂપિયા હિંદમાં બચે અને તેનો ઉપયોગ કોઈ
ત્કાર્યમાં થાય તો હિંદુસ્તાનને કેટલો બધો લાભ થાય !

૨૬–લક્ષ્મીનો વાસ

એક દિવસ ભગવાન વિષ્ણુએ લક્ષ્મીજીને પૂછયું:–‘ હે પ્રિયે !
ીજાતિમાં તમારો વાસ કયાં કયાં છે ? ” ત્યારે લક્ષ્મીજીએ કહ્યું કે:–

"પ્રભો! જે સ્ત્રી માતપિતા અને સાસુસસરા આદિ વડીલોની પૂજા કરે છે અને પતિ ઉપર પ્રેમ રાખે છે, તેને ત્યાં મારો વાસ છે."

"જે સ્ત્રી સુંદર વસ્ત્રાલંકારોથી નહિ પણ સદાચારથી પોતાના અંગને શણગારે છે, કંકણથી નહિ પણ દાનથી પોતાના હાથને શોભાવે છે, નવા નવા અભિલાષોને નહિ વધારતાં આત્મસંયમનોજ વધારો કરે છે, સર્વ સાથે સૌજન્યથી વર્તી સલાહસંપથી રહે છે અને સદા મધુર વાણીથી બોલે છે, તેને ત્યાં મારો વાસ છે."

"જે સ્ત્રી સદા ઉદ્યોગી, સંતોષી, પ્રસન્નમુખી, મિતાહારી અને મિતાચારી રહીને પોતાના હૃદયને અને શરીરને પવિત્ર રાખે છે, તેને ત્યાં મારો વાસ છે."

"જે સ્ત્રી પોતાની જાતની, બાળબચ્ચાંની, પતિની અને અન્ય કુટુંબીજનોની સંભાળ રાખે છે, બચ્ચાંને પ્રીતિપૂર્વક પોતાનાજ હાથે ઉછેરે છે અને કેળવે છે, તેને ત્યાં મારો વાસ છે."

"જે સ્ત્રી સૂર્યોદય પહેલાં ઉઠીને દેહ, વાળ, દાંત, કપડાં અને ઘરની તમામ ચીજો સાફસૂફ કરી દે છે, કાળજીપૂર્વક ઘરકામમાં મંડી જાય છે અને પતિ તથા બાળબચ્ચાંને સુખી રાખે છે, તેને ત્યાં મારો વાસ છે."

× × × × ×

સ્ત્રી અને પુરુષ ઉભયમાં કેળવણીનો પ્રચાર નહિ થાય ત્યાંસુધી તમારાથી કશુંજ બની શકવાનું નથી.

પ્રથમ સ્ત્રીઓને ઉન્નત કરો અને ગરીબમાં ગરીબ જનવર્ગને જાગૃત કરો, ત્યારેજ તમારા દેશનું કલ્યાણ થશે.

૨૭–દીકરીને પણ દીકરા જેવીજ ગણો.

ભગવાન મનુએ ફરમાવ્યું છે કેઃ—

कन्याप्येवं पालनीया शिक्षणीयाति यत्नतः ।

ભાવાર્થઃ–કન્યાનું પણ પુત્રની પેઠે પાલન કરવું જોઇએ અને

ઘણી કાળજીપૂર્વક તેને શિક્ષણ આપવું જોઇએ.

સ્વામી રામતીર્થજી કહે છે કે:—"હિંદમાં સ્ત્રીશિક્ષણ બંધ કરી દેવામાં આવ્યું તેની સજા પણ હિંદ સારી પેઠે ભોગવી રહ્યું છે. × × × સ્ત્રીશિક્ષણનો પ્રચાર કરો. તમારા પૂર્વજો સ્ત્રીશિક્ષણના પક્ષપાતી હતા. તમે કેમ વિરોધી બનીને તમારે હાથેજ તમારા પગ ઉપર કુહાડો મારો છો?"

૨૮—ભાગ્યવિધાત્રી

(લેખક:-લાલા લજપતરાય-"ગાંડીવ" તા.૧૩-૧૨-૨૫માંથી)

હિંદુ કોમની અત્યારની અવદશા જોઇને જેના દિલમાં દુઃખની જ્વાળાઓ સળગતી હોય અને આ પુણ્યવંત કોમને માટે જેના અંતરમાં પ્રીતિ ઉભરાતી હોય, એવો કોઈ પણ શિક્ષિત હિંદુ આ હિંદુ મહાસભાના સમાજસુધારણાના ઝુંડાનીચે આવ્યાવિના રહી શકેજ નહિ. સમાજસુધારણા, એ હિંદુ કોમની આજે પ્રથમ જરૂરિયાત છે; અને તેનાવિના આપણે રાજદ્વારી કે બીજી પ્રગતિ એક તસુ પણ સાધી શકવાના નથી. જે કોમમાં બાળલગ્ન અને અસ્પૃશ્યતાનાં મૂળ આટલાં ઉંડાં નખાયાં હોય, જે કોમ જીંદગીને ક્લેશમય જંજાળ માનતી હોય, જે કોમ જીવનના પ્રાણ-દીપકને બુઝાવી નાખનારાં નિર્મોહ અને વૈરાગ્યનાં વ્રતોને પૂર્વજોનો મહામૂલો વારસો માનતી હોય અને એવા બિમાર માનસને કારણે જે કોમમાં નિરાશા અને નિરુત્સાહ, મંદતા અને દીનતા જીવનક્રમ બની ગયાં હોય તે કોમ, સખ્ત અથડાઅથડી અને હરિફાઇના આ યુગમાં, સન્માનનીય કોમતરીકે અને રાષ્ટ્રના સબળ અંગતરીકે કેમ જીવી શકશે? હિંદુ કોમ જો આપઘાત કરવા ન ઇચ્છતી હોય તો હિંદુઓએ, એક કોમતરીકે, એક અને અખંડ બનવા હવે જાગવુંજ જોઇએ. હિંદુ કોમ જો જીંદગાની ચાહતી હોય તો હિંદુઓએ જ્ઞાતિઓ-ઉપજ્ઞાતિઓના અને વાડાઓ-ઉપવાડાઓના ભેદ ભાંગવા અને સાચું સંગઠન સાધવા પ્રગતિને માર્ગે કુચકદમ કરવીજ જોઇએ.

એ સુધારણાની શરૂઆત આપણી માતાઓના, આપણી વિધાતાસમી આપણી જનનીના ઉત્કર્ષથી થવી જોઇએ. હિંદુધર્મ હિંદુનારીને લક્ષ્મી, સરસ્વતી અને શક્તિનો અવતાર માને છે અને એનો અર્થ એ છે કે, એ નારીજ આપણા ઉત્થાન કે અધઃપતનની વિધાત્રી છે; પણ આજે એ દેવીનીજ કેવી દુર્દશા છે? હિંદુ સ્ત્રી એ અત્યારે હિંદુના ઘરની ગુલામડી અને ચાકરડી છે. તેને ઘરના ઉજાસવાળા ભાગમાં આવવાની કે ઉઘાડે મોંએ ઉચ્ચ સ્વરે બોલવાની પણ હિંદુસમાજ મનાઈ પોકારે છે. જે વયે યૂરોપ અને અમેરિકામાં બાળાઓ શાળાઓમાં કલ્લોલ કરતી, કસરતદ્વારા તેમનાં શરીર સુદૃઢ બનાવતી હોય છે, તે વયે હિંદુ નારી બાળકોની જનેતા બની હોય છે અને બિમારીમાં સડતી હોય છે. સ્ત્રીઓમાટે લજ્જા એ ઇચ્છનીય સદ્ગુણ છે; પણ બેહદ નિરાધારતા અને બેશુમાર પરાધીનતા, એ સ્ત્રી કે પુરુષ ગમે તેને માટે મહાપાતક છે. હું માનું છું કે, હિંદુ નારી તેની લજ્જા, તેની પતિનિષ્ઠા, તેની કુટુંબભક્તિ–એ સદ્ગુણોને બરાબર જાળવે; પણ સાથે સાથે હું હિંદુ સ્ત્રીને દુર્દાન્ત અને નિડર, સ્વાધીન અને સ્વમાની જોવા ઇચ્છું છું. એવી આત્મગૌરવ સમજનારી મહિલાઓજ ભારતની સ્વાધીનતા જીતી આવનારા બહાદુર પુત્રોને જન્માવશે.

હિંદુઓ! મારા દેશબાંધવો! સ્ત્રીજ તમારી ભાગ્યવિધાત્રી છે. તેને સન્માનો, તેને શિક્ષણ આપો, તેને મનુષ્યના અધિકાર બક્ષો અને તેમાં તમારો ઉદ્ધાર છે.

૨૯–ઘરેણાં પહેરાવી બાળકોનાં ખૂન કરાવો!

(લેખકઃ–લાભશંકર લક્ષ્મીદાસ—જુનાગઢ)

આ દેશમાં અવિચારી હિંદુ તથા મુસલમાન માબાપો પોતાનાં બાળકોને ઘરેણાં પહેરાવે છે; અને તેને પરિણામે સેંકડો બિચારાં બાળકોનાં જૂદી જૂદી રીતે ખૂન થાય છે.

હાલમાં બીજાપુરમાં બાર વરસની ઉંમરના એક હિંદુ છોકરાને બે

બદમાસોએ ગળું દબાવીને તેનાં ઘરેણાં માટે મારી નાખ્યો છે; અને તે ગુન્હા માટે એક તહોમતદારને **ફાંસીની સજા** અને બીજાને **જન્મ-દેશનિકાલની સજા થયેલી** છે.

તે હતભાગી છોકરાની લાશને તેની માએ મરેલી હાલતમાં ઓળખી હશે, ત્યારે તેણીએ કેટલી બૂમો પાડી હશે; કેટલા જોરથી છાતી ફૂટી હશે અને પોતાનાં વહાલા દીકરાને **ઘરેણાં પહેરાવીને પોતેજ તેનું ખૂન કરાવવામાટે** તે મૂર્ખ સ્ત્રી કેટલી બધી પસ્તાઈ હશે ? વળી બીજી તરફ ફાંસી તથા જન્મદેશનીકાલની સજા પામેલા તહોમતદારોનાં કુટુંબોમાં પણ કેવી ત્રાસદાયક મોકાણ થઈ હશે, તેનો ખ્યાલ કોણ કરી શકશે ? બીજા એક કેસમાં એક મુસલમાને **પોતાના પાંચ વરસના ભત્રીજાને માત્ર ચાર રૂપિયાનાં ઘરેણાંમાટે** એક કૂવામાં નાખીને મારી નાખ્યો હતો !

મારા પોતાના શહેર જુનાગઢની સરકારી કન્યાશાળામાં ઘરેણાં માટે થતાં ખૂનોસંબંધી મારાં હેંડબીલો મેં કેટલીક મુદત ઉપર ફેલાવેલાં હતાં તે ચેતવણીની દરકાર નહિ કરીને એક છોકરી ઘરેણાં પહેરીને નિશાળે જતી હતી, તેવામાં કોઈ બદમાસ તેણીને મળ્યો. તેણીને ફોસલાવીને તે એકાંત જગામાં લઇ ગયો અને ત્યાં તેણીને નિર્દય રીતે મારી નાખીને તેણીનાં ઘરેણાં લઇ ગયો !

અહમદનગર જીલ્લાના એક ગામમાં **પાંચ વરસની** એક છોકરીના દાગીના માટે એક શખસે તેણીનું ગળું તથા પગ કાપી નાખીને **મારી નાખી** તે માટે અહમદનગરના સેશન્સ જડજે તે ખૂનીને ફાંસીની સજા કરી છે.

ઉપર પ્રમાણે કાંઈ સેંકડો ખૂનોના રિપોર્ટો આજ સુધીમાં વર્તમાનપત્રોમાં છપાયા છે, પણ હતભાગી હિંદુ તથા મુસલમાન માબાપો બસ ચેતતાંજ નથી. તેઓ તો પોતાનાં બાળકોને ઘરેણાં પહેરાવેજ જાય છે; અને પછી જ્યારે બાળકોનું ખૂન થાય છે, ત્યારે પોતાની મૂર્ખાઇમાટે પોક મૂકે છે !

૩૦—ધર્મરૂપી પ્યાલા—કોણ કોનો શત્રુ છે!

(સ્વામી રામતીર્થ–ગ્રંથ ચોથા ઉપરથી)

આ પ્રતીત થતું હિંદુપણું, મુસલમાનપણું અને ઇસાઇપણું, એ તો જૂદા જૂદા પ્યાલાના જેવું છે, કે જે પ્યાલાઓવડે પવિત્ર વિશ્વ-પ્રેમરૂપી દૂધ પીવરાવવાના પ્રયત્ન વખતોવખત થયા કરે છે. × × × એવા પ્યાલા તો આગલા વખતના પણ અનેક આપણી આગળ પડ્યા છે; પરંતુ આપણે તો દૂધજ જોઇએ, જેનાથી હૃદયની જ્વાળા શાંત થાય એવું પીણુંજ અમને તો જલદી જલદી આપો!

× × × ×

અમારે તો અકબરદિલીની(હૃદયની વિશાળતાની)જ જરૂરત છે. પછી તે ગમે તે પ્યાલામાં ભરીને પાઓ! ચાહે તો તે પ્યાલો નવો હોય કે જૂનો, ચીતરેલો હોય કે સાદો અને સોનાનો હોય કે માટીનો!

ખાલી પ્યાલાનીજ ઉપાસના કરવાથી તો વિરોધજ વધે છે. આ બધા પ્યાલાઓ (સંપ્રદાય અને મતમતાંતરો) તો કેવળ મૂર્તિઓજ છે. જે સાચો મસ્ત પુરુષ એ બધી મૂર્તિઓમાંથી અમૂર્તસ્વરૂપ આત્મામાં પહોંચી ગયો, તેને ધન્ય છે! મિથ્યા નામરૂપમાંથી સત્યસ્વરૂપમાં પહોંચી જવાતાંજ—સ્વાત્માનંદની પ્રાપ્તિ થતાંજ એ પ્યાલો એના હાથમાંથી છૂટી ગયો, ફુટી ગયો, ભાગી પડ્યો!

અમે તો ધર્મગ્રંથમાંથી અંદરનું મગજ (તત્ત્વ) લઇએ છીએ અને શબ્દરૂપી હાડકાંને કૂતરાંની તરફ ફેંકી દઇએ છીએ.

કોઇ પણ ધર્મ કે સંપ્રદાયની સાથે તમને વિરોધ હોય તો તેને કાપવાનું અર્થાત્ ખંડન કરવાનું કાર્ય ન કરો. સીધો માર્ગ એજ છે કે, તમે તેમના હૃદય કરતાં તમારા હૃદયને વધારે વિશાળ—મહાન—અકબર બનાવો. તમારી પ્રેમભક્તિને એના પ્રેમ કરતાં વધારી દો; તમારી માનવપ્રીતિને એની પ્રીતિ કરતાં વિશેષ વિસ્તૃત કરો; તમારા સાહસને ઉચ્ચતર બનાવો અને સત્યસ્વરૂપ (પરમેશ્વર) ઉપરના તમારા વિશ્વાસ–

શ્રદ્ધાને અત્યંત મહાન (અકબર) બનાવો. સંસારનાં નામરૂપોનો બાહ્ય ચળકાટ, દશ્ય જગતની વિચિત્રતા, અસંખ્ય સ્વરૂપોની વિવિધતા, એ બધા રાગરંગ ભલે બીજા કોઇની આંખોને આંજી નાખે; શિક્ષકો અને પ્રૉફેસરો ભલે એ મૃગતૃષ્ણાની જાળમાં ફસાય; અધિકારી અને અમીરવર્ગ ભલે એ કરોળીઆની જાળમાં ગુંથાઇ જાય; પંડિત અને સાક્ષરો ભલે એ લહરિઓમાં આવી પડે; યુવક અને વૃદ્ધ ભલે એ સ્વપ્નમાં મોહિત થઇ જાય; પરંતુ તમારે તો એ સત્યસ્વરૂપ પરમાત્માને કદી પણ ન ભૂલવો જોઇએ. તમારે તમારાં નેત્ર એ સત્યાત્માની ઉપરથી કદી પણ ન ખસેડવાં જોઇએ. ઓ શ્રદ્ધાશીલ પુરુષો! ઓ સમ્યગ્દર્શીઓ! પછી જોઇ લ્યો કે એ આનંદ નથી કેમ પ્રાપ્ત થતો! અને કોણ કોનો શત્રુ છે!

૩૧–સ્વપત્ની–વ્યભિચાર

(લેખકઃ–"ઔદીચ્ય" "ચિત્રમય જગત"–ઑકટોમ્બર, ૧૯૨૪.)

લગભગ બધાય પુરુષોને એવો ખ્યાલ છે કે, પોતાની વિવાહિતા સ્ત્રીસાથે મરજી પડે તેટલી વાર અને મરજી પડે તેવી રીતે ઇંદ્રિયોની વિષયવાસના તૃપ્ત કરવામાં આવે તો તેમાં કંઇ ખોટું નથી; પરંતુ ધર્મશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આરોગ્યશાસ્ત્રની મર્યાદા પ્રમાણે આવું કૃત્ય એ મહાપાપ છે. ધર્મશાસ્ત્રની મર્યાદા એ છે કે, ઋતુકાળની ૧૬ રાત્રિ દરમ્યાનજ અને આઠ રાત્રિજ અને ગર્ભાધાનબુદ્ધિથીજ સ્ત્રીપ્રસંગ કરવો; અને ગર્ભ રહી ચૂકયા પછી તથા પ્રસવ થયા પછી પાંચ વર્ષસુધી બ્રહ્મચર્યનું પાલન કરવું. ઉપલી આજ્ઞાનું પાલન થાય તો આરોગ્ય, બુદ્ધિ અને જીવન સચવાઈ રહે છે અને સંતાન ધર્માત્મા ઉત્પન્ન થાય છે.

પરંતુ દુરાચારી અને ઇંદ્રિયોના ગુલામ એવા પુરુષોએ પવિત્ર વૈવાહિક શય્યાને વ્યભિચારબુદ્ધિની દુર્ગંધથી સર્વથા ભરી મૂકી છે. પોતાની સ્ત્રી વ્યભિચારને માટે સૌથી વધારે સુગમ અને સસ્તી વસ્તુ મનાય છે. હજારો પિતાઓને એકત્ર કરી તેમના પુત્રના સોગન દઈ પૂછવામાં આવે કે, તેમનો આ પુત્ર શું ધર્મપુત્ર છે? શું પુત્રપ્રાપ્તિની

ધાર્મિક ફરજ અદા કરવાને, ઋતુકાળના નિયમ પ્રમાણે શુદ્ધ મનથી તેમણે સ્ત્રીગમન કરેલું હતું ? તો પ્રત્યેકની પાસેથી એકજ સાચો ઉત્તર મળશે કે, કેવળ વિષયવાસના તૃપ્ત કરવામાટેજ સ્ત્રીગમન થયું હતું; અને ગર્ભ તો અચાનકજ-દૈવયોગથી રહેલ હતો; એટલુંજ નહિ પણ ગર્ભ રહ્યા પછી પણ એ પ્રવૃત્તિ જેમની તેમ અને જેવી ને તેવી જારી રહી હતી અને છતાં ગર્ભનો જન્મ સહિસલામત રીતે થયો તે પણ દૈવયોગથીજ. આવા પ્રકારના પુરુષોને હાલમાં પિતાનું પવિત્ર અને ગૌરવવાળું પદ મળે છે !

આવા ઘરના વ્યભિચારનું પરિણામ પુરુષો કરતાં સ્ત્રીઓ ઉપર અને સંતાનો ઉપર વધારે ભયંકર આવે છે. સમય, કસમય, અનેક વખતે સ્ત્રીની સહવાસની ઇચ્છા નથી હોતી છતાં પણ પુરુષ પોતાની આ બૂરી લોલુપતા તૃપ્ત કરે છે. ગર્ભાવસ્થામાં તો સ્ત્રીને પુરુષસંગની બીલકુલ કામના હોતી નથી, છતાં એ અવસ્થામાં પણ તે બચવા પામતી નથી. ધર્મશાસ્ત્ર પ્રમાણે આવું દરેક કૃત્ય મહાપાપ છે અને આવી રીતે ઉત્પન્ન થયેલ સંતતિ ધર્માત્મા નથી, પરંતુ કામાત્મા છે. અફસોસની વાત તો એ છે કે, રૂઢિ પણ આ ધર્માજ્ઞાનો ભંગ કરાવવામાં સામેલ છે અને તેથી આવું કૃત્ય પાપી કૃત્યમાં ગણાતું નથી; પરંતુ ગર્ભિણી સ્ત્રીસાથે સંગ કરવો એ મહાપાપ છે, એવું જો પુરુષો સમજતા થાય તો અવશ્ય આવા પ્રકારનો વ્યભિચાર બંધ થાય.

ગર્ભાધાનમાં વીર્યની મારફતે જીવ ગર્ભમાં પ્રવેશ કરે છે. શરીરનો ધર્મ છે કે, કોઈ મુડદાલ વસ્તુ શરીરમાં રહેવા ન પામે અને જો રહે તો સડવા માંડે. વીર્ય-રજથી માંડીને પિંડ અને શરીરના અવયવો બનવામાં પાંચ માસની મુદત જોઇએ છે. પાંચ મહિનામાં ગર્ભના અવયવો તૈયાર થાય છે. ગર્ભિણીમાટેનો આ સમય દોહદ-એટલે બે હૃદયવાળો (એક ગર્ભિણીનું પોતાનું અને એક ગર્ભનું) કહેવાય છે. આ સમયમાં ગર્ભિણી અનેક પ્રકારની ખાવાની ઇચ્છા કરે છે. આ ઇચ્છા ગર્ભસ્થ જીવની હોય છે. આ ઇચ્છાની અસર ગર્ભ ઉપર

ાન થાય છે. આ વખતના ગર્ભિણીના આચાર–વિચાર, ખાવું–પીવું,
વું–ફરવું, એ તમામ ક્રિયાનો બળવાન પ્રભાવ ગર્ભસ્થ બચ્ચાં ઉપર
છે. આપણાં ધર્મશાસ્ત્રોએ આ અતિ ઉપયોગી સમયમાં ખાસ
ત્ર રહેવા માટે ગર્ભિણીના નાના પ્રકારના નિયમો ગોઠવેલા છે.
અત્યારે આપણે નેવે મૂક્યા છે. આ સમયદરમિયાન જો વિષય-
ે સ્ત્રીસંગ કરાય તો વિષયાનંદને પણ ગર્ભમાં રહેલ બાળક ગ્રહણ
ા લે છે. વળી એક વિચારવા જેવી બીજી વાત છે. જો ગર્ભમાં
લ બાળક પુત્રી હોય તો તેને પોતાના પિતાનો આ વિષયાનંદ પ્રાપ્ત
વો પડે છે અને જો ઉંડું વિચારીએ તો આ એક પ્રકારનું પુત્રી–
ભિચારનું પાપકૃત્યજ ગણાય; છતાં આવાં કૃત્ય સંકોચવિના ઘેર
વગરવિચારે થઈ રહ્યાં છે. છોકરા–છોકરીઓ ઘણી નાની ઉંમરમાંથીજ
ષયાનંદની ગંદી ચેષ્ટાઓ કરતાં માલૂમ પડે છે, તેનું કારણ શું ?
કો કહે છે કે, કલજુગ આવ્યો છે; પરંતુ ખરૂં કારણ તો તેમનાં
બાપ છે. નાનાં છોકરાંઓ આવી અજુગતી ચેષ્ટાઓ, તેઓ જ્યારે
ર્ભમાં હતાં ત્યારે તેમનાં માબાપના વ્યભિચારના પ્રભાવથી તેમની
ૃતિમાં લંપટતા અને વ્યભિચારની રુચિ ઉત્પન્ન થઈ, તેને લીધે
છે. અનેક મૂર્ખ માબાપો એક બે વર્ષના બાળક સન્મુખ કુચેષ્ટા-
ા કરે છે. આટલાં નાનાં બાળકો કંઇ સમજતાં નથી એવું
રીને તેમનો પડદો રાખતાં નથી, તે એક ભયંકર ભૂલ છે. હરેક કુચેષ્ટા-
પ્રભાવ બાળક ઉપર તો પૂરેપૂરો પડે છે. એ બધું સમજી જાય છે.
ત્ર અશક્ત હોવાથી નકલ કરી શકતું નથી; પરંતુ ઉંમર વધતાં જેવું
ળક સશક્ત થાય છે, કે તરતજ તેવી ચેષ્ટા તરફ લોભાય છે. નકલ
વી એ બાળકનો સ્વભાવ છે. અનેક પ્રયોગથી માલમ પડી ચૂક્યું છે
નાનાં બાળક સન્મુખ જેવા ચાળા કરવામાં આવે છે, તેવા ચાળાનું
નુકરણ ત્રણ ચાર વર્ષ પછી સમર્થ થતાં તે કરવા માંડે છે.

ખુદ સ્ત્રી ઉપરની અસર પણ ગજબ થાય છે. પરણતી વખતની
ે, ખીલેલા પુષ્પસમાન કન્યા ચાર–પાંચ વર્ષમાં રોગિણી અને મુડદાલ-

સરખી બની જાય છે. અનેક સ્ત્રીઓને છાતીના રોગ અથવા પ્રસૂતિની કસુવાવડ થાય છે, અનેકનાં ચાર-પાંચ વર્ષમાં મૃત્યુ થાય છે. સ્ત્રી-જાતિનો સ્વભાવ સહનશીલ હોવાથી અનેક વ્યાધિઓ જીર્ણ થઈ ક્ષયનું સ્વરૂપ પકડે ત્યાંસુધી તે કષ્ટ પ્રકટ કરતી નથી. કેટલીક નાજુક સ્ત્રીઓનું શરીર પુરુષોની મૂર્ખતાને લીધે તૂટી જાય છે; ગર્ભાશય અને ગુહ્ય અવયવો શિથિલ થઇ જઇ સ્થાનભ્રષ્ટ થઇ જાય છે અને સ્ત્રી રક્તપ્રદર, શ્વેતપ્રદર વગેરે રોગોનું બલિદાન બને છે. સરખી રીતે તેની સુવાવડ ઉતરી શકતી નથી; ગર્ભાશયમાં હાથ નાખી બાળકને કાપી નાખી પ્રસવ કરાવવાના અનેક દાખલા વધતા જાય છે અને આ ક્રિયામાં અનેક સ્ત્રીઓના પ્રાણ જાય છે.

આ તો સરખી અથવા સજોડ ઉંમરના પતિવાળી પત્નીની વાત થઈ; પરંતુ ત્રીજી અને ચોથી વારનાં લગ્નવાળા પુરુષની સ્ત્રીની વાત તો આથી પણ ભયાનક છે. આવાં લગ્ન કરનારા પુરુષો મોટે ભાગે વ્યભિચારી હોય છે, તેમની ઉંમર ૪૦ થી ૬૦ વર્ષની હોય છે. કન્યા મુગ્ધા અને વિષયસુખથી અપરિચિત હોય છે; પરંતુ તેનો પતિ રીઢો થઇ ગયેલો હોય છે. એક તો આવા પતિના સહવાસમાં કન્યાને ઉમંગ કે ઉત્સાહ હોતો નથી. મોટે ભાગે તે શરમાલી અને ડરેલી રહે છે. બાર વર્ષની કન્યા ૪૦ વર્ષના પતિનું ભારે શરીર સહન કરી શકતી નથી. તેનાથી તે નીચોવાઇ જાય છે. અનેક દાખલામાં ગર્ભાશય અવળું થઇ જાય છે અને તે અનેક રોગોનાં કષ્ટ ભોગવતી થઈ જાય છે. આથી ઉલટું આવા દાખલામાં કેટલાએક પતિ શક્તિહીન હોય છે. વ્યભિચારની લોલુપતા તો તેમની સળગેલીજ હોય છે, પરંતુ પુરુષત્વ-વગરના હોય છે. આવા પુરુષથી જોબનવંતી સ્ત્રીની કામેચ્છા સદાય અસંતુષ્ટજ રહે છે. આવા પતિ તરફ તેને તિરસ્કાર, વિરક્તિ અને ક્રોધ ઉત્પન્ન થાય છે. સ્ત્રી નિષ્ઠુર બનતી જાય છે. આમાંથી અનેક પ્રકારનાં નિંદિત પરિણામ આવે છે. કડક કુળ-મર્યાદાવાળાં ઘરોમાં આમાંથી સ્ત્રીને હીસ્ટીરીઆ જેવા સ્નાયુમંડળના વ્યાધિઓ થાય છે; અથવા

કુળ કલંકિત થાય છે. સંયમી જીવનને ઉત્તેજન મળે માટે શાસ્ત્રોક્ત ગર્ભાધાન, પુંસવન અને સીમંતોન્નયનના સંસ્કારનો તેના રહસ્યસાથે પુનરુદ્ધાર થવાની જરૂર છે.

૩૨—ધૂમ્રપાન કરવાના ફાયદા !

(દૈનિક "હિંદુસ્તાન"માંથી)

ડૉકટરો, રસાયણશાસ્ત્રીઓ વગેરે બધા એકમત છે કે, તમાકુ માણસને ઝેરસમાન છે, એ એક ઝેરજ છે. બીડી–તમાકુ પીનારા, સુંઘનારા તેમજ ચાવનારાની જાણમાટે નીચેની વિગતો આપી છે; કેમકે જગતનાં અર્ધોઅર્ધ મનુષ્ય એમાં ફસેલાં છે.

તમાકુની અંદર એક તેલી ચીજ છે, જેમાં મુખ્યત્વે તમાકુની ગંધ રહેલી છે. એ ચીજનું નામ 'નીકોટીન' છે. તમાકુમાં તે સેંકડે ૧ થી ૮ ટકા હોય છે. જેમ તમાકુ જલદ તેમ આ નીકોટીન તેમાં વધુ હોય છે. એમ કહેવાય છે કે, એક રતલ સારી તમાકુમાંથી જેટલું નીકોટીન નીકળે તેટલું નીકોટીન માત્ર ત્રણ મિનિટમાં ૨૫૦૦ કૂતરાંને મારી નાખવા માટે પૂરતું છે. આવું ઝેરી આ નીકોટીન છે. જ્યારે એ નીકોટીન શરીરમાં જાય છે, ત્યારે અંદરની શ્વાસનળીને ફરતી ઝીણી ચામડીને અનહદ નુકસાન કરે છે અને અનેક જાતનાં દર્દો ઉત્પન્ન કરે છે.

આ નીકોટીનને પણ ભૂલાવે એવું બીજું ઝેર તમાકુમાં 'કોલોડાઈન' કરીને છે. આ કોલોડાઇનને લીધે પણ તમાકુમાં ગંધ આવે છે. આ કોલોડાઈનના એક ટીપાનો વીસમો ભાગ, જેવી રીતે વિજળીના આંચકાથી માણસ તરતજ મરી જાય, તેવી રીતે દેડકાને મારી નાખે છે.

તમાકુના ધૂમાડામાં પ્રુસીક એસીડ હોય છે. તમાકુના રસિયા ધૂમાડો પેટમાં જવા દઈ પાછો નાક વાટે કાઢે છે અને તેના ગોટાની લહેજત લે છે. તેમને આ પ્રુસીક એસીડ કાતીલમાં કાતીલ ઝેર છે, તેની ખબર નહિ હોય. આ પ્રુસીક એસીડ શરીરમાં જવાથી માથું ફરે છે, માથું દુઃખે છે તથા ચક્કરી આવે છે. બીડી નહિ પીનારાને બીડી પીતાં

જે કડવો અનુભવ થાય છે, તે આને લીધે થાય છે.

તમાકુમાં તે સિવાય 'ફરફ્યુરોલ' રહેલું છે. દારૂ કરતાં પણ તે વધારે નુકસાનકર્તા છે. એક સીગારેટમાંથી, પાંચ રૂપીઆભાર વીસ્કી–દારૂના જેટલું ફરફ્યુરોલ નીકળે છે.

વળી તમાકુના ધૂમાડામાં કાર્બોનીક એસીડ ગેસ પણ હોય છે. આ ગેસ ઘણોજ નુકસાનકર્તા છે, તે જાણીતી વાત છે. આ હવા ફેફસાંમાં જવા–આવવાથી ફેફસાંને નમાલાં કરી નાખે છે અને આ કારણેજ બીડી પીનારા ક્ષયરોગના ભોગ તરતજ થઇ પડે છે.

ઉપરની હકીકત જાણ્યા પછી કયો વિચારશીલ માણસ તમાકુની પંખે ચડશે? વ્યસનના ગુલામ તો કદાચ એવી ટેવ ન પણ છોડે; પરંતુ નવું વ્યસન વહોરનાર તો આ વાંચ્યા પછી જરૂર તે ટેવમાંથી દૂર રહેશે.

અમેરિકાની અંદર સીગારેટને દાદડીના ખીલા કહેવામાં આવે છે. અને આ કથન ખરેખર સત્ય છે. અમેરિકામાં એવી કેટલીએક પેઢીઓ છે, જે પોતાને ત્યાં બીડી પીવાવાળાને નોકર નથી રાખતી. હિંદુઓ પણ આ ધોરણ દાખલ કરે તો શું આ બદી ઓછી ન થાય? તમાકુ સાથે રાષ્ટ્રીય લડત ચલાવવાની જરૂર છે અને સ્વરાજ્ય મળ્યા પછી તો તમાકુ દેશપાર થશે, તેમાં કાંઇ શંકાજ નથી.

૩૩–બીડીના શોકીનો સાવધાન!

એક વિદ્વાન એમ. ડી. ડૉક્ટરે બીડી પીનારા તથા બીડી નહિ પીનારાનાં ફેફસાં તપાસ્યાં. પરીક્ષાનું પરિણામ એ આવ્યું કે, બીડી પીનારા લગભગ બધાનાં ફેફસાંમાં ઉપદ્રવ જોવામાં આવે છે; જ્યારે બીડી નહિ પીનારામાં માત્ર સેંકડે સત્તાવીસ માણસોનાં ફેફસાંમાં ઉપદ્રવ માલૂમ પડે છે. આ ઉપદ્રવને લીધે "ક્ષય"નાં જંતુઓ તરતજ ઘર ઘાલી જાય છે અને નબળાં ફેફસાંવાળા ઉપર હલ્લો કરે છે; તેથીજ બીડી પીનારાઓને ક્ષય સાધારણ રીતે વધારે થાય છે. બીડી પીનારાઓ અને તમાકુના ગુલામો આ ઉપરથી કાંઈ ધડો લેશે કે પછી પોતાનો ઈશ્ક માણ્યાજ કરશે?

૩૪–ગુમડાં વગેરે માટે કાળો સિંદૂરિયો મલમ

('ભાગ્યોદય'માંથી)

સિંદૂર ચોખ્ખું શેર એક, મીઠું તેલ શેર એક, મીણ પીળું તોલા ૨, કપૂર તોલા ૨, એ ચારે વસ્તુમાંથી સિંદૂર લોઢાની કઢાઇમાં નાખી ખૂબ ઘુંટવું. પછી તેમાં તેલ નાખી ચૂલા ઉપર મૂકવું; અને તે નીચે અગ્નિની ધીમી આંચ આપવી તથા એક જોસ આવે એટલે તાપ કાઢી નાખીને પંખાવતી પવન નાખવો. ઉભરો બેસી ગયા પછી થોડું ઠંડું પાણી લઇને તેમાં બે–ચાર ટીપાં ઉકાળેલું સિંદૂર નાખી જોવું કે મલમ કઠણ અને કાળો થયો છે કે નહિ; ન થયો હોય તો એકાદ જોસ બીજો આપવો. બરાબર થયા પછી મીણ જૂદું ગરમ કરીને તે મીણમાં તુરતજ કપૂર વાટીને નાખવું. તે બન્ને એક થયા પછી સિંદૂરની અંદર તે નાખવું; અને થોડી વારે તે ઉતારી નાખવું. આ મલમ કાળો પલાસ્તર થયો. પછી તેને ઠંડો પડવા દેવો. આ મલમની પટી કાખબલાઇ, ગુમડાં, બદ, નાસુર, ચાંદી, ગરમીના ફોલ્લા અને બીજા ગમે તેવા જખમો થયા હોય તો તેની ઉપર મારવાથી આરામ થાય છે.

૩૫–શિવાજી ન હોતા તો સુન્નત હોત સબકી

('કવિરાજ ભૂષણકૃત 'શિવાબાવની'માંથી)

બારિધિકે કુંભજ ધન બનકે દાવાનલ, તરુણ તિમિર હૂકે કિરણ સમાજ હો;
કંસકે કન્હૈયા કામધેનૂ હુંકે કંટકાલ, કૈટભકે કાલિકા બિહંગમકે બાજ હો.
ભૂખન ભનત જગજાલિમ સચીપતિ, પન્નગકે કુલકે પ્રબલ પક્ષિરાજ હો;
રાવણ કે રામ સહસબાહુકે પરસરામ, દિલ્લીપતિ દિગ્ગજકે સિંહ સિવરાજ હો.
છૂટત કમાનનકે તીર ગોલી બાનનકે, મુસકિલ હોત મુરચાન હૂકી ઓટમે;
તાહીં સમૈ શિવરાજ હુકુમ કૈ હલ્લા કિન્હો, દાવા બાંધ પરહલ્લા બીરભટ જોટમે.
ભૂખન ભનત તેરી હિમ્મત કહાંલોગિનોં, કિંમત ઇહાં લગ હૈ જાકે ભટ જોટમે;
તાવ દૈ દૈ મૂંછન કંગૂરનમે પાવ દૈ દૈ, ઘાવ દૈ દૈ, અરિમૂખ કૂદે પરૈં કોટમે.

દારાકીન દૌર યહ રાર નહીં ખજુવેકી, બાંધિવો નહીં હૈ કૈધોં મીર સેહબાલકો;
મઠ વિશ્વનાથકો ન બાસ ગ્રામ ગોકુલકો, દેવીકો ન દેહરા ન મંદિર ગુપાલકો.
ગાઢે ગઢ લીન્હે અરુ બૈરી કતલાન કીન્હે, ઠૌર ઠૌર હાંસિલ ઉગાહત હૈ સાલકો;
બૂડત હૈ દિલ્લી સો સંભારે ક્યોં ન દિલ્લીપતિ ધક્કા આનિ લાગ્યો
સિવરાજ મહાકાલકો.
મારકર બાદશાહી ખાકસાહી કીન્હી જિન, જેર કીન્હી જોર સો લૈ
હદ્દ સબ મારેકી;
ખિસ ગઇ સેખી ફિસ ગઇ સૂરતાઇ સબ, હિસ ગઈ હિમ્મત હજારોં
લોગ પ્યારે કી.
બાજત દમામે લાખોં ધૌંસા આગે ધુરજાત, ગરજત મેઘ જ્યોં
બરાત ચઢે ભારેકી;
દુલ્હો શિવરાજ ભયો દચ્છની દમામે વાલે, દિલ્લી દુલહિન ભઇ શહર સિતારેકી.
દક્ષિણ જીત લિયો દલ કેવલ, પશ્ચિમ જીતકે ચામર ચાખ્યો;
રૂપ ગુમાન હર્યો ગુજરાતકો, સુરત કો રસ ચૂસકે ચાખ્યો.
પંજનપેલ મલેછ મલે સબ, ભૂખન બચો જો દીન વ્હે ભાંખ્યો;
સો રંગ હૈ શિવરાજબલી જીન, નૌરંગમેં રંગ એક ન રાખ્યો.
ગરુડકો દાવા જૈસે નાગકે સમૂહપર, દાવા નાગયુથપર સિંહ સિરતાજકો;
દાવા પુરહૂતકો પહારનકે કૂલપર, પક્ષિનકે ગણપર દાવા જૈસે બાજકો.
ભૂખન અખંડ નવખંડ મહી મંડલમૈં, તમપર દાવા રવિકિરણ સમાજકો;
પૂરવ પછાંહ દેશ ઉત્તરતે દખિનલૌ, જહાં બાદશાહી તહાં દાબ સિવરાજકો.
બેદ રાખે બિદિત પુરાન રાખે સારસુત, રામ નામ રાખ્યો અતિ
રસના સુધરમૈં;
હિંદુનકી ચોટીરોટી રાખિહે સિપાહિનકી, કાંધમે જનેઉ રાખ્યો
માલા રાખી ગરમૈં.
મિડ રાખે મુગલ મરોડ રાખે બાદશાહ, બૈરી પીસ રાખે બરદાન રાખ્યો કરમેં;
રાજનકી હદ્દ રાખી તેગ બલ શિવરાજ, દેવ રાખે દેવલ સ્વધર્મ રાખ્યો ઘરમૈ.
દેવલ ગિરાવતે ફિરાવતે નિશાન આલી, ઐસે ડૂબે રાવત રાને બીસગયે લબકી;

ગૌરા ગનપત્ત આપ ઔરનકો દેત તાપ,સબ આપકે મકાન મારગઇ દબકી.
પીરા પૈગંબરા દિગંબરા દિખાઇ દેત,સિદ્ધકી સિદ્ધાઈ ગઇ બહત પૂર સબકી;
કાસિ હુતે કલા ગઇ મથુરાં મસીદ ભઈ,શિવાજી ન હોતા તૌ સુન્નત હોત સબકી.

૩૬—જુવાની માણવાની રીતો

("સૌરાષ્ટ્ર" તા. ૧૫-૧૧-૨૪)

એક ગામડું છે. કાઠી રાજપૂત કે કોઈ પણ કોમનો એક **ગામડીઓ જુવાન** માથે લાંબા ઓળેલા વાળ રાખે, ઉપર ફરકતાં છોગાં ખોસી સાફાઓ પહેરે; આડાઅવળા શીવણવાળા—કળાવાળા કબજાઓ પહેરે; નાઠીએ પાંચ પાંચ ફૂમતાંઓ રાખે; આંખમાં આંજણનાં જાદુ ભરે અને પનીઆરીને કિનારે બેસી વાંસળી બજાવે; એમાં એ જુવાનીની સફળતા માને છે. જુવાની માણવાની એની એ રીત છે.

એક શહેર છે. એક **શહેરી જુવાન** મઝાની બાબરી ઓળે છે; કપાળે નાનો ચાંલ્લો કરે છે; માથે આડી ટોપી મૂકે છે; હાથમાં નાનકડી લાકડી રાખે છે; આંખે ચશ્મા પહેરી ચશ્મા નીચેથી ઝીણી આંખે ઉદ્યાનના બાંકડાઓ ઉપરથી અનેક ઇષ્ટાનિષ્ટ દશ્યો જુએ છે! એની જુવાનીની સાર્થકતા એ એમાં માને છે.

એક **સેવાભાવી જુવાન** છે. હાથે ધોયેલી જાડી ખાદીનું પહેરણ, ધોતિયું અને ટોપી પહેરે છે. એની આંખે ચશ્મા નથી અને નથી આંજણ; એના હાથમાં નથી વાંસળી કે નથી લાકડી! એ રસ્તે જતા અજાણ્યાને રસ્તો બતાવે છે; ડોસીઓ કે ડોસાઓને સહાય આપે છે; ગામમાં પાણીનાં પૂર આવે છે, ત્યારે પૂરમાં તણાતાં પ્રજાજનો કે તેમની માલમત્તાનું રક્ષણ કરવા પાણીમાં ઝંપલાવે છે; ગામમાં આગ લાગે છે, ત્યારે અંદર રોકકળ કરી રહેલાં મનુષ્યોને બચાવવા એ ઝપાટાબંધ ઉપર ચઢી પોતાની ખાંધ ઉપર તેમને ઉતારી લાવે છે; ઇન્ફ્લુએન્ઝા કે પ્લેગનાં પીડિતોને ઘરે ઘરે જઈ દવા આપે છે—તેમની શુશ્રૂષા કરે છે; મેળાઓ વખતે ભૂલેલાને ઘર બતાવે છે; માંદાઓને દવા

આપે છે; યાત્રીઓની સગવડ અર્થે-તેમની માલમત્તાની રક્ષા અર્થે રાત્રિ-દિવસના ઉજાગરા વેઠે છે.

ખાદી પહેરનાર ઓ જાડી ધાબળીવાળા જુવાન! તેં તારી જુવાની સાચી માણી છે. તારી જુવાની સફળ ઉતારી છે. તેં તારૂં જીવન જીવી જાણ્યું છે. વૌઠાના મેળામાં એવી જુવાની ઝળકતી હતી.

અમારા ઓ જુવાનો! તમારે જુવાની સાચી માણવી હોય તો આવજો, આ માર્ગે અમારાં તમને આમંત્રણ છે!

૩૭–શિવાજી–મુક્તિના યુગનો પિતા

(લેખકઃ-સાધુ વસવાણી-"હિંદુસ્તાન" તા. ૨૧-૪-૨૪)

શિવાજી એ તો મહારાષ્ટ્રની અણમોલ દોલત છે. મહારાષ્ટ્રજ નહિ, પરંતુ આખા હિંદનો તે આત્મા છે. હું ધારૂં છું કે, એવો સમય આવી લાગ્યો છે, કે જ્યારે દૂરંદેશ પુરુષોના ચૂકાદાવડે મહારાજા શિવાજીને માનવસમાજના શૂરવીર પુરુષોને મોખરે મૂકવામાં આવશે. ટીકાકારો એનામાં ખામીઓ શોધે છે અને એની લડાઇઓને ખામી-તરીકે આગળ ધરે છે; પરંતુ આ લડાઇઓ પોતાની જાતિને સ્વતંત્ર કરવાની ભાવનાથી લડવામાં આવી હતી. એના વિગ્રહો લોકરક્ષણને કાજે હતા, એ માટેજ એને ધર્મના રક્ષકતરીકે ઓળખવામાં આવે છે, તે વ્યાજબી છે. હિંદુઓના એ નરવીરે ઇસ્લામ ઉપર આક્ષેપો કદી કર્યા નથી, એણે એક પણ મસ્જીદ તોડી નથી. એ ભણેલો ન હતો, છતાં એણે હિંદુધર્મના સાર્વજનિક સિદ્ધાંતો પચાવ્યા હતા. તે મોગલો-ની આપખુદ સત્તાનો વિરોધી હતો, પણ મુસલમાનધર્મનો વિરોધી ન હતો. કેટલાકો તેને કાયદાનો ઉચ્છેદક ગણે છે, પણ કર્મવીરો કાયદાનાં બણગાં નથી ફુંકતા. કર્મવીરો નવી સમાજરચના અને તેની સુધારણા માટે બનાવટી કાયદાઓનો ભંગ કરે છે. કેટલાકો કહે છે કે, શિવાજી બળવાખોર હતો, પણ ત્યારે તો જ્યોર્જ વૉશિંગ્ટન પણ એવોજ હતો, આવા બળવાખોરો તો જગતના ઉદ્ધારકો હોય છે. હું

માનું છું કે, શિવાજી જગતની મહાશક્તિનો અંશ હતો, તેનું હથિયાર હતો, એણે ઇતિહાસને નવું રૂપ આપ્યું અને મુક્તિનો નવો યુગ આરંભ્યો. હાલના યૂરોપમાં નેપોલિયન કરતાં વધારે લશ્કરી ભેજાનો પુરુષ જન્મ્યો નથી. યૂરોપ આ બળવાન વીરની ગર્જનાથી ધ્રૂજતું હતું, પણ તે હાર્યો; અને તેની હારમાટે તેનોજ દેશવાસી માર્શલ ફોશ જણાવે છે કે, તેનામાં એક મોટી ખોડ હતી અને આ ખોડ તેનું અહંપણું હતું. નેપોલિયન મહાન હતો, છતાં તેનામાં અહંભાવ રહી ગયો હતો. એક જગવિખ્યાત વ્યક્તિ હોવા છતાં તે સર્વશક્તિમાન પ્રભુ આગળ પોતાની લઘુતા સમજી શકયો નહિ અને તેની પાસેથી બળ અને શક્તિમાટે તેણે પ્રાર્થના કરી નહિ.

શિવાજી તો અધ્યાત્મવાદી હતો, તેને દૈવી સ્વપ્નો આવતાં હતાં, તે દુર્ગાનો ભક્ત હતો અને એજ ભક્તિના પ્રતાપે તે ગરીબો અને નિરાધારોની વહારે જતો. તેનામાં અક્ષરજ્ઞાન નહોતું, છતાં ડહાપણ અગાધ હતું. શૂરવીરતા અને શક્તિની આ મૂર્તિમાં નિર્બળો, બચ્ચાંઓ, સ્ત્રીઓ અને નિરાધારોનું રક્ષણ કરવાની અડગ ભાવના હતી. એના નિખાલસ અને પ્રેમી હૃદયમાં ભક્તિનો ઝરો વહેતો હતો. એ મહાન રાજ્ય મેળવીને પોતાના ગુરુ રામદાસ પાસે ગયો અને તેને પોતાનું રાજ્ય અર્પણ કર્યું. શિવાજીને પોતાના માટે રાજ્યની જરૂર ન હતી. પોતાના ગુરુની સાથે લોકોની સેવામાં પોતાનું જીવન અર્પણ કરવાની તેણે કેટલીએ વાર પોતાના ગુરુને ઇચ્છા દર્શાવી હતી. જ્યારે લોકોએ તેને પોતાનો મહારાજા બનાવ્યો, ત્યારે તે માનવા લાગ્યો કે, તે મહાદેવીનો સેવક થયો હતો. શિવાજીનું જીવન ઉચ્ચ આશયોમાટે અર્પણ કરવામાં આવ્યું હતું. જે પુરુષો પોતાની શક્તિનો ઉપયોગ પ્રભુભક્તિમાં કરશે, તેઓનાજ હાથે હિંદનો ઉદ્ધાર થશે; કારણ કે સ્વાર્થ માટે કરેલો શ્રમ ઘસાઇ જાય છે અને નાશ પામે છે; પણ ઈશ્વરને માટે કરેલો શ્રમ અમર રહે છે.

૩૮—સાહિત્ય એટલે શું?

(લેખકઃ—પ્રો૦ આનંદશંકર બાપુભાઈ ધ્રુવ; 'શારદા'—જાન્યુઆરી ૧૯૨૬)

"સાહિત્યને વિશાળ અર્થમાં લેવા હું સૂચવું છું. જીવનમાં સહરાનાં રણ આવે, તે પણ પ્રકટ કરતાં શીખવું એ આવશ્યક છે; સુંદર કાવ્યોની સાથે કર્કશ વિષયોનેણ—પહાડોને પણ ઓળંગતાં શીખવું, એ બાબત ઉપર હું યુવકોનું ધ્યાન ખેંચું છું. નવો યુગ એ ફૂલના બિછાના જેવો નહિ રહે. તેમાં કંટક ઉપર ચાલવાની શક્તિ પણ જોઇશે, કળા—કૌશલ્ય પ્રાપ્ત કરવાં જોઇશે અને તે માટે બુદ્ધિવૈભવ પણ જોઇશે; માટે કેવળ ભાવનાયુક્ત સાહિત્યના લેખો ઉપરજ નહિ રહેતાં શાસ્ત્રના વિષયોને પણ પોતાના કરવા મથજો. કેવળ હૃદયની ભાવનાને સ્પર્શે એજ સાહિત્ય નથી; પણ સૌંદર્ય, સત્ય અને નીતિના અચળ નિયમો એકતાર થાય ત્યારેજ ઉંચું સાહિત્ય કહેવાય. એક નવલકથામાં એક આબેહૂબ ચિત્ર હોય એનું માત્ર આબેહુબપણુંજ નહિ, પણ એમાંના વિચારોમાં સર્જકશક્તિ (ક્રીએટીંગ પાવર) રહેલી હોય, તે સાથે મળવાથીજ એ સાહિત્ય કહેવાય. જગતના સાહિત્યમાં કાંઇ કેવળ હૃદયના ભાવો નથી હોતા. રામાયણ એ 'નેશલન એપીક' કેમ બની, તેનો તમે વિચાર કરો. આર્યોની સંસ્કૃતિ આખા હિંદમાં કેમ વ્યાપી તેનો તેમાં ચિતાર છે. તેમાં જો માત્ર તેટલુંજ હોત તો તે એક ઇતિહાસનું પાનું થાત; પરંતુ તેમાં જગતનાં સત્યો પ્રકટ થયેલાં છે અને તેથીજ તે સાહિત્યનો મહાગ્રંથ છે. સાહિત્ય એ જીવનને ઉન્નત બનાવનાર શકિત છે, એમ જો તમે માનશો તોજ તમે સાહિત્યની તેમજ તમારી ઉન્નતિ સાધી શકશો. અમારા યુગમાં તેમ થઇ શકયું નથી, પણ તે માટે આજના યુવકોમાં મારી આશાઓ રહેલી છે.

૩૯—પતિસ્તોત્ર

नमः कान्ताय भर्त्रे च शिवचन्द्रस्वरूपिणे।
नमः शान्ताय दान्ताय सर्वदेवाश्रयाय च ॥ १ ॥

શિવ અને ચંદ્રસ્વરૂપ કાન્ત—ભર્તાને નમસ્કાર હો. શાંત, દાંત અને સર્વ દેવના આશ્રયરૂપ પતિને નમસ્કાર હો. (૧)

नमो ब्रह्मस्वरूपाय सतीप्राणपराय च।
नमस्याय च पूज्याय हृदाधाराय ते नमः ॥ २ ॥

બ્રહ્મરૂપ, સતીના પરમ પ્રાણરૂપ, નમસ્કાર કરવા યોગ્ય, પૂજ્ય અને હૃદયના આધાર એવા તમને નમસ્કાર હો.(૨)

पञ्चप्राणाधिदेवाय चक्षुषस्तारकाय च।
ज्ञानाधाराय पत्नीनां परमानंददायिने ॥ ३ ॥

પાંચ પ્રાણના અધિદેવ, આંખની કીકીરૂપ, જ્ઞાનના આધારરૂપ અને પત્નીને પરમ આનંદ આપનારા તમને—પતિને નમસ્કાર હો.(૩)

पतिर्ब्रह्मा पतिर्विष्णुः पतिरेव महेश्वरः।
पतिश्च निर्गुणाधारब्रह्मरूपो नमोऽस्तुते ॥ ४ ॥

પતિજ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર છે. એજ નિર્ગુણ અને સર્વાધાર બ્રહ્મરૂપ છે, તેને નમસ્કાર હો. (૪)

क्षमस्व भगवन् दोषं ज्ञानाज्ञानकृतञ्च यत्।
पत्नीबन्धो दयासिन्धो दासीदोषं क्षमस्व च ॥ ५ ॥

હે ભગવન્! જાણે—અજાણે કરેલા (મારા) અપરાધને ક્ષમા કરો. હે પત્નીના મિત્ર! હે દયાસાગર! દાસીના દોષને ક્ષમા કરો. (૫)

इदं स्तोत्रं महापुण्यं सृष्ट्यादौ पद्मया कृतम्।
सरस्वत्या च धरया गंगया च पुरातनम् ॥ ६ ॥
सावित्र्या च कृतं पूर्वं ब्रह्मणे चापि नित्यशः।
पार्वत्या च कृतं भक्त्या कैलासे शंकराय च ॥ ७ ॥
मुनीनाञ्च सुराणाञ्च पत्नीभिश्च कृतं पुरा।

पतिव्रतानां सर्वासां स्तोत्रमेतच्छुभावहम् ॥ ८ ॥
इदं स्तोत्रं महापुण्यं या शृणोति पतिव्रता ।
नरो वापि च नारी वा लभते सर्ववांछितम् ॥ ९ ॥
अपुत्रो लभते पुत्रं निर्धनो लभते धनम् ॥
रोगी च मुच्यते रोगाद्‌बद्धो मुच्येत बन्धनात् ।
पतिव्रता च स्तुत्वा च तीर्थस्नानफलं लभेत् ।
इदं जप्त्वा सती भक्त्या भुङ्क्ते सा तदनुज्ञया ॥ ११ ॥

આ સ્તોત્ર સૃષ્ટિના આરંભમાં બ્રહ્માએ કરેલું. આ પુરાતન સ્તોત્રનો સરસ્વતી, ધરા અને ગંગા તેમજ સાવિત્રી પણ બ્રહ્માને ખુશી કરવા હમેશાં પાઠ કરતાં. શંકરને ખુશી કરવા પાર્વતી પણ કૈલાસમાં આ સ્તોત્રનો પાઠ કરતાં; તેમજ દેવતાઓ અને મુનિઓની સ્ત્રીઓ પણ પહેલાં આ સ્તોત્રનો પાઠ કરતી. આ સ્તોત્ર સર્વ પતિવ્રતાઓનું શુભ કરનાર છે. જે પતિવ્રતા આ સ્તોત્રનું શ્રવણ કરે અથવા જે નરનારી આનો પાઠ કરે, તે સર્વ વાંચ્છિત ફળને પામે છે. આ સ્તોત્રના પાઠથી અપુત્રને પુત્ર ને નિર્ધનને ધન મળે છે, રોગી રોગથી અને બધિવાન બંધનથી મુક્ત થાય છે. પતિવ્રતા આનો પાઠ કરવાથી તીર્થસ્નાનના ફળને પામે છે. આ સ્તોત્રનો જપ કર્યા પછી ભક્તિથી પતિની આજ્ઞા લઇને પછી જમવું. ૬-૧૧

૪૦–નવવધૂને ૧૧ ઉપદેશ

જાપાનમાં માતા પુત્રીને લગ્નદિવસે નીચલા ૧૧ ઉપદેશ આપે છેઃ-

૧ બેટી! આજે લગ્ન થયા પછી તું મારી પુત્રી નહિ રહે. આજસુધી તું જે પ્રકારે મારી અને તારા પિતાની આજ્ઞા પાળતી રહી છે, તેજ પ્રમાણે હવે તારાં સાસુ-સસરાની આજ્ઞાનું પાલન કરજે.

૨ લગ્ન પછી માત્ર એક પતિજ તારો સ્વામી થશે. તેની સાથે હમેશાં નમ્રતા અને મોટું મન રાખજે. પોતાના પતિની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવું એ સ્રીનો સર્વશ્રેષ્ઠ ગુણ છે.

૩ તારાં સાસરિયાં સાથે હમેશાં વિનય અને સહનશીલતા રાખજે.

૪ તેમનીસાથે કદી અણબનાવ ન કરીશ; નહિ તો પતિનો પ્રેમ ખોઇશ.

૫ ક્રોધ ના કરીશ; પતિ કંઇ અયોગ્ય કરે ત્યારે પણ મૌનજ રાખજે અને જ્યારે પતિ શાંત થાય ત્યારે નમ્રતાથી તેમને સમજાવજે.

૬ બહુ વાતો ન કરીશ; જૂઠું ન બોલીશ; પાડોશીની નિંદા ન કરીશ.

૭ હાથ જોનારા વગેરેને તારા ભાગ્યની હકીકત ન પૂછીશ.

૮ તારું ગૃહકાર્ય ઠરકસરથી ચલાવજે અને સાવધાનીપૂર્વક બધી વ્યવસ્થા રાખજે.

૯ તારા પિતાની ઉચ્ચ પદવી અથવા અમીરીનો ફાંકો ન રાખીશ. પતિ સમક્ષ તારા પિતાની ધનાઢ્યતાનાં કદીપણ વખાણ ન કરીશ.

૧૦ તું યુવાન છતાં પણ યુવતીઓના ટોળામાં ન બેસતી. (અર્થાત્ વૃદ્ધો પાસેજ બેસવું હિતકર છે.)

૧૧ હમેશાં સ્વચ્છતા અને લજ્જા જળવાય એવાંજ વસ્ત્રો પહેરજે, બહુ ભભકાદાર રંગનાં વસ્ત્રો ન પહેરીશ.

આ ઉપદેશ પ્રાચીનકાળથી પરંપરાગત ચાલતો આવ્યો છે.

૪૧—સ્ત્રીનો દરજ્જો અને માતાનો મહિમા

સ્ત્રીજાતિવિષે પુરુષવર્ગમાં તેમજ ખુદ સ્ત્રીવર્ગમાં પણ પેસી ગયેલા અજ્ઞાનમૂલક હલકા વિચારો દૂર થઇ સુયોગ્ય સ્ત્રીનો દરજ્જો ધ્યાનપર આવે, તેટલા માટે અનેક પ્રમાણભૂત ગ્રંથો અને સમર્થ વિદ્વાનોના ઉતારા સુપ્રસિદ્ધ હિંદી "સરસ્વતી"ના જાનેવારી ૧૯૨૫ના અંકમાં તેમજ અમદાવાદમાં પ્રસિદ્ધ થતા "સ્ત્રીબોધ" માસિકમાં પ્રસિદ્ધ થયા હતા. આ પુસ્તકના વાચકવર્ગ માટે તે ઉપયોગી લાગવાથી મોટે ભાગે એમાંના તેમજ થોડે ભાગે બીજા ઉતારા આ નીચે આપવામાં આવ્યા છે; જેને માટે તેના લેખક પ્રકાશક મહાશયોનો આભાર માનીએ છીએ.

ઋગ્વેદ-"હે સ્ત્રી! તું ઘરની માલિક થઇને જા; અને ત્યાં જેઠ-

લા પુરુષો હોય તેમની સાથે રાણીની પેઠે વાતચીત કર.''

રામાયણ–''સ્ત્રી! વનને પણ રાજમહેલ કરતાં સુંદર બનાવી દે છે.''

મનુસ્મૃતિ–''જે પિતા, ભાઇ, પતિ અને દિયર પોતાનું કલ્યાણ ઇચ્છે, તેમણે પોતાની પુત્રી, બ્હેન, સ્ત્રી અને ભાભીનું કદી પણ અપમાન કરવું જોઇએ નહિ. × × જયાં સ્ત્રીઓનું પૂજન થાય છે, ત્યાં દેવતાઓ નિવાસ કરે છે અને જયાં તેમનું પૂજન નથી થતું, ત્યાં બધી જાતનાં ઉત્તમ કર્મ પણ નિષ્ફળ થઈ જાય છે. × × જે ગૃહમાં સ્ત્રી પુરુષથી અને પુરુષ સ્ત્રીથી સંતુષ્ટ રહે છે, ત્યાં નિશ્ચય નિત્ય કલ્યાણ થાય છે.''

મહાભારત–''સ્ત્રી એ પુરુષની અર્ધાંગના છે, તેનો સૌથી મહાન મિત્ર છે; તથા ધર્મ, અર્થ અને કામનું મૂળ છે. જે તેનું અપમાન કરે છે, તેનો કાળ નાશ કરે છે. સ્ત્રી એ ઘરનું ધન અને ઘરની શોભા છે, માટે સદા તેની રક્ષા કરવી જોઇએ. મહાભાગ્યવતી અને પુણ્યવાળી સ્ત્રી પૂજનીય છે.''

હઝરત મહમ્મદ સાહેબ–''તારૂં સ્વર્ગ તારી માતાનાં ચરણો નીચેછે.''

સ્વામી દયાનંદ–''ભારતવર્ષનો ધર્મ ભારતવર્ષના પુત્રોથી નહિ પણ પુત્રીઓના પ્રતાપે સ્થિર છે. ભારતીય સ્ત્રીઓએ પોતાનો ધર્મ છોડયો હોત તો ભારતવર્ષ કયારનોયે નષ્ટપ્રાય થયો હોત.''

સ્વામી વિવેકાનંદ–''મૈત્રેયી અને ગાર્ગી જેવી પ્રાતઃસ્મરણીય સ્ત્રીઓએ બ્રહ્મચર્ચામાં સારા સારા ઋષિઓના અધિકારને પણ શોભાવ્યો હતો. હજારો વેદજ્ઞ બ્રાહ્મણોની સભામાં ગાર્ગીએ ગર્વપૂર્વક યાજ્ઞવલ્કયને બ્રહ્મચર્ચાનું આહ્વાન (ચેલેંજ) આપ્યું હતું. × × × જો એ સર્વ આદર્શરૂપ સ્ત્રીઓને અધ્યાત્મજ્ઞાનનો અધિકાર હતો, તો પછી અત્યારે તેમને એવો અધિકાર નથી, એમ કેમ કહી શકાય?''

''અત્યારે પણ આ દેશની કન્યાઓમાં અને સ્ત્રીઓમાં જેવું સદ્વર્તન, સેવાભાવ, સ્નેહ, દયા, સ્નેહ, સંતોષ તથા પતિભક્તિ જોવામાં આવે છે; તેવું પૃથ્વીના બીજા કોઇ ભાગમાં મેં જોયું નથી.''

''એકમાત્ર ભારતવર્ષની કન્યાઓને જોવાથીજ આંખો ઠરે છે.

તેમનામાં લજ્જા, વિનય આદિ સદ્‌ગુણો હજી પણ જેવા ને તેવા રહી શક્યા છે. આવાં સરસ સાધનો હોવા છતાં તમે સ્ત્રીજાતિની ઉન્નતિ કરી શકતા નથી!!"

"જે દેશમાં–જે પ્રજામાં નારીપૂજા નથી, તે દેશ–તે પ્રજા કોઇ કાળે મહાન કે ઉન્નત થઈ શકે નહિ. નારીરૂપી શક્તિ–મૂર્તિની અવગણના કરવાથીજ આજે તમારૂં અધઃપતન થયું છે. × × × × જે ઠેકાણે સ્ત્રીઓનો આદર ન હોય અને સ્ત્રીઓ જ્યાં ગમગીનીમાંજ સમય પસાર કરતી હોય, તે સંસારની કે તે દેશની ઉન્નતિની આશા રાખવી નિષ્ફળ છે; એટલાજ માટે પ્રથમ સ્ત્રીઓને જાગૃત કરવી જોઇએ અને તે ઉદ્દેશ સિદ્ધ કરવા એક આદર્શ મઠની સ્થાપના કરવી જોઇએ. * * * મહામાયાની સાક્ષાત્ પ્રતિમા જેવી સ્ત્રીજાતિનો તમે ઉદ્ધાર નહિ કરો ત્યાંસુધી તમારા દેશનો ઉદ્ધાર થનાર નથી."

સ્વામી રામતીર્થ–"હિંદમાં સ્ત્રીશિક્ષણ બંધ કરી દેવામાં આવ્યું તેની સજા હિંદ સારી પેઠે ભોગવી રહ્યું છે. × × × સ્ત્રીશિક્ષણનો પ્રચાર કરો. તમારા પૂર્વજો સ્ત્રી શિક્ષણના પક્ષપાતી હતા. તમે કેમ વિરોધી બનીને તમારે હાથેજ તમારા પગ ઉપર કુહાડો મારો છો? જે બીજાની સ્ત્રી તરફ પાપદૃષ્ટિથી જુએ છે, તે પરમાત્માના ક્રોધને જાગૃત કરે છે અને પોતાને માટે નરકનો રસ્તો સાફ કરે છે."

શ્રી. દાદાભાઇ નવરોજજી–"મારી માતાએ મારી ઉપર નજર રાખીને મને મારા સહચરોના બૂરા પ્રભાવથી બચાવ્યો."

મ૦ ગાંધીજી–"કોઈ પણ સ્ત્રીનું સ્ત્રીત્વ ભંગ કરતાં પહેલાં મરી જવું એજ ઉત્તમ કર્મ છે. કોઈપણ સ્ત્રીને પાપકર્મમાંથી બચાવી લેવી એ સૌથી મહાન તીર્થ છે."

બંકિમચંદ્ર–"સ્ત્રીઓ એ સાક્ષાત્ ક્ષમા, દયા અને સ્નેહની દૈવી મૂર્તિઓ છે."

પોપ–"કેટલાક મંદ બુદ્ધિવાળા કવિઓએ સ્ત્રીને ઉતારી પાડી છે. તેઓ કહે છે કે, સ્ત્રી એ એક મોંઘી વિપત્તિ છે, જાતેજ ખરીદેલો

રોગ છે, સાપની પેઠે ઝેરથી ભરેલી છે અને ઘરને દુ:ખમય બનાવી દેનાર કાળી રાત્રિ છે; પરંતુ આ બધા નાશવંત કવિતાના ખોટા કટાક્ષ છે. આ અસાર સંસારમાં બીજા બધા પદાર્થો તો મહેનત કરવાથી મળે છે; પરંતુ સુલક્ષણા સ્ત્રી તો માત્ર પ્રભુની કૃપાથીજ મળી આવે છે. જેની પાસે એવી સ્ત્રી હોય, તે કદી દુ:ખને દુ:ખ નહિ માને. મને તો વિશ્વાસ છે કે, જો સંસાર સ્ત્રીઓના કહ્યા પ્રમાણે ચાલે તો દુનિયા સ્વર્ગપુરી બની જાય !"

યંગ-"સુપાત્ર સ્ત્રી પાળેલા કૂતરાથીએ વધુ નિમકહલાલ; હોડીના સુકાનથીએ વધુ દૃઢ અને મહેલના સ્તંભોથી પણ વધુ મજબૂત છે. વમળમાં મૃત્યુનાં ડૂબકાં ખાનાર માણસને કિનારો જેટલો વહાલો લાગે છે, તેનાથી પણ સુયોગ્ય સ્ત્રી વધુ વહાલી છે. વૃદ્ધ પિતાની આંખે નાનો પુત્ર જેટલો સુંદર દેખાય છે, તેનાથી પણ સ્ત્રી સુંદર છે. કાળી રાત્રિ પછીના મંગળમય પ્રભાત કરતાંયે સ્ત્રી વધુ તેજસ્વી છે અને રણમાં તરસથી વ્યાકુળ થયેલા મનુષ્યને પાણી જેટલું મીઠું લાગે છે, તેનાથીએ સ્ત્રી ઘણી વધારે મીઠી છે."

લૌવિલ-"વિધાતાએ સ્ત્રીને સુંદર બનાવી છે, એટલામાટે તેને હું મહત્ત્વવાળી નથી ગણુતો; તેમજ તેને પ્રેમને ખાતર બનાવવામાં આવી છે, એટલા માટે હું તેના ઉપર પ્રેમ નથી રાખતો; પરંતુ તેને હું એટલાજ માટે પૂજનીય માનું છું કે, મનુષ્યનું મનુષ્યત્વ માત્ર તેનેજ આભારી છે."

શેક્સપીઅર-"સૌંદર્યથી સ્ત્રી અભિમાની બને છે, ઉત્તમ ગુણોથી તેની પ્રશંસા થાય છે અને લજ્જાવતી થઇને તે દેવી બની રહે છે."

હંટ-"સુશીલા અને પુણ્યાત્મા સ્ત્રી જેવું દુનિયામાં કાંઇ પણ સુંદર નથી."

હારગ્રેવ-"તારાઓ આકાશની કવિતા છે, તો સ્ત્રીઓ પૃથ્વીની કવિતા છે. દુનિયાના ભાગ્યની રક્ષા તેમનાજ હાથમાં છે."

સૌદે-"કવિઓએ સ્ત્રીના ક્રોધની ઈશ્વરના ક્રોધની સાથે તુલના

કરી છે; પરંતુ મને મારી સ્ત્રીના ક્રોધમાં એવું ઝેર કદી દેખાયું નથી. તે ક્રોધમાં હોય છે ત્યારે તે મારા તરફ જોતી નથી; કેમકે તેને વિશ્વાસ છે કે, મારા તરફ દેખતાંજ તેનો ક્રોધાગ્નિ પ્રેમજળ થઇને વહી જશે."

રૂસો–"સ્ત્રીનું પુસ્તક તો સંસાર છે. તે સંસારમાંથી જેટલું શીખે છે, તેટલું પુસ્તકોમાંથી નથી શીખતી."

આસ્કર વાઇલ્ડ–"સ્ત્રી, એ પરમાત્માનું સૌથી મહાન જાદુ છે."

શિલ્લર–"સ્ત્રીને પુરુષની સાથી થવાને સૃજવામાં આવી છે. પ્રકૃતિ એમ ઇચ્છે છે અને પ્રાકૃત નિયમો પાળતી સ્ત્રી ઈશ્વરી આજ્ઞાનું પાલન કરે છે."

એલન કનિંગહામ–"આવ મારી વહાલી! આવ, મારી પાસે બેસ. રાત વીતી ગઈ છે અને ચારે બાજુ અજવાળું થઇ રહ્યું છે; પરંતુ તારાવિના મારાથી પ્રાર્થનાના શબ્દો બોલાતા નથી. આવ, મારી પાસે બેસ. તું પ્રભુને મારેમાટે પ્રાર્થના કરજે, હું તારે માટે કરીશ."

આટવે–"હે સુકુમારી! વિધાતાએ તને પુરુષોને ઠેકાણે લાવવા માટે બનાવી છે, તું ન હોત તો અમે પશુ જેવા હોત. સ્વર્ગમાં પણ એવું શું છે, કે જે તારામાં નથી? અદ્‌ભુત તેજ, પવિત્રતા, સત્ય, અનંત આનંદ અને અમર પ્રેમ, સર્વ કંઈ તારામાં છે."

એડીસન–"વિશ્વાસ રાખો કે, જે પવિત્ર પ્રેમથી પિતા પોતાની પુત્રીપ્રત્યે જુએ છે, તે રીતે બીજો કોઈ તેનાપ્રત્યે જોઇ શકતો નથી. પત્નીપ્રત્યેના પ્રેમમાં કામના છુપાઇ રહેલી હોય છે અને પુત્રપ્રત્યેના પ્રેમમાં લોભ હેતુરૂપ હોય છે; પણ જે પવિત્ર વહાલ મને મારી પુત્રી ઉપર આવે છે, તેવું બીજા કોઇની ઉપર નથી આવતું."

જોન્સન–"મારા સૂક્ષ્મ વિચારોનું મૂળ મારી જનનીનાં પ્રેમભર્યાં હાલરડાંમાં છે."

શૉપનહૉર–"મનુષ્યને દૂરદર્શિતા માતાથી અને વીરતા પિતાથી વારસામાં મળે છે."

અબ્રાહમ લિંકન–"હું જે કાંઇ કરું છું અને થઇ શકું છું,

તે દૈવી પ્રકૃતિવાળી મારી માતાની પ્રસાદી છે."

સર એડમંડ વરટી–"દરેક દેશમાં, દરેક જાતિમાં અને દરેક ધર્મમાં મનુષ્યને તેની માતા જેવો બનાવે છે તેવોજ તે થાય છે."

જોર્જ હર્બર્ટ–"એક આદર્શ જનની સો ઉસ્તાદો કરતાં પણ શ્રેષ્ઠ છે."

નેપોલિયન–"ફ્રાન્સનો વૈભવ તેની માતાઓપર રહેલો છે. × × કોઈ પણ બાળકની ભાવિ ઉન્નતિ અથવા અવનતિનો આધાર તેની માતા ઉપરજ છે. × × હું મારી કર્તવ્યનિષ્ઠા અને ધૈર્ય મારી માતાની ગોદમાંથી શીખ્યો છું."

લા૦ ડ૦ વર્લે–"પુરુષની ઉન્નતિ કે અવનતિ સ્ત્રી ઉપર આધાર રાખે છે. જો એ સુશિક્ષિત હોય તો પતિની ઉન્નતિનું કારણ બને છે અને જો મૂર્ખ હોય તો તે પુરુષની અવનતિનું કારણ બને છે."

મિશલેટ–"જોકે આજે મારી માતાને પરલોકગમન કર્યાને લગભગ ત્રીસ વર્ષ થઇ ગયાં છે, પરંતુ તે હજુસુધી મારા વિચારોમાં તથા શબ્દોમાં જીવતી છે. × × × × × હું મારી તમામ ઉન્નતિઓ અને વિજયોમાં મારી માતાનો દેવાદાર છું."

ગેરીબાલ્ડિ–"મને મારા દેશપ્રત્યે જે શુદ્ધ પ્રેમ છે અને જેણે મને મારા અભાગી સ્વદેશબંધુઓના આત્મારૂપ બનાવ્યો છે, તેનો પ્રારંભ, જ્યારે હું મારી માતાને દીનોપ્રત્યે સહાનુભૂતિ બતાવતી અને દુઃખીઆં લોકોપર દયા કરતી જોતો ત્યારથી થયો છે."

ગોલ્ડસ્મિથ–"જે સ્ત્રી પોતાના પતિ તથા બાળકોને નિરંતર આનંદમાં રાખે છે, તેની પાસે આખા જગતની સમ્રાજ્ઞીનો વૈભવ તુચ્છ છે."

વુલ્વર–"હે સ્ત્રી! તું અમો પુરુષોને સાક્ષાત્ માનવજાતિની થઇને મુશ્કેલીના પ્રસંગોમાં માર્ગદર્શક થવાવાળી સિદ્ધિકર દેવી છે. તારામાં ઈશ્વરી અંશ છે."

ફ્રેડરિક હેસ્ટન–"જ્યાં માતાપિતા અને વિશેષે કરીને માતા બુદ્ધિમતી હોય છે, એ ગૃહ મનુષ્યત્વ અને **સભ્યતાનું મહાવિદ્યાલય**

છે. ઘરમાંજ મહત્ત્વપૂર્ણ અને અત્યંત અગત્યના પાઠોનું શિક્ષણ મળે છે; માટે મહાન પુરુષો ઉત્પન્ન કરવા માટે અમારે એવી માતાઓની અગત્ય છે, કે જે પોતાનો પૂર્ણ સમય કઠિન કાર્યો કરવામાં ગાળવાની યોગ્યતા રાખતી હોય અને સાથે અમને એવી જનનીઓની અગત્ય છે, કે જેનું હૃદય અને મસ્તિષ્ક સંપૂર્ણ રીતે વિશુદ્ધ હોય."

૪૨—પરદેશી ખાંડ એટલે ભ્રષ્ટતાનો ભંડાર !

(લેખકઃ-એક પ્રજાજન—"કચ્છી" તા.૨૦-૫-૨૩)

૧ એનસાઇક્લોપીડીઆ બ્રીટાનીકા જેવો બળવાન અને ઘણાં વર્ષોની શોધખોળને અંતે તૈયાર થયેલો મહાન ગ્રંથ કે જેને આધારે સરકાર ફેંસલા આપે છે, તેને ૬૬૭ મે પાને લખેલ છે કેઃ—"ખાંડ સાફ કરતી વખતે દરેક જનાવરના લોહી તથા હાડકાંના કોલસાનો ચૂનો નાખવામાં આવે છે."

૨ ડીક્ષનેરી ઑફ આર્ટસ-૬ ઠ્ઠી આવૃત્તિ-લંડન, પાને ૮૨૯ મે લખ્યું છે કેઃ—"ગાંગડા બનાવવામાં આવે છે, તે વખતે ૫૪ મણ ખાંડમાં ૨૭ મણ હાડકાંના કોલસાનો ભૂકો નાખવામાં આવે છે; અને ખાંડ સાફ કરવાનાં કારખાનાં ગામમાં છે, તેમાં ભારોભાર હાડકાંના કોલસાનો ભૂકો નાખવામાં આવે છે."

૩ સ્વામી ભાસ્કરાનંદ લખે છે કેઃ—"જ્યારે હું વિલાયત ગયો, ત્યારે મેં કેટલાંક ખાંડનાં કારખાનાં જોયાં. તેમાં પહેલે માળે ચઢતાંજ મને ઉલટી થશે એમ લાગ્યું. હું નહોતો જાણતો કે, આવી અપવિત્ર ચીજોથી ખાંડ બને છે; પણ નજરે જોતાં સખેદ આશ્ચર્ય થાય છે કે, જે ચીજને અડવાથી પણ મહાન પાપ લાગે તે ચીજ હિંદુઓથી ખવાયજ કેમ ?"

૪ ભારતમિત્ર—તા૦ ૨૮-૧૦-૧૯૦૫ ના અંકમાં જણાવે છે કેઃ— "સારી ખાંડ બનાવવામાટે જેમ આ દેશમાં દૂધ વપરાય છે, તેમ ત્યાં જનાવરોના લોહીથી ખાંડની અંદરનો મેલ કાપવામાં આવે છે; કારણ કે કસાઇખાનામાં દૂધ કરતાં લોહી સસ્તું મળે છે. મિસ્ટર હેરીશ કહે

છે કે, ખાંડ સુવરના લોહીથી સાફ થાય છે. એ. જે. ટેલર સી. ઇ. સાહેબના બનાવેલા "શ્યુગર મશીનરી" નામના ગ્રંથમાં લખ્યું છે કે, ઇંગ્લૅંડ વગેરે દેશોમાં ખાંડ સાફ કરવામાં પાણી અને ગાયોનું લોહી મેળવે છે. ભાઇઓ ! હિંદુને ગાય અને મુસલમાનને સુવરનું લોહી ખાવાલાયક છે?"

૫ જ્ઞાનસાગર સમાચાર મુંબઇ, તા૦ ૧૫–૧૨–૧૯૦૫ માં લખે છે કેઃ–"પરદેશી ખાંડ–સાકર નાના પ્રકારના રોગથી ભરેલા સર્વ પ્રકારના જીવોનાં હાડકાં, બળદ અને સુવરનાં લોહી તથા મનુષ્યના મૂત્રથી સાફ થાય છે. જેના પવનથી પણ ડરીએ તેવા કોઢ વગેરે રોગવાળા લોકોનું પણ મૂત્ર તેમાં નાખવામાં આવે છે. અરેરે ! આ હિંદુ-મુસલમાનને ખાવાલાયક છે?"

૬ સ્વદેશોન્નતિ દર્પણઃ–"પરદેશી સાકર અપવિત્ર છે; એટલુંજ નહિ પણ તેની અંદર નાનાં પ્રાણી–કીડી, મંકોડી વગેરેનાં આંતરડાં, માંસ, હાડપિંજર અને શરીરની અંદરના રેસા હોય છે. મોરસ સાકર તો બીટ, ગાજર, તાડી વગેરેમાંથી બનાવવામાં આવે છે અને તેમાં સડેલું લોહી તથા રોગિષ્ઠ જનાવરોનાં હાડકાંનું મિશ્રણ હોય છે."

૭ મી૦ ફીનલે નામના ગૃહસ્થ જણાવે છે કેઃ–"વિલાયતી ખાંડ જે હિંદમાં ફેલાઇ છે, તે દેખાવમાં સફેદ અને કિંમતમાં સસ્તી પડે છે; પણ તેનાથી ઘણા રોગો હિંદુસ્તાનમાં પેદા થઇ ચૂક્યા છે. તે ખાંડ લોહી અને શક્તિનો નાશ કરે છે. તે ખાંડ દૂધ આદિ જે જે પદાર્થોમાં નાખવામાં આવે છે, તેમાં આપણે ઝેરજ નાખીએ છીએ એમ જાણવું. ઇંગ્લૅંડ તેમજ હિંદુસ્તાનના પ્રખ્યાત વૈદ્ય–ડૉકટરોએ સ્પષ્ટ મત આપેલો છે કે, આ ખાંડ હિંદુ–મુસલમાનને ધર્મના બાધથી તો ખાવાલાયક નથીજ; પણ તેનાથી પ્લેગ, મહામારી ઈત્યાદિ રોગો થાય છે અને બાળકોનું તથા મોટાં માણસનું મરણપ્રમાણ પણ વધે છે; માટે ધર્મને ન માનવો હોય તો આરોગ્યની દૃષ્ટિથી પણ ખાંડ ખાતા અટકવું જોઇએ. કાચના ગ્લાસમાં ગરમ પાણી ભરી તેમાં સાકરનો ગાંગડો નાખીને ઓગાળતી વખતે સૂક્ષ્મદર્શક યંત્રથી જોશો તો

એમાં લોહીનાં રજકણો દેખાશે. વળી દેશી અને મોરસ ખાંડ બન્નેને જૂદા જૂદા વાસણમાં મૂકો, પછી બન્નેમાં થોડો થોડો સલ્ફ્યુરીક એસીડ (ગંધકનો તેજાબ) નાખો. તરતજ દેશી ખાંડમાંથી મીઠી માટી જેવી સુવાસ આવશે અને મોરસમાંથી દુર્ગંધ આવશે. જો આ વાત જરા પણ જૂઠી હોત તો લાગવગવાળા ગોરા વેપારીઓએ આ વિગત પ્રગટ કરનારાઓ ઉપર જરૂર ફોજદારી માંડી દીધી હોત; માટે આ બાબત સાચીજ હોવાથી કોઇ પણ હિંદવાસીને પરદેશી ખાંડ ખાવાલાયક નથી. હિંદુઓની પેઠેજ જે ગોરા લોકોએ માંસાહારનો ત્યાગ કર્યો છે અને જેઓ કેવળ વનસ્પતિના આહાર ઉપર રહે છે, તેઓએ પણ ખાંડ-સાકર ખાવાં બંધ કર્યાં છે; તો પછી આપણા હિંદુઓથી તો આવી અપવિત્ર ચીજ ખવાયજ કેમ?"

૮ હિંદી બંગવાસી—કલકત્તા-તા૦ ૩૦-૩-૧૯૦૩ ના અંકમાં લખે છે કે:-"હિંદુસ્તાનમાંથીજ દર વર્ષે ૨૮ લાખ મણ જનાવરોનાં હાડકાં ખાંડ વગેરે ખાવાના પદાર્થો બનાવવા માટે પરદેશ જાય છે. સ્વદેશી ખાંડ કદાચ પરદેશી ખાંડથી સહેજ મોંઘી મળે, તોપણ તેનાથી પવિત્રતા જળવાઈ રહે છે. વળી તે ખાંડ પરદેશી કરતાં ગળપણમાં પણ વધારે હોય છે, માટે સ્વદેશી ખાંડજ વાપરવી. કદાચ સ્વદેશી ખાંડ વાપરવાની શક્તિ ન હોય તો ગોળ વાપરવો; પરંતુ પરદેશી ખાંડ તો કોઈ રીતે નજ વાપરવી. આથી ગૌહત્યા થતી અટકશે અને દૂધાળાં ઢોરોની વૃદ્ધિ થઈ દૂધ, ઘી, દહીં વગેરે સસ્તાં થશે અને તેથી શક્તિ તથા આત્મબળ પણ વધશે."

"અકબર બાદશાહ જેવાના મુગલાઈ અમલમાં પણ ૩ થી ૪ રૂપિયે મણ ઘી મળતું. રૂા. ૧ ના ૭ શેર ઘીની વાતો હજી આપણા ઘરડાઓ કરે છે. તે વખતે ચ્હાની મહેમાની લોકો આપતા ન હતા; પણ લાપશી ને ઘી ખવડાવતા અને ખાતા. તેથીજ પોતાના સ્વધર્મનું રક્ષણ કરી ૧૦૦ વર્ષ સુધી જીવતા; પણ આ તો પરદેશી વેપારીઓએ ખાવા-પીવાની અને મોજમઝાની એવી તો મોહક વસ્તુઓ

બનાવી છે, કે એશઆરામથી અને ધીમા ઝેરથી આપણી જાતો ખ-વાઇ ગઈ છે. સૂતે સૂતે મોંમાં કોળીઓ મૂકનાર મળવાથી બેસીને હાથે ખાવાની તેમજ તેમાં શું શું વસ્તુઓ આવે છે તે જોવાની તસ્દીજ આપણે ના લીધી. કૂવા, ઘંટી, ગાય અને રેંટીઆ, એ ચારનો વપરાશ દરેક ઘરમાં હતો. તે જવાથી સ્ત્રીઓમાં હીસ્ટીરિયા, કસુવાવડ, સુવારોગ અને ક્ષયરોગ વધીને ૨૦ થી ૨૫ વરસમાં તેમનાં મરણ થવા લાગ્યાં છે. પુરુષોની પણ તેવીજ દશા થઈ છે. આપણા હમેશના જીવનની ઉપયોગી ચીજોમાં પણ આ પ્રમાણે પરાધીનતા થઇ છે, તો હવે જાગો! કુંભકર્ણની નિદ્રા ત્યાગો! સૂર્યોદયનાં કિરણો ફૂટી ચૂક્યાં છે, માટે એશઆરામવાળી પરદેશી ચીજો કે જે ધર્મ, ધન અને આરોગ્ય-નું સત્યાનાશ કરનાર છે, તેને એકદમ તજો! જીવનને સાદું અને મહેનતુ તથા તમારા વડીલોની પેઠે ૧૦૦ વરસ જીવતું રહે તેવું કરો અને પોતાના પગપર ઉભા થાઓ!"

૪૩–મૃત્યુનો મહિમા અથવા કાણ–મોહોકાણ

(લેખકઃ–ચતુરભાઇ શંકરભાઈ પટેલ બી. એ. 'ક્ષત્રિય'–માગશર ૧૯૨૫)

ગુજરાતમાં ઘર ઘાલી બેઠેલા કૂટવાના અને કાણ–મોહોકાણના નિંદ્ય રિવાજનો વિચાર કરનારને સહજ સમજાશે કે, એ રિવાજમાં પ્રેમઘેલછા અને અજ્ઞાનના પરમ પ્રદર્શન સિવાય બીજું કંઇ નથી. મૃત્યુનું ખરૂં સ્વરૂપ સમજાય તો એ ઘેલછા અને અજ્ઞાનની ઇંદ્રજાળ આપોઆપ નષ્ટ થાય, પણ એમ બનવું સહેલું નથી. જ્ઞાનદીપ અજ્ઞાનાંધકાર તો ફેડી શકે, પણ ઘેલછાની ગહન ગુહાનાં પડ ભેદવાં એના માટે દુષ્કર છે. પ્રેમગાંડું હૃદય સત્ય વસ્તુસ્થિતિને ખાલી આશ્વાસનરૂપ સમજે છે, સ્નેહરંગે રંગાયલી દૃષ્ટિ ઐહિક સ્થિતિસિવાય બીજું કશું જોઇ શકતી નથી. વિરહવ્યાકુળ મન આધ્યાત્મિકતાના ઉંડાણમાં ઉતરી શકતું નથી. પ્રેમોન્મત્તતાથી કુંઠિત બનેલી બુદ્ધિ જ્ઞાનરસાયન જીરવી શકતી નથી. આ બધાં કારણોએ કરીને મૃત્યુ

પાછળ પ્રેમોર્મિજનિત રુદન તો રહેશેજ અને ભલે રહે. મૃત્યુવિષેનું અજ્ઞાન દૂર થાય તોય ઓછું નથી.

પ્રણયના પાલવે રુદન નિર્માયલુંજ છે. પ્રેમયોગી કલાપિ કહે છે કે:–" કે પ્રીતિનું રુધિર સઘળું ઉષ્ણ અશ્રુતણું છે." એ રુદનમાં કોઇ મહામૂલી મિઠાશ ભરી છે. એ રુદન આવકારલાયક છે. એ રુદન જરૂર અહીં પૃથ્વીમાં સ્વર્ગનો અંશ છે. કોઇ પણ હૃદયવાળી વ્યક્તિ એને વહાલથી વધાવ્યાવિના નહિ રહે. એથી શોકચિન્તા કે અન્ય દુઃખે ભારે થયેલાં હૈયાં હલકાં થાય છે. અંતરને અકળાવતો ડૂમો દૂર થાય છે. પ્રિય સ્મરણથી પાવન થયેલું હૃદય વધુ સ્નિગ્ધ, કોમળ અને ભાવભર્યું બને છે. શોકાદિ ધૂમાડાથી રહિત જીવ વધુ ઉજ્જવળ, ઉન્નત અને આનંદી બને છે. એકના એક પુત્રના વિયોગે અશ્રુને અભિનંદતાં કવિશ્રી નરસિંહરાવ પણ લખે છે કે:—

"જ્ઞાન બન્ધે રોકિયાં અશ્રુજળ રેલાવીને,
સ્મરણ મોંઘાં બાળનાં તાજાં નિરન્તર હો બને;
અશ્રુ ઔષધ દુઃખનું સ્નેહ વૈદ્યે આપિયું,
અશ્રુરૂપે વહી જતું વિષ ઉર વિષે જે વ્યાપિયું."

એ અમોલાં અશ્રુ ભલે હરકોઈ સારો. એમના તરફ સર્વની સહાનુભૂતિ ઘટે છે; પણ જરા વિષયાન્તર વેઠીનેય આપણે પૂછીએ કે, એ શાન્તરસપ્રધાન કાર્યમાં હાસ્યપ્રધાન કૂટવાના ફારસની શી જરૂર ? એ અંતર્ગત લાગણીનું માત્ર ક્ષુલ્લક પ્રકટીકરણ નથી? પ્રેમની સદ્‌ભાવનાને નામે એ માત્ર બાહ્ય આડંબર નથી? એથી તો પ્રેમ લજવાય છે. શુદ્ધ પ્રેમ કદી એવા દેખાડાની અપેક્ષા રાખે ખરો? વળી એ કૂટણી ફારસમાં કાણ-મોહોકાણના કૉમીક પ્રવેશનો ઉમેરો શા કાજે? સગાં-સ્નેહીઓએ આશ્વાસન આપવા આવવું હોય તો એકલા નથી અવાતું? સારો સંઘ સાથે લાવવાની જરૂર? આશ્વાસન લેનારથી ઘરને ખૂણે નથી લેવાતું? આખા ગામને જાહેર કરી લેવાથી આશ્વાસનમાં કોઇ અદ્દભુત ઉમેરો થાય છે? મરતાં સુધી મલાજો રાખનારી

કુલિન સ્ત્રીઓ ઉઘાડી છાતીઓનું રમુજી પ્રદર્શન ભરબજારે સ્વેચ્છાએ ભરે એમાં શો આપદ્‌ધર્મ રહ્યો હશે વારૂ? વિદેહ થયેલી વ્યક્તિના નિવાસસ્થાને આવી પહોંચતાં નિરંકુશ રુદનનો નીચ દંભ શા સારૂ ભલા? અને તેય વાણીઆવટું કરનાર વેપારીને હાથે થતો હોય તો સમજ્યા, પણ સરલહૃદયા સ્ત્રીઓને હાથે? હમણાં તો અન્યોન્ય હસતાં-રમતાં વાત કરતાં હતાં અને એક નિમેષમાત્રમાં સૌનાં હૃદય પીગળી ગયાં? વળી જેમ ડોળ-માણસની ભરતીનો કે કુટણીની ચલતીનો-વધારો તેમ પ્રેમ વધારે; એ કયા પ્રમાણપુરઃસર હશે? મરણપ્રસંગે આ લગ્નઅવસરના જેવી હાડકેડ અને ધમાલનો શો અર્થ હશે? કાણે આવનાર ડેલીગેટો તો બદલાય, પણ સન્માનકારિણી સભાના સભ્યો તો એના એ તો એમને એ આવનારનું પ્રબળ લાગણીપૂર્વક-આવનાર શોક દર્શાવે તેથી વિશેષ દર્શાવીને-કૂદી કૂદી છાતી કૂટે એથી વિશેષ કૂટીને-સ્વાગત કર્યાસિવાય બીજું કોઈ કામ નહિ હોય? કે પછી મરનારની પાછળ જવાનુંજ એ બધાં આદરી બેઠેલાં હશે? છાતી કૂટવાથી દમ, ક્ષય અને બીજાં ફેફસાંનાં દરદો જન્મે છે, એ અનુભવી ડૉકટરોનો અભિપ્રાય આ કૂટણીબહાદૂર વીરાંગનાઓએ વિચારવા કદી પણ તસ્દી લીધી હશે કે? જો કૂટવાથીજ પ્રેમ પ્રદર્શિત થતો હોય તો મહારાષ્ટ્ર અને બીજા અનેક દેશો પ્રેમવંચિતજ રહેલાને? પ્રેમનો ઇજારો એકલા ગુજરાતને મળેલો? અને તેમાંય રાજપૂતો, પાટીદારો અને બારોટોનેજ! એ ત્રણ કોમો જેમ મલાજો રાખવામાં અદ્વિતીય છે, તેમ કાણુ-મોહોકાણુથી મલાજો ખોવામાંય અદ્વિતીય છે. એ પરસ્પર વિરોધી વસ્તુઓનો મેળ ખાધો શી રીતે? આખા ગુજરાતમાં એ ફારસની ખીલવણી શી રીતે થઈ? અને ઉપરોક્ત ત્રિપુટીમાં આટલું બધું પદ્ધતિસર બની સંપૂર્ણ કક્ષાએ શી રીતે પહોંચ્યું? આ બધા પ્રશ્નો મારે મન અણઉકલ્યા કોયડા છે. કોઇ વાચક કે એ ફારસના ખેલાડી એમને ઉકેલશે?

હવે આપણે મૃત્યુવિષેનું અજ્ઞાન દૂર કરવા એનું ખરૂં સ્વરૂપ વિ-

ચારીએ. આપણને જ્યારથી સમજણ આવી ત્યારથી આપણે એને મોટો હાઉ માની લીધો છે. એની એકજ વિનાશક બાજુ જોઇને કંપ્યા છીએ, એની બીજી ઉત્પાદક બાજુને જાણવા-વિચારવાનો યત્નજ નથી કર્યો, મૃત્યુએ આખી આલમને બાયલી બનાવી છે, સારી સૃષ્ટિ એના નામથી થરથર કંપે છે, મોતની એ બીકે આપણું ઐહિક જીવન કંટકમય બનાવી મૂક્યું છે અને અનેક મહત્કાર્યો એને લીધે અટકી ગયાં છે, અનેક ફરજો એને લીધે વિસરાઇ છે. જનતાના મર્મમાં સાલતો એ કાયરતાનો કંટક નીકળી જાય, તો આ સૃષ્ટિ સ્વર્ગસમાન ઉલ્લાસવંતી બને. મોતથી નથી બીતાં એક અણસમજુ બાળક કે મરજીવાં મહા-જન. નાનું બાળક મરણની મૂર્તિસમા સાપસાથે ગેલ કરવા ઇચ્છે છે. મરજીવો કો ક્રાઇસ્ટ ક્રૉસને માંચડે હર્ષભેર લટકે છે, કો પ્રતાપ સ્વેચ્છાએ જંગલોમાં ભટકે છે, કો દયાનંદ હલાહલને હેતે વધાવે છે, કો મેક્સ્વિની ભૂખને સુખસમ માને છે, કો મોહનદાસ માતૃભૂમિની વેદી ઉપર સર્વસ્વને હોમે છે! આવાં અજ્ઞ કે પ્રજ્ઞને નથી હોતાં દુઃખ કે નથી હોતી દિલગીરી! વિષાદનાં વિષ તો નિર્માયાં છે કર્મે આપણા જેવાં અર્ધજ્ઞને.

કવિવર રવીન્દ્રનાથ મૃત્યુનું સ્વરૂપ સમજાવવા એક સુંદર ઉદા-હરણ આપે છે. બાળકને ધવરાવતી વત્સલ માતા એક સ્તનનું દૂધ પૂરૂં થયે બાળકનાજ હિતને ખાતર એને બીજી બાજુએ ફેરવે છે. અજ્ઞાન બાળક ચીસેચીસ પાડીને રડે છે, કેમકે માતાના શુભ આશય-ની એને ખબર હોતી નથી. માતા બીજું દૂધભર સ્તન એના મુ-ખમાં મૂકે છે, ત્યારે તે રડતું બંધ રહે છે અને પૂર્ણ હર્ષભેર ધાવવા માંડે છે. મરણ માટે પણ એમજ છે. જ્યારે આ શરીર આત્માના ઉપયોગનું રહેતું નથી, ત્યારે પરમવત્સલ પ્રભુ આપણાજ હિત ખાતર એને બીજું બક્ષે છે. આપણે ક્ષુદ્રબુદ્ધિ એના આ પરમ સદ્ભાવને સમજી શકતા નથી અને નાહક શોક કરીએ છીએ. ગીતામાં ભગવાન મરણને આપણી વિવિધ અવસ્થા જેવું સ્વાભાવિક લેખે છે અને કહે છે કેઃ—

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।

तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥२-१३

અને આગળ એને સ્ફુટ કરતાં કહે છે કે,

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही॥२-२२

હવે સમજાયું હશે કે મૃત્યુ-મોંઘું મધુરું મૃત્યુ-આ જીવનમાંથી પરજીવનમાં જવાનો પૂલ છે. એ પૂલ ન હોય તો આપણા ભોગ મળે; પણ પરમ કૃપાળુ પ્રભુની કરુણા કંઇ પરિમિત હોય? એનાં વહાલાં બાળકોને ઉન્નતિ કે પ્રગતિવિહોણી એકજ જડ સ્થિતિમાં એ સડવા દે ખરો? સંહારક મહાદેવ શિવ (કલ્યાણસ્વરૂપ) અને શંકર (કલ્યાણ-કારક) શાથી કહેવાય છે, તે હવે સહજ સમજાશે. મૃત્યુ આત્માની ઉન્નતિ અર્થે છે, જીવનના વિકાસ કાજે છે, અધુરી રહેલી ઉત્ક્રાન્તિ-માટે છે, પૂર્ણતાએ પહોંચાડવા સારૂ છે.

કવિ શ્રી નરસિંહરાવ પણ લખે છે કેઃ—

"મૃત્યુ નવ પૂરૂં કરે જીવનું જીવન અહિં;
અધિકઅધિક વિકાસની છે ભૂમિ અન્ય જવું તહિં.
મૃત્યુ ને જીવન તણો મર્મ ઉંડો કો લહે;
મૃત્યુ તે જીવનતણું છે અન્ય રૂપ બુધો કહે."

આવા પરમ પ્રગતિસ્વરૂપ મરણને સત્કારવા સઘળાંએ તત્પર રહેવું જોઇએ. એને અંતરના ઉમળકે અભિનંદવું જોઇએ. મૃત્યુ એટલે ઉન્નતિમાં પગલાં માંડવાં. મરી જવું એટલે મહાન પિતામાં મળી જવું. સ્વામી રામનો દશ વર્ષનો પુત્ર મરી ગયો, ત્યારે એ આનંદના પરમ આવેશમાં આવી ખડખડાટ હસી કહેવા લાગ્યા કે, ભલું થયું જે મળી ગયો-નહિ કે મરી ગયો. કોઇક દેશમાં મરણપ્રસંગે હસવા-નો અને આનંદ કરવાનો ચાલ છે, તે પણ આજ કારણને લઇને. સંતોને મન તો મરવાં સોહ્યલાં છે. એ હર્ષોત્પાદક મંગલસમયે શોચ અને દુઃખને અવકાશજ શાનો? કદાચ પ્રેમ એ આંસુ પડાવે તો ભલે, પણ મૃત્યુનો ભય શામાટે? સવાસો વર્ષની ઘરડી ડોશીને પણ મરણ-

ા ડર લાગે અને મહાન ફિલ્સુફ પણ મોત આગળ મહાત થાય
મે ઓછું લજ્જાસ્પદ છે ! મોતથી ડરવું એટલે અવનતિ વહોરી લેવી.
ભુ એથી બચાવે ! મૃત્યુની તૈયારી કરતાં આપણે ગાઇએ કે:—
"કર લે સિંગાર એક દિન, સાજન કે ઘર જાના હોગા."

૪૪—શીતળાની રસીથી થતાં મરણો

(લેખકઃ-લાભશંકર લક્ષ્મીદાસ–જુનાગઢ)

ગરીબો ઉપર જુલમ

૧ બૉમ્બે ક્રૉનિકલ–(૧) ચૌદ વરસનો એક અંગ્રેજ છોકરો,(૨)સોળ રસની એક અંગ્રેજ છોકરી, (૩) એક નાનું અંગ્રેજ બાળક શીતળાની સીના ઝેરથી મરી ગયાં છે.–(બોમ્બે ક્રૉનીકલ, તા. ૨૯–૩–૨૩)

૨ વિલાયતનાં વર્તમાનપત્રો–શીતળાની રસીના ઝેરથી થતાં મર- ણસંબંધી સમાચાર વિલાયતનાં વર્તમાનપત્રોમાં વખતોવખત છપાય છે; ને ઉપર પ્રમાણે સેંકડો **મરણોના રિપોર્ટો** આજસુધીમાં પ્રસિદ્ધ થયા છે.

૩ પરમાર્થી ડૉક્ટરો–શીતળાની રસીથી થતાં ભયંકર દરદોનાં રણોસંબંધી ઘણા પરમાર્થી યૂરોપીઅન ડૉક્ટરોએ **પોતાના જાતિ- અનુભવો** પ્રસિદ્ધ કર્યા છે. શીતળાની રસીને વાછરડાના **પરુમાંથી** નાવવામાં આવે છે. (૧) તે માણસના શરીરમાં દાખલ કરવાથી ટલાં બધાં બાળકો તેમજ મોટી ઉંમરનાં સ્ત્રી–પુરુષો જીવલેણ બિમારી- ી પીડાઇને મરી જાય છે, (૨) શીતળાનું દરદ અટકાવવામાં તે સી કેવી નકામી છે, (૩) તે રસી ફરજીઆત મૂકવામાટે ગરીબ લોકો પર કેટલો બધો જુલમ થાય છે, તે સંબંધી **સત્તાવાર હકીકતો** સિદ્ધ કરવા માટે દયાળુ અંગ્રેજોએ લંડનમાં એક મંડળી સ્થાપી છે.

૪ શીતળાની રસીનાં ત્રાસદાયક માઠાં પરિણામો તે મંડળી પ્ર- સિદ્ધ કરે છે. તેને પરિણામે વિલાયતની સરકારે ફરજીઆત રસી મૂકવા- ા કાયદો રદ કર્યો છે અને હવે લાખો અંગ્રેજો પોતાનાં બાળકોને ીતળાની રસી મૂકાવતા નથી અને તેવાં બાળકો તંદુરસ્ત જીંદગી ભોગવે છે.

૫ ગરીબ માણસો ઉપર જુલમ-શીતળાની રસી ફરજીઆત મૂકવામાટે ગરીબ લોકો ઉપર જુલમ કરવામાં આવે છે. તે સંબંધમાં વખતોવખત આ દેશનાં વર્તમાનપત્રોમાં પોકાર છપાય છે. દાખલાતરીકે:—

(૧) "કાઠિયાવાડમાં નાનાં બાળકોને રાજ્યોના શીળી કાઢનાર તરફથી જે દુઃખ થાય છે તે દુઃખ લખ્યું લખાય તેવું નથી."-કાઠિયાવાડ ટાઇમ્સ, તા૦૨૬-૮-૧૯૨૦. (૨) "**મહુવામાં**-શીળી ડૉક્ટરોના પગારો વધ્યા, કોઇને ઘેર શીળી કાઢવા જવાની ફી ઠરી, વાહનનાં ભથ્થાં મળ્યાં, તોએ લોભનો અંત નહિ. જેના હાથમાં છુરી આવી તે શું શું ઘાતકીપણાં ન ગુજારી શકે! પૈસાને ખાતર નાનાં બાળકો અને નિર્દોષ ઓરતોપર બસ સીતમજ ચાલે!" ("સૌરાષ્ટ્ર" તા. ૧૦-૩-૧૯૨૩)

૬ પ્રાર્થના-(૧) ઉપર જણાવેલી લંડન ખાતેની પરમાર્થી મંડળીના સેક્રેટરીને માત્ર પાંચ શીલીંગ મોકલીને તેનું ઘણું જાણવાજોગ સાહિત્ય મંગાવીને વાંચવાની, (૨) શીતળાની રસીથી આ દેશમાં કેટલાં મરણો તથા ભયંકર દરદોના કેસો થાય છે, તે જાણવા માટે ઘેર ઘેર જાતે તપાસ કરવાની, તથા (૩) ઉપર જણાવ્યા પ્રમાણે તે રસી ફરજીઆત મૂકવા માટે થતા જુલમથી ગરીબ લોકોને બચાવવાની આ દેશના દયાળુ અમલદારો તથા ડૉક્ટરો મહેરબાની કરે, અને તેથી તેઓ લાખો આત્માઓના આશીર્વાદ મેળવે, એવી મારી પ્રાર્થના છે.

૭ બીજી પ્રાર્થના-લંડન ખાતેની ઉપર જણાવેલી મંડળીની એક શાખા આ દેશમાં સ્થાપવાની કોઈ દયાળુ આત્મા મહેરબાની કરે અને તેથી તેઓ મહાપુણ્ય કમાય, એ મારી બીજી પ્રાર્થના છે.

જેઓ માણસજાતના તેમજ જનાવરોના આશીર્વાદ લે છે, તેઓને ઈશ્વરી ન્યાયાધીશ સ્વર્ગે મોકલે છે. જેઓ માણસજાત તથા જનાવરોના શાપ લે છે, તેઓ નરકમાં પડીને ત્રાસદાયક પીડા ભોગવે છે.

વાંચનાર! તમે શું લો છો?-માણસજાત તેમજ જનાવરોના આશીર્વાદ કે શાપ? ઈશ્વરી ન્યાયાધીશને કોઈ ઠગી શકતું નથી.

૪૫—રબ્બરનાં રમકડાંથી લાગુ પડતું ઝેર

જે માબાપો પોતાનાં બચ્ચાંને રબ્બરનાં રમકડાં રમવા આપે છે, તેમને ખબર નથી હોતી તેથી તેઓ પોતાનાં વહાલાં બચ્ચાંઓની હોજરીમાં ઝેર દાખલ કરે છે. રબ્બરનાં રમકડાંની બનાવટમાં સીસાનો ક્ષાર (વ્હાઇટ લેડ)—સફેદો વાપરવામાં આવે છે. આ ક્ષાર ઘણોજ ઝેરી ગણાય છે. જ્યારે બચ્ચાંઓ આવાં રમકડાં મોઢામાં નાખે છે, ત્યારે તેના પેટની અંદર આ ઝેરી ક્ષાર જાય છે અને બચ્ચાંઓને અનેક દરદો જેવાં કે ખરાબ દાંત, એવડો વળી ગયેલ બરડો, ગાગર જેવું પેટ વગેરે થાય છે. જે માતાઓ પોતાનાં બચ્ચાંઓને રમવાને માટે રબ્બરની 'ધાવણી' આપે છે, તે આનાથી ધડો લેશે કે? જૂનાં જમાનાની લાકડાની ધાવણીજ ઉત્તમ છે. રબ્બરના કરતાં તે સસ્તી પણ મળે છે. બીજાં રમકડાં પણ લાકડાનાં અગર સફેદ કાચનાં વાપરવાં જોઇએ.

૪૬—આરોગ્યવિષેનાં છૂટક સ્મરણો

(લેખકઃ—કે. સી. મહેતા; "ભાગ્યોદય" માંથી.)

(૧) રાત્રિએ અધિક જાગવાથી બળ ક્ષીણ થાય છે અને તંદુરસ્તી ખરાબ થાય છે.

(૨) નિદ્રામાંથી જાગૃત થતાં ખાટલામાંથી કૂદી પડવું હાનિકારક છે. આંખો ઉઘડ્યા પછી સૂતાં સૂતાં થોડીક વાર પરમાત્માનું સ્મરણ કરવાથી સ્વાસ્થ્ય સારૂં રહેશે.

(૩) સ્વાસ્થ્ય-રક્ષાને માટે ખાટલાપરથી ઉઠીને થોડુંક પાણી પીવું, થોડીક કસરત કરવી, અધિક વાર ભોજન ન કરવું, ચ્હા, દારૂ અધિક ખાટી—કડવી વસ્તુ ન ખાવી આવશ્યક છે.

(૪) રોજ સવારે ખુલ્લા શરીરે સૂર્ય સામે બેસવાથી કોઈ રોગ નહિ થાય.

(૫) કદી કદી ઉપવાસ કરતા રહેવાથી શરીરને બહુ લાભ થાય છે. આ હિંદુશાસ્ત્રનોજ મત નથી, પરંતુ મોટા મોટા વિલાયતી ડૉક્ટરોનો મત છે. ડૉક્ટર લીવેનાર્ડ વિલયમ કહે છે કે, કદી કદી ઉપવાસ કરતા રહેવાથી ઘણાખરા નાના રોગો મટી જાય છે.

(૬) જ્યારે બાળક ઘરની બહાર તડકામાં અને સ્વચ્છ વાયુમાં રમે છે, ત્યારે તેની પાચનશક્તિ ઘરની અંદર રહેવાના કરતાં ચોવીસ-ગણી અધિક વધે છે.

(૭) ખુલ્લા પગોએ બહુ દૂરસુધી રસ્તે ચાલવાથી જેટલા રોગો દૂર થઇ શકે છે, તેટલા રોગ બીજી કોઈ ઔષધિ યા પથ્યથી દૂર નથી થતા.

(૮) લીલી હરિયાળીની તરફ થોડીક વાર આંખો લગાડીને તાકતા રહેવાથી આંખોનું તેજ ખૂબ વધે છે.

(૯) થાક લાગતાં પાણી પીવાથી કામના કારણથી પેદા થયેલા ઝેરી પદાર્થો પાતળા પડી જાય છે અને શરીરને હાનિ પહોંચાડવા પહેલાં તે બહાર નીકળી જાય છે; માટે થાક લાગવાપર પાણી પીવું આવશ્યક છે.

(૧૦) પીવાના પાણીને જો એક વાર સવારે ગરમ કરીને ગાળીને રહેવા દેવામાં આવે તો તેના જીવજંતુઓ મરી જાય છે અને ઘણા રોગોથી છૂટકારો મળી જાય છે.

(૧૧) મંદવાડમાં બહુ બોલવાથી, બહુ હસવાથી અને પુસ્તકો વાંચતા રહેવાથી જવરનો વેગ ઓછો થઇ જાય છે.

(૧૨) પગ ધોવા પહેલાં માથું ધોવામાં આવે તો મસ્તક કદી કમજોર નથી થતું.

(૧૩) માંદા થવા પર તેની દવા કરાવવા કરતાં બારે મહિને ત્રણ રૂપિયા ભરીને હુન્નરવિજ્ઞાન અથવા ભાગ્યોદય જેવાં માસિકપત્રો મંગાવી-ને આરોગ્યતા જાળવી રાખવાના નિયમો વાંચવા તે વધારે સારૂં તેમજ લાભદાયક છે.

(૧૪) કોઇ પણ રોગ થવાપર આ દેશનિવાસીઓને માટે આજ દેશની દવા અનુકૂળ પડી શકે છે. વિદેશી ઔષધિઓ આપણા સ્વ-

ભાવની વિરુદ્ધ હોવાના કારણથી આપણો વાસ્તવિક ઉપકાર નથી કરી શકતી. આ માટે જ્યારે કદી ઔષધિ સેવવાની આવશ્યકતા હોય, ત્યારે આપણા દેશમાં ઉત્પન્ન થયેલા ઔષધનુંજ સેવન કરવું જોઇએ. વિદેશી ડૉકટરની યા વિદેશી ઔષધિનું કદાપિ સેવન ન કરવું જોઇએ.

(૧૫) શરીરની રક્ષાને માટે મનને પણ ઉન્નત બનાવવું જોઇએ. મનમાં ખરાબ વિચારો કદી ઉત્પન્ન ન થવા દેવા જોઇએ.

(૧૬) મન અને શરીરની ઉન્નતિ મનુષ્યના આચરણપર આધાર રાખે છે. સદાચારી મનુષ્યજ ઉત્તમ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકે છે અને સદાચારી મનુષ્યજ ઉત્તમ સંતાન પ્રાપ્ત કરવાનો અધિકારી થઇ શકે છે.

(૧૭) માથાપર નાના વાળ રાખવાથી સ્વાસ્થ્ય સારૂં રહે છે અને ઉત્સાહની વૃદ્ધિ થાય છે.

(૧૮) સ્વાસ્થ્ય ખરાબ થવાપર યા રોગના ઉત્પન્ન થવાપર દવા કરવા કરતાં પથ્યપર અધિક ધ્યાન આપવું જોઇએ.

૪૭–ક્રોધથી માતાના ધાવણમાં ઉપજતું ઝેર

('હિંદુસ્તાન' તા.૩૧–૫–૨૪)

વિદ્વાન ડૉકટરોએ એવી પરીક્ષા કરી છે કે, જે માતા પોતાના બાળકને ધવરાવતી વખતે ક્રોધમાં આવેલી હોય છે, તે માતાના ધાવણમાં અમુક પ્રકારનું ઝેર પેદા થાય છે. એક વખત એક માતા તેની પડોશણ સાથે ખૂબ વઢવાડ કરીને ઘણીજ ગુસ્સે થઇ ગઈ હતી. એવી હાલતમાં ઘેર આવીને તરતજ પોતાના બાળકને ધવરાવવા છાતીએ વળગાડયું; બાળક ધાવ્યું કે તરત તેને આંચકી આવવા લાગી અને મરવા પડયું હોય તેવાં ચિહ્નો દેખાયાં. આટલા કારણસરજ આપણી ડોસીઓ જ્યારે જ્યારે બાળકને ધવરાવવા માતા બેસે છે, ત્યારે ત્યારે તેને શાંત મનથી નિરાંતે બેસીને બાળકને ધવરાવવાની સૂચના કરે છે. હાલના જમાનાની જુવાન માતાઓ આ ડોસીશાસ્ત્રનો અર્થ સમજશે કે પોતાનું ડહાપણ ચલાવશે ?

૪૮—ચુનો અને તેની વપરાશના લાભ

(લેખકઃ-મોહનલાલ માણેકલાલ ઝવેરી. "ગુજરાતી" તા.૨૩-૧૧-૨૪)

ચુનો ભીંતે ચોપડવાની પ્રથા ક્યારથી ચાલી તે નક્કી કહી શકાતું નથી, પણ ઇંટચુનાનાં ઘર બાંધવાનું અને પથ્થર પકવીને ચુનો તૈયાર કરવાનું તથા તે ખાવાનું અને દવામાં વાપરવાનું તો ઘણા વખતથી જાણીતું છેજ; પણ આપણી ઘણીક દવાઓ તથા રંગોની પણ (કેમીકલ ટેક્નોલૉજી) રસાયણિક હુન્નરવિદ્યાનું વર્ણન ક્યાંય નથી મળતું, તેમ ચુનાનું પણ જણાય છે. હવે એ સ્થિતિ બદલાઇ છે. આપણી પ્રક્રિયાઓના સિદ્ધાંતો હવે ખુલ્લા થતા જાય છે અને તે પ્રમાણે આજ એક બે બાબતો કહું છું.

ચુનો એટલે કૅલ્સ્યમ ઑકસાઇડ અથવા કૉસ્ટીક લાઇમ—દાહક ચુનો. તે પાણીમાં મેળવવાથી પાણીને ખદબદાવી મૂકે અને ખુલ્લો રહેવાથી હવામાંથી કારબોનિક એસીડ ગેસ ખેંચી લઇને હવાને શુદ્ધ કરે તથા પોતે અશુદ્ધ યાને કૅલ્સ્યમ કારબોનેટરૂપે કે જેને આપણે ચાક કહીએ છીએ, તે રૂપમાં થઇ જાય છે. એકે એક કણ આ પ્રમાણે ચાકરૂપે થઇ ગયા બાદ એનાપર ગમે તેવું અને ગમે તેટલું પાણી રેડો પણ જરાએ ગરમ થવાનુંજ નહિ.

ઘણાંક જીવજંતુઓ ખરાબ હવા કારબૉન ડાઇઓકસાઈડ અને કારબોનિક એસીડ ગેસમાં જીવી શકે છે. આપણે જે શ્વાસ નાકમાંથી બહાર કાઢીએ છીએ, તેમાં એજ હવા હોય છે. પાઉં બનાવનારા ખમીર ઉઠાવે છે (આથો નાખે છે) તેમાં ફુલતી વખતે જે પરપોટા બાઝે છે-ઢોકળાંના આથાની માફક-એ પરપોટાની હવા તે કારબોનિક એસિડ ગેસ. બંધ કૂવામાં એ ભેગી થાય અને પાણી હોય તો પાણીમાં શોષાઇને તેમાંના કચરા કે ચુનાને (કે જે ચુનો હોવાથી એ પાણી 'હાર્ડ-વૉટર' કહેવાય છે અને સાબુ લગાડતાં તે ચીકટાઈ જાય છે) એ ઓગાળી નાખે અને પાણી ન હોય તો ભેગી થઇને ભરાઈ રહે અને

કોઇ જનાવર કે માણુસ તેમાં જતાંજ મરી જાય. ઘણી વાર જમીનપર ખાડા હોય છે અને ઘીચ વસ્તીને લીધે કે બીજા કોઇ કારણથી જમીનમાંથી કારબોનિક એસિડ ગેસ બહાર નીકળતી હોય તો ખાડામાં ભરાઈ રહે. આવા ખાડામાં સ્વાભાવિક રીતે નાનાં જનાવર જઇને બેસે કે તરતજ બેશુદ્ધ થવા માંડે. આવી આ કારબૉન ડાઇઑક્સાઇડ અથવા જેને કારબોનિક ઍસીડ ગેસ કહે છે, તેની અસર છે.

આ કારબોનિક એસીડ ગેસને ચુનો અને કૅાસ્ટીક સોડા જલદીથી ખેંચી લે છે; ન્યુમોનીઆવાળાને શુદ્ધ ઑક્સિજન આપવામાટે જે લોખંડના નળા ડૉક્ટરના કહેવાથી આપણે લાવીએ છીએ, તે નળામાં ઑક્સિજન ભરતી વખતે તે ચુના કે કૅાસ્ટીકમાંથી પસાર કરીને પછી ભરાય છે, જેથી કંઇપણ કારબોનિક એસિડ ગેસ ઑક્સિજનમાં રહી ગઇ હોય તો પકડાઈ જાય. આપણે જેમ દરદીને ઓક્સિજન આપીએ છીએ, તેમજ તે વખતે ભીંતે તાજો તાજો ચુનો ચોપડવાનું પણ રાખીએ, તો આખા ઓરડામાં ઑક્સિજનજ ઑક્સિજન થઇ રહે; કેમકે જે હવા આવે અને ભીંતે અડે તે બધી શુદ્ધ થઇ જાય અને કારબોનિક ઍસિડ ગેસ ભીંતમાં શોષાઇ જાય તથા વાયુમાંના ઑક્સિજન વગેરે બીજા ભાગો રહી જાય, જે દરદીને ઘણો ફાયદો કરે. માથા આગળ ચુનાના ગાંગડા રાખવાથી પણ ફાયદો થાય.

નવા ઠેકાણે રહેવા જતાંજ આપણે સૌથી પ્રથમ ચુનો ચોપડાવવોજ જોઇએ, જેથી હવા શુદ્ધ થતાં જે જંતુઓ ખરાબ હવામાંજ જીવી શકે છે અને રોગ પેદા કરે છે, તે નષ્ટ થાય અને ખરાબ હવા કે ભેજને લીધે રહેઠાણુ કરનારાં જીવજંતુ આવીને રહે નહિ. આથી ઘણા ભયથી આપણે મુક્ત થઇએ છીએ. આ રીતે ચુનો આપણુને માત્ર એકલો સફેત દેખાતી ચોખ્ખી ભીંતનો સુંદર દેખાવ નથી પૂરો પાડતો, પણ હવાને ચોખ્ખી રાખીને રહેનારની તંદુરસ્તીને સંભાળે છે. આપણે ચુનો વર્ષમાં એકાદજ વાર લગાડીએ છીએ, તે ઠીક નથી. ત્રણ-ચાર વાર જરૂર લગાડવો જોઇએ; અને તેમાં સરેસ, ગોળ,

ગુંદર કે કોઈ જાતના રંગની માટી નાખવી નહિ જોઇએ. શુદ્ધ કળીનો ચુનો–ભુકો થઈ ગયેલો તદ્દન નકામો માટીની પણ કિંમતનો નહિ એવો સફેત મૂકો નહિ પણ–તાજો ભીંજવી ચોપડવો જોઇએ.

૪૯–એક પ્રકારના રંગની અનુપયોગિતા

(લેખકઃ–મોહનલાલ માણેકલાલ ઝવેરી. "ગુજરાતી" તા. ૨૩–૧૧–૨૪)

ડીસ્ટેમ્પર નામનો એક પ્રકારનો રંગ આવે છે. આમાં મોટે ભાગે ચુનો હોય છે અને ચીકાશવાળી ચીજ બદલ ઘણે ભાગે "કેસીન" (સૂકું દૂધ) મેળવેલું હોય છે. આ દૂધનો ગુણ એવો છે કે, ચુના જેવી ચીજસાથે પાણી મેળવતાં તેમાં એ ઓગળીને ચીકાશ આપે. ટંકણખારમાં પણ "કેસીન" ઓગળી જાય છે. નકલી હાથીદાંત એનોજ બને છે અને છત્રીના ડાંડા, કૉલર, બટનો, પાસા વગેરે હજારો ચીજો એમાંથી બનાવે છે. એ સેલ્યુલોઇડની માફક સળગી ઉઠતો નથી. ગુજરાતમાં દૂધમાંથી માખણ કાઢી લીધા પછી જે "સેપરેટ" બચે છે તેને ફાડીને કેસીન જૂદું પાડી સૂકાવી વિલાયત ચઢાવાય છે અને બાકી પાણી રહી જાય તેમાંથી લેક્ટીક ઍસિડ બને અથવા ચામડાં કેળવનારને આપવામાં આવે અથવા ચુનો મેળવીને કેલશ્યમ લેકટેટ બનાવી ડૅાકટરી દવામાં વપરાય. આ કેસીન સૂકાયું એટલે પાણીમાં તો ગમે તેટલો વખત ઉકાળવાથી પણ ઓગળતું નથી, પણ ટંકણખાર (સેંકડે ૭ ભાગ) નાખવાથી ઓગળે છે અને ચીકણું લાહી જેવું થાય છે. ચુના સાથે પણ એ ઓગળી જાય છે. આ સિદ્ધાંત ઉપરથી ચુનો તાજો લઈ તેમાં કેસીન મેળવીને અને મનપસંદ ખુલ્લો રંગ મેળવીને તેમાં હવા ન જઈ શકે તેવા એરટાઈટ ડબા પેક કરી મૂકે છે; જે વાપરતી વખતે માત્ર પાણી મેળવીને લગાડી દેવાય. ચુનો ચોપડવાને બદલે ડીસ્ટેમ્પર વાપરીએ તો સારૂં એમ કેટલાકનું માનવું છે; પણ એ માત્ર શોભાનીજ દૃષ્ટિએ. ચુનો ઉખડી જાય અને ડીસ્ટેમ્પર ઉખડે નહિ, કપડે ઘસાય નહિ, ફર્નીચરને લાગે નહિ, ધોવાઈ ન જાય, એ એના ગુણ બતાવવામાં આવે છે

તે તદ્દન ખરા છે; પણ ચુનો લગાડવાનો મૂળ હેતુ એમાં જળવાતોજ નથી. ડીસ્ટેમ્પરમાં ચુના જેવી ઝેરી હવા ચુસવાની જગ્યા (પોરોસીટી) તથા શક્તિ રહેતી નથી. માત્ર સુંદર દેખાવ આપે છે અને ઉપર જણાવેલા બીજા ગુણ ધરાવે છે; પણ તંદુરસ્તી સૌથી વધુ કિંમતી છે, એ ધ્યાનમાં રાખવાનું છે. તેથીજ એકલો ચુનો ભીંતે લગાડવો જોઇએ.

૫૦—સફેતો ચોપડવાની જીવલેણ ફેશન

(લેખકઃ—મોહનલાલ માણેકલાલ ઝવેરી. "ગુજરાતી" તા.૨૩-૧૧-૨૪)

સર્વ કરતાંએ વધુ ખરાબ તે પેલી વ્હાઇટ પેઇન્ટ—ઑઇલ કલર—સફેતો ચોપડવાની **જીવલેણ ફેશન**! એ સફેતી તે પણ જેવી તેવી આપે છે! બીજો કશો ગુણ એમાં નથી અને ઉલટું નુકસાન કેટલું? વ્હાઇટ પેન્ટ ચોપડનારાઓનાં કુળનાં કુળ એના ઝેર—લેડ પોઇઝનીંગ—થી નષ્ટ થઇ જાય છે, છતાં સરકાર વ્હાઇટ પેન્ટ કરાવનારાપર ગુન્હાનો આરોપ મૂકતી નથી અને જૈનો આ હત્યા તરફ લક્ષ્ય આપતા નથી! ચુનો ચોપડનારની બેદરકારીથી તેની આંખને જોખમ રહે કે હાથે—પગે લાગે તો તે ફાટે; પણ લેડ પેંટ સીસાની ભસ્મનો બનાવેલો સફેતો અત્યંત ઝેરી અને તેમાં વળી પીરોજી રંગ લાવવા માટે "જંગાલ" (કૉપર કારબોનેટ) કે એટાક જે દુનિયાની ઝેરીમાં ઝેરી ચીજોમાંની એક છે, તે વપરાય છે; અને એ બેઉ ઝેરી ચીજો શરીરને અત્યંત હાનિકર્તા છે. સાયંટિસ્ટો—વૈજ્ઞાનિકો બૂમ મારી મારીને કહી રહ્યા છે કે, આ ઘાતક ફેશન નષ્ટ કરો. પાર્લામેંટમાં કાયદા માટે ખરડા આવે છે, પણ હજી કશું સારૂં પરિણામ આવ્યું જણાતું નથી. હમણાંજ મહિના એક ઉપર વ્હાઇટ પેન્ટની ઝેરી અસર માટેના કાયદાનો ખરડો હાઉસ ઑફ કૉમન્સમાં બીજી વારના વાચનમાટે આવ્યો હતો. ઘણાખરા સુધરેલા દેશોએ કબૂલ કર્યું છે કે "વ્હાઇટપેંટ ઘરમાં ચોપડવા માટે નથી ઇષ્ટ, તેમજ નથી જરૂરી." આ ખરડાના ટેકામાં લૉર્ડ હેનરી કેવેન્ડીશ—બેન્ટીક, નોટિંગહામના કૉન્ઝરવેટિવ મેમ્બરે મોટું

વ્યાખ્યાન કર્યું અને ડર્મીનના લેબર મેમ્બર મી૦ ડબલ્યુ. આર. રેન્સે તો પોતાનો જાતિ–અનુભવ વ્હાઇટપેન્ટ ચોપડનાર તરીકેનો કહી સંભળાવતાં કહ્યું કે "હું પોતે એ સીસાના રંગના ઝેરથી ઘણા વખતથી પીડાઉં છું અને હજી (પાર્લામેંટનો મેમ્બર થયો અને રંગારાનો ધંધો મૂકી દીધો છે છતાં) એ ઝેરની અસર મારા શરીરમાંથી સદંતર નાબૂદ થઇ નથી." પોતાના જેવાજ બીજા અનેક દાખલા તેણે પાર્લામેંટમાં કહી સંભળાવ્યા અને સીસાના રંગનું ઝેરીપણું કેવું ખરાબ જાતનું છે, તે બહુ સારી રીતે વર્ણવ્યું. આ ઉપરાંત રેડીંગન લેબર મેમ્બર ડૉકટર સોમર વીલ હેસ્ટીંગ્સે એ ખરડાને ટેકો આપતાં ઘણું કહ્યું હતું અને છેવટે પાર્લામેંટે ખરડાનું બીજી વારનું વાચન પસાર કર્યું હતું.

આ સિવાય કેટલાક એમ ધારી બેસે છે કે, લાકડાંને એ રંગ લગાડવાથી તેને ઉધઇ લાગતી નથી. આ વાત પણ ખોટી છે અને તે દાખલા દલીલ સાથે પોપ્યુલર સાયન્સ સીફ્ટીંગ્સમાં એક લેખકે સચિત્ર વર્ણવી છે. ઉલટું લાકડામાં જે ભીનાશ ઘર બાંધતી વખતે પેસી જાય છે–આસપાસના ભીંતના ચુના અને ઇંટમાંથી–તે સૂકાવાનું કામ વ્હાઇટપેન્ટ સદંતરજ રોકી મૂકે છે અને તેથી લાકડું ન સડતું હોય તોયે સડે છે. આજે ઠેકઠેકાણે નજરે પડે છે કે, જૂના દેશમાંનાં ઘરોનાં લાકડાં નથી સડતાં, પણ મુંબઇનાં ઘરોનાં લાકડાં સડી જાય છે તેનું કારણજ એ છે.

આ બધું જોઇને વિચાર કરતાં જણાશે કે, એકલા ચુના કરતાં **ભીંતે ચોપડવા માટે કશુંએ વધારે તંદુરસ્તીભર્યું નથી.**

૫૧–દેશી પેઈનકીલર

લીંબુનો રસ શેર ૧, આદુનો રસ શેર ૦ાા, સિંધવ તોલો ૧ા, હીંગ તોલો ૦ા, સંચળ તોલો ૧, સાકર શેર ૧, એ બધી વસ્તુ એકત્ર કરી તેને ઉકાળતાં ૩ જોશ આપી, તેને ગાળી લઈ, સારા બુચની બાટલીમાં ભરી રાખવું; અને મસાલો નીચે ઠરી જાય એટલે યુક્તિથી ઉપરનું પાતળું પાણી નીતારી લઇ, બીજી મજબૂત બૂચવાળી બાટલી-

માં ભરી લેવું. આ પ્રવાહી ઝાડા બંધ કરવામાટે વાપરવું હોય, ત્યારે તેમાં થોડું કપૂર મેળવી વાપરવું અને માત્ર પેટમાંનો દુઃખાવોજ મટાડવા સારૂ વાપરવું હોય તો કપૂરવિના પાવું. એનાથી અજીર્ણ તથા મરડો મટે છે, વાયુની તથા પિત્તની શાંતિ થાય છે, ઝાડા બંધ થાય છે, ભૂખ લાગે છે અને રુચિ ઉત્પન્ન થાય છે.

પર–વિંછીના કેટલાક ઉપાય

૧–વિંછી ડંખ મારે કે તરત તે જગાએ મીઠું ઘસવાથી ચઢતો નથી.

૨–કડવી ઘીલોડીનાં પાન ચોળીને વિંછી ચઢયો હોય ત્યાંસુધી ચોપડવાથી ઉતરે છે. ડંખ ઉપર એનાં પાનની લુગદી બાંધવી.

૩–ખાટખટુંબો પાણીમાં ઘસી વિંછી ચઢયો હોય ત્યાંસુધી ચોપડી પવન નાખવો એટલે ઉતરી જશે.

૪–માણસના નખ તથા સોપારીનો ભૂકો બીડીમાં પીવાથી વિંછી ઉતરે છે.

૫–કરોળીઆનું પડ ચલમમાં પીવાથી વિંછી ઉતરે છે.

૬–નાગરવેલનાં બે પાન લઇ તેમાં ચપટી ચપટી મીઠું નાખી ચાવી જવાથી વિંછી ઉતરે છે.

૭–ધંતુરાના પાનનો રસ ડંખ ઉપર ચોપડવાથી અને તેના પાનની લુગદી બાંધવાથી વેદના મટે છે.

૮–ડંખ ઉપર મધ ઘસવાથી ફાયદો થાય છે.

૯–પાકાં કેળાંની લુગદી કરી ડંખ ઉપર બાંધવાથી સારો ફાયદો થાય છે.

૧૦–જાંબુડાનાં પાન વાટી લુગદી બાંધવાથી ઝેર ઉતરે છે.

૧૧–આંબલીના કચુકાને ઘસીને ધોળો થાય ત્યારે ડંખ ઉપર ચોડી દેવો, એટલે તે ઝેર ચૂસી ખરી પડશે.

૧૨–તુલસીનાં પાન ચાવી કાનમાં ફુંકવાથી વિંછી ઉતરશે.

૧૩–પાશેર પાણીમાં ત્રણેક તોલા મીઠું વાટીને નાખવું અને પછી ખૂબ હલાવીને કપડાવતી પાણી ગાળી લઈ તે પાણી શીશીમાં ભરી

રાખવું. વિંછીના ડંખપર આ પાણીમાં રૂનું પોલિયું ભિંજવીને મૂકી દેવું તથા વિંછી ચઢ્યો હોય ત્યાંસુધી એજ પાણી ચોપડીને જમણા હાથે ઉપરથી નીચેની બાજુ તરફ જરા ભાર દઇને ઘસવું તથા થોડુંક ૩ શીશીના પાણીમાં પલાળીને વિંછી જે બાજુ કરડ્યો હોય તેની સામેની બાજુના નસ્કોરામાં જોરથી તેમાંનું પાણી સુંઘાડવું તથા એજ (ઉલટી બાજુના) કાનમાં પણ એ શીશીમાંનું પાણી થોડુંક નાખવું.

૧૪–ઠીંકરામાં થોડા અંગારા મૂકી તેના ઉપર હળદરની ભૂકી ભભરાવીને તેનો ધૂમાડો કરડેલા અંગની સામેના નસ્કોરામાં લેવરાવવો.

૫૩–ગુગળના ધૂપનો મહિમા

(લેખકઃ–માસ્તર કાળીદાસ રાજાભાઈ બગસરાકર 'ગુજરાતી કેસરી')

જે સ્થળની હવા જરા પણ બગડેલી માલૂમ પડે અને જ્યારે ચેપી રોગોનું જોર વધતા પ્રમાણમાં આવે, ત્યારે વિદ્વાનો હવનહોમ કરવા ભલામણો કરે છે. આથી વાતાવરણ શુદ્ધ થઈ ચેપી રોગનાં પરમાણુઓ નષ્ટ થઇ ઘણી વખતે રોગનાશક હુમલાઓ તરત બંધ થતા જોવામાં આવેલ છે. જે ઘરમાં "વૈશ્વદેવ" યજ્ઞ નિયમિત થાય છે, તે ઘરના લોકોમાં કોઇ પણ ચેપીરોગ લાગુ પડવાનો ભય રહેતો નથી. સુગંધિત દ્રવ્યોના ધૂપથી વાતાવરણ શુદ્ધ થઇ તે મનુષ્યોને નિરોગી અને બળવાન તેમજ સુખી રાખે છે. વિશેષે કરીને ગુગળનો ધૂપ વાતાવરણને એકદમ સુધારે છે; કારણ કે ગુગળ જંતુઓનો નાશકર્તા છે. ગુગળના ધૂપસંબંધે અથર્વવેદના કાંડ ૧૯ ના મંત્ર ૩૮માં લખેલું છે કેઃ–

न तं यक्ष्मा अवरून्धत नैनं शपथो अश्नुते ।
यं भेषजस्य गुग्गुलोः सुरभिर्गन्धोऽश्नुते ॥

ગુગળ સુગંધિત વાસ ફેલાવે છે, તેથી યક્ષ્મા, ક્ષય વગેરે વ્યાધિઓ પીડા કરી શકતા નથી. વળી શપથ (શાપ) કે કોઇની બદદુઆ કે કોઇનુ મારણ–મોહન, ઉચ્ચાટન અથવા મંત્રતંત્ર ગુગળનો ધૂપ લેનારને સતાવી શકતાં નથી. વળી આર્યવૈદક ગ્રંથમાં લખ્યું છે કેઃ—

क्रमिपातभयाच्चापि, धूपयेत् सरलादिभिरिति।
सरलागुरुगुग्गुलुभिरितिचिकित्स संग्रहे चक्रे वा ॥

ગુગળના ધૂપમાં જંતુનાશક અજબ શક્તિ રહેલી છે. વળી તે શરીરમાં પ્રવિષ્ટ થયેલ જંતુને નષ્ટ કરી રોગીનો રોગ દૂર કરે છે. આજકાલ ભારતવર્ષમાં શ્વાસમાર્ગના અને ક્ષયના રોગની દોડાદોડી છે, તેનું ખાસ કારણ એ જોવામાં આવે છે કે, આપણે આપણા પૂર્વજ ઋષિમુનિઓની બતાવેલી પ્રણાલીને વિસરતા જઇએ છીએ, જેથી તેટલા પ્રમાણમાં નવા નવા રોગ શિરપર વહોરીએ છીએ. ગુગળના ધૂપથી ક્ષય આદિ સંક્રામક રોગોનો પંજો દૂર થાય છે. વળી જે સ્થળમાં એવાં સુગંધિત દ્રવ્યોના ધૂપધૂમાડા થાય છે, ત્યાં દેવતાઓનો વાસ થાય છે. વળી વાતાવરણ શુદ્ધ થઈ આનંદનું સ્થળ બને છે. જ્યાંનું વાતાવરણ શુદ્ધ અને આનંદમય ત્યાંની જીવનપળો વૃદ્ધિ પામતી જાય છે. જ્યાંનું વાતાવરણ નબળું અને મેલું દુર્ગંધયુક્ત તેની જીવનપળો આયુષ્યને વધતાં અટકાવનાર છે. વાયુ શુદ્ધ થવાથી તે દીર્ઘ જીવન બક્ષે છે. બિમાર માણસને સવાર–સાંજ ગુગળની સુગંધિત ધૂણીનો લાભ દેવાથી તેનો રોગ ટુંક મુદતમાં દૂર થઇ તંદુરસ્તી પ્રાપ્ત કરાવે છે. વિશેષે આ ધૂપ ચેપી રોગના જંતુઓનો જલદી નાશ કરે છે, જેથી જે જે સ્થળમાં ચેપી રોગના હુમલાઓ થતા જોવામાં આવે ત્યાં ગુગળની ધૂણી બેશક લાભકારી થશે. વળી પ્લેગ, કૉલેરા વગેરે દર્દ લાગુ થયેલા દર્દીને તપાસવા જતાં ચેપી રોગના હુમલાની ચિંતા રહે છે, તે ગુગળના ઉમદા ધૂપથી દૂર થાય છે. તે અમોએ અનુભવી ખાત્રી કરી છે. વળી ગુગળનો ધૂપ કેટલાક રોગોમાં દવાની પેઠે ફાયદાકારક જોવામાં આવેલ છે. સળેખમ અને ખાંસીમાં ગુગળનો ધૂપ લેવાથી ફાયદો દેખાયો છે. ઇન્ફ્લ્યુએન્ઝાના ભારે હુમલા વખતે ગુગળનો ધૂપ મુખમાં લેતાં તે રોગનું દર્દ મોળું દેખાયું હતું. ગુગળનો ધૂપ તમાકુની પેઠે પીતાં શરૂ થતા ક્ષયનો રોગ તથા શીત, દમ, ખાંસી, હેડકી, સળેખમ વગેરે દૂર થાય છે. વૈદકશાસ્ત્રમાં અનેક સ્થળે ગુગળનું ધૂમ્ર-

પાન કરવા જણાવે છે. તેમાં સીસમ, દેવદાર, ગુગળ, ચંદન, દેવચંદન આદિ સુગંધિત વસ્તુઓનો ધૂપ કીટાદિને હણે છે અને ચેપી રોગના દર્દીને બચાવે છે. ક્ષયમાં કેટલાક ધૂપો ઉપયોગી માલૂમ પડ્યા છે. તે ધૂપથી રોગના હુમલા શાંત થતા જોવામાં આવ્યા છે. સુગંધિત દ્રવ્યોની પેઠે તુલસી, ડમરો, ચંદન, દેવચંદન વગેરેનાં વૃક્ષો પણ વાતાવરણને સુધારનારાં માલૂમ પડ્યાં છે; માટે આર્યબંધુઓએ ધૂપના મહિમાને નહિ વિસારતાં ધૂપપ્રણાલી જે મંદ થતી ચાલી જાય છે, તેને પુનઃ સતેજ કરવાની જરૂર છે. પ્રત્યેક આર્યબંધુના ગૃહમાં ઉમદા ધૂપો થવાથી દેવોનો વાસ થઇ મનમાન્યા આશીર્વાદો મળ્યા કરશે. વળી વાતાવરણના સુધારાથી મગજમાં ઉમદા વિચારો ઉત્પન્ન થઈ રોગો દૂર થઇ સુખમાં સર્વદા વૃદ્ધિ થશે.

(ગુગળની માફકજ લોબાનનો ધૂપ ન્યુમોનિયાનો ચોક્કસ ઉપાય છે. ડૉકટરો ન્યુમોનિયામાં લોબાનનો ધૂપ વિલાયતી રીતે આપે છે. 'ન્યુમોનિયાકેટલ' માં ટીંકચરબેન્ઝોઇની કંપાઊંડ નાખી તેની વરાળ નળીવાટે ન્યુમોનિયાના દરદીના નાક આગળ છોડવામાં આવે છે. આ દવા અંગ્રેજી નામની છે, પણ એમાં લોબાનજ મુખ્ય વસ્તુ છે અને તેની મીઠી સુગંધનોજ ગુણ છે. વેપાર પોતાના હાથમાં રાખવામાટે અંગ્રેજી નામે અને દારૂમાં ભેળવીને, લોબાનજ વેચાય છે. ડૉકટર જો લોબાનનોજ ધૂપ કરવા કહે તો કદાચ લોકો એમ પણ ધારે કે એ તો સાધારણ ચીજ છે, એમાં શું ? પણ મોટું નામ ખીસ્સાં ખાલી કરાવે તે માનવું અને સાદી સમજણની વાત ન માનવી, એ બુદ્ધિની વિરુદ્ધની વાત છે. ઘરમાં આટલા માટેજ રોજ અગ્નિહોત્ર કરવાનું શાસ્ત્રકારોએ ફરજીઆત ઠરાવ્યું છે.

૫૪–રાઈમીઠાની મહત્તા

(લેખકઃ–મોહનલાલ માણેકલાલ ઝવેરી. 'ગુજરાતી' તા. ૨૩–૧૧–૨૪)

મીયાંભાઇઓ કહે છે કેઃ–"ઘરકી મુરઘી દાલ બરાબર" તેમ ચુના જેવીજ બીજી ઘણી ચીજો વધુ આદરણીય હોવા છતાં ઓછી આદર-

પાત્ર થઇ છે અને તેમાંની એક "નજર ઉતારવાનાં રાઇમીઠાં" પણ છે.

"નજર ઉતારવાનાં રાઈમીઠાં"નું નામ વાંચીને હું નથી ધારતો કે કોઈપણ વાચક હસ્યા વગર આગળ વધે; પણ ઉપકાર માનો એ જર્મન-અંગ્રેજની મોટીમસ લડાઇનો કે મા-દીકરાની કદીમદીની તકરારો બંધ થઈ અમારા ઘરમાં શાંતિનું સામ્રાજ્ય ફેલાયું.

નજર ઉતારવામાં રાઇ અને મીઠું બે ચીજ વપરાય છે. ભલી દુવાના અદૃશ્ય ગુણો તો થીયોસોફીસ્ટો જાણે કે એસોટેરીક મંડળ જાણે કે મેન્ટલ ટેલીપથીવાળા વિદ્યુન્માનસશાસ્ત્રીઓ જાણે; પણ મારે તો રાઈમીઠાં અગ્નિમાં નાખવાના ગુણદોષ જોવા છે. લડાઇમાં આ બન્ને ચીજોની ગેસ વપરાઈ છે, એ જાણીને બધાને અજાયબી લાગશે. રાઇની અને મીઠાની ધૂણીનાં સીલીંડરો-લોખંડના નળા ને નળા-ભરી ભરીને જર્મનોએ વાપર્યાં છે અને તે વખતે મને રઘુવંશનો પેલો શ્લોક યાદ આવતો-

संमोहन नाम सखे ममास्त्रं प्रयोग संहा विभक्तमन्त्रम्।
गांधर्व्व माद्त्स्व यत: प्रयोक्तुर्न चारिहिंसा विजयश्चहस्ते ॥

શત્રુની હિંસા કર્યા વગર તેનાપર વિજય મેળવવાનું સંમોહનાસ્ત્ર કાળીદાસે જણાવ્યું છે, તે આ રાઇમીઠાની ધૂમાડી તો નહિ હોય?

રાઈમીઠાની ધૂમાડીના નળા જર્મનોએ અંગ્રેજો વગેરે (મિત્રરાજ્યો)-પર ઠાલવ્યા, તે કંઇ નજર ઉતારવા માટે નહિ પણ નજર બાંધવામાટે-તેમને બેહોશ કરવામાટે, અને વધુ પ્રમાણમાં જેને લાગે તેને શારીરિક નુકસાન કરવા માટેજ; પણ આપણને એના નાના પ્રમાણના ગુણોની માહિતી ઘણી ઉપયોગી છે અને તે ડૉકટરોએ ભેગી કરી રાખી છે, એટલુંજ નહિ પણ ચિકિત્સામાં એ માહિતીનો ઘણો ઉપયોગ હવે કરવામાં આવે છે.

મીઠાના પૂજારી આપણા લવણાનંદજી મહારાજ જે મીઠા પાછળ સાધુ બન્યા છે, તેઓએ પણ કદી મીઠાનો આટલો સારો ઉપયોગ બતાવ્યો નથી, કે જેટલો ઘેર ઘેર ડોસીઓ જાણે છે!! મીઠું બાળવાથી **કલોરીન** ગેસ છૂટી પડી હવામાં મળે છે. એજ હવા શ્વાસમાં લેવાય છે. મનુષ્યમાત્રના ગળામાં સૌથી વધુ જાતના રોગના જંતુઓ હોય

છે, એ જાણીતું છે અને હવા ત્યાં થઇનેજ અંદર જાય છે. જો એમાં ક્લોરીનનો અંશ (ઘણોજ થોડો) હોય તો તે ગળામાંના રોગ જંતુઓને મારી નાખી આપણને તંદુરસ્ત રહેવામાં મદદ કરે છે. મીઠાની ધૂમાડી ઇન્ફ્લ્યુએન્ઝાની તો એક ઉત્તમમાં ઉત્તમ દવા છે અને મુંબઇના એક ઉત્તમોત્તમ રસાયનવિજ્ઞાનશાસ્ત્રી સ્વ. પ્રો. ટી. કે. ગજ્જરે "ટરક્લોરાઇડ"ની મેળવણી ઇન્ફ્લ્યુએન્ઝાની રામબાણ દવાતરીકે એક કંપનીને વેચી તેનો માત્ર નુસ્ખો આપવાના પચાસહજાર રૂપિયા લીધા હતા. લડાઇદરમિયાન પણ જે સોલ્જરોને "ક્લોરીન ગેસ" મીઠાની ધૂમાડી લાગેલી તેમને ઇન્ફ્લ્યુએન્ઝા થતોજ નહિ!! આ તર્કે મને પચીસેક વર્ષપરની એક વાત યાદ આવે છે, તે પણ આની પુષ્ટિમાં ઉપયોગી છે. મુંબઇમાં શ્રીગોપાળદાસ તેજપાલ હાઇસ્કૂલથી કાલકાદેવી તરફ જતાં અધવચમાં એક દવાખાનું ડૉ. **જગમોહનદાસ છબીલદાસ મરચંટનું** હતું. અમારા એક સંબંધીને પ્લેગ થયો ત્યારે તેમની દવા કરવા માંડેલી.

તેમણે અમને એક ધૂપ ચાલુ રાખવાનું કહ્યું હતું; તેમાં હું ભૂલતો ન હોઉં તો નીચે પ્રમાણેની ચીજો હતીઃ-

હીરાકસી ૧ શેર, નવસાર ૨ શેર, સાધારણ મીઠું ૩ શેર, ભેગું વાટી જાડા કપડાપર પાથરી તવાપર મૂકી તવો સઘડીપર ચઢાવી દેવો; એટલે એમાંથી ધૂણી નીકળ્યા કરે અને હવા શુદ્ધ થયા કરે. આ ધૂપ બળી રહે પછી જે લાલાશ પડતી રાખ રહી જાય તેને પાણીસાથે મેળવી ગાંઠપર ચોપડવી.

આ પ્રમાણે કરવાથી દરદીને આરામ થયો હતો. સાથે દવા એજ ડૉક્ટરની ચાલતી, પણ આપણે આ બધામાંથી ધૂપની બાબતપર લક્ષ્ય આપવાનું છે. ધૂપમાંની ચીજો આયર્ન સલ્ફેઇટ એમોનિયમ ક્લોરાઇડ અને સોડિયમ ક્લોરાઇડમાં પણ આપણા પ્રસ્તુત વિષયની મુખ્ય ગેસ ક્લોરીનજ દેખાય છે અને એનોજ ગુણ થતો હોય તેવું માનવાને કારણ મળે છે. લગાડવામાં બાકી રહેલું આમ આયર્ન ઓકસાઇડ વગેરે મિક્ષ્ચર ગાંઠને બાળીને ફાડી નાખે-કૉટરાઇઝ કરી નાખે, એ હેતુ હોવો જોઇએ એમ હું ધારું છું.

ઇન્ફ્લ્યુએન્ઝા ઘણો જલદી ફેલાય છે અને ડૉક્ટરો પાસે એનું કાંઈ

ખાત્રીભર્યું ઔષધ નથી; પણ ત્રણ કરોડ માણસના જીવ જવા પછી લડાઇએ શીખવ્યું કે, હવામાં સહેજ ક્લોરીન મળ્યું હોય તો ઇન્ફ્લ્યુએન્ઝા નષ્ટ થાય અને દરદીના ઓરડામાં થોડું ક્લોરીન છોડયું હોય તો ચોવીસ કલાકમાં દરદી સાજો થઇ શકે. ચેપી રોગ ચાલતા હોય ત્યારે ઇસ્પિતાલો, નાટકશાળા, સ્કુલો, સીનેમા, સભાગૃહો, ઑફિસો વગેરેની હવામાં ક્લોરીન છોડવુંજ જોઇએ. ક્લોરીનની ટાંકી કે સિલિંડર મળે છે, તેમજ છૂટક રંગવાળાને ત્યાં બ્લીચીંગ પાઉડર વેચાય છે. એનું પાણી કરી છાંટવાથી ક્લોરીન મેળવાય છે. મીઠું દેવતાપર નાખો કે ક્લોરીન મળે. મુંબઇ જેવા શહેરના વૉટરવર્ક્સ અને નહાવાના પાણીના તળાવોમાં સફાઇમાટે તે વપરાય છે, એથી શુદ્ધ પાણી પીવા મળી શકે. જો કે એનાથી કુદરતી પાણીના થાક ઉતારવાના અને રોગ પ્રતિબંધક ગુણો પણ હણાઇ જાય છે, પણ ક્લોરીનથી પાણીમાંના રોગજંતુ નષ્ટ થાય છે.'

ઇ૦ સ૦ ૧૯૧૭માં ફ્રાન્સમાં ખૂબ ઇન્ફ્લ્યુએન્ઝા ચાલતો હતો. લશ્કરની છાવણીમાં પણ એણે ત્રાસ વર્તાવ્યો હતો. બીજી તરફ લગભગ ઘણા સોલ્જરો ક્લોરીન ગેસથી મરણ પામ્યા હતા; પણ અહીં જે ગેસ લાગેલા સોલ્જરો બચી ગયેલા આવ્યા તેમાંના એકને ઇન્ફ્લ્યુએન્ઝા લાગુજ પડયો નહિ!! આજ પ્રમાણે ગેસ (ક્લોરીન) લાગેલાઓને કદી બ્રોંકાઇટીસ (ઉધરસ) અને ન્યુમોનીઆ પણ થતો નહિ; તેમજ શ્વાસમાર્ગના કોઇ રોગ થતા નહિ. આ બધાનું કારણ તપાસતાં લડાઇ ખાતાના ડૉક્ટરોને જણાયું કે, એ તો હવામાં સહેજ ક્લોરીન મળેલું હોવાને લીધેજ હતું, એમાં શક નહિ.

હાલમાંજ લશ્કરમાં શરદીનો રોગ ચાલ્યો હતો અને તેમાં ઉધરસ લાગુ પડતી. ડૉક્ટરોએ આ જણાતાંજ લશ્કરની નજર-રાઇમીઠું-ઉતારવાનું નક્કી કર્યું! તેમણે એક ઓરડો તૈયાર કર્યો અને પચાસ પચાસ જણને તેમાં બેસાડી મીઠાની ધૂમાડી-ક્લોરીન ગેસ-છોડવા માંડી અને બધાને શ્વાસ ચલાવવા હુકમ કર્યો. ચોવીસ કલાકમાં તો બધાંની શરદી અને ઉધરસ મટી ગયાં!! હવે તો એ સિદ્ધાંત થઇ ગયો છે કે,

ક્લોરીન–મીઠાની ધૂમાડી અને બીજી રાઈ વગેરેની ધૂણી ચેપી રોગો-નાં જંતુઓને નષ્ટ કરે છે અને વધતા અટકાવે છે; માટે તેજ વાપરવી. રાઇની ધૂણી ક્ષયરોગના નાશનું કારણ થશે, એમ ખાત્રી થવા માંડી છે. ૧૯૧૭ માં ઈપ્રીસમાં જર્મનોએ પહેલવહેલી રાઈની ધૂણી વાપરી હતી. આ ધૂણી અપાયલા સિપાઇઓમાં જેટલા ક્ષયના દરદી દર હજારે હતા તે કરતાં બહારના લશ્કરમાં ૧૯૧૮ માં દોઢા દરદી દર હજારે હતા; અને ૧૯૧૯ માં રાઈની ધૂણી ખાધેલા સોલ્જરો કરતાં બહાર-નામાં ક્ષય બેવડો હતો, એટલે કે ક્ષયરોગ રાઇની ધૂણી લીધેલાને થતો નહિ અને હોય તો ઘટતો જતો હતો.

લડાઈની છેવટ મિત્રરાજ્યોના રણસંગ્રામપરના લશ્કરીઓમાં ક્ષય વધતો જવો જોઇતો હતો; કેમકે ખાવા–પીવા અને સૂવાની કાયમ હાડ-મારી હતી અને હવા લાગતી, છતાં ક્ષય ઘટ્યો!

પાછળથી પ્રયોગો કરતાં જણાયું હતું કે રાઈની ધૂણીના એક ટકાના ઇંજેકશનથી ક્ષય થતો અટકે છે, તેમજ વધતો પણ અટકે છે.

લડાઇની બીજી લેવીસાઇટ વગેરે ગેસો અને તેના ફાયદાથી આપ-ણને અહીં કશું લાગતું-વળગતું નથી, તેથી તેનું વર્ણન અહીં નકામું છે; પણ આટલાજ વર્ણનપરથી ડોશીમાનાં રાઈમીઠાં ઉતારી બાળવાના વહેમનું મૂળ સમજી શકાશે.

અમેરિકામાં વૉશિંગ્ટનના નેશનલ કેપીટોલમાં સીનેટર્સની શરદી મટાડવા માટે કેમીકલ વેલ્ફેર સર્વિસની દેખરેખ નીચે એક ઓરડો ક્લોરીન આપવા માટે રાખ્યો છે. અહીં શરદી લાગેલા સીનેટરોને એક કલાકસુધી ક્લોરીનવાળી હવામાં બેસાડવામાં આવે છે અને તેટલા-માં તેઓ સંપૂર્ણ તંદુરસ્ત થઈ જાય છે; પણ કવચિત્ બબ્બે દિવસને અંતરે ત્રણ વાર ક્લોરીન ગેસ લેવી પડે છે, જેથી ઉધરસ અને શરદી બંને મટી જાય છે. લડાઇ ન થઇ હોત તો શ્વાસનળીના આ બધા રોગોમાટે રાઇમીઠાની ધૂણી (ક્લોરીન એન્ડ મસ્ટર્ડ ગેસીસ) એટલી ઉપયોગી છે, એ કેમ જણાત?

શરદી, ન્યુમોનીઆ, ડીફથેરીઆ (ગળસુણી), ઉધરસ આદિનાં જંતુ-ઓ **જીલેટીનપર** ઉછેરીને તેઓને સહેજ ક્લોરીન મેળવેલી હવામાં રાખવામાં આવ્યાં હતાં અને નાનાં જંતુઓને જરાએ હરકત ન કરે એટલા પ્રમાણમાં ક્લોરીન ગેસ મેળવેલી હવામાં એક કલાક રાખવાથી એ બધાં જંતુઓ સદંતર નષ્ટ થયાં હતાં.

કેમીકલ વેલ્ફેર સોસાઇટીએ લડાઇ ખાતાના ડૉકટરો સાથે મળીને ગેસોના સાધારણ રોગોમાં લાભ લેવામાટેના પ્રયોગો શરૂ કર્યા. એક એર-ટાઇટ ઓરડો બાંધી તેમાં ગેસોદ્વારા પાંચથી છ માણસોનો ઇલાજ કરવાનું ચાલુ કર્યું. શરદી, સળેખમ, નાકમાંનો સોજો, ઉધરસ, ઘોડા-ઉધરસ અને ઇન્ફ્લ્યુએન્ઝા વગેરેના દરદીઓને એથી આરામ થવા માંડયો.

ઘણાખરા દરદીઓને એક વાર ગેસ આપવાથીજ ફાયદો થઇ જતો, કેટલાએકને એકથી વધારે વાર પણ "ધુણાવવા" પડતા; પણ સેંકડે પંચાણું, ખાસ કરી શરદીના તો સોએ સો દરદી સુધરીજ જતા. કોઇકજ એવા હઠીલા નીકળતા, જે ગેસથી સુધરતા જણાતા નહોતા.

પણ એ અગવડ પણ અનુભવાઇ છે કે, ઓરડા બાંધવાનું કંઇ બધે પરવડે નહિં. બીજી કોઈ રીત જોઇએ, તેથી કૅમીકલ વેલ્ફેર સર્વિસે નાનુંસરખું યંત્ર બનાવ્યું છે; જે ડૉકટર પોતાના દરદીમાટે ગમે ત્યાં પણ વાપરી શકે. આ યંત્રમાંથી મરજી માફક હવા અને ગેસની મેળવણી છોડાય છે અને હવે વૉશિંગ્ટનના કેપીટોલમાં સીનેટરો માટે એ યંત્રજ વપરાય છે. ક્લોરીનની ટયુબમાંથી મીઠાના પાણીમાં થઇને ક્લોરીન ગેસ થોડે થોડે વખતે હવામાં છૂટયા કરે છે અને દરદી શ્વાસ લીધા કરે છે. દર વખતે ૩૦ કયુબીક સેન્ટીમીટર ક્લોરીન ગેસ છૂટે છે. માણસના શ્વાસમાં **એક લાખ ભાગ હવામાં એક ભાગ ક્લોરીન** મળીને જતી હોય ત્યાંસુધી જરાએ અડચણ આવતી નથી. આથી વધારે થતાં શ્વાસનળીમાં ખરાઈ જવા જેવું-વવળવા જેવું-થાય છે. ક્લોરીનની જે ટયુબો બનાવવામાં આવી છે, તેમાંથી સાત વખતમાં થઇને દશ ફીટ લાંબા, દશ ફીટ પહોળા અને દશ ફીટ

ઉંડા ઓરડામાં (દર એક લાખ ભાગે એક ભાગ ક્લોરીન ગેસને હિસાબે) ગેસ પૂરતી થઈ પડે છે. શ્વાસનળીના આખા વિસ્તારપર જે ભીનાશ હોય છે, તેમાંજ રોગના જંતુઓ રહે અને ઉછરે છે; અને આ ગેસવાળી હવામાં એ ગુણ છે કે, તે એ બધે ઠેકાણે લાગીને બધા પ્રકારના રોગનાં જંતુઓનો નાશ કરે છે. થોડા દહાડામાં એ નવી પદ્ધતિ અહીં પણ પગપેસારો કરશે અને આજ ડૅાકટરોને જેમ ઇંજેક્શનોના નામે તડાકો પડે છે અને જરૂર કે બીનજરૂરે જેમ ઇંજેક્શન દરેક દરદીને બતાવી દેવાગાં આવે છે અને હવે દવાના આઠ આના કે બાર આના મોંઘા લાગે છે અને ઇંજેકશનના પાંચ દશ કે પચાસ-સાઠ વહાલા લાગે છે, તેમ ગેસીંગનો નવો બજાર ખુલશે! કોઇ રાઈમીઠાં ઉતારવાનું નહિ કહે, પણ ગેસ લેવાનુંજ કહેશે અને શનિ કે રાહુની ઉતરીને ડૅાકટરોને શુક્રની દશા બેસશે!!

ગેસની વાત ચાલતાં લેવીસાઇટ ગેસપર પણ વિચાર કરવો અસ્થાને નહિ ગણાય. "આર્સેનીક" (સોમલ) અને "એસીટીલીન" (કેલ્સ્યમ કારબાઇડની ગેસ) બન્નેના મિશ્રણથી લેવીસાઇટ બને છે; અને મનુષ્યની ચામડીપર માત્ર લાગે એટલામાં જીવ લે, એટલા માટે લડાઈમાં તે વપરાતી હતી. એક લશ્કરી ડૅાકટરે એનાથી ગાંડાઓને સાજા કરવાનું શોધ્યું અને અનેક દરદીઓ સુધાર્યા છે.

૫૫-કચકડાની વસ્તુઓ વાપરવામાં પાપ છે.

કચકડામાટે બિચારા લાખો કાચબાને કેવું ત્રાસદાયક દુઃખ દેવામાં આવે છે, તેનું વર્ણન નીચે પ્રમાણે છે:-

"રાત્રે માછીમારો કિનારા ઉપર જેમ બને તેમ છુપાઈ રહે છે અને જ્યારે કાચબાઓ પાણીની બહાર નીકળીને જમીન ઉપર આવે છે, ત્યારે તે માછીમારો દોડી જઇને લોઢાના આંકડાવતી તેમને ચત્તા કરી નાખે છે અને સવારસુધી એજ સ્થિતિમાં રાખે છે. પછી સવાર પડતાં તેમને કુદરતી સ્થિતિમાં ઉંધા પાડે છે અને ખીલીઓ સાથે તેમને

મજબૂત બાંધે છે. પછી તેમની પીઠપર સૂકાં પાંદડાં કે ઘાસ પાથરીને સળગાવે છે. ઢાલ (કાચબાની પીઠ) સાંધાઓથી છૂટી પડે પણ તે બગડે નહિ એટલી આગ લગાડવામાં આવે છે. પછી ઢાલ નીચે એક છરી ઘાલીને આસ્તે આસ્તે કાચબાની પીઠ કાપી જૂદી પાડવામાં આવે છે. કોઈ પણ માણસ સહેજે સમજી શકશે કે, એ ક્રિયા ઘણીજ ઘાતકી છે અને ઘણા કાચબાઓ તેથી મરી જાય છે; પરંતુ ઘણાખરા તેથી મરતા નથી અને વખત જતાં માણસની આંગળી ઉપરથી ઉખડેલો નખ પાછો ઉગે તેમ તે કાચબાઓને પણ નવી ઢાલ ઉગે છે."

ઉપર પ્રમાણે જ્યાંસુધી બિચારા કાચબાઓ જીવતા રહે અને તેમને ફરી ફરીને ઢાલ આવે, ત્યાંસુધી ફરી ફરીને તેમને પકડીને ભયંકર દુઃખ દેવામાં આવે છે; માટે દરેક દયાળુ સ્ત્રી–પુરુષની ફરજ છે કે, એવી ક્રૂર રીતે મેળવેલી કાચબાની ઢાલ એટલે કચકડાના કરડા, વિંટી, બટન, ઘડીઆળની સાંકળી, કાંસકી વગેરે વસ્તુઓ વાપરવી જોઈએ નહિ.

૫૬—લાકડાં બાળવાથી થતા ફાયદા

(લેખકઃ–મોહનલાલ માણેકલાલ ઝવેરી. 'ગુજરાતી' તા. ૨૩–૧૧–૨૪)

ઘરમાં લાકડાં બાળવા બાબતના ગુજરાતીમાંના મારા ચર્ચાપત્રનો કોઈએ રસાયનશાસ્ત્રાધારે જવાબ આપવા તસ્દી લીધી નથી. મેં વધારે તપાસ કરતાં મને તો એમાં ફાયદાજ જણાતા જાય છે, તેથી એ બાબત વિશેષ લખું છું. લાકડાના ચુવાના ગુણોનો સમાવેશ કેટલેક અંશે ધુપેલવાળા લેખમાં થઈ ચૂક્યો છે. લાકડાં બાળવાથી અને ધુપેલ વાપરવાથી તેમજ હવન કરવાથી થોડા થોડા ફેરફાર સાથે સરખાજ ફાયદા છે; એટલે કે મુદ્દો મુખ્યત્વે "ક્રિયોસોટ" ચુવાનોજ જણાય છે. ઔષધિફેરથી અને પ્રક્રિયાફેરથી જૂદા જૂદા ગુણો થાય. જેમકે ધુપેલમાં બ્રહ્મી વધારે હોય તો અપસ્મારાદિ જ્ઞાનતંતુના રોગોને ફાયદો કરે અને બાવચી હોય તો કુષ્ઠાદિ ત્વગ્રોગો–ત્વચા–ચામડીના રોગોને ફાયદો કરે. હવનનું પણ તેમજ સમજવું.

લાકડાં બાળનારના ઘરમાં બાંધકામમાં વાપરેલાં લાકડાંને ઉધઈ લાગતી નથી, તેમજ બામ્બુ–વાંસ જે બહુજ જલદી સડી જાય તે પણ પચાસ વર્ષસુધી સડી જતા નથી, એ એક અમેરિકન ઇંજીનિયર જીમનટારીઝ અગાઉ જણાવી ચૂકયો છે. લાકડાંનો ધૂમાડો દાઢપર લાગવાથી તે દુઃખતી મટે છે અને લાકડાના ચુવાથી દાંત હાલતા મટી, પાયરિયા જેવાં દરદો સારાં થાય છે, એમ અનુભવી વૈદ્યથી સાંભળ્યું છે. લાકડાંનો ચુવો રેલ્વે સ્લીપર પર લગાડવાથી મચ્છરો તેનાથી દૂર ભાગે છે; અને તે પરથી કેટલાક ડૉકટરોએ નમુનાતરીકે પચીસ ઘરને લાકડાનો ચુવો (ક્રિયોસોટ) લગાડીને અનુભવ લીધો તો જણાયું કે, મેલેરીઆના કે કોઇ પણ મચ્છરો એ ઘરની સામે નજરસરખી કરતા નહોતા ! લાકડાના ચુવાને (વુડક્રિયોસોટ) કડછી કે વાડકીમાં નાખી સઘડીપર મૂકીને ધૂમાડી ઓરડામાં ભરાવા દેવાથી અને ધુણી લેવાથી અસ્થમા–દમને ઘણો ફાયદો કરે છે, ઘોડાઉધરસ–(વ્હુપીંગ કફ)ને મટાડે છે અને સળેખમને ઘણો ફાયદો કરે છે. 'મ્યુકસ મેમ્બ્રન્સ' એટલે કે શરીરની અંદરના અસ્તરને એથી ઘણો લાભ છે; અને "બીચવુડ" નો ચુવો (બીચવુડ ક્રિયોસોટ) તો ડૉકટરો આજ પણ ક્ષય માટે ખૂબ વાપરે છે. લાકડકામને તેલનો રંગ લગાડવાથી તે અંદરનું અંદર ઉલટું કોહી જવા સંભવ છે, એ બાબત દાખલાદલીલ સાથે–ચિત્રો સાથે સાયંટિસ્ટો–વૈજ્ઞાનિકોએ સમજાવી છે; પણ ક્રિયોસોટથી સોએ સો ટકા રક્ષણ થાય છે, એ તો કોઇ પણ રેલ્વેની સ્લીપર બાબત તપાસ કરતાં જણાશે. રેલ્વેવાળા ક્રિયોસોટેડ સ્લીપર્સજ વાપરે છે અને તેથી વરસાદના પાણીમાં પડી રહેવા છતાં ને જમીનમાં રહેવા છતાં તે સડતી નથી કે તેને ઉધઇ લાગતી નથી.

અહીં ધ્યાનમાં રાખવાનું છે કે, ક્રિયોસોટ–ચુવો બે જાતનો આવે છે. લાકડાનો અને કોલસાનો. આપણને લાકડાનાજ ચુવાની સાથે મતલબ છે. "મર્કસ મેન્યુઅલ ઑફ મૅટીરીઆ મેડીકા"માં ત્રીસમે પાને લખ્યું છે કે, વિલાયતી કોલસા બાળવાથી જે ધૂમાડો નીકળે અને

તેમાં જે ધુવો ઉડે તે ઝેરી છે, તેથી એ કોલસા ઘરમાં બાળવા જેવા ગણાય નહિ. લાકડાંનું તેમ નથી; અને મારે માત્ર લાકડાનાજ ધુવા સાથે સંબંધ છે. લાકડાના ધુવાના ગુણની એક ચમત્કારિક વાત "ઑટોક્રેટ એટ ધી બ્રેકફાસ્ટ ટેબલ" નામના પુસ્તકમાં તેના કર્તા હાર્વુડ મેડીકલ કૉલેજના પ્રૉફેસરે લખી છે. તે કહે છે કે, એક સ્વયંભૂ ડૉકટરે એક વખત એક અમૃત શોધી કાઢ્યું. જૂદી જૂદી વનસ્પતિઓ દવાતરીકે વાપરવી તે કરતાં બધી જાતની વનસ્પતિઓના ધુવાનું પાણીજ વાપરવું, એટલે બધી દવાનો અર્ક આવ્યો અને બધા રોગ તેનાથી મટેજ મટે! એવો તેણે નવો સિદ્ધાંત કાઢ્યો! અને તે ખરેજ ગુણકારી નિવડયો. લાકડાના ધુવાનું નવ્વાણું ભાગ પાણીમાં એક ભાગનું મિશ્રણ કરીને તે તેણે બધાને ઠોકવા માંડ્યું!! તે એટલે સુધી કે ક્ષયવાળાને પીવામાં અને છાતીએ ચોળવામાં પણ એજ અને ખરજવા કે દાદરપર લગાડવા પણ એજ અને તેનાથી બધાને ફાયદો થવા માંડ્યો. મોટા મોટા રાજા-રજવાડા પણ તેને બોલાવવા મંડ્યા. પછી ડૉકટરોએ તેને પૂછ્યું તો જણાવ્યું કે, એ તો ક્રિયોસોટનું પાણી હતું. આના ગુણ આટલા બધા હશે એમ પૂર્વે ડૉકટરો નહોતા જાણતા.*

ક્રિયોસોટ, ગ્વાયાકોલ (ક્ષયની દવામાં ગુલાબ જેવી વાસનો વપરાતો પાઉડર) અને કિસોલનું બનેલું છે અને લાકડાના ધુવામાંથી નીકળે છે. કાર્બોનિક એસીડથી ક્રિયોસોટ દરેક પ્રકારે સારૂં છે.

આ બધું લાકડાં બાળવાની અને લાકડાં ન બાળો તો હવન કરવાની પુષ્ટિ કરનારૂં છે. હવનના બીજા ઘણા ઘણા ફાયદાઓ છે, પણ સમિધ અને લાકડાં બળે તેટલોજ ગુણ ગણીએ તોએ ઘણું છે. વર્ષોસુધી આ લેખકે રોજ જે હવનમંત્રો જપ્યા છે, તેનો અર્થ હવે સમજાય છે, ત્યારે આદરભાવ આવે છે અને આનંદ થાય છે. એ મંત્રો આ પ્રમાણે:—

उद्बुध्यस्वाग्ने प्रतिजागृहि त्वमिष्टापूर्ते सꣳसृजेथा मयं च ।

---

* આ પછી બે નાના પેરા અંગ્રેજી લિપિમાં હોઈ તે ભાષાના વાચક માટેજ કામના હતા, એટલે તે અહીં લીધા નથી. સંપાદક

अस्मिन्सधस्थे अध्युत्तरस्मिन्विश्वेदेवा यजमानश्च सीदत । અને **अयं त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्व वर्धस्व चेद्ध वर्धय । चास्मान्प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा ॥**

આમાં જાતવેદ અગ્નિને પ્રાર્થીને કહ્યું છે કે, તું વધ અને અમને વધાર–પશુ, બ્રહ્મવર્ચસ્, અન્ન વગેરેથી. વૈજ્ઞાનિક દૃષ્ટિથી હવનનું ગુણ-વર્ણન 'આર્યજીવન'માં શ્રી. રામશરણદાસ સકસેના એમ. એસ. સી. એ કર્યું હતું. તેમાં બીજા પણ મંત્રો આપીને અગ્નિથી સો વર્ષના આયુષ્યની પણ માગણી બતાવી હતી. હવનમાં મુખ્યત્વે ઘી, ઔષધિ-ઓ, અન્ન અને સુગંધી પદાર્થો તથા સાકર વપરાય છે. તેના ગુણ બાબત તેમના લેખમાંથી નીચેનાં ટાંચણો લીધાં છે:–

"મદ્રાસના સેનેટરી કમિશ્નર કર્નલ કીંગ આઇ. એમ. એસ. એ ૨૫ મી માર્ચ સને ૧૮૯૮ એ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ઘી, કેસર તથા ચોખા મેળવીને બાળવાનો ઉપદેશ કર્યો હતો...પ્લેગ વગેરેના જીવા-ણુઓ આ ચીજો બાળવાથી ઉત્પન્ન થતી ગેસોની હસ્તીમાં નષ્ટ થાય છે. હૈનકિને પોતાની "ન્યૂમોનિક પ્લેગ" નામની ચોપડીમાં એ વ્યાખ્યાનનું વર્ણન કર્યું છે. ફ્રાંસના ડૉ૦ હાફકીનની પણ સંમતિ છે કે, ઘીને બાળવાથી જે ધૂમાડી ઉત્પન્ન થાય છે, તે હાનિકારક જી-વાણુઓનો નાશ કરે છે. ડૉ૦ ટ્રિલવર્ટે બળતી સાકર ઉપર પરીક્ષા કરીને બતાવ્યું કે, સાકરને બાળવાથી જે બાષ્પ ઉત્પન્ન થાય છે, તેમાં ફોર્મેલ્ડીહાઇડનું વધારે પ્રમાણ હોય છે. તેનાથી ક્ષયરોગ, શીળી, કૉલેરા વગેરેના જીવાણુ નષ્ટ થાય છે. હવનદ્રવ્યમાં જે એરો-મેટીકસ–સુગંધી દ્રવ્ય આવે છે, તેમાંનાં વોલટાઇલ ઑઇલ્સ–ગરમીથી વરાળરૂપ થઈ જનારાં તેલો જબરાં જંતુનાશક (જર્મીસાઇડસ) છે." શ્રી. સકસેના માને છે કે, હવનથી ઉત્પન થતી ધૂમાડીમાં એલ્ડીહા-ઇડસ, ફીનોલ્સ, ક્રિયોસોટસ, ટર્પેન્સ અને સાઇક્લિક કોમ્પાઉન્ડસ હોય છે. આ બધું એમણે પ્રયોગોથી સિદ્ધ કર્યું છે અને એ પ્રયોગો વાંચવા જેવા હોવા છતાં વિસ્તારભયથી અહીં ઉતારી લીધા નથી.

એક પ્રયોગ એમણે એ પણ કર્યો હતો કે, હવનની ધૂમાડી નળીવાટે પાણીમાં દાખલ કરીને તે પાણીથી એક હૉસ્પિટલમાં જખમો ધોવડાવ્યા અને તે પ્રયોગમાં એમ જણાયું કે, એ પાણી સારા એન્ટીસેપ્ટિક લોશનની ગરજ સારતું હતું.

આ ઉપરથી એમ જણાય છે કે, પૂર્વજો સ્વતંત્રતાના વધુ ઉપાસક હતા. ખાવા–પીવામાં, હુન્નર–ઉદ્યોગમાં તેમજ સ્વાસ્થ્યમાં પણ તેઓ મ્યુનિસિપાલિટીને ભરોસે રહેતા નહિ. ગ્રામ્ય ઉદ્યોગોની માફકજ જનસુખાકારીનું પણ સ્વાતંત્ર્ય રાખ્યું હતું અને તેમાં પહેલી સહીસલામતીનો નિયમ રાખેલો જણાય છે.

લાકડાં બાળવાં કે નહિ તેનો નિર્ણય આટલાપરથીજ થઇ જશે. જેમને લાકડાં બાળવાં પસંદ ન હોય તેમણે હવન તો જરૂર કરવોજ જોઇએ. મુંબઇગરાઓએ તો જરૂર ડૉક્ટરના પંજામાંથી છૂટવા સારૂ દરરોજ હવન કરવો જોઇએ.

यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् ॥

૫૭–ગૌચર કે ગૌચરણ

(લેખકઃ–ડૉ. મોતીરામ હરિશંકર ભટ્ટ 'ગુજરાતી' તા. ૨૩–૧૧–૨૪)

ઢોરને ચરવાની સાર્વજનિક પડતર જમીન

દિલગીરીની વાત એ છે કે, આજકાલ દિવસે દિવસે ગૌચરણ બહુ ઓછાં થતાં જાય છે. સરકાર આવક વધારવાના હેતુથી પડતર જમીન હરાજ કરે છે અને દીર્ઘદૃષ્ટિથી નહિ વિચારનારા ખેડુતો ઉત્સાહથી તેને ખરીદે છે. આથી સરકારને જાથુનો ને જમીન રાખનારને તાત્કાલિક લાભ થતો હશે, પણ પરિણામે અનેકને નુકસાન થાય છે.

પૂર્વે રાજ્યસત્તાનો એ ધર્મ ગણાતો હતો કે, જે ગામમાં જેટલાં ઢોર હોય, તેટલાં ઢોરને આખું વર્ષ ચાલે એટલી જમીન ગૌચરણમાટે અલગ રાખવી. ગાયો અને ભેંસો આખો દિવસ સ્વતંત્ર રીતે ખુલ્લી જગ્યામાં

ચરવાથી હૃષ્ટપુષ્ટ રહેતી, પુષ્કળ દૂધ અને બચ્ચાં આપતી, ગરીબ લોકો પણ દૂધ, છાશ ને ઘીનો ઉપયોગ કરી શકતાં અને કલ્લોલ કરતાં.

પૂર્વે એક ગાય ઘેર રાખવાનું માસિક ખર્ચ માત્ર એકાદ રૂપિયો થતું. "એકનો ગોવાળ ને સોનો ગોવાળ" એ કહેવત પ્રમાણે માસિક બે આનામાં ગામનો ગોવાળીઓ એક ગાયને આખો મહિનો ચરાવતો. હિંદુ રિવાજ પ્રમાણે ભોજન વખતે જે ગવાનક કાઢવામાં આવતું, તેથી ગાયને પુષ્ટિકારક ખોરાક મળી રહેતો. આવી સરળતા હોવાને લીધે દરેક બિનખેડુત ગૃહસ્થને ઘેર પણ એકેક ગાયનું પોષણ થતું અને વાછરડાં થતાં તે જુજ કિંમતે ખેડુતોને મળતાં, જેથી અત્યારે બળદની જે તાણ ખેડુતોને પડે છે તે પડતી નહોતી. દૂધની એટલી છત હતી કે, "દૂધ વેચવું ને દીકરો વેચવો" એ કહેવત પ્રમાણે વેચાતું દૂધ આપવામાં લોકો પાપ સમજતા. દરેકને ઘેર ગાય હોવાથી હાલની માફક ઠામઠામ દૂધની દુકાનોની જરૂર નહોતી. ગાય નહિ પાળી શકે તેને જોઇતું દૂધ વિનામૂલ્યે મળી રહેતું.

અત્યારે ચોખ્ખું દૂધ મેળવવું હોય તો ઘેર ગાય કે ભેંસ પાળવી જોઇએ અને એવું એક જાનવર પાલવવાનો ખર્ચ હાલની ઘાસચારાની મોંઘવારીમાં માસિક દશબાર રૂપીઆ થતો હોવાથી ખેડુતવર્ગ સિવાય બીજા માણસને ઘેર ઢોર પાળવાનું પરવડતું નથી.

દેશની આબાદાનીનો આધાર તેમાં વસતાં સ્ત્રી–પુરુષોની તંદુરસ્તી ઉપર રહે છે. એ તંદુરસ્તીનો મુખ્ય આધાર સમાજને ચોખ્ખા અને પૂરતા પ્રમાણમાં મળતાં ઘી, દૂધ વગેરેપર હોય છે. ઘી, દૂધ વગેરે પુષ્કળ મળે એ માટે દૂધાળાં ઢોરની સંખ્યા વધવી જોઇએ. એ સંખ્યા ત્યારેજ વધે કે જયારે દરેક ખેડુત યા બિનખેડુત ઓછામાં ઓછી એક ગાય–ભેંસનું પોતાને ઘેર પાલન કરી શકે અને એવી સ્થિતિ ઉત્પન્ન કરવા દેશમાં ગૌચરણ પુષ્કળ પ્રમાણમાં હોવાં જોઇએ.

કેટલાક એવો સવાલ ઉઠાવે છે કે, ગૌચરણમાટે પડતર જમીન રાખવાની કાંઈ જરૂર નથી; કારણ એવી પડતર જમીનમાં તો માત્ર

ઘાસજ ઉગે, જ્યારે એ જમીન ખેડાવી તેમાં જુવાર, બાજરી વગેરેનું વાવેતર કરવામાં આવે તો ઢોરને માટે ઘાસચારો ને માણુસમાટે અનાજ બેઉ એકીવખતે પેદા કરી શકાય. ઉપલક દૃષ્ટિથી જોતાં આ દલીલ વ્યાજબી લાગશે, પણ ગામડાંમાં ફરી જેઓ ખેડુત ને ઢોરની હાલની ને ભૂતકાળની સ્થિતિનો મુકાબલો કરી જુએ છે, તેને આવી દલીલ પોકળ જણાયાવિના નહિ રહે. મેં એવા ખેડુતો જોયા છે, કે જેઓ કપાસના મોંઘા ભાવ લઇ પૈસાદાર થવાના લોભમાં બધી જમીનમાં કપાસનું વાવેતર કરી ઢોરનું ગુજરાન પરદેશી ઘાસની બરકી ઉપર ચલાવે છે!!! બીજી રીતે વિચાર કરીએ તો ગૌચરની તંગાશને લીધે ઢોર પાળવાનો ખર્ચ વધારે આવતો હોવાથી ખેડુતસિવાય બીજા લોકો ઢોર પાળી શકતા નથી, જેથી ખેડુતવર્ગ ઉપર સમાજને અન્નવસ્ત્ર પૂરું પાડવાના બોજા ઉપરાંત જનસમાજને ઘી–દૂધ પૂરૂં પાડવાનો પણ બોજો રહે છે. ગૌચરણ વધારે હોય, ને ઘાસચારો સસ્તો હોય તો બિનખેડુત પોતાને જોઇતાં ઘી–દૂધનો બંદોબસ્ત ઘેર દૂઝણું ઢોર રાખી ઓછા ખર્ચે કરી લેવા લલચાય, વાછરડાં થાય તે ખેડુતોને જુજ કિંમતે મળે અને પરિણામે ખેડુતને સસ્તા બળદો પૂરા પાડવાના સાધનરૂપ બને.

જે જમાનામાં ગૌચરણમાટે એકંદર જમીનનો ચોક્કસ ભાગ રાજાઓ ફરજીઆત રીતે અલગ કાઢી આપતા, ઋષિમુનિઓ આવા ગૌચરણ ઉપર હજારો ગાયોનું પોષણ કરતા, એ ગાયોના દૂધથી હજારો બાળકો જંગલમાં પોષાઈ, હૃષ્ટપુષ્ટ બની બ્રહ્મચર્ય પાળી વિદ્યાભ્યાસ કરતા તે વિદ્યાર્થીઓ સાથે, આજના જમાનામાં ચ્હાની સાથે જેને માત્ર એક બે તોલા દૂધ (અને તે પણ ભેળસેળવાળું) આખા દિવસમાં મળતું હોય તેવા સત્ત્વહીન, ઉંડી આંખ, ધોળા વાળ ને બેસી ગયેલા ગાલવાળા વિદ્યાર્થીઓને સરખાવો! મનમાન્યું ઘાસ આખો દિવસ જંગલમાં સ્વતંત્ર રીતે ચરતા ઢોરની તંદુરસ્તી સાથે ઘેર બાંધી મૂકેલા ઢોરની તંદુરસ્તી સરખાવો! જે જમાનામાં ઘાસનો ભાવ એક રૂપીઆનું આઠ મણનો હતો અને ગાય, બળદ કે ભેંસની કિંમત

રૂ. ૨૦ થી ૫૦ હતી, તે જમાના સાથે હાલનો જમાનો કે જેમાં એક રૂપીએ મણ ઘાસ મળે છે, છાશને વારે દુષ્કાળ પડે છે અને એક ઢોરની કિંમત રૂ. ૧૦૦ થી ૪૦૦ સુધી થાય છે તે સરખાવો; એટલે ગૌચરની ખરી જરૂરિયાત આપના ધ્યાનમાં સહજ આવશે.

દરેક ગામના આગેવાનોને મારી પ્રાર્થના છે કે, પોતાની વસ્તીના પ્રમાણમાં જેટલાં દૂધાળાં જાનવરનું પોષણ થાય તેટલી ગૌચરની જમીન અલગ રાખવી. અત્યારે ભાગ્યેજ એવું કોઇ ગામ હોય છે, કે તે ગામને પેટે તેજ ગામના ઢોરનું પોષણ થાય એટલું ગૌચર હોય. કેટલાંક ગામમાં તો નબળામાં નબળી જમીનજ ગૌચર માટે રાખેલી હોય છે. સરકારની સહાય ન મળે તો તો ગામના મોટા ખેડુતોની ઉત્તરક્રિયાનિમિત્તે જે દાન કરવામાં આવે છે, તેમાં ગૌચરને માટે અમુક જમીન મળે એવી યોજના કરવી. ગૌચરની જમીન કોઇએ ખેડવા રાખવી નહિ. આવી જમીન ખેડવામાં આપણા પૂર્વજો પાપ સમજતા. જે ગૌમાતા ખેતીને માટે બળદ પૂરા પાડે છે, તેને સ્વતંત્ર ચરવામાટે કાળજી ન રાખવી, એ આપણા કલ્પવૃક્ષનાં મૂળ છેદવા બરાબર છે, એમ સમજી ગૌચરણમાં જરૂર જેટલો વધારો કરવા બનતા પ્રયાસ કરવા. ગૌચરણની જમીન જેમ જેમ વધતી જાય, તેમ તેમ દરેક ગૃહસ્થે પોતાને ઘેર એકેક ગાય પાળવી. ગાયને પાળીએ ને તેને વાછરડાં આવે તો તે વાછરડાં એટલે કે ગાયના જણ્યાને બળદ કરવામાં પાપ છે, એવું સમજી ગાયને પાળવામાં વાંધો બતાવનારા હિંદુઓ પણ મારા જોવામાં આવ્યા છે! ધર્મનો આ કેવો વિપરીતાર્થ !! આવા અજ્ઞાનને લીધેજ જ્યાં હજારો બળદ દર વર્ષે બીજા દેશોને માટે ફાજલ પાડી શકાતા, તે ગુજરાતમાં અત્યારે દર વર્ષે હજારોની સંખ્યામાં સિંધ ને માળવા તરફથી બળદો આવે છે અને હજી પણ આપણે નહિ ચેતીએ, તો જેવી રીતે દર વર્ષે હજારો ઘોડા પરદેશથી મંગાવવા પડે છે, તેવી રીતે એક એવો પણ વખત આવશે કે આપણી ખેતીનો આધાર પરદેશથી આવતા બળદ ઉપર

રહેશે. જાનવરની ઓલાદ સુધારવા માટે થોડાં વર્ષપર દક્ષિણ અમેરિકામાં બ્રાઝીલમાટે આપણા દેશમાંથી હજારો ઉત્તમ જાતના સાંઢ ને ગાયો લઈ જવામાં આવ્યાં; જ્યારે આપણું આ બાબતમાં લક્ષ્ય નહિ હોવાથી ઢોરની સારામાં સારી ઓલાદ દેશમાંથી નાબૂદ થવા માંડી છે. પ્રભુ આપણને કર્તવ્યબુદ્ધિ આપો.

૫૮—લાખો જુવાન સ્ત્રીઓનાં ખૂન

(લેખકઃ—લાભશંકર લક્ષ્મીદાસ; 'ગુજરાતી' તા. ૨૧-૨-૨૬)

સાહેબ! છોકરીઓને સોળ વર્ષની ઉંમરે પરણાવવા સંબંધી હિંદુ મહાસભાએ ઠરાવ પસાર કર્યો છે, તેના ટેકામાં નીચેની હકીકત લખવાની રજા લઉં છું.

નાની ઉંમરની સ્ત્રી સાથે સંબંધ કરવાના રિવાજને પરિણામે આ દેશમાં પંદર વર્ષથી વધારે ઉંમરની છોકરીઓનું મરણપ્રમાણ ઘણું વધી જાય છે, એવી ફરિયાદ તા૦ ૧-૪-૨૫ના 'ન્યૂ ઇંડિયા'માં પ્રસિદ્ધ થઇ હતી.

નાની ઉંમરે સાસરે મોકલેલી સંખ્યાબંધ જુવાન છોકરીઓ ક્ષય વગેરે નબળાઇનાં દરદોથી પીડાઇને આશરે વીસ વર્ષની ઉંમરે અને ઘણા કેસોમાં તો તેથી પણ ઓછી ઉંમરે ભરજુવાનીમાં મરી ગયેલી હું પોતે જાણું છું.

આ લોક-પરલોકમાં સુખી થવા ઇચ્છતા વિચારવંત પુરુષોએ પોતાની નાની ઉંમરની સ્ત્રીઓની તંદુરસ્તીનો હમેશાં વિચાર કરવો ઘટે છે. તેણીના આશીર્વાદો લેવાને હમેશાં આતુર રહેવાથી તથા તેણીના શાપથી ડરવાથી પરમેશ્વર તેવા પુરુષો ઉપર પ્રસન્ન રહે છે.

નાની ઉંમરે છોકરીને સાસરે મોકલવાના રિવાજને પરિણામે આ દેશમાં છેલ્લાં આશરે ત્રીસ વર્ષમાં ૩૨,૦૦,૦૦૦ માતાઓ મરણ પામી હતી.

"બોમ્બે ક્રોનિકલ" તા. ૨૭-૯-૧૯૨૫

ઉપરની ત્રાસદાયક હકીકતો ધ્યાનમાં લઇને પોતાની દીકરીઓને **પંદર વર્ષ પછીની** ઉંમરે પરણાવવાનો તમામ વિચારવંત હિંદુ માબાપ ઠરાવ કરે અને તેને પરિણામે લાખો બિચારી છોકરીઓ જીવતે

જીવત નરકની પીડા સહન કરતી બચી જાય એવી મારી પ્રાર્થના છે.

વાંચનાર! આ અપીલ વાંચીને તમે શું કરશો? લાખો બિચારી છોકરીઓના આશીર્વાદો લેવામાટે ઉપર પ્રમાણે પ્રજામત કેળવવાની મહેરબાની કરશો?

૫૯—બહેનો! આ વાત ન ભૂલશો.

('સૌરાષ્ટ્ર' તા. ૬-૯-૨૪; શ્રીમતી 'પાર્વતીદેવી'ના ભાષણમાંથી)

મહાભારતમાં ગવાયેલો એક સર્વજ્ઞાત કથાપ્રસંગઃ-

કૌરવોની સાથે દ્યૂતમાં હારેલા પાંડવોની નજર સામે ભરકૌરવસભામાં દુઃશાસને રજસ્વલા દ્રૌપદીના કેશ અને ચીર ખેંચ્યાં; અને પરાજિત (પણ સત્યપાલક) પાંડવોએ એ દારુણ દુરાચાર નમેલે મસ્તકે સહી લીધો. પછી પાંડવો પોતાનું વચન પાળવા વનમાં ફરવા લાગ્યા અને ત્યાં બધે તેમની પાછળ પડછાયાની જેમ, કૌરવોનો અત્યાચાર તેમને સતાવવા લાગ્યો. કૌરવો તરફથી સદાય વરસી રહેલા એ ક્રૂર અને અસહ્ય જુલમો છતાંયે, તેમનો ક્ષમાશીલ સ્વભાવ એ બધું ભૂલવા લાગ્યો; ત્યારે દ્રૌપદીજી પાંચે પતિઓને પોતાના ખેંચાયલા કેશ અને વસ્ત્રો બતાવી બતાવીને તથા હસ્તિનાપુરના રાજમાર્ગ ઉપર ધૂળમાં રગદોળાયેલી પોતાની દેહ દેખાડી દેખાડીને એ અત્યાચારોનું સ્મરણ કરાવતાં; અને કહેતાં કે, ભૂલવું હોય તો બધુંય ભૂલી જજો, પણ મારૂં-તમારી સ્ત્રીનું-અપમાન ન ભૂલજો.

ભારતીય બહેનો! તમારા કેશ અને ચીર આ સરકારના અનેક દુઃશાસનોએ ખેંચ્યાં છે, તમને અનેક દુશાઃસનોએ રસ્તા ઉપર રગદોળી છે, તમારા ઉપર અનેક દુઃશાસનોએ ઘોર અત્યાચાર ગુજાર્યા છે. તમે ભારતના પુરુષોને કહો કે, ભૂલવું હોય તો બધુંય ભૂલી જજો; પણ અમારૂં-તમારી બહેનોનું, તમારી માતાઓનું, તમારી પત્નીઓનું અપમાન ન ભૂલજો. આપણા પુરુષો આજે એ અપમાનો અને અત્યાચારો ભૂલતા જતા લાગે છે. તમારો ધર્મ છે કે, આપણા પુરુષોના દિલમાં

એ અગ્નિ સદા જ્વલંત રાખવો અને એ અપમાનોની યાદ બૂઝાવા ન દેવી. તમે સદાય કહેતાં રહેજો કે, બધુંય ભૂલજો પણ તમારી નારીઓનું અપમાન ન ભૂલજો. એ અગ્નિ જો જીવતો હશે તો એક દિવસ ફરીવાર કુરુક્ષેત્ર મંડાશે અને પાંડવોનો–ધર્મનો વિજય થયો, તેમ ભારતવર્ષનો વિજય થશે!

૬૦–સ્ત્રીઓને સૂચના

સ્ત્રીઓને સુખી થવામાટે એક સ્ત્રીસહાયક મંડળે આપેલી સૂચનાઓઃ—

૧ ઉડાઉ થશો નહિ. એક પુરુષને આર્થિક પરાધીનતામાંથી છૂટીને સ્વતંત્ર થવાનું ભવિષ્ય જેવું ગમે છે, તેવું બીજું કાંઈ ગમતું નથી.

૨ તમારૂં ઘર સાફ રાખજો. આખો દિવસ કામ કરીને થાકી ગયેલા પુરુષને પોતાના સુવ્યવસ્થિત સ્વચ્છ ઘરથી જેટલો આનંદ મળે છે, તેટલો બીજા કશાથી મળતો નથી.

૩ તમારો દેહ કદ્રૂપો બને તેવું કશુંજ થવા દેશો નહિ.

૪ બીજા પુરુષો તમારા તરફ ખેંચાય તેવું કશું પણ કરશો નહિ; કેમકે ધણીઓ ઘણા અદેખા હોય છે અને કેટલાકો નિષ્કારણ વહેમી બને છે.

૫ પોતાનો પતિ વ્યાજબી નિયમ પાળવાનું કહે તો સામાં થતાં નહિ.

૬ તમારા પિયરમાં બહુ વખત ગુમાવશો નહિ.

૭ તમારી કૌટુંબિક બાબતોમાં તમારા પાડોશીની સલાહ માનતાં નહિ અથવા તમારાં પિયરિયાંની સલાહે ચાલવાનો બહુ આગ્રહ કરતાં નહિ; પણ જાતેજ વિચાર કરી લેજો અને તમારા ધણી સાથે મસલત કરજો.

૮ તમારા ધણીને ઉતારી પાડશો નહિ. આવેશમાં પણ તમે તમારા ધણીને માટે દર્શાવેલા ખોટા વિચારનો બીજાઓ લાભ લઇ તેને તમારા ધણીના ચરિત્ર અને શક્તિઓનું ખરૂં માપ માનશે.

૯ હસજો,સર્વ બાબતોમાં ધ્યાન રાખજો. તમારો ધણી કંટાળ્યો હશે–થાક્યો હશે, તો તમારૂં હાસ્ય તેનો ઉતાર છે. તમારા ધણીની લાગણીઓનો જો તમે ખ્યાલ રાખશો, તો તે પણ તમારી લાગણીઓને માન આપશે.

૧૦ તમારૂં સ્ત્રીત્વ ભૂલશો નહિ. પુરુષો, એ વધારે મોટા થયેલા

બાળકો છે. તેઓને તમે પટાવશો, તેની પરવા તેઓ નહિ કરે, પણ દબાવવા જશો તો સામા થશે; અને જો તમે સ્ત્રીઉચિત વિનય અને સહનશીલતાથી તેની સાથે વર્તશો તો તે અવળા સ્વભાવનો હશે, તોપણ તમારા તરફ તેનો સદ્ભાવ ખેંચાશે અને તેને અંકુશમાં રાખી શકાશે.

૬૧—મેખલા-પ્રયોગ

("વૈદ્યકલ્પતરુ" લેખક:—વૈદ્ય વાસુદેવ શામળદાસ સેવકરામ—વડાગામ)

પૂર્વકાળમાં ભારતવર્ષની અંદર વૈજ્ઞાનિક જ્ઞાન જેટલું ઉત્તમ હતું, તેટલું આજકાલ નથી; પરંતુ વર્તમાન પાશ્ચાત્ય વિજ્ઞાનવેત્તાઓ હાલમાં પોતાની ઉન્નતિ કરી રહ્યા છે, ત્યાંથી ભારતીય વિજ્ઞાનનો આરંભ થાય છે. આ દેશના હમેશના વ્યવહારોમાં પણ વિજ્ઞાનની પૂર્ણ છટા વિદ્યમાન છે; પરંતુ વાત એવી છે કે, અજ્ઞાનતાના સબબે આપણે તેની ઉપેક્ષા કરી રહ્યા છીએ. પણ તેના અસ્તિત્વને નષ્ટ કરવાની શક્તિ કોઇને આધીન નથી. અમારા દ્વિજવર્ણમાં એક એવી પ્રાચીન પ્રથા પ્રચલિત છે, કે જે બાબતમાં બે શબ્દોમાં નિવેદન કરવાની હું રજા માગું છું. દ્વિજોમાં ઉપનયન સંસ્કાર કરી સમાવર્તન સંસ્કાર થાય ત્યાંસુધી મુંજમેખલા ધારણ કરવાની પ્રથા બ્રહ્મચારીને સારૂ છે. આ પ્રથા કેટલી બધી ભારે સમજ અને મર્મભરેલી છે યા તો શા કારણને લઇને ચાલુ છે, તે જાણવાને હાલના મનુષ્યો કદી પણ વિચાર કરતા હોય એમ જણાતું નથી. ઘણા લાંબા સમયથી હું આ રહસ્ય સમજવા મહેનત કરતો હતો અને તેમાં મેં જે જ્ઞાન મેળવ્યું છે, તે આ પ્રમાણે છે:—બ્રહ્મચર્યાવસ્થામાં અખંડ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું, એ દરેક બાળબ્રહ્મચારીનો ધર્મ છે, એમ સમજી શુદ્ધ બ્રહ્મચારી પ્રત્યક્ષ તો નહિ પણ સ્વપ્નમાં મૈથુન નહિ કરે; પરંતુ મૈથુન કર્યાસિવાય વીર્યપાત થઇ જાય તો તેને રોકવો એ શક્તિબહાર છે અને આજકાલ એ રોગ (સ્વપ્નદોષ) ઘણા મનુષ્યોને હોય છે અને સ્વપ્નમાંથી થતા વીર્યપાતને રોકવા સારૂ પ્રાચીન આયુર્વેદતત્ત્વનિષ્ણાત મહર્ષિઓએ મુંજ—મેખલાનો વિધાન પ્રચલિત

કરેલો છે. મુંજ-મેખલા ધારણ કરવાથી વીર્યસ્રાવ થતો નથી, તેમજ સ્વપ્નાવસ્થામાં જતું વીર્ય બંધ પાડે છે.

આજકાલના અતિમૈથુનના કાળમાં આ રોગ વધુ પ્રમાણમાં જોવામાં આવે છે અને એ કારણને લઇને દરેકે દરેક વ્યક્તિએ મેખલાઓ ધારણ કરવી જોઇએ અને ધારણ કરવાથી જળસમાન પાતળી થયેલી ધાતુ બંધાઇ જાય છે; તેમજ બીજા ઘણી જાતના ધાતુના વિકારો દૂર થાય છે અને વિનામૈથુને કદી વીર્યપાત થતો નથી. પ્રાચીન આયુર્વેદાચાર્યોના કષ્ટથી શોધાયેલા આવા ગહન, સાદા અને અત્યંત ફાયદાકારક ઉપાયોને આપણે વગરસમજે ઉંડો વિચાર કર્યાસિવાય માત્ર ઉપલક દૃષ્ટિએ નજીવા સમજી, અવહેલના કરી, આપણા પગો ઉપર કુહાડી મારી બીજાની મદદની આશા રાખીએ છીએ! એ સિવાય બીજું શું?

૬૨—સત્યભામા અને દ્રૌપદી

એક પ્રસંગે મેળાપ થતાં સત્યભામાએ દ્રૌપદીને પૂછ્યું કે:—"સખિ! તારા સ્વામી જે મંત્ર કે ઔષધવડે તારે વશ રહે છે, તે મને બતાવ, કે જેથી શ્રીકૃષ્ણ પણ મારે વશ થાય."

દ્રૌપદીએ હસીને કહ્યું:—"સખિ! મંત્ર કે ઔષધથી તે કાંઇ સ્વામી વશ કરાતા હશે? ગુણહીન સ્ત્રીઓ મંત્ર અને ઔષધોથી સ્વામીને વશ કરવાનો પ્રયત્ન કરીને ઉલટું સ્વામીને નુકસાન પહોંચાડે છે. સ્વામી મને કેવી રીતે વશીભૂત થયા છે તે સાંભળ. સ્વામી એજ સ્ત્રીનો દેવતા અને એકમાત્ર ગતિ છે, એમ જાણીને હું મન, વચન અને કર્મથી રાતદિવસ એમની સેવા કરૂં છું. સ્વામીસેવા એજ મારા જીવનનું એકમાત્ર વ્રત-એકમાત્ર ધર્મ છે. હું કોઇ દિવસ એમની સાથે કડવું વેણ બોલતી નથી, તેમના મનને ખોટું લાગવા દેતી નથી, તેમના જમવા પહેલાં ભોજન કરતી નથી, તેમના બેઠા પહેલાં બેસતી નથી અને સૂતા પહેલાં સૂતી નથી. જે વસ્તુ એમને પસંદ ન હોય તેનો હું પણ ત્યાગ કરૂં છું; જેની સાથે વાતચીત કરવાની તેમની ઇચ્છા ન હોય, તેની સાથે હું પણ વાર્તાલાપ કરતી નથી.

સ્વામીની જેનાપર પ્રીતિ હોય તેનાપર મારી અપ્રીતિ હોય, તોપણ હું તેનું માન રાખું છું અને કાળજીપૂર્વક તેમની સેવા કરૂં છું. બહારથી સ્વામી જ્યારે થાકીને ઘેર આવે છે, ત્યારે આસન અને જળ આપીને હું તેમનો થાક દૂર કરૂં છું. બહારથી તેમનો અવાજ સાંભળતાંજ બારણા આગળ જઇ તેમનો સત્કાર કરૂં છું. દાસદાસીની પાસે એ કોઇ પણ વસ્તુ માગે તો હું જાતેજ ઉઠીને એ વસ્તુ આણી આપું છું. હું જ્યારે રાણી હતી, ત્યારે રાજ્યસંસારનો અને દાસદાસીઓનો સર્વ ભાર તેમણે મને સોંપ્યો હતો. હું દરરોજ પોતાને હાથે સ્વચ્છ રસોઇ કરીને યથાસમયે સર્વને જમાડતી; જાતેજ ધાન્ય અને ઘરની બીજી બધી જણસો કાળજીપૂર્વક સાચવી રાખતી; જાતેજ ઘરના નોકરો, ભરવાડો, ગોવાળો વગેરેની ખબર રાખતી અને જાતેજ ઘરસંસારના આવકખર્ચનો હિસાબ રાખતી. મહેલના આશ્રિતોની સેવામાં મને રાત્રિદિવસનું ભાન રહેતું નહિ. રોજ બધાના જમી રહ્યા પછી હું જમતી, બધાના સૂઇ ગયા પછી હું સૂઈ જતી અને વહાણું વાતાં બધાના ઉઠતા પહેલાં હું ઉઠીને ઘરકામમાં ગુંથાતી.

સાસુજી કુંતીને દરરોજ હું પોતે જમાડીને તેમની સેવા કરતી. કોઈપણ રીતે તેમના ઉપર હું મારો કારભાર દેખાડતી નહિ, તેમના કરતાં ઉંચા પ્રકારનું કપડું કદી પણ પહેરતી નહિ, ગૃહધર્મમાં સર્વથા એમને આધીન થઇને ચાલતી. બીજી તરફ સપત્નીઓને (શોકયોને) પણ માની જણી બહેન બરાબર ગણતી. કોઈ દિવસ તેમના ઉપર અદેખાઈ કરતી નહિ, તેમજ કોઇ દિવસ અનિષ્ટ વ્યવહાર કરીને કે કડવું વચન કહીને તેમનું દિલ દુભવતી નહિ.

સખિ! એજ સ્વામીને વશ કરવાનો મંત્ર તથા ઔષધ છે. એથી સારો ઉપાય બીજો કોઈ નથી. એનો ઉપયોગ કરી જો; એટલે શ્રીકૃષ્ણ તને તદ્દન વશીભૂત થઇ જશે."

૬૩—સતીમાહાત્મ્ય

(વરાહમિહિરકૃત "બૃહતસંહિતા"માંથી)

पुरुषाणां सहस्रञ्च सती स्त्री च समुद्धरेत् ।
पतिः पतिव्रताणाञ्च मुच्यते सर्वपातकात् ॥ १ ॥

એક સતી સ્ત્રી હજારો પુરુષોનો ઉદ્ધાર કરી શકે છે. પતિવ્રતાનો પતિ સર્વ પાપથી મુક્ત થાય છે. (૧)

नास्ति तेषां कर्मभोगः सतीनां व्रततेजसा ।
तया सार्धञ्च निष्कर्मा मोदते हरिमन्दिरे ॥ २ ॥

સતીઓના વ્રતના તેજથી તેઓને (પતિઓને) કર્મનો ભોગ રહેતો નથી. તેઓ નિષ્કર્મ થઇને સતીની સાથે ઇશ્વરના ધામમાં વિહરે છે.

पृथिव्यां यानि तीर्थानि सतीपादेषु तान्यपि ।
तेजश्च सर्वदेवानां मुनीनाञ्च सतीषु तत् ॥ ३ ॥

પૃથ્વીમાં જે તીર્થો છે તે સર્વ સતીના ચરણમાં છે, તેમ દેવતાઓનું અને મુનિઓનું તેજ પણ સતીઓમાં રહેલું છે. (૩)

तपस्विनां तपः सर्वं व्रतिनां यत् फलं व्रते ।
दाने फलं च दातॄणां तत् सर्वं तासु सन्ततम् ॥ ४ ॥

તપસ્વીઓનું સર્વ તપ, વ્રતીઓના વ્રતનું ફળ અને દાતાઓના દાનનું ફળ, એ સર્વ સતીઓમાં નિરંતર રહેલું છે. (૪)

स्वयं नारायणः शंभुर्विधाता जगतामपि ।
सुराः सर्वे च मुनयो भीतास्ताभ्यश्च सन्ततम् ॥ ५ ॥

નારાયણ પોતે, શંભુ, જગતના સ્રષ્ટા બ્રહ્મા, સર્વ દેવતાઓ અને મુનિઓ પણ સતીઓથી હમેશાં ભયભીત રહે છે. (૫)

सतीनां पादरजसा सद्यः पूता वसुन्धरा ।
पतिव्रतां नमस्कृत्य मुच्यते पातकान्नरः ॥६॥

સતીની ચરણરજથી પૃથ્વી તુરત પાવન થાય છે. પતિવ્રતાને નમસ્કાર કરી મનુષ્ય પાપથી મુક્ત થાય છે. (૬)

त्रैलोक्यं भस्मसात् कर्तुं क्षणेनैव पतिव्रता ।
स्वतेजसा समर्था सा महापुण्यवती सदा ॥ ७ ॥

મહાપુણ્યવતી સતી સર્વદા પોતાના તેજથી ત્રૈલોક્યને પણ ક્ષણમાં બાળી મૂકવા સમર્થ છે. (૭)

सतीनाञ्च पतिः साध्वीपुत्रो निःशंक एव च ।
न हि तस्य भयं किंचिद्देवेभ्यश्च यमादपि ॥ ८ ॥

સતીનો પતિ અને પુત્ર પણ સદા નિશ્ચિંત રહે છે; કારણ કે તેમને દેવોથી કે યમથી પણ ભય રહેતો નથી. (૮)

शतजन्मसुपुण्यानां गेहे जाता पतिव्रता ।
पतिव्रताप्रसूः पूता जीवन्मुक्तः पिता तथा ॥९॥

સો જન્મના પુણ્યવાનને ત્યાં સતીનો જન્મ થાય છે. સતીની માતા પુનિત બને છે અને પિતા જીવન્મુક્ત થાય છે. (૯)

श्रुतं दृष्टं स्पृष्टं स्मृतमपि नृणां ह्लादजननं,
न रत्नं स्त्रीभ्योऽन्यत्क्वचिदपि कृतं लोकपतिना ।
ततस्तो धर्मार्थौ सुतविषय सौख्यानि च ततो,
गृहे लक्ष्म्यो मान्याः सततमबला मानविभवैः ॥१०॥

દર્શનથી, શ્રવણથી, સ્પર્શથી અને સ્મરણથી પણ પુરુષને આહ્લાદ ઉત્પન્ન કરે એવું સ્ત્રીઓવિના બીજું કોઇ રત્ન લોકપતિ બ્રહ્માએ ક્યાંય પણ પેદા કર્યું નથી; એટલુંજ નહિ પણ ધર્મ અને અર્થની ઉત્પત્તિ પણ સ્ત્રીઓમાંથીજ થાય છે. પુત્ર અને વિષયસંબંધી સુખોનો આધાર સ્ત્રીઓ ઉપરજ છે, એટલા માટે ઘરમાં લક્ષ્મીરૂપે વસનારી સ્ત્રીઓ સત્કાર અને વૈભવદ્વારા માન આપવા યોગ્ય છે. (૧૦)

ये ह्यङ्गनानां प्रवदन्ति दोषान्वैराग्यमार्गेण गुणान्विहाय ।
ते दुर्जना मे मनसो वितर्कः सद्भाववाक्यानि न तानि तेषाम् ॥

કેવળ વૈરાગ્યની દૃષ્ટિથી સ્ત્રીઓના ગુણોનો ઉચ્ચાર કરવાને બદલે જે કોઈ તેમને દોષ દે છે, તે દુર્જન છે. તેનાં એ વચનો સદ્બુદ્ધિથી નીકળેલાં નથી, એમ હું માનું છું.(૧૧)

૬૪—દૂધની ભૂકીની બનાવટ

(લેખકઃ–પોપટલાલ મોનજી યાજ્ઞિક; "વિશ્વજ્યોતિ" શ્રાવણ–સં ૧૯૮૧)

કેટલીક વખતે દૂધ મળતું નથી, તેમજ પ્રવાસી માણસને અને માંદા માણસને રાત્રે બીજી કેટલીક અડચણને વખતે દૂધની ઘણી જરૂર હોય છે, પણ તે મળી શકતું નથી. તે વખતે આ ભૂકીનો ઉપયોગ કરવાથી ઘણીજ અડચણો ઓછી થાય છે. તે બનાવવાની રીતઃ–

સાકર તોલા ૪૦), સોડા બાયકાર્બોનેટ તોલો ૦।, સ્વચ્છ વસ્ત્રગાળ કરેલું દૂધ તોલા ૧૨૫); ઉપરની ચીજો પહેલાં તૈયાર કરી રાખવી. પછી એક લોખંડની કઢાઇ (પેણો) લઇને તેમાં મલમલના કપડામાંથી ગાળેલું દૂધ નાખવું અને તે કઢાઇ ચૂલા ઉપર મૂકીને મંદ (ધીમી) ગરમી આપવી. પછી તે દૂધને અર્ધું અવટાવી (બાળી) નાખવું; અને ગરમી જરા ઓછી કરી નાખવી. પછી અર્ધો તોલો પાણી લઇને તેમાં સોડા બાયકાર્બોનેટ નાખી તે મિશ્રણ થાળીમાં મૂકેલી સાકરની ઝીણી ભૂકી ઉપર છાંટવું અને હાથવડે તેને ચોળવી. એ મુજબ થોડા વખત સુધી ચાલુ રાખવું, જેથી ખાંડ અને સોડાનું ઉત્તમ મિશ્રણ તૈયાર થશે. પછી તે સાકરની ભૂકી થોડી લઇને તે કઢાઇમાંના દૂધમાં નાખી દૂધને હલાવતા રહેવું. એ મુજબ બધી ભૂકી મેળવી નાખીને નીચે ગરમી વધારવી અને તે દૂધને ખૂબ હલાવતા રહેવું; જેથી નીચે દૂધ બળશે નહિ. પછી તે દૂધ જેમ જેમ ઘટ્ટ (જાડું) થતું જાય, તેમ તેમ તેને ખૂબ હલાવતા રહેવું, જેથી છેવટે તેની સફેદ ભૂકી તૈયાર થશે. ભૂકી તૈયાર થયા પછી ગરમી ઓછી કરવી અને કઢાઇ ઉપર ઢાંકણું ઢાંકી દેવું, જેથી તે ભૂકીને હવા લાગશે નહિ; નહિ તો તે ભૂકી ભીનાશ પડતી થશે. તે પછી અર્ધા રતલના ટીનના ડબાઓ તૈયાર કરીને તે ડબામાં ભૂકી ભરીને તેનું ઢાંકણું ગરમ કરી ઉપર બંધ કરવું. પછી તે ડબાઓનો ઢાંકણાવાળો ભાગ સીમેન્ટથી બંધ કરી નાખવો. આ ડબાઓ ચોખંડા અને ગોળ એવી બે જાત-

ના થાય છે. ડબ્બાઓ બંધ થયા પછી સીમેન્ટ તેના મોં ઉપર લગાડી બંધ કરવાથી હવા અંદર જવા પામશે નહિ. પછી તે ડબ્બા ઉપર છાપેલું લેબલ ચોંટાડવું. તે લેબલમાં સૂચનાતરીકે લખવું કે, એક તોલો ભૂકી ૧૬ થી ૨૦ તોલા ગરમ પાણીમાં મેળવવાથી તાજું દૂધ તૈયાર થશે. વિલાયતી આવા એક ડબ્બાની કિંમત ૧। થી ૧॥ રૂપીઓ પડે છે અને દેશી ડબ્બાઓ દશથી બાર આના સુધી વેચી શકાય છે. મોટા વેપારીને આઠ આને એક ડબ્બો વેચીએ તો બે આનાથી પણ વધારે ફાયદો પડે છે. શું આ કામ છોકરાઓ નહિ કરી શકશે? મોટા માણસો આ કામ કરીને હિંદુસ્તાન બહાર જતાં નાણાં અને વધુ અપાતી કિંમતો અટકાવશે તો હિંદુ મજુરો અને વેપારીઓના ઘરમાં તે નાણાં આવી શકશે; અને હિંદુ લોકોએ બનાવેલાતરીકે વેચાઇ પૈસો, ચોખ્ખાઈ અને સસ્તાઇનો બહોળો લાભ હિંદુસ્તાનને ખરેખર થશે તથા પરદેશી લોકોનો માલ તેથી ઓછી કિંમતે વેચાશે.

૬૫–શક્તિની દવા ખાઈને મરનારાઓ!

(લેખકઃ–લાભશંકર લક્ષ્મીદાસ, જુનાગઢ)

૧ **'ત્રાસદાયક જાહેરખબરો'**–આ દેશનાં વર્તમાનપત્રોમાં 'શક્તિની દવા'ની લાંબી લાંબી તથા ખેંચાણકારક ભાષાવાળી જાહેરખબરો હમેશાં છપાયા કરે છે.

(૧) "અર્ધા કલાકમાં પાવર પીલ્સનો અજબ ચમત્કાર." (૨)"પંદર મિનિટમાં કૌવતનો પૂર જોસ," (૩) "પ્રેમનાં વિલાસી જનોમાટે ગોળીઓ," (૪) "સંસારસુખ ગુમાવી બેઠેલા પુરુષોને આ ગોળીઓ સોનાના જેવી કિંમતી છે," (૫) "આ કિંમતી ગોળીઓની હજારો બાટલીઓ ખપી ગઈ છે!" વગેરે શબ્દો વાંચીને કેટલા બધા મૂર્ખ પુરુષો રાતદિવસ કામના વિચારો કરીને પોતાની જીંદગી ટુંકી કરતા હશે?

૨ **એકાએક મરી જતા તંદુરસ્ત જુવાન પુરુષો**–ઘણા જુવાન તંદુરસ્ત પુરુષો એકાએક બિમાર પડીને થોડા દિવસોમાં અથવા

રીબાઈ રીબાઇને મરી જાય છે. આવા કેટલા હતભાગી પુરુષો પ્રેમના વિલાસી જનો માટેની ગોળીઓ"ના છુપા ભોગ બનીને પોતાનાં , બાપ, સ્ત્રી, બાળકો વગેરે વહાલાંઓને પોક મૂકાવતા હશે?

૩ વર્તમાનપત્રમાં ચેતવણી—તા. ૧૮–૧૨–૧૯૨૨ ના એક જુદા વર્તમાનપત્રમાં "શક્તિની દવા વાપરનારાઓનેચેતવણી" એવા મથાળા નીચે એક લેખ છપાયો હતો. તેમાં જણાવ્યા પ્રમાણે "પુરુષો- ગુમાવેલી જીવનશક્તિમાટે હજારો લેભાગુ દવાઓ નીમહકીમો તરફથી બહાર પડે છે; અને હજારો લોકો આ ઇલાજમાટે તેવી ઓ પાછળ પૈસાની બરબાદી કરે છે."

બધા વેપારીઓ પોતાની દવાનાં વખાણ કરે છે! કોઇ પણ એમ કહેતો નથી કે, "મારી દવા જીવલેણ છે!"

૪ સોળ વરસના એક જુવાનની વાત—આશરે સોળ વરસ- મારો એક ઓળખીતો શ્રીમંત જુવાન પુરુષ હતો. તેની સ્ત્રી ઘણી ખૂબસુરત હતી. તે ઘણો તંદુરસ્ત હતો; પણ એક દિવસ તે કાએક બિમાર પડીને અવાચક થઈ ગયો. તેનાં માબાપને વહેમ આવ્યો કે, તેના એક મૂર્ખ મિત્રની સલાહથી તેણે કાંઇ 'શક્તિની દવા' ખાધી હતી. તે સંબંધમાં તે પુરુષને ઘણું પૂછવામાં આવ્યું, પણ બીલકુલ બોલી શકયો નહિ અને મરી ગયો!

જ્યારે તેના શબને મસાણમાં લઇ જવામાટે તૈયારી થતી હતી, ત્યારે હું ત્યાં હાજર હતો. તે વખતે તેની મા, બહેન, સ્ત્રી વગેરે સગી બાઇઓ ગમે તેવા કસાઇને પણ રડવું આવે તેવી ત્રાસદાયક રીતે છાતી કૂટીને વિલાપ કરતાં હતાં. તે ભયંકર સ્થિતિમાટે જે 'શક્તિની દવા' બનાવનાર તથા તેની જાહેરખબર લોકોમાં ફેલાવનાર માણસો જવાબદાર હશે, તેમના મરણ પછી કર્મના ઈશ્વરી ઇન્સાફી કાયદા પ્રમાણે કેવા બુરા હાલ થવા જોઇએ તેનો ખ્યાલ કરવો સહેલો છે.

૫ વર્તમાનપત્રોના માલિકોને અરજ—વર્તમાનપત્રોના માલિકો- બીજી સેંકડો નિર્દોષ જાહેરખબરોના હજારો રૂપીઆ મળે છે,

માટે કર્મ તથા પુનર્જન્મના ઈશ્વરી ઇન્સાફી કાયદાનો ખ્યાલ કરીને 'શક્તિની દવા'ની જાહેરખબરો કદીપણ નહિ છાપવાનો ઠરાવ કરવાની તેઓ મહેરબાની કરે અને તેથી હજારો કુટુંબોના તેઓ આશીર્વાદ મેળવે, એવી મારી પ્રાર્થના છે.

૬ અરજ—મારો આ લેખ છપાવીને, છૂટથી ફેલાવી મહાપુણ્ય કમાવા હું અરજ કરૂં છું.

જેવું વાવશો તેવું પામશો, ઘઉં વાવશો તો ઘઉં પામશો, પથ્થર વાવશો તો પથ્થર પામશો, દુનિયામાં સુખ વાવશો તો સુખ પામશો, દુનિયામાં દુઃખ વાવશો તો દુઃખ પામશો.

ઇશ્વરી ન્યાયાધીશને કદી પણ ઠગી શકશો નહિ!

૬૬—દાદરનો સહજ-મફત ઈલાજ

(લેખકઃ-છગનલાલ મગનલાલ)

મરચાંના છોડનાં લીલાં પાન લાવી પાણી નાખી ખૂબ ઝીણાં વાટી રસ કાઢી એની અંદર થોડુંક મીઠું નાખી થયેલી દાદર ઉપર ખૂબ મસળવાથી દિન પંદરની અંદર મટી ચામડી સુંવાળી બને છે. આ દવા જન્મોજન્મની થયેલી દાદરને પણ મટાડી શકે છે. આ દવા લગાડવાથી અગન બળતી નથી, સહેજ લાગે છે. આ દવા જગજાહેર સારૂ બતાવવામાં આવી છે. દશ વરસની જૂની દાદર હોય અને કાળી કે લાલ હોય તોપણ મટે છે. મારા ભાઇઓ! આ દવાથી ફાયદો લાગે તો બીજા ભાઈ એટલે ગરીબ લોકોને પણ બતાવશો. ગરીબોને દુઃખથી ટળવળતા અટકાવવા તેમને ખબર પણ આપવી એ આપણી ફરજ છે. જેમને દાદર મટે તેમણે યથાશક્તિ કબુતરાંને મકાઇ અગર કૂતરાંને રોટલા નાખવા.

૭—મહાત્મા કબીર અને પાપીનો પસ્તાવો

(લેખિકાઃ—બહેન વિનોદિની નીલકંઠ; 'બાલમિત્ર'માંથી.)

સંત કબીરની એક વાર્તા છે. એક નગરમાં કોઈએક બહુ પાપી
ી રહેતી હતી. નગરની સ્ત્રીઓ એના ઘર આગળથી પસાર થવામાં
ું નાનમ માનતી. રસ્તામાં કદાચ તેમને પેલી સ્ત્રી સામી મળી જતી
તેઓ મુખ ફેરવી દેતી, ગામનાં સૌ માણસ એની નિંદા કરતાં.

આખરે ગામના આગેવાન માણસો ભેગા મળી તેને કબીરજી પાસે
ગયા. તેમણે કબીરને પેલી સ્ત્રીની સઘળી હકીકતથી વાકેફ કર્યાં, ત્યારે
ગરસરખી ગંભીરતાથી સંતે તેમને પૂછ્યું કે "તમે તે સ્ત્રીને શું કરવા
ગો છો?" લોકોએ જવાબ દીધો કે "પ્રભુ! અમારે એને સખત
ક્ષા કરવી છે." કબીર બોલ્યા કે "આવતી કાલે તે સ્ત્રીને લઈ સૌ
ારજનો અહીં આવજો."

હજી તો પૂરું અજવાળુંએ નહોતું થયું, ત્યાં તો કબીરજીની ઝુંપડી-
ાર નગરજનોનાં પૂર ઉલટયાં. કબીરે પેલી પતિત સ્ત્રીને એક જગ્યાએ
ી રાખી; લોકોનો સમૂહ તેની આસપાસ વિંટળાઇને ઉભો. શાંત મીઠા
રે સંત બોલતા સંભળાયાઃ "તમે કહો છો કે, આ સ્ત્રી પાપી છે.
ાવી પાપી સ્ત્રીને જરૂર સજા થવી જોઇએ. દરેક નગરજન એકેક પ-
ર ઉપાડી એને મારજો." લોકોમાં આનંદના પોકાર થવા લાગ્યા;
ુ એકેય પથ્થર પડે તે પહેલાં કબીર બોલ્યા કે "ઉભા રહો, થોભી
ઓ. તમે બધા આ બાઇને એના પાપની સજા કરો છો, પણ તમારી
ાત્રી તો છેને કે, તમે તેને શિક્ષા કરવા લાયક છો? તમારામાંથી
તદ્દન પાપરહિત હોય, તેજ એને પથ્થર મારે. તમે પણ પાપી
તો આ પાપી સ્ત્રીને મારવાનો તમને શો હક્ક છે?" લોકોમાં
ગભળાટ થયો, પેલી પતિત સ્ત્રીની આસપાસ થયેલું માણસોનું કું-
ું ધીમે ધીમે દૂર ને દૂર ખસતું ગયું; દરેક જણ પાછળ પગલાં
ી ચાલવા માંડતું હતું; દરેક પગલે તેમને પોતપોતાનાં પાપો યાદ

આવતાં હતાં. ધીમે ધીમે લોકો અદૃશ્ય થઈ ગયા. સંત કબીર અને પેલી સ્ત્રી, એ બેજ હવે ત્યાં રહ્યાં. સંત કબીર પેલી સ્ત્રી પાસે આવ્યા અને તેને હાથ જોડીને કહ્યું કે "માતા! તું પાછી ઘેર ચાલી જા. મારી ખાત્રી છે કે, હવે પછી તું કદીએ પાપ નહિ કરે."

સ્ત્રીની આંખમાંથી આંસુની રેલ ચાલી. કબીરે તેને રડવા દીધી. આંસુદ્વારા એનાં પાપ ઓસરી જતાં હતાં.

તે દિવસથી પેલી સ્ત્રી કબીરની પરમ ભક્ત બની. કબીરપંથીઓએ તે મહાભાગ્યશાળી સ્ત્રીના બહુ ગુણ ગાયા છે.

૬૮–મહર્ષિના અમર આત્માને વંદન હો!

("ગાંડીવ"–સુરત, તા. ૧૪–૨–૨૬નું મુખપૃષ્ઠ)

એ વાતને સો સો વરસ વીતી ગયાં. ગઇ સદીના એક સુધન્ય વરસમાં ટંકારાના પુણ્યતીર્થે એણે જન્મ લીધો. સનાતન ધર્મના તેજોમય કીર્તિદીપકની ઝાંખી પડતી શિખાઓને સંકોરવાને–તેને સતેજ કરવાને કાજે એનો અવતાર હતો–અને,–અને એ પુણ્યપુરાણ સંસ્કૃતિનાં ઓસરતાં પૂરને તેણે પાછાં વાળ્યાં!

એ હતો મહર્ષિ! મહાનથીયે મહાન ઋષિમુનિઓથી ન પળાયલાં વ્રતોના એણે પરચા બતાવ્યા. મહત્તમ વિભૂતિઓની પરમ મહિમામયી શક્તિઓના ભૂલાતા જતા ઇતિહાસોને એણે પાછા સજીવન કર્યા. સદ્ધર્મના અંધકારપછેડા હેઠળ છુપાયેલા અધર્મના મહાપટલોને એણે દુનિયાની દૃષ્ટિએ આણ્યા. સનાતન હિંદુત્વના દેહપર થતા જખમોને નિવારવાના એણે માર્ગ બતાવ્યા.

એ હતો એકનિષ્ટ બ્રહ્મચારી. ઇતિહાસને ચોપડે સુવર્ણાક્ષરથી ઝળહળતા ભીષ્મપિતામહના જીવનાદર્શોને અશક્ય માનવા લાગતી થયેલી પ્રજાને આંગણે એણે બ્રહ્મચર્યનાં ઓજસ ઉતાર્યાં, સત્ય તપશ્ચર્યાનાં બ્રહ્મવર્ચસ્વ દાખવ્યાં. સંન્યાસીઓનો પરમ સંન્યાસી, સંસારીઓનો પરમ પૂજનીય, સનાતન હિંદુધર્મનો મહા ઉદ્ધારક–હિંદુત્વના પુન-

રુજીવન કાજે જીવનભર ભેખ ધારણ કરી તેને ખાતર પ્રાણ ન્યોછાવર કરનાર—એ હતો દયાનંદ સરસ્વતી.

વીસ વરસની દૂધમલ ઉંમરે એણે ઘર તજ્યું અને ભગવાં ધારણ કર્યાં. આઠ આઠ વર્ષો સુધી ન જોયાં ઉંઘ ને થાક, ન જોઇ ભૂખ કે તરસ અને વિદ્યાભ્યાસ કર્યો; યોગનાં ચિંતન કર્યાં; સારૂં હિંદ તેમની ગર્જનાના ટંકારોથી પછે ગાજી રહ્યું! આર્યત્વનો તેણે ઝુંડો ધર્યો અને હિંદુત્વને હાકલ નાખી; વહેમ ને અજ્ઞાનનાં, મિથ્યાચાર ને આડંબરનાં, ધતીંગો અને ધર્મઘેલછાઓનાં જાળાંઝાંખરાં તેણે સાફ કરવા માંડયાં. બ્રહ્મચર્યના તેણે આદેશ આપ્યા. દુઃખના ડુંગરાઓ હેઠળ સેંકડો વરસનાં રૂઢિબંધનોથી કચડાતી રાંકડી વિધવાઓની તેણે બાંય ઝાલી! હિંદુઓના કહેવાતા અસ્પૃશ્યતાવાદના મૂળનાં તેણે ઉચ્છેદન આદર્યાં—અને સારી હિંદુ આલમમાં ચેતનાની ચિણગારી ચમકી ઉઠી.

ને સત્યનો જપ જપવા ખાતર, નેકીની નેકી પુકારવા ખાતર જેમ સૉક્રેટીસે ઝેરના પ્યાલા ગટગટાવ્યા, તેમ ગરવી ગુજરાતના એ પનોતા સંતાનને પોતાનો કીર્તિધ્વજ ફરફરાવતાં, ઝેરીલાં ભોજનો આરોગી દેહ કુરબાન કરવો પડયો.

સેવા એ જેનો મંત્ર હતો, બ્રહ્મચર્ય એ જેનું વ્રત હતું, ધર્મ એ જેનો પ્રાણ હતો, આત્મત્યાગ એ જેનો દેહધર્મ હતો—દયા, ક્ષમા અને ઋજુતા જેના અંગે અંગમાં ઉભરાતી એવા એ યોગીને, તેના અમર આત્માને વારંવાર વંદન હો, કોટી કોટી નમસ્કાર હો!

૬૯—સ્વામી વિવેકાનંદનો એક મહામંત્ર

(સ્વામી વિવેકાનંદ—ગ્રંથ ૨ જામાંથી)

ઓ હિંદુસ્તાન! સીતા, સાવિત્રી અને દમયંતી, એ તારી સ્ત્રીજાતિનો આદર્શ છે, એ તું ભૂલતો નહિ; તારો ઇષ્ટદેવ યોગીઓનો યોગી અને ત્યાગી ઉમાપતિ શંકર છે, તે તું ભૂલતો નહિ; તારૂં લગ્ન, તારી દોલત અને તારી જીંદગી ઇંદ્રિયવિલાસમાટે કે તારા અંગત

સુખને માટે નથી, એ તું ભૂલતો નહિ; જગદંબાની વેદીમાં હોમાવા માટેજ તું જન્મ્યો છે, એ તું ભૂલતો નહિ; તારા દેશનું સામાજિ બંધારણ અનંત વિશ્વવ્યાપી માતૃત્વનોજ પડઘો છે, એ તું ભૂલત નહિ; અંત્યજો, અજ્ઞાનીઓ, ગરીબ લોકો અને ભંગી લોકો પ તારા ભાઇઓ છે; એ પણ તું ભૂલતો નહિ.

હે હિંદુસ્તાનના વીરપુત્ર! તું બહાદૂર થા, હિંમતવાન થા, હિંદુ છે તે માટે મગરૂર થા અને જગતને જાહેર કર કે "હું હિ હિંદુસ્તાનમાં જન્મ્યો છું અને દરેક હિંદવાસી બ્રાહ્મણથી માંડીને ભં સુધીના સર્વ મારા ભાઇઓ છે."

ઓ હિંદવાસી! તારી કેડ ઉપર એકમાત્ર લંગોટીજ રહેલી હો તોપણ તું ગર્વથી મોટે સાદે કહેજે કે "હિંદનું જીવન એજ મા જીવન છે, હિંદના દેવોજ મારા ઉપાસ્ય છે, હિંદનો જનસમાજ મારા બાળપણનું પારણું, જુવાનીની વિલાસભૂમિ અને ઘડપણ સ્વર્ગસમી કાશી છે."

ઓ મારા ભાઇ! તું જગતને કહેજે કે "હિંદુસ્તાનની પવિત્ર ભૂ એજ મારી સ્વર્ગભૂમિ છે અને હિંદુસ્તાનનું કલ્યાણ એજ મારૂં કલ્યાણ છે.

હે ભારતીય! આ મહામંત્રનો તું રાતદિવસ જપ કરજે કે " લક્ષ્મીપતિ! હે ગૌરીપતિ! હે જગદંબા! મને ખરૂં પુરુષત્વ આપજે હે સર્વ પ્રકારના બળ-ઐશ્વર્યના ભંડાર! મારી નિર્બળતાનો, મા ભીરુતાનો નાશ કરજો અને મને ખરો મર્દ બનાવજો."

૭૦—મૃત્યુલોકનું અમૃત—છાશ

(ભજનમાળા ભાગ ૫ માંથી)

મળાવરોધ-કબજીઆત થવાથી શરીરમાંથી કચરો બહાર નીક જવાને બદલે અંદર ને અંદર સડયા કરે છે; અને પછી હરવ તેના થોડા થોડા કણ લોહી સાથે મળી જઇને રક્તવાહિની નાડીઓ માં ભરાઈ બેસે છે, તેથી રક્તવાહિની નાડીઓ ફૂલે છે અને અક્ક

જડ થઈ જાય છે, એટલે લોહીના ફરવામાં વિઘ્ન આવવાથી શરીરના જૂદા જૂદા અવયવોને યોગ્ય પ્રમાણમાં લોહી મળતું નથી; તેથી શરીર વૃદ્ધ જેવું દેખાવા લાગે છે અને તેથીજ મગજ, નેત્ર, હૃદય, ઉદર (આમાશય, પક્વાશય), જનનેંદ્રિય વગેરે અવયવો વ્યાધિગ્રસ્ત તથા શિથિલ રહે છે. જો ઉત્તેજક (માદક–તામસી) પીણાં હૉટલોમાં કે રખડપટ્ટુ લોકો પાસેથી અઢારે વર્ણના એઠા ઉચ્છિષ્ટ રકાબી-પ્યાલાદ્વારા પીવામાં આવ્યાં હોય, તો પીનારાઓ ઉપદંશ, પ્રમેહ આદિ ચેપી વ્યાધિઓના ભોગ પણ થઇ શકે છે. એકની એક સોડાની બાટલી ઢેડ, ભંગી કે મુસલમાને મોઢામાં ખોસેલી તે આજનો સુધરેલો બ્રાહ્મણ વગરસંકોચે પી શકે છે. તેમાં હવે ચેપી રોગોને ઉત્પન્ન થવા માટે અવરોધ શું રહ્યો ? દેશી અને પરદેશી વિદ્વાનો કહે છે કે, જમ્યા પછી ગાયના દૂધની સ્વચ્છ મોળી છાશ પીવામાં આવે તો તેથી બહુ ફાયદા થાય છે. રક્તવાહિનીમાં સંચિત થયેલો જડ પદાર્થ–કણ પીગળી જાય છે અને તેનો કોઇપણ અવયવમાં સંચય થતોજ નથી; તેથી રુધિરાભિસરણને સારી મદદ મળે છે, એટલે શરીર હૃષ્ટપુષ્ટ થઇ નાની વયમાં વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતી નથી. છાશમાં જઠરાગ્નિ પ્રદીપ્ત કરવાનો ગુણ હોવાથી વિકૃત પદાર્થ ઉત્પન્ન થતો નથી અને કોઈ કારણવશાત્ થયો તો છાશનો મળશોધક (દસ્ત સાફ લાવવાનો) ગુણ તે વિકૃત પદાર્થને બહાર ધકેલી કાઢે છે; એટલે લોહી, માંસ, મેદ, મજ્જા, વીર્ય આદિમાં કોઇપણ વ્યાધિનો ઉદ્ભવ થવાનો બહુ થોડો સંભવ થાય છે.

અમુક અમુક વ્યાધિવાળાને શાસ્ત્રકારો છાશનોજ ખોરાક લેવાની ભલામણ કરે છે. એકલી છાશ ઉપર ૧૫–૨૦ દિવસ કાઢેલા માણસો મેં ઘણા જોયેલા છે. દરેક વ્યાધિવાળાને તથા નિરોગીને દરેક ઋતુમાં દરેક પ્રકૃતિવાળાને દરેક સ્થળમાં દરેક વખતે છાશને પથ્ય ગણેલ છે. અનુભવ પણ એ વાતને પુષ્ટિ આપે છે. ખોરાકમાં અથવા ખોરાકતરીકે છાશનો છૂટથી ઉપયોગ થાય છે, તે સિવાય વૈદકશાસ્ત્રમાં છાશથી અમુક અમુક વ્યાધિઓ પણ જૂદા જૂદા અનુપાનથી મટી શકે છે, એમ વર્ણવ્યું

છે. એ છાશનું ગામડીઉં વૈદું પણ જાણવા જેવું છે. લખે છે કે, ઓષધિતરીકે અથવા અનુપાનમાં ઓસડીઆ સાથે વાપરવાની ગાયના દૂધના દહીંમાંથી બનાવેલી છાશ તાજી મોળી સ્વચ્છ ગોળી(કલાઇ દીધેલ પિત્તળની અગર માટીની)માં બનાવેલી વાપરવી. (ખોરાકમાં પણ એવીજ વાપરવાનું સમજવું.) લીંડીપીંપરનું ચૂર્ણ વાલ ૧ અને છાશથી ખાંસી તથા છાતીનો કફ મટે છે. અજીર્ણમાં સિંધાલુણ અને મરી સાથે; ગરમીના તાવમાં સાકર સાથે; ઝાડા–મરડામાં જીરૂં તથા સાકર સાથે; મગજની ગરમી, મગજનું ખાલીપણું વગેરેમાં જેઠીમધના મૂળ સાથે; નેત્રની ઝાંખ, ગરમી વગેરેમાં છાશ એકલી પીવી; સાદ બેસી ગયો હોય તો શેકેલી બહેડાંની છાલના ભૂકા સાથે; છાતીના દુઃખાવામાં તેમજ ધબકારામાં પીંપળીમૂળના ભૂકાસાથે; લોહીના ઝાડામાં બીલાંના ગર્ભ સાથે; સૂકા હરસમાં ગોળસાથે; દૂઝતા અર્શમાં ઈંદ્રજવ સાથે; સાપના દંશ ઉપર સરસડાની છાલના ક્વાથસાથે; કમરનો દુઃખાવો, વા વગેરેમાં લસણના રસસાથે; છાતીમાંથી પડતા લોહીમાં અરડુસાના રસસાથે; કાકચીઆના ભૂકાસાથે; બધી જાતના તાવમાં, માથાનો દુઃખાવો તથા આદાશીશીમાં જાયફળસાથે; પેટના કૃમિ–જીવડામાં વાવડીંગના ચૂર્ણસાથે; સુવારોગમાં ત્રિકટુના ચૂર્ણસાથે; મૂત્રકૃચ્છ્રમાં જવખારના ભૂકાસાથે; ગુલ્મવાયુમાં વડાગરા મીઠાના ભૂકાસાથે અને સુક્રપ્રમેહમાં ગોખરૂના ચૂર્ણસાથે છાશ લેવી. દાદર અને ખસમાં કુંવાડીઆંના બીજસાથે વાટી લેપ કરવો.

ઉપરનાં અનુપાન અથવા ઓસડીઆં સાથે છાશનો ઉપયોગ કરવાથી તે તે વ્યાધિ મટે છે. તે ઉપરાંત સ્ત્રી, બાળક, યુવાન, વૃદ્ધ, રોગી, નિરોગી સર્વને સામાન્ય રીતે સર્વ દેશકાળમાં પથ્યરૂપ છે; તેથીજ તેને મર્ત્યલોકસુધા નામ આપેલ છે. છાશ જ્યારે એવા એવા ફાયદા આપે છે, ત્યારે અર્વાચીન સુધરેલાં પીણાં તે તે રોગોને ઉત્પન્ન કરનારાં તથા અનેક રોગોનાં બીજ આરોપણ કરી માનવશરીરને હીન દશાએ પહોંચાડનારાં માલમ પડે છે. સુધરેલાં પીણાં પીનારા વર્ગને સ્વપ્ને પણ અનુભવ નહિ હોય કે કકડીને લાગતી ભૂખ કેવી હશે!

જે સુખ અને શરીરબળનો અનુભવ, એક ગરીબ કે સામાન્ય સ્થિતિનો માણસ બાજરાનો ટાઢો રોટલો અને છાશ કે ખીચડીનો ખાનારો જે આનંદ અને આરોગ્ય મેળવી શકતો હશે, તે સુખ ને આરોગ્ય દિવસમાં ત્રણ ચાર વખત ચા, કૉફી, કોકોના ઉકાળા અને સોડાના બાટલા ચઢાવનારા મેળવી શકતા હશે?

૭૧–કિંમત અંગ્રેજીની કે શાની ગણાય?

('નવજીવન' તા. ૨૭–૪–૨૪માંથી. લેખક–મહાત્મા ગાંધીજી)

મોટી જવાબદારીનો હોદ્દો ભોગવવાને સારૂ અંગ્રેજી ભાષાનું કે બીજું ભારે અક્ષરજ્ઞાન હોવાની જરૂર હોય છે; તેના કરતાં ઘણી વધારે જરૂર તો સચ્ચાઇ, શાંતિ, સહનશીલતા, દૃઢતા, સમયસૂચકતા, હિંમત અને વ્યવહારબુદ્ધિની હોય છે. આ ન હોય ત્યાં સારામાં સારા અક્ષરજ્ઞાનની સામાજિક કામમાં દુકાનીભર પણ કિંમત નથી હોતી.

૭૨–"આગળ ધસો"માંથી સોનેરી વચનો

"મને વખત મળતો નથી, મને તક મળતી નથી, એવું કોઇ મહાન કાર્ય કરનાર કહેતો નથી. 'તક મળતી નથી' એ નબળા અને અદૃઢ મનુષ્યોનુંજ હમેશનું બહાનું છે. દરેક મનુષ્યને જીવનમાં અનેક તક મળે છે."

× × × × ×

" માણસ ઝુંપડીમાં જન્મેલો હોય કે મહેલમાં જન્મેલો હોય, તે કાંઇ મહત્ત્વનું નથી. દૃઢ હેતુનો આવેશ તેનામાં હશે અને તે સ્વાશ્રય રાખશે તો માણસ, દેવ કે દાનવ પણ તેને આગળ વધતાં અટકાવી શકશે નહિ!"

× × × × ×

"તમારે શું કરવું તે વિષે જગત કંઇ કહેતું નથી; પણ તમે જે કાંઇ માથે લો તેમાં સર્વોપરી–શ્રેષ્ઠ બનો, એમ તેનું કહેવું છે. પહેલા વર્ગના ભલે ઉંચકનાર થવું, પણ કોઇ પણ કામમાં બીજા વર્ગમાં

આવતું નહિ; એમાં ખરી ફતેહ રહેલી છે."

× × × × ×

"તમે શું જાણો છો અગર તમે કોણ છો, તે હાલના જમાનામાં પૂછવામાં આવશે નહિ. તમે શું કરી શકો એમ છો, તેજ આ જમાનાનો પ્રશ્ન છે."

૭૩—ક્યા જર્મની ભારત કા ઉપનિવેશ થા?

('મતવાલા' તા. ૫-૧૨-૨૫; શિક્ષા-પટના)

"જર્મન" શબ્દ "શર્મન" કા અપભ્રંશ હૈ. 'શર્મન' મેં 'શ્રૃ' 'હિંસાયામ્' ધાતુ હૈ, જિસકા અર્થ હૈ મારકાટ. પ્રાચીન સમય મેં બ્રાહ્મણ અપની ધર્મરક્ષા કે લિયે યુદ્ધ કરતે થે, ઉસ સમય ઉનકા નામ 'શર્મા' અર્થાત્ ધર્મયોદ્ધા પડા. જર્મની મેં બ્રાહ્મણોં કી એક મંડલી ગયી થી. ઉસીકી 'શર્મા' ઉપાધિ કે અનુસાર જર્મની કા યહ નામ પ્રસિદ્ધ હુઆ. ઉચ્ચારણ કી શિથિલતા સે 'શ' કા 'જ' હો ગયા. દોનોં અક્ષર તાલુ સે હી બોલે જાતે હૈં. જર્મનોં કે ઇતિહાસ મેં લિખા હૈ કિ, વે 'મૈન' અર્થાત્ મનુ કી સંતાન હૈ. ભોર કો ઉઠકર હાથ-મુંહ ધોના ભારતીય આચાર હૈ. જર્મની મેં યહ પ્રથા હૈ. પહલે વહાં શિખા કી તરહ કેશ બાંધતે થે. રોમ-ઇતિહાસલેખક ટાસીટસ ને અપને ઇતિહાસ મેં જર્મનોં કે શિખાબંધન કી ચર્ચા કી હૈ. બહુતોં કી ધારણા હૈ જર્મન અપને પૂર્વજોં કે ભારતીય સંસ્કાર કે કારણ હી સંસ્કૃત ભાષા કે પ્રેમી હોતે હૈં.

૭૪—જરા નેપોલિયન તરફ પણ જોશો?

("મહાન નેપોલિયન"માંથી)

"નેપોલિયન મુસાફરી દરમિયાન પોતાની સાથે ગાડું ભરાય તેટલાં પુસ્તકો રાખતો અને બે-પાંચ મિનિટનો અવકાશ મળતાં પણ કાંઇક વાંચી લેતો."

"સાહિત્ય, વિજ્ઞાન કે ધર્મ-કોઇ પણ વિષયને લગતાં જે જે

નવાં પુસ્તકો દેશમાં પ્રકટ થતાં તેની નકલ તે અવશ્ય ખરીદતો. તેના-પર (મુસાફરીદરમિયાન ઘોડાગાડીમાં) આંખ ફેરવી જતો; અને જે પુ-સ્તક તેને નિરુપયોગી જેવું લાગતું તેને તે ચાલતી ગાડીએ બારીમાંથી ફેંકી દેતો; અને આ રીતે કાગળોની કાપલીઓ તથા માર્ગમાં વેરાતાં પુસ્તકો ઉપરથી તે કયે રસ્તેથી ગયો હશે તે જણાઇ આવતું હતું."

૭૫–શૂરવીર પતિને મહાસતીની ભેટ

("ગાંડીવ" તા. ૧૪–૩–૨૬નું મુખપૃષ્ઠ)

માત્ર ગઇ કાલેજ તેમનાં લગ્ન થયેલાં. હાથનાં મીંઢળ તો જાણે હજુ છૂટયાંજ ન હતાં, પીઠીની પીળાશ જાણે હજુ શરીરપર આછી આછી છવાઇ રહી હતી, ત્યાં તો ઉમળકાભર્યા એ પતિદેવને–મેવાડના શૂરા સરદાર ચંદાવત રત્નસિંહને યુદ્ધનાં કહેણ આવ્યાં.

શરીરે યુદ્ધના વાઘા સજી, ભેઠપર તલવાર લટકાવી કંઇક ઉદાસ-ચિત્તે ગઇ કાલેજ પરણી આણેલી નવજોબના નવોઢાની રજા લેવા સરદારે રણવાસમાં પ્રવેશ કર્યો.

યુદ્ધના વાઘા જોઇ આંખના પલકારામાં ચંદ્રમુખી બધું સમજી ગઈ. ક્ષત્રિયની કુંવરીને યુદ્ધની શી નવાઇ? પણ એક મહાઆશ્ચર્યે ચંદ્ર-મુખીના હૃદયમાં તુમુલ યુદ્ધ જગાવ્યું–ચંદાવતજીને યુદ્ધે જતાં વદનપર આ શી ઉદાસીનતા? મરણીઆ ક્ષત્રિયને રણે ચઢતાં ક્ષોભ કેવો?

રૂપેરી ઘંટડી રણકે તેમ ચંદ્રમુખીએ નાથને સાદ કર્યો:–"સ્વામીન્! સ્વપ્ને ન ચિંતવી શકાય એવું આ એક જગતનું મહાઆશ્ચર્ય આજે ભાળું છું. ચંદાવતોનો સરદાર રણે ચઢે તે વેળા તેને હૈયે ક્ષોભ હોય? તેનો આત્મા આમ નિસાસા નાખે? અસંભવ! અસંભવ!! એ મહા આશ્ચર્યોનું આશ્ચર્ય, નાથ! સમજાવશો?"

ચંદાવતના મુખપરની રેખાઓ સહેજ ઘેરી બની: "રાણીજી! એમાં શું આશ્ચર્ય? હજુ હમણાં મીંઢળેય નથી છૂટયાં. હજી આપણી પીઠી પણ નથી ઉતરી! ત્યાં આવો પ્રસંગ! રાણીજી! યુદ્ધે જતાં હું નથી કંપતો,

નથી ડરતો, નથી ગભરાતો; પણ હું હથેળીમાં મારૂં માથું લઇને જાઉં તે ટાણે, રાણીજી ! તમારી સંભાળ કોણ લેશે ?"

'સંભાળ ?' તે વીરક્ષત્રાણિ તડૂકી: "રાજપૂતની કન્યાની સંભાળ કેવી ? મારી સંભાળ લેનાર હું સિંહણ જેવી બેઠેલી છું. નાથ! સુખેથી પધારો. જે અનાથ બાળાએ પોતાનો ઉદ્ધાર કરવા કાજે રાણાજીને સંદેશા પાઠવ્યા છે, તેની સહાયમાટે આપ ભલે પધારો. યશના આવા પ્રસંગ ઝાઝેરા હાથ નથી આવતા. પધારો અને મેવાડની તથા ચંદાવતની કીર્તિને તેજવંતી કરો ! "

"તેજવંતીજ રહેશે, રાણીજી ! સલુંબરાના તે સરદારોની અક્ષય કીર્તિ ! એકજ શબ્દ ઉચ્ચારૂં છું. મારા પ્રયાણકાળે મારી એકજ સૂચના છે. રાણીજી ! ચંદાવતોના આ પરમ કીર્તિશાળી કુળની પ્રતિભામયી કીર્તિને ઝાંખ લાગે એવું કશુંય આચરણ ન બને."

" એ શું ? નાથ ! હાડાની કન્યા પોતાનો સ્વધર્મ નથી સમજતી ? તમે પૂર્ણ શાંતિથી યુદ્ધે સિધાવો. "

પતીપત્નીએ—ગઈ કાલેજ પરણેલાં એ નરનારે એકબીજાની વિદાય લીધી. જાણે છેલ્લીજ વાર ન હોય તેમ બંને એકબીજાને ભેટયાં ને હૃદયદાન દીધાં—લીધાં; ને છેલ્લું ચુંબન દેતી વેળા રત્નસિંહ બોલ્યો:— 'જાઉં છું, હાડીજી ! મેં કહી તે વાત ધ્યાનમાં રાખજો. તમારૂં સ્વત્વ......!

સરદાર ગયા.

આખા શહેરમાં દુંદુભિનાદ થઈ રહ્યાં. રાણા રાજસિંહ એક અનાથ બાળાની વહારે જતા હતા. સારૂં શહેર ગાજી રહ્યું, નિશાનડંકા વાગ્યા અને સવારી ચાલી. નગરનાં નારીજનો ઝરૂખામાંથી, અગાશીમાંથી, બારીમાંથી એ વિજયયાત્રા નિહાળી રહ્યાં. હાડી ચંદ્રમુખી પોતાના ઝરૂખામાંથી, એ સારૂંય દ્દશ્ય જોઈ રહી.

સવારી સહેજ દૂર ભાગ્યેજ ગઇ હશે. હાડીરાણી ઝરૂખામાંજ ઉભી ઉભી એ દ્દશ્ય જોઇ રહી હતી. એવામાં પાછળ સાદ સંભળાયો:—'રાણીજી!'

રાણી પાછું ફરી જુએ છે તો પતિનો રાવત ઉભો હતો.

'કેમ રાવત ?' ઝરૂખામાંથી દિવાનખાનામાં આવી પ્રશ્નસૂચક આંખોએ ચંદ્રમુખીએ પૂછ્યું.

'પ્રણામ, રાણીજી! સરદાર ગયા. જતાં જતાં એક વાત આપને સંભારવાનું મને કહેતા ગયા છે. રાણીજી! ચંદાવતોના કુળની કીર્તિને કશુંયે કલંક ન આવે, એ ધ્યાનમાં રાખજો. એટલા શબ્દો રત્નસિંહ-જીએ કહાવ્યા છે.' રાવતે સંદેશો સુણાવ્યો.

હાય ! સરદારને આ શી લગની! હાડી રાણીને રોમે રોમે સતીત્વ વ્યાપી ગયું:–'રાવત ! તારા સરદારને એક વસમી ચિંતા લાગી છે. હાડી રાણી પોતાની ગેરહાજરીમાં શીલ કદાચ ન સાચવે એવી એ-મને ભ્રમણા લાગી છે; પણ હાડીના રુધિરનું એક એક બિંદુ કયાં તત્ત્વોમાંથી ઘડાયું છે, તેની સરદારને ખબર નથી.' ખીંટીએ લટકતી તલવાર હાડીએ ઉપાડી અને બોલી: "રાવત ! લ્યો, તમારા સરદારને કાજે યુદ્ધે જતી વખતની એક સરસ ભેટ તમને આપું છું, તે તેમને આપવા લઇ જજો. આ ભેટમાં એમની સર્વ ભ્રમણાઓનો સંપૂર્ણ જવાબ છે. લ્યો, આ ભેટ સરદારને દઇ દેજો."

રાવત 'હાં હાં' કરતો આગળ ધસે તે પૂર્વે પેલી તલવાર હાડીના ગળાની આસપાસ ફરી વળી. સતીના શરીરમાંથી જાણે તેજની એક જ્વાળા પ્રગટી નીકળી. જૂદા પડેલા મસ્તકને એ ધડવિહોણા હાથે ઝાલી રાવતના હાથમાં આપ્યું અને પોતાનું છેલ્લું કર્તવ્ય બજાવીને એ ધડ ધબ દઇને ભૂમિપર પડયું.

× × × × ×

પોતાના હૃદયની એકજ નિર્બળતા કાજે ચંદાવત સરદારે પોશ પોશ આંસુ સાર્યાં; ને હાડીરાણીના એ મસ્તકને હૃદયદેશે સ્થાપવા તેમણે ચોટલા-વડે તેને ગળામાં ધારણ કર્યું. તે દિવસથી સ્વર્ગમાં આતુર નયને વાટ જોઇ રહેલી એ વીરાંગનાને ભેટવા તેનો પ્રાણ ઝંખી રહ્યો; ને–ને આત્મ-બલિદાનનો દૃઢ નિશ્ચય કરી યુદ્ધમાં તેમણે પોતાની આહુતિ આપી.

૭૬—એક કેળવણીકારનો અભિલાષ

("નવયુગ" તા. ૨૦-૨-૨૫)

એક વર્ષ શિક્ષકનો ધંધો કર્યો. કેળવણીમાં કંઇક જાણવાનો દાવો પણ કર્યો. પ્રાથમિક શિક્ષણના ગુંચવાડાભરેલા સવાલો ચર્ચ્યા, માધ્યમિક શિક્ષકના સિદ્ધાંતો નક્કી કરવામાટે બહુ બહુ અખતરા કર્યા, કંઇએ તત્ત્વનિર્ણયો કર્યા અને કંઇએ પ્રયોગો પણ કર્યા. બધી મહેનતને પરિણામે એકજ સત્ય લાધ્યું છે.

આપણા દેશની દશા પલટાવવામાટે દરેક શિક્ષકે, દરેક શિક્ષણશાસ્ત્રીએ, દરેક કેળવણીકારે આપણા લોકસમૂહસુધી પહોંચી વળવું જોઇશે. ગમે તેટલી સંખ્યામાં અને ગમે તેટલી શાસ્ત્રીયતાવાળી નિશાળો ચલાવો; પરંતુ સમાજના કેટલા અંશને સ્પર્શી શકાશે? અને આપણી બૂમો ક્યાંસુધી પહોંચે છે? લોકનાં ઝુંપડાંમાં તે સંભળાઇ છે? કેળવણી મારફત દેશનો ઉદ્ધાર ઇચ્છનારા આપણે કેળવણીને ક્યાંસુધી પહોંચાડી છે, તેનો ખ્યાલ આપણને નથી. **આપણે તો સમાજના ઉપલા પડનેજ માત્ર સ્પર્શી શક્યા છીએ, ભીતરમાં તો હજી એટલું બધું ભર્યું છે કે ત્યાં પહોંચી તેને નજરે નિહાળીએ ત્યારેજ ખરી ખબર પડે.**

શિક્ષકે સ્થાવર-જંગમ બન્ને પ્રકારની નિશાળો ચલાવવી પડશે. ગામને ગોંદરે તેની નિશાળ હોય તો પાણીને શેરડે પણ તેની નિશાળ હોય; ઢેડની શાળ પાસે તેની નિશાળ હોય તો ગામના દેવમંદિરે પણ તેની નિશાળ હોય; કણબીની ગમાણમાં તેની નિશાળ ચાલે તો સાથે સાથે લુહારની કોઢે પણ હોયજ; ભંગી-ચમારના ફળીઆમાં તે નિશાળ દેખાય અને બ્રાહ્મણના યજ્ઞકુંડ પાસે પણ નજરે આવે. આમ હોવા છતાં પણ ગામને ચોરે ગામના છોકરાછોકરીઓને ભેગાં કરીને તે અક્ષરજ્ઞાન પણ આપતોજ હોય.

શિક્ષક એટલે ગામડાનો સેવક, શિક્ષક એટલે ગામડાનું સુ-

ધરાઇ ખાતું, શિક્ષક એટલે ગામડાની કૉર્ટ, શિક્ષક એટલે સમાજસુધારક, શિક્ષક એટલે દેવમંદિરનો પૂજારી અને ધર્મગુરુ, શિક્ષક એટલે ભંગીનો ભાઈ અને ખેડુતનો મિત્ર ! શિક્ષકની આ ભાવના આપણામાં જાગશે ત્યારેજ કેળવણીદ્વારા સ્વરાજ્ય લેવાનાં આપણાં સ્વપ્નાં સાચાં પડશે. પ્રભુ ! સર્વ શિક્ષકોમાં, સર્વ શિક્ષણશાસ્ત્રીઓમાં, સર્વ કેળવણીકારોમાં આ ભાવનાનો ઉદય કરો.

૭૭–જીવતા-જાગતા જોગીઓ

("સૌરાષ્ટ્ર," તા. ૨૦–૨–૨૬)

સ્વામી સર્વદાનંદજી

આ ઉત્સવની વિશિષ્ટતા એના સાધુસમુદાયમાં હતી. કોઇ વેદવ્યાસ જેવા લાગતા, કોઈ જ્ઞાનના કુબેર ભંડારી જેવા દીસતા. જેને વચને વચને અમી ઝરતું, જેના વાક્યે વાક્યે શાસ્ત્રો સમજાતાં એવા સ્વામી શ્રી સર્વદાનંદજીનાં વ્યાખ્યાન જેમણે જેમણે સાંભળ્યાં, તે ખધાય, સારો દિવસ સૂર્યની ગરમીથી તપી ગયેલ ભૂમિને ચંદ્રિકાની શાંતિ મળે અને ખુશ ખુશ થાય તેમ, સર્વદાનંદજીની વાગ્ધારાથી તૃપ્ત થતા હતા; અને એ કોઈ રાજસંન્યાસી નહોતા. એ પુરુષને વસવાને ટંકારાની મહેલાત મળી હતી, પણ એ તો ત્યાગનો પૂજારી ! એ કહે કે, મારે તો આ મહેલાત ન ખપે, અમે સંન્યાસીને તો "શૈય્યા ભૂમિતલ." ટંકારાની મહેલાત છોડી આર્યનગરના તંબુમાં એ અને એમની જમાત વસવા ચાલી. તંબુમાં આવી એ આજ્ઞા કરે છે કેઃ–'ભૈયા પંદર પાવડા લાવો.' 'સ્વામીજી આપ એને શું કરશો ?' 'ત્યારે શું અમે અહીં મફતનું ખીચડું ખાવા આવ્યા છીએ ? મંડપમાં પાણીનો તોટો છે, પણ ધરતી માતાનાં અમી કાંઈ તૂટયાં છે ? અમે બધા સંન્યાસીઓ નદીમાં વીરડા ગાળીશું અને ખાધેલું હકક કરીશું.' નદીમાં બે–ચાર વીરડા ગાળ્યા પછીજ એ સ્વામીએ નિરાંત કરી.

સર્વદાનંદજીના જ્ઞાનની સીમા નથી. એમની વાણીની મીઠાશનો જેમ

પાર નથી, તેમ એમની સાદાઇ પણ અપરંપાર છે. એમને ગુરુપા નથી જોઇતું. એમને રાજમાન્ય–લોકમાન્ય નથી થવું; એ તો જ્ઞાનની પરબ માંડીને બેઠા છે! કોઈ બી આવો, કોઇ તૃષાતુર આવો, એ પરબનાં પાણી રાજા અને રૈયત સૌ કોઇને માટે એકસરખાં દુઃખહારી છે

સ્વામી શ્રદ્ધાનંદજી

આર્યસમાજી સાધુ વળી રામાયણની કથા કરતા હશે? જગત પણ કેવું ભ્રમમાં ભમનારું છે? આર્યસમાજી હોય એ તો રામાયણ અને મહાભારતનો ભક્ત હોય. આર્યસમાજ એ આપણી આર્યતાને વિકસાવવા ખીલવવા જન્મ્યો છે અને રામાયણમાં–રામમાં, સીતામાં, લક્ષ્મણમાં અને ભરતમાં–જે આર્યતા છે એવી કયા ગ્રંથમાં કે કયા જીવનમાં છે? સંન્યાસી શ્રદ્ધાનંદજી એટલે રામાયણના અભ્યાસી, પૂજારી અને કથાકાર! સંસારમ અને સંસારોદ્ધારની પ્રવૃત્તિમાં શ્રદ્ધાનંદજીને આજે જે વેશ પહેરવો પડ્યો છે, તે ઉપરથી શ્રદ્ધાનંદજી એટલે રામાયણના અભ્યાસી એ વાત લોકને નવાઇભરી લાગતી હતી; પણ જ્યારે એમણે રામાયણનું રહસ્ય સમજાવ્યું, ત્યારે આખા સમુદાયમાં એટલી શાંતિ અને તૃપ્તિ હતી, કે શ્રોતાઓને એમજ થઈ ગયું કે, ટંકારામાં આપણું આવવું સફળ ઉતર્યું.

બાકી શ્રદ્ધાનંદજી એટલે તો નગ્ન સત્ય! એમની કડકાઇ એમના સદા બીડેલા હોઠ અને ભાગ્યેજ સ્મિત કરતું મુખ કહી દે છે. જગત એ એક માયા છે. એ માયા ચાલ્યાજ કરવાની છે. એની આપણને શી ચિંતા છે? આપણે તો કોઇ પણ સ્થિતિમાં આનંદમાંજ રહેવું; એ પ્રકારની સદા હસતી મૂર્તિ સ્વામીજીની હતી. એ તો કોઇ જગતની વેદનાથી ત્રાસી ગયેલો, દુષ્ટોના નાશની લાખ હીકમતો ગોઠવતો, મજબૂત ડગ ભરતો કોઇ પહાડ ચાલ્યો આવે, તેમ ટટ્ટાર ચાલ્યો આવતો પુરુષવર છે. કેટલાક બોલે છે ત્યારે બોલતા નથી લાગતા, રડતા લાગે છે! કેટલાક બોલતા નથી પણ હસતા લાગે છે! અંદરની આગને કોઇપણ ઉપાયે દાબી રાખતા બોલતા હોય અને જ્યારે બોલી નાખે, ત્યારે આગ વર્ષાવતા હોય એવા શ્રદ્ધાનંદજી લાગે છે.

'સ્વામીજી ! બે શબ્દો ઉપદેશના સંભળાવે તો ઠીક!' સભામાંના કેટલાક ક્ષત્રિયોએ ઇચ્છા બતાવી.

"હાં, હું સાંભળું તો છું કે, કાઠિયાવાડમાં ક્ષત્રિયો ઘણા છે; પણ હું તો ક્યાંય ક્ષત્રિય જોતો નથી. ક્ષત્રિયોને મારે શું સંભળાવવું? આ તમારી આસપાસ તો બધી વાણીઆવટ હું જોઇ રહ્યો છું. ક્ષત્રીવટ છે કયાં ?" આપણા કાઠિયાવાડના માંધાતાઓને પહેલે ઝપાટે સાફ સાફ કહી દેવાની—સભાસન્મુખ આમ બોલવાની હિંમત સંન્યાસીજ કરી શકે અને તે પણ સ્વામી શ્રદ્ધાનંદજીજ કરી શકે. એ પુરુષનાં આ ભૂમિમાં પગલાં એ કાઠિયાવાડનું ભાગ્ય હતું. દુઃખની વાત એટલીજ બની કે, પોતાનો પ્રવાસ અત્રે લંબાવી શક્યા નહિ. એમ થયું હોત તો અવશ્ય એમનાં દર્શન અને ઉપદેશનો લાભ લઇ સૌરાષ્ટ્ર કૃતાર્થ થાત.

ધન્ય યુવક ડૉકટર આનંદપ્રિયજી

ટંકારાના મહોત્સવમાં એક પુરુષ એવો હતો, કે જેના ચહેરા ઉપર નિર્દોષતા અને આનંદના બસ ફુવારા ઉડતા છતાંયે, એની સાથે વાત કરે અગર એનું વ્યાખ્યાન સાંભળે તો જાણે કે એના અંતરમાં કોઈ કારમી વેદનાની આગ બળી રહી હતી; એનું સ્થૂલ બટુકડું—નાનકડું હતું, પણ એની અંદર કોઇ પહાડી આત્મા વસી રહ્યો હોય એવું ભાન એ કથની સાંભળી થયા વિના રહે નહિ. ઉંમરમાં એક જુવાનીઓ માત્ર હતો, પણ ભલભલા પ્રૌઢ મરદોને શોભાવે એવું સુંદર કાર્ય એણે એના ખાતે જમા કરાવ્યું છે. એ પુરુષ તે વડોદરાના પ્રખ્યાત તત્ત્વચિંતક અંત્યજોદ્ધારક માસ્ટર આત્મારામજીના ચિરંજીવી ડૉકટર આનંદપ્રિયજી ! એમણે શુદ્ધિસંબંધમાં જે વ્યાખ્યાન સભામંડપમાં આપ્યું, તે સાંભળીને નામર્દોને પણ પાનો ચઢે—અંધશ્રદ્ધાળુને પણ આંખો આવે એવું તેજસ્વી હકીકતવાળું કમકમાટી ઉત્પન્ન કરાવે તેવું હતું. મલબારના બે લાખ અસ્પૃશ્યોની તેણે વાત કરી. મલબારના અસ્પૃશ્યો કાંઈ ઢેડભંગીઓ નથી. તેમાંથી તો હાઇકૉર્ટના જડજો, વકીલો અને સ્કૂલમાસ્તરોના થોકેથોક નીકળ્યા

છે—અંગ્રેજી ભાષાના પંડિતો પાક્યા છે. બ્રાહ્મણ ચાલતો હોય તેનાથી ચાળીસ ફુટના અંતરમાં આ લોકો આવી ન શકે, એવી રૂઢિ ત્યાં છે. સ્પર્શ કરવાની તો વાતજ શી ? પણ હિંદુ—આ કેળવાયેલો હિંદુ તેમની નજદીક આવી ન શકે, તેમના ઉપરના આ જુલમે એમને એટલા રોષમાં લાવી મૂક્યા કે કાં તો તે બધા આજે મુસલમાન હોત અને કાં તો તેઓ ખ્રિસ્તી હોત. આનંદપ્રિયજી ત્યાં બે માસ રખડી આવ્યા. આપણા બ્રાહ્મણોને પગે પડ્યા, તેમની પાસે રડી પડ્યા, હિંદુધર્મની વહારે આવવા આજીજીઓ કરી અને છેલ્લે એ અસ્પૃશ્યોને આર્યસમાજમાં લેવાની પદ્ધતિ જે સ્વામીશ્રી શ્રદ્ધાનંદજીએ નક્કી કરી તેનો પ્રચાર કરી, તે બે લાખ મનુષ્યોને હિંદુધર્મનો ત્યાગ કરતા છોડાવ્યા. એ બધું કામ એ પચીસ વર્ષના જુવાનના હિસાબે છે. એ જુવાનને આપણાં સૌનાં વંદન હો !

૭૮—સૌરાષ્ટ્રનો સપૂત

("રાષ્ટ્રશક્તિ" કરાંચી તા. ૧-૯-૨૫)

આદર્શ સુધારક મહર્ષિ દયાનંદ સરસ્વતીના પુનિત નામથી સૌરાષ્ટ્રનો શિક્ષિતવર્ગ ભાગ્યેજ અપરિચિત હોય. પરદેશી કેળવણીના પ્રચારથી ગુલામીમાં જકડાયેલી અશક્ત પ્રજાને સશક્ત બનાવવા તથા સ્વતંત્રતાના મંત્રો પઢાવવા, પ્રાચીન શિક્ષણપ્રણાલીને પોષતી ગુરુકુલાદિ રાષ્ટ્રીય સંસ્થાઓના પુનરુદ્ધારક એ પરમ યોગીથી ભાગ્યેજ કોઇ અજ્ઞાત હોય. અનેક ધર્મશાસ્ત્રોનાં મંથન કરી, સત્યાસત્યને તારવી સનાતન વૈદિક ધર્મ તથા ઇશ્વરના શુદ્ધ સ્વરૂપને સમજાવનારા એ ધર્મતત્ત્વવેત્તાથી કયો હતભાગ્ય અજાણ્યો હશે ? ચૌદ વર્ષની કુમળી વયે મૃત્યુની અસહ્ય વેદનાઓ નિહાળી, અમરત્વને પ્રાપ્ત કરવા, સાચા શંકરની શોધમાં ગૃહત્યાગ કરી વનવાસ વેઠનાર એ બાલયોગી મૂળશંકરનું નામ સ્મરણ થતાં કોને રોમાંચ નહિ થતાં હોય ? બ્રહ્મચર્યની સાક્ષાત્ મૂર્તિસમા એ તપસ્વીના દિવ્ય તેજથી ક્યા અભિમાનીને

માન મૂકી, તેના ચરણનું શરણ નહિ શોધવું પડયું હોય ? ધર્મના મર્મને જાણનાર એ ધર્મધુરંધરના ઉપદેશામૃતથી કયા આર્યનું હૃદય નિઃસંદેહ બની ઈશ્વિરપરાયણ નહિ થયું હોય ? કર્મયોગી કૃષ્ણ અને મર્યાદાપુરુષોત્તમ શ્રીરામના પુનિત ચરિત્રના ઉજ્જવલ આદર્શોનું સત્ય સ્વરૂપ સમજાવનાર એ સત્યમૂર્તિના ઉપદેશપર કોણ મુગ્ધ નહિ થયું હોય ? આર્તનાદ કરતી ગૌમાતાના બલિદાનથી અપવિત્ર બનેલી ભારતની પુણ્યભૂમિને પુનઃ દેવભૂમિ બનાવવા 'ગોકરુણાનિધિ' રચનાર એ કરુણાનિધિના પુણ્યકાર્યથી કોનું હૃદય પ્રસન્ન નહિ થયું હોય ? દયા અને આનંદના સાગરસમા દિવ્ય ગુણયુક્ત એ દેવ દયાનંદના દર્શનમાત્રથી પરાજિત થઇ, કયા દુશ્મને તે ચરણરજને સ્વમસ્તકે નહિ ચઢાવી હોય ? સ્વરાજ્યપ્રાપ્તિના સર્વમાન્ય સિદ્ધાંતોના પ્રથમ પ્રચારક એ આદ્ય રાષ્ટ્રનિર્માતાને કયો રાજયોગી (લીડર) પોતાના રાષ્ટ્રગુરુ કહી નહિ પુકારતો હોય ? લોકહિતને સત્યોપદેશ કરતાં તેમના તરફથી પ્રસાદરૂપ મળેલા ઈંટ અને પથ્થરાદિના પ્રહારો તથા વિષની વિષમ વેદનારૂપી પુષ્પમાળાને હસતે મુખે દેહપર ધારણ કરનાર એ આદર્શ સહિષ્ણુનું કોણ ઉદાહરણ નહિ લે ? એવા એવા અનેક દિવ્ય ગુણોથી વિભૂષિત એ અદ્વિતીય યોગીના પ્રાતઃસ્મરણીય નામથી કયો અજ્ઞ અજ્ઞાત હશે ? ટંકારા-(સૌરાષ્ટ્ર)માં જન્મ લઇ વેદટંકાર કરવાને સરજાયેલા એ તપસ્વીનું નામ સાંભળી કયા સૌરાષ્ટ્રવાસીનું મસ્તક ગર્વથી ઉન્નત નહિ થતું હોય ? છાતી વેંત વેંત નહિ ફૂલતી હોય ? આંખો હર્ષાશ્રુથી નહિ ઉભરાતી હોય ?

સૌરાષ્ટ્રવાસીઓ ! આજે ધર્મવેદીપર પોતાના આત્માનું બલિદાન દેનાર એ આપણી માતાના પનોતા પુત્રને આ અવનીપર અવતર્યાને સો વર્ષ પૂરાં થાય છે. સૌરાષ્ટ્રનો એ વીરપુત્ર સ્વદેશબંધુઓનાજ હાથથી વિષપાન કરી સ્વર્ગે સીધાવ્યો છે. વીરપૂજામાં અપૂર્વ આનંદ માનતી સૌરાષ્ટ્રની પ્રજા શું એ પોતાના ધર્મવીરની પૂજા નહિ કરે ? તેના આત્મામાં આરાધન નહિ આદરે ? અને સૌરાષ્ટ્રના ઓ બ્રહ્મદેવો! તમે ? ઉચ્ચ ઔદીચ્ય કુળમાં અવતરી સમસ્ત બ્રાહ્મણકુળને દીપાવ-

નાર એ તમારા બ્રહ્મબંધુનું શ્રાદ્ધ શું નહિ કરો? તેના આત્માનાં તર્પણ નહિ આરંભો? પોતાના દેશબંધુ તરફ દુર્લક્ષ્ય રાખી શું સૌરાષ્ટ્ર ધર્મભ્રષ્ટ (અનડયુટીફુલ) થવાનું પાતક શિરપર વહોરશે? સૌરાષ્ટ્રવાસીઓ! સુખનિદ્રામાં ક્યાંસુધી સૂતા રહેશો?

૭૯-કેટલીક ઘરાળુ બાબતોનું જ્ઞાન

('ચાંદ' નવેમ્બર ૧૯૨૫ ઉપરથી અનુવાદ)

માખો નસાડવાનો ઉપાય:-મ્હાનાં સૂકાં પાનને બળતા અંગારા ઉપર બાળવાથી માખો જતી રહે છે.

ખાસડાંનો ડંખ:-જોડો કોઇ કારણથી ડંખે તો એક વાસણમાં એરંડિયું રાખીને તેમાં મૂકવો. એરંડિયું ચૂસી લીધા પછી તે ઠીક થઇ જશે.

લીંબુનો રસ:-લીંબુને ચીરતા પહેલાં થોડી વાર ગરમ પાણીમાં મૂકી રાખવાથી તેમાંથી વધારે રસ નીકળશે.

માકણનો અને ઠંડકનો ઉપાય:-ગાદીતકીઆ ભરતી વખતે રૂમાં થોડું કપૂર ભેળવવાથી ગરમીના દિવસોમાં તે ઠંડા રહેશે અને તેમાં માકણ પણ થશે નહિ.

મીઠું ઉઘાડું ન રાખવું:-મીઠાને હમેશાં ઢાંકીનેજ રાખવું જોઇએ. મીઠા ઉપર ધરોળી બેસવાથી તે મીઠું ખાનારને કોઢ થાય છે.

શાહીના ડાઘ:-લુગડાપર શાહીથી પડેલા ડાઘ તાજા હોય તો તેના ઉપર બારીક વાટેલું મીઠું ભભરાવીને લીંબુની ફાડ ઘસવાથી તે સહેલાઇથી જતા રહે છે.

કાચનું વાસણ ફાટે નહિ તે માટે:-કાચના વાસણમાં ગરમ ચીજ રાખવી હોય તો તેની નીચે પાણીમાં ભીંજવેલું કપડું મૂકવું જોઇએ. આથી કાચનું વાસણ ફાટી જતું નથી.

ચાકની ભૂકીવડે થતી સફાઇ:-હારમોનિયમ કે પિયાનાના પરદા સાફ કરવા હોય તો તે પર ફ્રેંચ ચાકની ઝીણી ભૂકી ઘસવી.

ધાતુના વાસણની સફાઇ:-શાણી સ્ત્રીઓ નીચોવેલાં લીંબુની

છાલ ફેંકી દેતી નથી, પરંતુ તે છાલને મીઠા સાથે વાટીને તેનાથી તાંબાપિત્તળની વસ્તુઓ સાફ કરે છે.

લીંબુથી જોડાની સફાઈ:–પૂના લેધરના જોડાપર પણ લીંબુ-(નીચોવેલાં)ની છાલ ઘસીને લુગડાવતી સાફ કરીએ તો જોડા સાફ (પૉલીશ) થઇ જાય છે.

શાકભાજીની લહેજત:–શાકભાજી ચઢતી વખતેજ એક ચમચો ખાંડ નાખી દઇએ તો તેમાં અપૂર્વ લહેજત આવે છે.

મધની પરીક્ષા:–પાણીમાં મધનું ટીપું નાખીએ અને ફેલાઇ ન જાય અને એમનું એમજ રહે તો જાણવું કે તે સાચું છે, નહિ તો બનાવટી જાણવું.

સોનીના દગાની પરીક્ષા:–સોનાનાં ઘરેણાંપર નાઇટ્રિક એસીડ-નાં બે ટીપાં નાખતાંવેંતજ જો ધોળો ડાઘ પડી જાય તો જાણવું કે સોનીએ પોતાની કારીગરી અજમાવી છે–અર્થાત્ સોનામાં ભેળ સમજવો.

અત્તરની પરીક્ષા:–કાગળપર અત્તરનાં બે ટીપાં નાખી તેને જરા અગ્નિપર શેકવો; જો ડાઘ ઉડી જાય તો જાણવું કે અત્તર ખરૂં છે અને જો ડાઘ રહે તો જાણવું કે અત્તર બનાવટી છે.

હીંગની પરખ:–હીંગ અગ્નિમાં નાખતાંવેંતજ ભભકી ઉઠે તો જાણવું કે સાચી છે; પણ જરા વાર પછી ધૂમાડો નીકળે તો જાણવું કે બનાવટી છે.

કેસરની પરખ:–સલ્ફ્યુરિક એસીડમાં કેસર નાખતાંજ તેનો રંગ કાળો થઇને લાલ થઇ જાય તો જાણવું કે સાચું છે; પણ જો લીલો થાય તો બનાવટી સમજવું.

ટાંક અને સોય માટે:–હોલ્ડરની ટાંક અને સોય બરાબર કામ ન આપે તો તેને દીવાસળી સળગાવી જરા આંચ આપવી એટલે તુરત કામ આપશે.

શાહીના ડાઘ:–શાહીના ડાઘા ઉપર રાંધેલા ચોખા ઘસવાથી તે સહેલાઈથી જતા રહે છે.

માકણ નસાડવાનો ઉપાય:–ખાટલાના ચારે પાયે કપૂરની પોટલી

કે ટસુનાં ફૂલ વા અજમો બાંધવાથી માકણુ પલાયન કરી જાય છે.

ઉંદર નસાડવાનો ઉપાય:-ટર્પેન્ટાઇન તેલમાં બુચને ભીંજવી ઉંદરના દર પાસે મૂકીએ તો ઉંદરમામા પલાયન કરી જાય છે.

કાચની સફાઇ:-ચાર શેર ઉના પાણીમાં એક મોટો ચમચો ધાસ્તેલ નાખી બરાબર મેળવીને તે પાણીથી બારી-બારણું તથા શીશાશીશીઓ ધોવાથી તે બરાબર સાફ અને તેજદાર થાય છે.

૮૦-કેટલીક ઘરઘતુ દવાઓ

(જાન્યુઆરી, ૧૯૨૫ના "ભાગ્યોદય"માં લેખક-કે. સી. મહેતા.)

કોઇ પણ પ્રકારના તાવ ઉપર:-સાત પાંદડાં તુલસી અને સાત કાળાં મરી સવારે પાણીમાં વાટીને પીવાથી અવશ્ય તાવ ઉતરી જશે.

ચોથીઓ તાવ:-બાવળનાં પાંદડાં સુંઘવાથી ચોથે દિવસે આવનારો તાવ ઉતરી જશે.

પ્લેગથી બચાવવાવાળી ગોળીઓ:-લીમડાનાં પાંદડાં ૨ તોલા, સુંઠ, મરી, પીંપર, સિંધાલુણ, સંચળ, જીરૂં અને કાળુંજીરૂં, આ દરેક એકેક તોલો અને હીંગ ૭ માસા, આ સર્વને ખાંડીને ચાળી લીંબુના રસમાં ખરલ કરીને ચણીબોરની બરાબર ગોળીઓ બનાવી રાખવી. આમાંથી રોજ ત્રણ ગોળીઓ સવાર, બપોરે અને સાંજે સેવન કરવાથી પ્લેગથી રક્ષા થાય છે.

દાંત કઢાવવા બાદ જો દર્દ થાય તો મીઠું પાણીમાં ઓગાળીને કોગળા કરાવવાથી દર્દ બંધ થશે.

બાળકના દસ્ત(ઝાડા) બંધ કરવા:-જરાક જેટલા ડુંગળીના રસમાં બાજરીની બરાબર અફીણ ઘોળીને આપવાથી બંધ થશે.

બાળકના ટાઢીઆ તાવપર:-કાળી તુલસીનાં ચાર પાંદડાં, બાવળનાં ચાર પાંદડાં અને અજમો એક માસો, આ બધાને પાણીમાં ઉકાળીને ઠંડુ કરી જવરના ચઢવા પહેલાં પાવાથી બાળકોનો તાવ ઉતરી જાય છે.

જુલાબ લેવો:–૩ થી ૧૦ વર્ષના બાળકમાટે એક તોલો એપ્સમ સોલ્ટ (વિલાયતી મીઠું) પાણીમાં પાવું. દશથી પચ્ચીસ વર્ષના નવયુવકો માટે દોઢ યા બે તોલા અને પચ્ચીસથી ૧૦૦ વર્ષના પુરુષોમાટે અઢી તોલા લેવું.

પાચનશક્તિ વધે:–જમ્યા પહેલાં સિંધાલુણ અને આદુ ખાવાથી પાચનશક્તિ વધે છે, ખાવાની રુચિ વધે છે; કંઠ, જીભ અને મુખની શુદ્ધિ થાય છે.

પાચક ચૂર્ણ:–સુંઠ બે તોલા, વરિયાળી બે તોલા, કાળાં મરી બે તોલા, પીંપર એક તોલો, સાંભરલુણ બે તોલા, સંચળ બે તોલા, સૂકો ફુદીનો બે તોલા, તજ બે તોલા, ટંકણખાર (ફુલાવેલો) બે તોલા અને નવસાગર બે તોલા, આ બધાને વાટી, ચાળીને ચૂર્ણ કરી પછી તેમાં ૧ માસો પીપરમીટનું સત્વ મેળવીને શીશીમાં ભરી બુચ લગાવીને રહેવા દેવું. આની એક માસાની માત્રા ભોજનની બાદ બન્ને વખત સેવન કરવાથી અજીર્ણનો નાશ થાય છે, ક્ષુધા વધે છે અને અન્નનું પાચન થઇને દસ્ત સાફ આવે છે.

ભૂખ ન લાગે તેનો ઉપાય:–શેકેલી રાઈ, ફુલાવેલી હીંગ, શેકેલી સુંઠ, શેકેલું જીરૂં અને સિંધાલુણ, અંદાજથી દહીંમાં નાખી ખૂબ હલાવવું અને પછી સેવન કરવું.

જો સરસવનું તેલ અને બારીક સિંધાલુણ રોજ દાંતોપર ઘસવામાં આવે તો દાંતના ઉપરના ભાગમાં કોઈ રોગ થતો નથી.

દેવતાથી દાઝ્યાપર:–કાચો બટાટો વાટીને મલમલના ટુકડાપર પાથરીને તેની પટ્ટી બાંધવાથી આરામ થાય છે. લીમડાની છાલ બાળીને તેની રાખ ઘાવપર લગાડી દેવાથી પણ દાઝેલો ભાગ ઠીક થઇ જાય છે.

કમ્મરનું દર્દ:–ગુગળ બે ભાગ અને કાળાં મરી એક ભાગ વાટીને લગાડવાથી કમ્મરનું દર્દ સારૂં થઈ જાય છે.

ઉલટી:–ચોખાના ધોવરામણમાં જરાક જાયફળ વાટીને પાવાથી ઉલટી બંધ થઇ જાય છે.

હડતાલનો ધૂમાડો આપવાથી **વીંછી નથી રહેતા.**

કાનખજુરો કાનમાં ગયો હોય તો મીઠાનું પાણી કાનમાં નાખવું

ખસ થઇ હોય તો આંબળાનું ચૂર્ણ મધમાં મેળવીને ખાવું.

ખીલ જો થવાનો હોય તો લવિંગ યા કાળું મરી પાણીમાં વાટ લગાડવાથી ખીલ જોર નહિ પકડે.

નખમાં વાગવાથી તે ઉતરી ગયો હોય તો ગરમ પાણીની ધા છોડવાથી દરદ મટી જશે.

નસ્કોરી ફુટી હોય તો માટીને પાણીમાં નાખીને સુંઘવાથી બંધ થશે

ઉંદરના ઝેરપર પાણીમાં અફીણ ઘસીને લેપ કરવાથી આરામ થશે

શરીરપર કોઈ ઠેકાણે માંકડી કુકડી મૂતરી ગઈ હોય તો કેરીન ખટાઇ પાણીમાં ઘસીને ચોપડવાથી આરામ થઇ જાય છે.

વાઈ આવતી હોય તો અરીઠું પાણીમાં ઘસીને બે-ચાર ટીપ નાકમાં નાખવાથી છીંક આવીને આરામ થાય છે.

માથામાં દર્દ થતું હોય તો બદામ ઘસીને લેપ કરવો.

(નીચલા ઉપચાર હિંદી ઉપરથી આપેલા છે.)

મરડાનો (ઝાડા સાથે લોહી-પરૂ પડે છે તેનો) ઉપાયઃ- કડાછાલ તોલા ૪) અને સુંઠ તોલો ૧) તેનું બારીક ચૂર્ણ કરીને તેમાંથી દિવસમાં બે થી ત્રણ વાર પા પા તોલો છાશ સાથે ઉતારં જવું. છાશ ન મળે તો પાણી પણ ચાલશે. આનો બીજો ઉપાયઃ- વરિયાળી તોલા ૧૦; સુંઠ તોલા ૨ા, હીમજ તોલા ૫; આ સર્વનુ ભેગું બારીક ચૂર્ણ તોલો ૦ા થી ૦ાા સુધી દિવસમાં બે વખત તાજ પાણી સાથે ઉતારી જવું.

આંખોનો ઉપાયઃ-ફટકડી, સાકર અને સિંધવ, એ ત્રણે અકેક તોલો લઈ બારીક કરવી. પછી ગુલાબનું પાણી (અને તે ન મળે તે પછી સ્વચ્છ પાણી) તોલા ૪૦)માં તે નાખીને ઓગળી જાય એટલે જાડે કપડે ગાળી લઇ સ્વચ્છ શીશીમાં ભરી રાખવું. બંને વખત એનાં બબ્બે ત્રણત્રણ ટીપાં આંખોમાં નાખવાથી આંખો દુઃખવી

આંખોની દુર્બળતા, આંધળાપણું વગેરે રોગોમાં ફાયદો થાય છે.

દુઃખતા દાંતનો ઉપાય:–આંબાહળદર તોલો ૦।, સાધારણ હળદર તો. ૦।, ફટકડી તો. ૦।, સિંધવખાર તો. ૦।, આ ચારેનું બારીક ચૂર્ણ કરીને તેમાંથી એક માસો ચૂર્ણ લઈને લીંબુની ચીરી ઉપર નાખવું. પછી તે ચીરીને ગરમ કરીને પછી તે ચીરી દુઃખતા દાંતની નીચે દબાવીને રાળનું ટપકું દેવું. બે-ત્રણ દિવસ એ પ્રમાણે કરવાથી દાંતનું દરદ દૂર થઈ જાય છે.

અજીર્ણ, મંદાગ્નિ, આફરો અને કબજીઆત ઉપર લાભદાયક ગોળીઓ:-લસણની કળીઓ, સફેદ જીરૂં, સિંધવ, સુંઠ, કાળાં મરી, પીંપર, શુદ્ધ ગંધક, આ દરેક પાંચ તોલા અને હીંગ તોલો૦॥, આ સર્વનું બારીક ચૂર્ણ કરીને લીંબુના રસમાં તેની ગોળીઓ બનાવી છાંયે સૂકવી લેવી.

સર્વ પ્રકારની ખાંસીનો ઉપાય:-કાળાં મરી તોલા ૧૦, બહેડાંની છાલ તોલા ૧૦, લવિંગ તોલા ૧૦, કાથો તોલા ૩૦–આ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી બાવળની છાલના ઉકાળામાં તેની ગોળીઓ ચણા ચણા જેવડી કરવી અને છાંયે સૂકવી લેવી. આ ગોળીઓ મોઢામાં નાખીને ચાવવી નહિ, પણ ચૂસીને ઓગળે તેમ ગળે ઉતારતા રહેવું. આથી સર્વ પ્રકારની ખાંસી મટે છે.

ઉત્તમ દંતમંજન:–૧–(દાલચીની) તજની ભૂકી તોલા ૪, ૨–અરીઠાંની ભૂકી (બીજવગરનું) તો. ૧, ૩–ફટકડીની ભૂકી તો. ૦॥, ૪–કાથાની ભૂકી તો. ૨, ૫–પીપરમીટ રતી ૧૦, ૬–અજમાનાં ફૂલ રતી ૧૦, ૭–કપૂર રતી ૨૦, ૮–ઇલાયચીના કણની ભૂકી તોલો ૧), ૯–તજનું તેલ માસા ૪, ૧૦–સફેતાનો–ચાકનો બારીક ભૂકો તો ૩૬); ઉપલામાંની ૧–૨–૩–૪–૮ એ પ્રથમ બરાબર ભેગી કરવી. પછી ૫–૬–૭–૯ એ ચીજો બારીક કરીને ઉપલી ચીજોમાં મેળવવી. પછી સફેતાના આપેલા બારીક ભૂકામાં એ બધું બરાબર ભેગું કરી દેવું.

આ દંતમંજન દાંતોની ઉપરના તેમજ એક બીજાની વચ્ચે ભરાતા

મેલ તથા જંતુઓને સાફ કરે છે.

(નીચેના ઉપાય "વૈદ્યકલ્પતરુ" માંથી આપેલા છે.)

કબજીઆત મટાડવામાટે "દાડમપાક" નીચે જણાવ્યા પ્રમાણે બનાવીને ખાવાથી પરદેશી વિલાયતી જુલાબની ગોળીઓની માફક અવગુણ બીલકુલ થતો નથી. તાજાં નવાં દાડમનાં બીઆં શેર ૦॥, કાળાં મરી બે તોલા, જીરૂં બે તોલા, લાલ સંચળ ૨ તોલા અને મોટી કાળી દ્રાક્ષ બીઆં કાઢેલી શેર ૧. પહેલાં દાડમનાં બીઆંને ખૂબ બારીક છુંદી તેમાં દ્રાક્ષને મેળવીને મસાલો પીસવાની પથ્થરની પાટ ઉપર રગડીને ચટણી જેવું બનાવવું. પછી તેમાં સંચળ મેળવી નાખ્યા બાદ, મરી તથા જીરૂં જૂદું કપડછાણ કરી સઘળાંને એકરસ કરવું. છેલ્લે આ "પાક"ની સોપારી જેવડી ગોળી કરી કાચના વાસણમાં ભરી રાખવી; અને જ્યારે જોઇએ ત્યારે તેમાંથી એક ગોળી ચાવીને ખાધી હોય તો ખાણું હજમ થશે, ભૂખ સારી લાગશે, દસ્ત સાફ આવશે અને અજીર્ણ, વાયુનું દરદ તથા આમવાયુનો નાશ થશે.

કબજીઆતનો સહેલો ઉપાયઃ—જેઓને કોઠાની કબજીઆતને લીધે ઘડી ઘડી માથું દુખવા આવતું હોય, તેઓએ યાદ રાખવું જોઇએ કે, જે લોકો ખાઇ-પીને એક ઠેકાણે બેસી રહે છે, તેમનામાં ખાસ કરીને કબજીઆતની ફરિયાદ જોવામાં આવે છે. ન પચે એવો જડ ખોરાક ખાવાની જાથુની ખરાબીભરેલી ટેવથી પણ કબજીઆત થાય છે. કબજીઆતના સહેલા ઉપાયતરીકે ગરમ પાણીમાં લીંબુનો રસ જેટલો લેવાય એટલો અથવા માફક આવે એટલો નાખી ગોળ કે મધ નાખી સવારના પહોરમાં પીવું. જૂનો ગોળ પ્રમાણ જોઈ ખાવો તેથી પણ કબજીઆત તૂટે છે. "ઓલીવ ઑઇલ" અથવા "સેલેડ ઑઇલ" ખાવાના ખોરાકની સાથે હરવખત લેવાથી જાથુની કબજીઆતથી પીડાતા માણસોને અતિશય ફાયદો થાય છે.

(નીચેનું લખનાર—ઠા૦ હંસરાજ રવજી રાણાવાવવાળા)

હરસમાટે અકસીર અને વગર પૈસાની દવાઃ—હું પોતે હરસની

બેમારીથી બહુજ પીડાતો હતો, ઘણા ઉપચારો કર્યા પણ આરામ
યો નહિ. છેવટ રાણાવાવના વૈદ્ય પ્રભાશંકર દયારામની સલાહ
છતાં તેમણે બતાવેલા ઉપચારોથી મને આરામ થયેલ છે. જરા પણ
જા નથી. તદ્દન આરામ થયેલ છે.

ઉપચાર કરવાની રીત નીચે મુજબ:-પોતાના પેશાબથી હરસને
રોજ ધોવા. દિશાએ (જંગલ) જતી વખત હરસ બહાર દેખાય તે
ખતે પોતાના પેશાબથી ધોવામાં આવતાં થોડા દિવસમાં આરામ થાય છે.

પેશાબથી ધોયા બાદ ૧૦-૧૫ મિનિટ પછી સારા પાણીથી ધોવાથી
ળતરા થતી નથી. બહાર દેખાતા મસાને સારા પાણીથી ધોઈ પછી
ંદર બેસાડી દેવા. ત્યારબાદ નાહી-ધોઈ પવિત્ર થઈ પ્રભુભજનમાં
ડાવું. હરસ બટકાં ભરે તો તે ઉપર દહીં ચોપડવું, તેમજ સવારે દહીં
વું; દહીં ખાટું ન હોવું જોઈએ, તે ખાસ ધ્યાનમાં રાખવું. જેટલું મેં
નુભવ્યું છે તે લખી જણાવું છું. બાકી તો પરિણામ પ્રભુને હાથ છે.

(નીચેનું 'ગુજરાતી' તા. ૧-૪-૨૬ માંથી લીધેલું છે. લેખક-
યાજ્ઞિક લક્ષ્મીરામ રામજી-ધાંધળીવાળા)

આંખનાં ફુલાંનો અકસીર ઉપાય:-આંખનાં દર્દો જેવાં કે,
રી વળવી, ઝાંખ આવવી અને ફૂલાંનું પડવું, એ બધાંને મટાડ-
નો ઉપાય ખાખરાનાં મૂળસિવાયનો બીજો પણ છે. ખાખરાનાં
ળનો અર્ક શુદ્ધ રીતે કાઢનારા જવલ્લેજ છે. ખાખરાનાં ઝાડો ડુંગર-
થાય છે. ઘણી વખત એમ પણ બને છે કે, ખાખરો જ્યાં નીપ-
તો ન હોય, ત્યાં ખાખરો મળવો મુશ્કેલ પડે છે. એ એકની કિંમત
ુ ભારે થવા જાય છે, તેથી શ્રીમંતો મેળવી શકે; પણ ગરીબ-
નાણાંના અભાવે મેળવી શકતો નથી. એ તો સહેલો સટ, ઝટ
ી થાય એવો ઉપાય છે કે, દરેક મનુષ્યને તે દવા આંખોને સારો
દો કરી શકે અને જુજ કિંમતે મળી શકે તથા દર્દોને મટાડવા-
અકસીર ઉપાયરૂપ બની શકે છે. સાબરનું શીંગડું, ગધેડાનો
, વડાગરૂં લૂણ (મીઠું) અને જૂનું અફીણ મેળવવું. સાબરશીંગડા

અને ગધેડાના દાંતને તાંબાના વાસણ ઉપર ઘસી, થયેલ ઘસારો એક ચીનાઈ માટીના ગ્લાસમાં લઇ લેવો. તાંબાના વાસણપર જોઇએ તેવો ઘસારો ન ઉતરે તો પછી પથ્થરપર તે બંને ઘસવાં. પછી વડાગરૂં મીઠું અડદના દાણા જેટલું ઘસીને તેમાં અફીણ નાખી મિશ્રણ કરી એ ચારે ચીજોનો ઘસારો વાસણમાં એકંદર મિશ્ર કરીને વાદળાંવિનાને દિવસે બપોરે અર્ધો કલાક આંખની અંદરના પેઢા અને ડોળાપર આંજણીની માફક આંજી સૂઈ રહેવું. એમ આંજવાથી ખાખરાના મૂળના અર્કનો ઉપયોગ કરતાં દર્દ ઓછું થઇ સારૂં થતાં જેટલો વખત લાગે છે, તે કરતાં થોડી મુદતમાંજ આરામ થઇ જશે અને ઉપરનાં તમામ દરદો નાબૂદ થઇ જશે. આમાં સારી ડીગ્રી મેળવેલા અનુભવી ડૉકટરો અને દેશી વૈદ્યો મેળવી સેવન કરતાં પહેલાં સર્વે તવંગર અને ગરીબ જનસમાજને જરા અખતરો કરી જોવા અમારી વિનતિ છે.

(નીચલા ઉપાય હિંદી "સ્ત્રીચિકીત્સક" ઉપરથી છે.)

બરોળમાં–આકડાનાં પાકેલાં (પીળાં) પાન અને સિંધાલુણ, એ બન્નેને દેવતાપર બાળીને પછી પાણીની સાથે અથવા મધ સાથે રોજ ત્રણ માસા ખાતાં રહેવાથી રોગ દૂર થાય છે.

ખુજલીમાં–આંબળાંનું ચૂર્ણ રોજ ત્રણ માસા મધ સાથે ખાવું.

સ્ત્રીઓનું ધાવણ વધારવામાટે–મુનક્કા નામે મોટી દ્રાક્ષ વાટીને ઘીમાં મેળવી પીતા રહેવાથી વધારે દૂધ ઉતરે છે.

અંડકોશ સૂજી આવવું:–એક તોલા ત્રિફળાંના કાઢામાં ગોમૂત્ર નાખીને પીવાથી તરત આરામ થશે.

બહુમૂત્રમાં:–ઉમરડાનાં મૂળનું રોજ ત્રણ માસા મધસાથે સેવન કરવું.

હરસમાં:–છાશમાં સિંધાલુણ નાખીને કેટલાક દિવસ સુધી લાગટ પીતા રહેવાથી રોગ નાબુદ થાય છે.

હરસના મસામાં:–રસવત, ચિનિયુ કપૂરને વાસી પાણીમાં ઘુંટીને લેપ કરવો. કેટલાક દિવસ આ પ્રમાણે કરવાથી મસા સૂકાઇને આરામ થશે.

શ્વાસ, ખાંસી, કફ:–કાયફળ, મોથ, ધાણા, ભારંગી, કાકડા-

શીંગી, પિત્તપાપડા, સુંઠ,વજ, હરડે, દેવદાર, રોહિસનાં ફૂલ–એ દરેક તોલા તોલાભાર લઇને સાત ભાગ કરવા અને એક ભાગનો કાઢો બનાવી-ને પીવો. કાઢામાં એક શેર પાણીમાંથી નવટાંક પાણી રહે ત્યારે ઉ-તારી લેવો. પાણી ગરમ પીવું. કોઇ પણ જાતની ખટાઈ, તેલ, ઘી, ગોળ તથા અડદની ચીજો ન ખાવી.

બરોળ ઉપરઃ–સૂંઠ, કાળાં મરી, પીંપર અને સિંધાલુણ, સમ-ભાગે લઇને કપડછાણ કરી તેમાંથી બે પૈસાભાર ચૂર્ણ કુંવારપાઠાના ગર્ભમાં મેળવીને ગાયના ઘીની સાથે રોજ આપવું. તેનાથી ગોળો અને બરોળ નાબુદ થાય છે.

છએ પ્રકારના અતિસાર ઉપરઃ–ભાંગરાનો રસ પાંચ પૈસાભાર સાત દિવસસુધી ગાયના દહીં સાથે આપવાથી સર્વ પ્રકારના અતિ-સાર નાબુદ થાય છે.

બાળકોની ખાંસીમાટેઃ–જવખાર, અતિવિષની કળી, કાકડા-શીંગી, પીંપર, પુષ્કરમૂળ, એ સર્વનું ચૂર્ણ મધની સાથે ચટાડવાથી બાળકોની પાંચે જાતની ખાંસી નાબુદ થાય છે.

શૂળ તથા પેટના સર્વ પ્રકારના વિકાર ઉપરઃ–કણઝીનાં બીજ બે તોલા, હીંગ ૦। તોલો, સંચળ બે તોલા, જીરૂં એક તોલો, અજમો એક તોલો, સુંઠ અર્ધો તોલો, પીંપર ૦। તોલો અને ફુદીનો ૧ તોલો, એ બધાને વાટીને ઘીમાં એક એક માસાની ગોળી બનાવવી. ગરમ પાણીસાથે તે આપવાથી શૂળ તથા પેટના બીજા વિકારો નાબુદ થશે.

કાનના દર્દમાટેઃ–ઘેટાનું મૂત્ર, સિંધાલુણ અને લીમડાનાં પાન તલના તેલમાં પકાવીને કાનમાં નાખવાથી કર્ણશૂળ અને કાનના સણકા બંધ થઈ જાય છે.

દાઢના દુઃખવા ઉપરઃ–વાવડીંગને ચલમમાં ભરીને તેની ધૂમાડી પીવાથી તેના ધૂમાડાને લીધે દુઃખાવો બંધ થશે અને કૃમી હશે તો તે પણ મરી જશે.

(નીચેના અનુભવસિદ્ધ ઉપાયો અમદાવાદના પ્રાંતિક વૈદ્ય-

સંમેલનમાં વૈદ્યોએ બતાવેલા ઉપાયોમાંના રસાયણી ઉપાય પડયા મૂકીને "ભાગ્યોદય"ના પોષ–૧૯૮૨ના અંકમાંથી લીધા છે.)

તાવઃ—અતિવિષ ૦। તોલો, સુરોખાર ૧ તોલો, બન્ને ભેગા વાટી લૂગડે ચાળી ચૂર્ણ બનાવી રાખવું. તેના ૩ ભાગ કરી મધની સાથે દિવસે તાવવાળા દરદીને ચટાડવું. ઉપર મગનું ઓસામણ આપવું, જેથી તાવ મટશે.

તાવઃ—લવીંગ ૧ વાલ, મરી ૧ વાલ, લીંબોળી ૩ વાલ, એ બધું ખાંડી લીમડાના પાનના રસની અંદર ઘુંટી રતી રતીની ગોળીઓ બનાવવી. દિવસમાં ત્રણ વખત બબ્બે ગોળી એમ ૭ ગોળી લેવી, જેથી તમામ જાતના તાવ મટે છે.

હિક્કા—હેડકીઃ—નેતર ઘસી પાવલીભાર પીવાથી હિક્કા—હેડકી મટે છે. સાધારણ રીતે હેડકીનું જોર ૯ દિવસ રહે છે, તેમાં પેટની કબજીઆતની હિક્કા મટે છે. સન્નિપાતના તાવની હિક્કા અસાધ્ય ગણાય છે.

વીસ્ફોટકની ચાંદીઃ—બશેર વડાગરૂ મીઠું અને ત્રણ શેર લીંપવાની માટી, બન્નેને સરખે ભાગે લઇ સાત ગોળા બનાવવા. તેમાંનો ૧ ગોળો લાલ થાય ત્યાંસુધી દેવતામાં તપાવવો, પછી તેને પાણીમાં બૂઝાવી દેવો. તે છમકારેલું પાણી ગાળીને પાઇ દેવું. ઉપર ઘી, સાકર ને રોટલી ખાવાં. સાત દિવસ પ્રયોગ કરવાથી વિસ્ફોટકની ચાંદીઓ મટી જાય છે.

રક્તપ્રદરઃ—ધાપાણની ભસ્મ ૧। તોલો, સાકર અને મધ સાથે આપવાથી રક્તપ્રદર મટી જાય છે.

રક્તપિત્તઃ—ભેંસની પાડીનું છાણ પાણીમાં પલાળીને ઠરવા દઇ તેનો રસ કાઢી તે લૂગડે ગાળી લઇ તે પાણી સાકર નાખી દિવસમાં બે–ત્રણ વખત પાવાથી લોહી પડતું બંધ થાય છે.

ગુમડાંઃ—સુંઠ, ઝેરકચોલું ને વજ, ત્રણે પાણીમાં ઘસીને લેપ કરવો. પછી મકરોડનાં પાન (તે ન મળે તો આમલીનાં પાન કે નગોડનાં પાન) છાશની પરાસમાં બાફી તેને ઝીણાં વાટી લૂગદી કરી વ્રણ

ઉપર બાંધી દેવાથી ત્રીજે દિવસે વ્રણ પાકી પરૂ નીકળી જશે. પછી તેના ઉપર શંખજીરૂ વાટીને દબાવી દેવાથી રૂઝ આવી જશે.

આંખના રોગ:–જસતનાં ફૂલ ૧૦ તોલા, ૦ાા તોલો એલચીનાં બી, ૦ાા તોલો સાકર, બેઆનીભાર શુદ્ધ મોરથુથુ, બેઆનીભાર બાવળનો ગુંદર, એ બધાંને વાટી કપડેથી ચાળી પછી તેમાં જસતનાં ફૂલ ભેળવી બે દિવસ ગુલાબજળમાં ઘુંટવું. તેની ચણા જેવડી ગોળીઓ બનાવવી. તે ગોળી તરભાણામાં પાણી સાથે ચોથો ભાગ ઘસીને આંજવાથી દુ:ખતી આંખો મટે છે.

પાઠું:–જાડા થોરનું મૂળ કાઢી તેનું છોડું કાઢી નાખી ગરમ પાણીમાં ઘસી પાઠાપર ચોપડવાથી પાઠું ઓગળી જશે.

વાળો:–ભીલામાને સોય ઘોચી દીવા ઉપર ધરવાથી દૂધ નીકળે છે. તે એક–બે ટીપાં પાશેર દૂધમાં પડવા દઈ તે દૂધ પાવાથી વાળો મટે છે, વાયુની ગાંઠો વેરાય છે.

તાવ:–ભૂરા કોળાનો વાટકો કરી તેમાં સુરોખાર નાખી તે વાટકો તાવમાં માથે ગરમી ચઢી માથું ઘણું ચઢે ત્યારે માથે મૂકવાથી બરફ જેટલી ઠંડક આપી માથું ઉતારે છે. ભૂરા કોળાને બદલે દુધી પણ ચાલે. દુધીને છુંદી તેમાં સુરોખાર ભેળવી તે લુગદી માથે મૂકવાથી ઠંડક વળી તાવ ઉતરે છે.

માથું ચઢે તો:–દશાંગ લેપ ૧ તોલો, ૧૦ તોલા પાણીની અંદર નાખી તેમાં કપડું પલાળી તે માથે મૂકવાથી ઠંડક આપે છે. દશાંગ લેપમાં તગર અને જટામાસી, રતાંજળી, એલચી એવી ચીજો આવે છે કે જે માથાની પીડા મટાડનાર છે. વળી તે રક્તપિત્તના સોજામાં સારો ફાયદો આપે છે.

તાવની ગરમી:–કુંવારપાઠાનો ગર્ભ માથે રાખવાથી તે તાવની ગરમી ઓછી કરે છે; અથવા ખેતરની કાળી માટી પાણીમાં પલાળી તે માથે રાખવાથી માથે ઠંડક થાય છે.

તગરની ગાંઠો ઘસી બહાર લેપ કરવાથી બહારની વેદના મટાડે છે.

હિક્કાઃ—નગોડનાં પાન અને લીંડીપીંપરનો ઉકાળો કરવો. પાંચ પાંચ મિનિટે ચમચો ચમચો દવા આપવી. અડદ અને હળદર વાટી તેની બીડી પીવાથી હિક્કા મટે છે.

અણિયારનો ગુંદર અને હળદર ચલમમાં પીવાથી હિક્કા મટે છે.

ઉંઘ આવે:—દરદીને ઉંઘ ન આવતી હોય તો ખોરાસાની અજમો પાંચ રતી આપવાથી ઉંઘ સારી આવે છે, પેશાબ સાફ થાય છે. પોટાસ બ્રોમાઇડને બદલે મગજના વ્યાધિમાં ખુરાસાની અજમો વપરાય છે.

પીપરીમૂળ અને કમળનાં ફૂલનો કાઢો આપવાથી ઉંઘ આવે છે.

ભીલામું ફુટી નીકળે તો:—બે કેળાં અને ૧ શેર દહીં મિશ્ર કરી શરીરે ચોપડવું અને કેળાં તથા રોટલી ખવરાવવાથી ભીલામાનું ઝેર બેસી જાય છે, ચાંદીઓ સૂકાઈ જાય છે.

પિત્તજ્વર:—ખડસલીઓ અને મોથનો ઉકાળો આપવાથી મટે છે.

શ્વાસ-ખાંસી:—બેઆનીભાર કડુ, ૪ પાવલીભાર સાકર, એકત્ર વાટી આઠ પડીકીઓ કરવી. આખા દિવસમાં ૮ વખત એ આઠ પડીકીઓ આપવાથી વિષમજ્વર મટે છે, તેમ શ્વાસ-ખાંસી પણ મટે છે.

તાવથી માથું ચઢયું હોય તો:—બકરીના દૂધ સાથે નવસાર અને સુરોખાર મેળવી માથે મૂકવાથી તાવ નરમ પડે છે.

પ્રમેહ:—હરડે તોલો ૧I, બેઢાં તોલો ૧I, આમળાં તોલો ૧I, જેઠીમધ તોલા ૨, એ સર્વેને ખાંડી તેનો બશેર પાણીમાં ઉકાળો કરવો. તેમાં ૪ તોલા ચણાની પોટલી અદ્ધર રહે તેમ લટકાવવી. પાણી બળી જાય અને ચણા ફુલી જાય એવા તે ક્વાથના કૂચા સાંજે તેટલાજ પાણીમાં ઉકાળવા અને તેમાં ૪ તોલા બીજા ચણાની પોટલી અદ્ધર મૂકીને બાફવી. તે પાણી બળી ગયે સવાર માફક તે ચણા કાઢી ઠંડા થયે ખવરાવવા. તેની સાથે ફુલાવેલી ફટકડી વાલ બે, ચીનીકબાલાનું ચૂર્ણ વાલ ૨, ચીની સાકર વાલ ૪, ત્રણે ચીજો મેળવી બાર વાગે ૧ પડીકું આપવું અને તેવીજ રીતે રાત્રે ૧ પડીકું આઠ વાગે આપવું અને તે ઉપર પાણી પીવું. હીંગ, રાઈ, તેલ, મરચાં ન ખાવાં, બ્રહ્મ-

ચર્ય પાળવું. ૨૧ દિવસ આ પ્રયોગ કરવાથી પ્રમેહ મટે છે.

હેડકી:—આદાનો રસ અને મધ શ્વાસકુઠાર કે આનંદભૈરવ સાથે આપવાથી હેડકી મટે છે.

શંખદ્રાવ કાઢવો:—૧ તોલો નવસાર, ૧ તોલો સુરોખાર, ૧ તોલો સિંધવ અને ૧ તોલો ફટકડી કાચી લઇ વાટી તેને એક ઘડાની અંદર નાખી તેના ઉપર ૧ાા રતલી જાડો ડુંટાવાળો શીશો છતો મૂકવો. તે શીશાને તળેના ડુંટામાં વચ્ચે કાણું પાડવું. તે શીશાનું તળીઉં ઘડાના મોં સાથે મુલ્તાની માટીથી કપડબંધ કરી સૂકવવું. તેમ એ શીશાના મોંને ઇંટનો દાટો મારીને મુલ્તાની માટીથી કપડછાણ બંધ કરી સૂકવવું. પછી તે ઘડો ચૂલા ઉપર મૂકી, તળે ધીમો તાપ આપવો. તેથી શીશામાં શંખદ્રાવ ચઢશે અને તે શીશામાં તળીએ જે ઉપસેલો ડુંટો છે તેની આજુબાજુ ભેળો થશે. જ્યારે બધો શંખદ્રાવ થઈ જાય, ત્યારે ઉતારવું અને શીશો ટંડો થયે કાઢી લેવું.

ધાતુપુષ્ટિ:— ચોપચીની તો. ૦ાા, જાવંત્રી તો. ૦ાા, બરાસ તો. ૦ા, એકત્ર ઘુંટી ૮ પડીકાં કરવાં. માખણ અને સાકર સાથે આ દવા સવારસાંજ ચાર દિવસ લેવાથી ધાતુ પુષ્ટ થાય છે.

ધોળો કોઢ:—બાવચો તોલા ૧૬, ખેરસાર તોલા ૪, ત્રિફળાં તોલા ૧૦, ભાંગરો તોલા ૧૦, ગળો તોલા ૫, એકત્ર વાટી તેમાંથી રોજ બે તોલાનો ઉકાળો કરી ધોળા કોઢવાળાને ૧ાા માસ આ દવા આપવી. તેલ, મરચું, ખટાશ, ખાર અને મીઠું બંધ કરવું; ખાવાને દૂધ, ભાત, રોટલી આપવાં. સાથે હરતાલ ભસ્મ એક રતી ક્વાથ પીતાં પહેલાં મધ સાથે આપવી.

લેપ:—બાવચો તોલા ૧૦, હરતાલ તોલા ૪, મનશીલ તોલો ૧, ચિત્રક તોલા ૨, હળદર તોલા ૨, એકત્ર વાટી ઘુંટી ગોમૂત્રમાં વાટી તેનો કોઢનાં ચાઠાંપર લેપ કરવો. તેનાથી ફોલ્લા ઉઠી પાણી ઝરીને રૂઝ આવે છે અને કોઢ મટે છે.

(નીચેના વૈદક પ્રયોગ પણ "ભાગ્યોદય"ના ઉપલાજ અંકમાથી લીધેલા છે.)

ધોળા કોઢઃ—ધોળા કોઢ મટાડવામાં બાવચી ઘણી ઉપયોગી વસ્તુ છે. ધોળા કોઢ અસાધ્ય ગણાય છે; તેના ઉપર લાંબો વખત બાવચીનો ઉકાળો પીવાથી અને બાવચી વાટી ચોપડવાથી સારૂં થાય છે. બાવચી લગાડવાથી કોઢના ધોળા ડાઘા કાળા પડે છે; બાવચીનું તેલ કાઢી તે કોઢ ઉપર લગાવવાથી સફેદ ડાઘો લાલ થાય છે. પછી તેનો દુઃખાવો થાય છે. થોડા દિવસ વધુ તેલ લગાવવાથી તે ડાઘ ઉપર ઝીણી ઝીણી ફોલ્લીઓ થાય તો થોડા દિવસ દવા બંધ કરવી, જેથી ફોલ્લીઓ સૂકાઈ જશે અને ચામડી કાળી થઈ જશે. આજુબાજુનો ભાગ પણ ધીમે ધીમે ચોખ્ખી ચામડીની આકૃતિનો થઇ જાય છે.

બાવચીને મીઠા તેલમાં કે કણઝીઆ તેલમાં થોડો વખત પલાળી રાખી પછી પીલવાથી તેલ નીકળે છે. તે તેલ કોઢ ઉપર વપરાય છે.

હરતાળ ૧ તોલો, આમળાં બે તોલા અને બાવચી આઠ તોલા, ત્રણેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેને ગોમૂત્રની સાથે ઘુંટી કોઢનાં ચાઠાં ઉપર લગાડવું, જેથી કોઢ મટે છે.

ઝાડાઃ—ઇંદ્રજવ, ધાણા અને પટોળ સરખે વજને લઈ ઉકાળો કરી તે ઉકાળો ૪ તોલા પીવાથી ઝાડા, રક્તાતિસાર, આંતરડાંના વ્યાધિ, ઝાડે લોહી પડવું અને બાળકોનો સખ્ત મરડો મટે છે. ઈંદ્રજવ ઝાડો બંધ કરે છે તેમ આમનું પાચન થાય છે. ઝાડો બંધ થવાથી પેટ ચઢતું નથી. તાવ પણ મટાડે છે. પેટનો દુઃખાવો અને કૃમી પણ મટાડનાર છે.

આફરો, ચુંક, મંદાગ્નિ ઉપર સર્જીકાદિ ક્ષારઃ—સાજીખાર ૨ ભાગ, જવખાર ૧ ભાગ અને પંચલવણ ૫ ભાગ, એ ત્રણેને વાટી બીજોરાના રસમાં કે દાડમના રસમાં ખૂબ ઘુંટી તે ચૂર્ણ તડકે સૂકવવું. આ ક્ષાર પાવલીભાર લેવાથી જમ્યા પછી પેટમાં આફરો ચઢતો હોય, ખાટાં ઘચરકાં આવતાં હોય અને દાંત અંબાઈ ખાટા થઇ જતા હોય તો મટે છે. જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, પેટની ચુંક મટે છે.

બાળકોની વરાધઃ—અરડુસીના પાનનો સ્વરસ નવશેકો પાવાથી

અને તેનાં પાંદડાંના ડુચાથી છાતી ઉપર રસ ચોપડી ધીમે શેક કરવાથી બાળકની વરાધ મટે છે, બાળકનો તાવ મટે છે, શ્વાસ જલદ ચાલતો હોય તો તે મટે છે, ગળામાં સસણી બોલતી હોય અને કફ ભરાયો હોય તો તે પણ મટે છે.

સાપનું ઝેરઃ—અરીઠાંના ફળને ઘસી આંખમાં આંજવાથી સાપનું ઝેર ઉતરે છે.

દમઃ—આકડાનાં રવૈયાં (ફૂલ) ૧૨૫ લઈ તેમાં જાયફળ ૧ તોલો, લવીંગ ૧ તોલો, જાવંત્રી ૧ તોલો અને અકકલગરો ૧ તોલો મેળવી વાટી ચૂર્ણ કરી તેને મધ સાથે ઘુંટી બબ્બે આનીભારની ગોળીઓ કરવી. તે બબ્બે ગોળી દમના દરદીએ સવારસાંજ લેવી, તેથી દમ મટે છે.

આકડાના મૂળનું ચૂર્ણઃ—૬ વાલ ઉના પાણી સાથે દમવાળાને આપવાથી ઉલટી થાય છે. અને ચઢેલો દમ બેસી જાય છે. પછી રોજ ઉપરની ગોળીઓનું સેવન કરવાથી દમ ફરીથી ઉપડતો નથી.

કૌવત આપનારી દવાઃ—અર્ધો તોલો એખરો, દૂધસાકરમાં સવારસાંજ ઉકાળીને પીવાથી શરીરમાં ઘણું કૌવત આવે છે. નબળાઇને લીધે સાંધા દુઃખતા હોય, કળતર થતી હોય તો તે પણ મટે છે.

૮૧—તુલસીમાહાત્મ્ય-ધર્મ અને આરોગ્ય

(હિંદી "શ્રીધર્મશિક્ષક" ઉપરથી)

આપણા પ્રાચીન આચાર્યોએ તુલસીના છોડને પૂજવાયોગ્ય કેમ માન્યો હશે? તુલસીના છોડ પ્રત્યેક હિંદૂને ઘેર અને બાગબગીચામાં ઉગાડવાની આજ્ઞા શામાટે કરી હશે? કારણ એજ છે કે, તે આપણા ધર્મકર્મની સહાયક છે, અનેક કઠોર વ્યાધિઓથી પણ તે આપણું રક્ષણ કરે છે. આપણા સર્વના હિતાર્થે તુલસીના ગુણ વૈદકશાસ્ત્રમાં નીચે પ્રમાણે બતાવેલા છેઃ—

તુલસીના ગુણ

हिक्काकास विश्वास पार्श्वशूलविनाशनः ।

पित्तकृत् कफवातघ्नः सुरसः पूतिगन्धनुत् ॥ (चरक)

અર્થ-તુલસીનાં પાન ખાંસી, વિષવિકાર, શ્વાસ તથા પાર્શ્વશૂળનો નાશ કરે છે. વળી તે પિત્તકારક, કફ અને વાયુનો નાશ કરનાર તથા દુર્ગંધનાશક છે.

कफानिलविनिःश्वासकासदौर्गन्ध्यनाशनः ।
पित्तकृत्पार्श्वशूलघ्नः सुरसः समुदाहृत ॥ (सुश्रुत)

અર્થ-તુલસી કફ, વાયુ, વિષ, શ્વાસ, ખાંસી અને દુર્ગંધીનો નાશ કરે છે. તે પિત્તકારક છે અને પડખાના શૂળને દૂર કરે છે.

तुलसी कटुका तिक्ता हृद्योष्णा दाहपित्तकृत् ।
दीपनी कुष्ट कृच्छ्रास पार्श्वरुक्कफवातजित् ॥

અન્યત્ર પણ કહ્યું છે કે:—

श्वेता च कृष्णा तुलसी तिक्तं कटूष्णो कथ्यते ।
दाहपित्तकरी हृद्यातुवरा ह्यग्निर्दीपिका ॥
लघ्वी वातकफश्वासकासहिक्काःक्रमाञ्जयेत् ।
वान्तिदौर्गन्ध्यकुष्टानि पार्श्वशूलविषापहा ॥
मूत्रकृच्छ्रं रक्तदोषं भूतबाधां च नाशयेत् ।
शूलज्वरं च हिक्कां च नाशयेदितिकीर्तिता ॥

અર્થ—સફેદ અને કાળી તુલસી તીખી, કડવી, ગરમ, તીક્ષ્ણ, દાહજનક, પિત્તકારક, હૃદયને હિતકારી, અગ્નિદીપક, હલકી તથા વાત, કફ, શ્વાસ, ખાંસી, હિક્કા, કૃમિ, ઉલટી, દુર્ગંધ, કોઢ, પાર્શ્વશૂળ તથા વિષનો નાશ કરનાર; અને મૂત્રકૃચ્છ્ર, રક્તદોષ, ભૂતબાધા, શૂળ, જ્વર અને હેડકીને દૂર કરનારી છે.

अस्थिजस्य कीलासस्य तनूजस्य च यत्त्वाचि ।
दूश्या कृतस्य ब्रह्मणा लक्ष्मश्वासमनीनशत् ॥
सरूपकृत्त्व औषधे सासरूपामिदं कांधे ।
श्यामा सरूपकरणी पृथिव्या अत्यद्भुता ॥
इदमूषु प्रसाधय पुनारूपिणा कल्पय । (अथर्व)

અર્થ-ચામડી, માંસ તથા હાડકાંમાં જે મહારોગ પહોંચી ગયો હોય, તેનો પણ ધોળી તુલસીથી નાશ થાય છે. કાળી તુલસી રૂપવાન કરવાવાળી છે અને તેના સેવનથી શરીરની ઉપરના ધોળા ડાઘ તથા ચામડીના અન્ય રોગ પણ નાબુદ થાય છે. પુરાણોમાં પણ લખ્યું છે કે:-

तुलसीकाननं चैव गृहे यस्यावतिष्ठते ।
तद् गृहं तीर्थवत्तत्र नायांति यमकिंकराः ॥
तुलसीगंधमादाय यत्र गच्छति मारुतः ।
दिशो दश पुनात्याशु भूतग्रामाँश्चतुर्विधान् ॥ पद्मोत्तर०

અર્થ-જે ઘેર તુલસીના છોડ હોય છે, તે ઘર તીર્થસમાન છે. ત્યાં યમદૂતો આવતા નથી. તુલસીની સુગંધ આપવાવાળો વાયુ જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં દશે દિશાઓને અને ચારે પ્રકારનાં ભૂતગ્રામને તત્કાળ શુદ્ધ કરે છે.

તુલસીની અનેક જાતો થાય છે; પરંતુ રામા (શ્વેત) તથા કૃષ્ણા (કાળી) તુલસી, એ બેજ જાતની તુલસી વિશેષે કરીને આપણા દેશમાં વપરાય છે. તેનો ઉપયોગ અનેક રોગ ઉપર થાય છે.

તુલસીના અનુભવેલા પ્રયોગ

ખાંસી, જીર્ણજ્વર અને છાતીનું દર્દ-તુલસીનાં પાનનો રસ, કાળાં મરી અને સાકર એકત્ર કરીને પીવાથી દૂર થાય છે.

વાયુ કે કફથી થયેલો ઉન્માદ-એના ઉપર તુલસીનાં પાન સુંઘવાથી, ચોપડવાથી તથા ખાવાથી અત્યંત લાભ થાય છે.

મૂત્રરોગમાં:-લીંબુનો રસ તેની સાથે મિલાવી તેનું સેવન કરવાથી ફાયદો થાય છે.

જીભ અને હોઠનાં ચાંદાં:-તેનાં પાન ચવડાવવાથી મટી જાય છે, મોઢાની બદબો જતી રહે છે, અવાળાં અને દાંત મજબૂત થાય છે અને દાંતનાં દરદો નાબુદ થઇ કંઠ શુદ્ધ થાય છે.

પાચનશક્તિ-તેનાં પાન વાટીને પીવાથી વધે છે, વાયુ શુદ્ધ થાય છે તથા શુદ્ધ ઓડકાર આવે છે તેમજ ભૂખ લાગે છે.

યકૃત, પ્લીહા અને હરસમાં:–તેને ખાવાથી અને લગાડવાથી ફાયદો થાય છે.

તેનાં પાન કૃમિઘ્ન છે, તેનો લેપ કરવાથી મચ્છર કરડતા નથી, તેનાં પાનનું ચૂર્ણ ભભરાવવાથી ઘામાં પડેલા કીડા મરી જાય છે.

કૉલેરામાં:–તેનાં પાનની કાળાંમરી સાથે ગોળી બનાવીને આપવાથી ઉલટી અને ઝાડા બંધ થઇ જાય છે.

સાપ કરડે ત્યારે:–તરતજ આશરે બેએક તોલા તુલસીનાં પાન દશ–પંદર કાળાં મરી સાથે ઘુંટીને પાવાં જોઇએ તથા તેનાં પાન અને મૂળને વાટીને જે જગ્યાએ સાપ અથવા વીંછી કરડયો હોય ત્યાં ચોપડવું જોઇએ.

સળેખમ, ખાંસી તથા છાતીનાં દરદોમાં:–કાળી તુલસીની ચહા અત્યંત ગુણકારી છે.

પ્લેગમાં:–તુલસીનાં પાનને કાળાં મરી તથા સાકર સાથે ખવડાવવાથી અને તેનાં પાનને શરીર ઉપર લગાડવાથી બહુ લાભ થાય છે.

શરીરના કોઇપણ ભાગ ઉપર સોજો હોય તો:–તેનાં પાન વાટીને ચોપડવાથી શાંતિ થાય છે.

તુલસીનું નિત્ય સેવન કરવાથી:–શુદ્ધ લોહી પેદા થાય છે અને મનુષ્ય હરેક પ્રકારના રોગોથી બચી જાય છે.

કોઢમાં:–તેનાં પાન ખાવાં અને ચોપડવાં હિતકારક છે.

તુલસી ચેપી રોગોની નાશક, કૃમિઘ્ન અને મેલેરિયા તાવનો નાશ કરવાના ગુણોવાળી છે. એવું તો આજકાલના અનેક મોટા મોટા ડૉક્ટરોએ અમેરિકા અને વિલાયતની પરિષદોમાં સ્વીકાર્યું છે. જે વાત આપણા ઋષિઓ હજારો વર્ષ પહેલાંથી કહેતા આવ્યા છે, તે જાણવાનું પાશ્ચાત્ય ડૉકટરોએ હજુ હમણાંજ શરૂ કર્યું છે. ભારતવાસીઓનું સ્વાસ્થ્ય દિનપ્રતિદિન બગડતું ચાલે છે, તેનું કારણ એજ છે કે, જ્યાં પહેલાં પ્રત્યેક હિંદુને ઘેર તુલસીવન શોભતાં હતાં, ત્યાં આજે પ્રત્યેક મહોલ્લામાં તુલસીના પાંચ દશ છોડ પણ જોવામાં આવતા નથી!

કાળની કેવી વિચિત્ર ગતિ !

હવે અમે ભારતીય વૈદ્ય અને ડૉક્ટરોને પ્રાર્થના કરીએ છીએ કે, તેઓ ઘોર નિદ્રાનો ત્યાગ કરી ધ્યાનપૂર્વક આ મહાન સંરક્ષક અને પવિત્ર તુલસીનો પ્રચાર પ્રત્યેક ઘરમાં કરાવવાના પ્રયત્ન કરે અને તેના ગુણોનું પૂર્ણરૂપે સંશોધન કરે. તુલસીના અપૂર્વ ગુણો જોઇનેજ આપણા પૂર્વજોએ તેને ધાર્મિક વૃક્ષ માન્યું છે; કેમકે તે શરીરને આરોગ્ય રાખે છે અને આરોગ્યથીજ સર્વ પ્રકારના ધર્મોનું પાલન થાય છે.

("શ્રીચિકીત્સક" હિંદી ઉપરથી)

સર્વ પ્રકારના તાવને માટે:—કાળાં મરી વાટીને તુલસીનાં પાનના રસમાં ભીંજવી છાંયડે મૂકી રાખવાં. સૂકાઈ જાય ત્યારે ફરી તુલસીના રસમાં ભીંજવવાં. આ રીતે સાત વાર ભીંજવીને છાંયડે સૂકવવાં. પછી ચણા જેવડી ગોળીઓ વાળી એક શાશીમાં ભરવી. જેને તાવ આવતો હોય, તેણે તાવ આવતા પહેલાં ત્રણ કલાક અગાઉથી કલાકે કલાકે એક એક ગોળી ગરમ પાણી સાથે ગળવાથી સર્વ પ્રકારનો તાવ જતો રહેશે.

બાળકના પેટની પીડામાં:—બાળકોના પેટમાં પીડા થતી હોય તો તુલસીનાં પાનનો રસ અને આદુનો રસ બન્ને બરાબર લઈ ગરમ કરીને બાળકને પાવાથી સર્વ પ્રકારની પીડા દૂર થશે. જો રોજ તેનું સેવન કરાવવામાં આવે તો બાળકોનાં પેટમાં કોઈ પણ વિકાર કદાપિ થાય નહિ.

બાળકનું પેટ ફુલે તે ઉપર:—બાળકને દસ્ત સાફ ન આવતો હોય અથવા પેટ ફુલી જતું હોય તો એક તોલો તુલસીનાં પાનનો રસ ગરમ કરીને હશેકો હશેકો પાવાથી દસ્ત સાફ આવે છે, પેટનો ગડગડાટ તથા પેટનું ફુલવું વગેરે રોગ દૂર થઇ જાય છે.

માથાની પીડામાં:—તુલસીનાં પાન છાંયડે સૂકવીને રાખી મૂકવાં. જ્યારે માથામાં પીડા થાય, ત્યારે તેનો નાસ લેવાથી તે પીડા જરૂર દૂર થાય છે.

બાળકોના પેટના કીડાઓમાં:—તુલસીનાં પાનનો રસ ગરમ

કરીને પીવડાવવાથી તરતજ આરામ થાય છે.

ધાતુક્ષીણતામાં:—કોઇ પુરુષને પિશાબ પહેલાં અથવા પછી ધાતુ જતી હોય અથવા સ્વપ્નદોષમાં ધાતુ જતી હોય તો તુલસીનાં પાનનો રસ ૬ માસા અને દૂબ(સફેદ ધ્રો)નો રસ ૬ માસા સાત દિવસ-સુધી રોજ પીવાથી જરૂર આરામ થશે.

ટાઢીઆ તાવનો ઉપાય:—સુંઠને પાણીમાં ઘસી જરા ગરમ કરી કપાળે ચોપડી, માથે ઓઢીને સૂઈ જવાથી પરસેવો વળી તાવ ઉતરી જશે તથા ઘેન મટશે.

વિષમજ્વરનો ઉપાય:—એક દોકડાભાર તુલસીના પાનનો રસ તથા દોકડાભાર મધ લઇ એમાં મરીનો ભૂકો નાખી પીવાથી વિષમ જ્વર અટકી જાય છે.

રોજીઆ તાવનો ઉપાય:—ફુદીનો તથા તુલસીનો કવાથ પીવા-થી રોજીઓ તાવ ઉતરે છે.

રતાંધળાપણાની દવા:—કાળાં મરીની ઉપલી છાલ કાઢી નાખી તુલસીનાં પાંદડાંના રસમાં મેળવી રતીભાર ગોળી બનાવવી. તેને મધમાં ઘસી સાંજે અંજન કરવાથી બે દિવસમાં રતાંધળાપણું જતું રહેશે.

૮૨—જુવાનોને પડકાર

('કડીઆસુદર્શન' રાણપુર–તા. ૧–૨–૨૬)

બંગાળી લોકસાહિત્યમાં એક વાર્તા છે. મુગ્ધાવસ્થામાં ઈશ્વરી ગોદ સેવતો કોઇ બાળક બજારોના ભવ્ય ઠઠારાથી અંજાઇ કંઇ કંઇ ચીજો લેવા દુકાને દુકાને આથડ્યો ને હતાશ થઈ પાછો ફર્યો–કારણ તેની પાસે પૈસા નહોતા. ભગ્ન હૃદયે તે નિર્જન અરણ્યમાં પહોંચ્યો અને પૈસામાટે કરુણ આક્રંદ કરવા લાગ્યો. વનદેવતાએ તેને દેખા દીધી ને કહ્યું:–"આ પેટીમાં પૂરાવાનું કબૂલ કર અને તારી આગળ સુવર્ણ-ના ઢગ ઉભા કરી દઉં." બાળક હરખાઇને પૂરાયો. પેટીનાં છિદ્રો-વાટે તેણે જોયું તો ચોમેર સોનારૂપાના ચળકતા સિક્કા પથરાયા હતા.

પણ ભૂખ-તરસની તીવ્ર વેદના આગળ એનાં સુવર્ણસ્વપ્નો સરી પડયાં અને પૈસા ઉપર શાપનો પોકાર કરી તેણે અન્નપાનની-મુક્તિની માગણી કરી.

સમાજના તારણહારસમા ઓ તરુણો ! તમારેમાટે આ એક નીતિકથા છે. પૈસા પાછળ રચ્યાપચ્યા રહેવું એ જીવનનું ધ્યેય નથી. એ તો અનિષ્ટ બંધન છે. જીવનનો ઉદ્દેશ એથી ઉંચેરો છે, વધારે પવિત્ર છે, જીવનનું અન્ન અને જીવનનું પાન એ ઝગઝગતી દોલત કરતાં વધુ મહત્ત્વનું છે.

અને જુવાનીમાં તરવરતા તરુણોમાટે જીવન કેવું હોઇ શકે ? બ્રહ્મચર્ય, તાકાત, હિંમત એજ જુવાનીનો ખોરાક છે. નિર્બળતા એ જીવનનું અવસાન છે. ઇશ્વરનો આદેશ છે કે, જુવાનો ! બલહીન શક્તિહીન મા થજો. જીવનનો ૧૩ થી ૨૫ વર્ષનો અંતરગાળો તો આખી જીંદગીની ફતેહનો પાયો છે. એમાં વિલાસ કે વૈભવ ન જોઇએ. ટૉનિક દવાઓના બાટલા કે તીખા તમતમતા ક્ષુદ્ર ખોરાકને દફનાવવા જોઇએ. અંગકસરત-વ્યાયામ એજ સાચું ટૉનિક છે, અખાડાઓ ને મલ્લકુસ્તી એજ સાત્વિક ખોરાક છે. વજ્રાંગ બનવું એ જુવાનોનો અપરિહાર્ય ધર્મ છે.

જીવનના એ અમોલા સમયમાં વાચન, આહાર અને આચારવિચારમાં પણ નવું બળ જોઇએ. સમાજનો ઉદ્ધાર દર્શાવતું વેગવંતું ભાવનાભર્યું સાહિત્ય, પ્રજાપ્રજાના નરકેસરીઓનાં પ્રેરણાવંત જીવનચરિત્રો અને પ્રજાપીડક રાજ્યોની મારમાર મહાશક્તિથી પ્રજાઓના પ્રચંડ વિપ્લવના ઇતિહાસ એજ યુવાવસ્થાનો ખરો અભ્યાસક્રમ છે, જીવનનો એ અખૂટ અન્નભંડાર છે.

અને જીવનનું અમૃતપાન શું છે ? પ્રાર્થના ને સેવાભાવના મહાન પિતાની બંદગીમાં રણચંડીનું છુપું બળ ભર્યું છે. સેવાની ભાવનામાંય શક્તિના દિવ્ય ચમકાર લપાઇ રહ્યા છે, એનો આવિર્ભાવ સમાજસેવકોને અજબ રીતે થાય છે.

સમાજને-જ્ઞાતિને અત્યારે "આદર્શ"ના ઉપાસકો-પરમ સેવકો

જોઈએ છે, વિલાસના ને મર્દાનગીહીન મોજશોખના અનુરાગી, માયકાંગલા તરુણોનો આ યુગ નથી. બ્રહ્મચર્ય અને વ્યાયામના ખોરાકથી વજ્રકાય બનેલા, સાદા ને સેવાભાવી જીવનથી પ્રેરણા પીને જનતાના સાચા સેવકો થયેલા યુવકવીરોની જનની રાહ જુએ છે.

ઉઠો તરુણો! જીવનમાં આ મહાશક્તિ રેલાવવા કમ્મર કસો.

૮૩–જ્ઞાનચારિત્ર્યને વધારનારાં વચનામૃત

ગંગાકિનારે કૂવો શામાટે ખોદો છો?

મારૂં હૃદય એટલું બધું ભરાઇ આવ્યું છે કે, મારી લાગણી શબ્દદ્વારા બતાવી શકતો નથી. જ્યાંસુધી કરોડો માણસો ભૂખ અને અજ્ઞાનમાં જીવન ગાળશે, ત્યાંસુધી જે માણસ તેઓના ખર્ચે ભણી કેળવાયેલો બન્યા છતાં, તેમના તરફ થોડામાં થોડું પણ લક્ષ આપતો નથી, તેવા દરેક માણસને હું દ્રોહી ગણું છું. જે ધનવાનો ગરીબોનો ઘાણ વાળી પૈસા મેળવી પોતાના ઠાઠમાઠવાળા પોષાકમાં આમતેમ હરે ફરે છે, તેમને–જ્યાંસુધી ભૂખે મરતા, જંગલી કરતાં જેની સ્થિતિ કોઈ પણ રીતે ચઢીઆતી નથી એવા; વીસ કરોડ માણસોને માટે કંઇ પણ કરતા નથી, ત્યાંસુધી હું દુષ્ટો ગણું છું. × × ×

જે ધર્મ કે ઈશ્વર વિધવાનાં આંસુ લૂછી ન શકે, અથવા માબાપવગરનાં નિરાધાર બાળકોના મુખમાં એક રોટલીનો કટકો મૂકી ન શકે; તેવા ધર્મ કે ઇશ્વરમાં મને શ્રદ્ધા નથી. ગમે તેટલાં ઉમદા ધર્મતત્ત્વો હોય, ગમે તેટલું સુગંધિત તત્ત્વજ્ઞાન હોય છતાં જ્યાંસુધી તે પુસ્તકોમાંજ છે અને મુખમાત્રથી ચર્ચાના વિષયરૂપ છે–એટલે કાર્યમાં ઉતરેલ નથી, ત્યાંસુધી હું તેને ધર્મ કહેતો નથી. * * * 'મારો ધર્મ' એમ કહેવામાં તમે મગરૂરી લ્યો છો તે ધર્મને કાર્યમાં મૂકો, પ્રભુ તમારૂં કલ્યાણ કરશે. * * * * * *

શું તમે તમારા જાતિભાઇઓપર પ્રેમ રાખો છો? ઈશ્વરને શોધવા તમે ક્યાં જાઓ છો? શું ગરીબ, દુઃખી અને નિર્બળ બંધુઓ

બધા ઈશ્વરો નથી? તેઓની પૂજા પહેલી શામાટે કરતા નથી? ગંગાનદીના કિનારા ઉપર શા માટે કૂવો ખોદો છો?

('સ્વામી વિવેકાનંદના પત્રો' માંથી)

"માનવજાતિને મદદ કરવાની જેમની ઇચ્છા હોય, તેમણે પોતાનાં સર્વ સુખ–દુઃખ, નામ–કીર્તિ અને સર્વ તરેહના સ્વાર્થનો ગુંડો–પુંડો કરી પ્રથમ સમુદ્રમાં ફેંકી દેવો જોઇએ અને ત્યારપછીજ પ્રભુ પાસે આવવું. એજ પ્રમાણે સઘળા સમર્થ આચાર્યોએ કહ્યું છે અને કર્યું છે."

× × × × ×

"જે જે મહાન કાર્યો થયાં છે અને થાય છે, તે હૃદય અને મગજનાંજ પરિણામ છે અને નહિ કે પૈસાનાં–અર્થાત્ નાણું કામ કરતું નથી, પણ મગજશક્તિ અને હૃદયબળજ કામ કરે છે."

("સ્વામી વિવેકાનંદ" ભાગ ૬–૭ માંથી)

ભારતવાસી! વિચાર કર કે,

"બીજાઓના આવા અધમ અનુસરણથી, બીજાઓના ઉપર આમ આધાર રાખવાથી અને આ તારી બાયલાને છાજે તેવી અધમ નિર્બળતાથી બહાદૂરોનેજ મળી શકે તેવાં સુખ–સ્વાતંત્ર્યને શું તું કોઈ કાળે પણ મેળવી શકીશ?"

તું ભૂલી જતો નહિ કે,

"તારી સ્ત્રીઓનો આદર્શ સીતા, સાવિત્રી અને દમયંતી છે? જે દેવને તું પૂજે છે તે મહાત્યાગી ઉમાપતિ–શંકર છે! તારૂં લગ્ન, દ્રવ્ય અને જીવન ઇંદ્રિયસુખને માટે નથી; તેમ તે તારા એકલાનાજ સુખને માટે પણ નથી. તારો જન્મ માતૃભૂમિના યજ્ઞમાં બલિદાનને માટેજ છે; અને તારૂં સામાજિક બંધારણ પ્રભુપ્રેમનું પ્રતિબિંબજ છે."

હે ભાઈ! ગર્વથી બોલ કે,

"પ્રત્યેક ભારતવાસી–ભીખારી, અજ્ઞાની, અંત્યજ અને નિરાધાર બાળક પણ મારો ભાઇ છે....મારા પ્રાણસમાન છે. ભારતભૂમિજ

મારૂં શ્રેષ્ઠ સ્વર્ગ છે અને તેના ભલામાંજ મારૂં ભલું સમાઇ રહેલું છે."

રાતદિવસ પ્રાર્થના કર કે,

"ઓ ગૌરીપતિ! ઓ જગદમ્બા! મને મનુષ્યત્વ–શૌર્ય આપો."

(સ્વામી વિવેકાનંદ)

રાષ્ટ્રવૃક્ષનાં ખરાં મૂળ, ખરૂં દાન કયું?

રાષ્ટ્રનાં મૂળ-સ્ત્રીઓ, બાળકો તથા ગરીબલોકો કે જે રાષ્ટ્ર(દેશ)-રૂપી મહાવૃક્ષનાં મૂળતરીકે છે, અને જેમની ઉત્તમતા ઉપરજ હરકોઈ દેશનો ખરો આધાર રહેલો હોય છે, તેમનાં શિક્ષણ તથા ઉન્નતિ તરફ તો હિંદુસ્તાનમાં કોઈ લક્ષ્યજ આપતું નથી!

ઉચ્ચ ગણાતો વર્ગ કે જે વિશેષ કરીને આ રાષ્ટ્રવૃક્ષમાં ફળરૂપે કહી શકાય, તે ફળ ઉપયોગમાં ન આવતાં માત્ર શોભાની વસ્તુ-તરીકે ઝાડની ઉપરજ લટકેલાં રહે તેમ કરવા પાછળજ આપણે સર્વ સમય ગુમાવવો જોઇએ નહિ; નહિ તો ઉક્ત મૂળીયાં પોષણના અ-ભાવે છેકજ શુષ્ક થઇ જતાં પરિણામે આખું રાષ્ટ્રવૃક્ષજ સૂકાઇ જશે! અને એ ફળ પણ એમનાં એમજ સૂકાઈ ખરી પડીને સડી જશે!

ધ્યાનમાં રાખો કે, એ શોભીતાં ફળો કરતાં આ મેલાંઘેલાં મૂ-ળીઆંરૂપી ગરીબલોકો, સ્ત્રીઓ અને બાળકોવડેજ રાષ્ટ્રની ખરી ઉ-ન્નતિ થનાર છે.

× × × × ×

સર્વ દાનમાં વિદ્યાદાનજ શ્રેષ્ઠ છે. જો કોઇ મનુષ્યને તમે એક–બે દિવસ ભોજન કરાવશો, તોપણ બીજે દિવસે તેને પાછી ભૂખ તો લાગશેજ! પણ જો તમે તેને એકાદ કળા શીખવશો તો તમે તેને જીવનપર્યંતના ભોજનનું દાન કર્યાં જેવું થશે; પરંતુ એ વિદ્યા, ધંધો યા તો કળા એવી હોવી જોઇએ કે તેથી કરીને તેના જીવનનું પોષણ અને સાર્થક થાય. સદાકાળ ભિખારી રહેવા કરતાં જોડા બનાવવા જેવો એકાદ ઉપયોગી ધંધો કરવો એ પણ વિશેષ શ્રેયસ્કર છે!

દેશમાંના અપવાસી:-ભૂખે મરતા નારાયણોની અને મહામહે-

નત કરનારા વિષ્ણુઓની પૂજા કરો!

(સ્વામી રામતીર્થનાં લખાણોપરથી)

પરોપકારના તડાકા:–તમારા આહાર–વિહાર પાછળ, સારા–નરસા પ્રસંગો પાછળ અને મોજ–શોખ પાછળ હજારો રૂપિયા કાંકરાની માફક ઉડાવો છો અને બીજી તરફ તમારા પાડોશીનાં બચ્ચાંને સૂકો રોટલો પણ ન મળે! ભલે તે મરે કે જીવે, પણ આપણા ઘરનાં માણસો સુખી રહે એટલે બસ! અને એમ છતાં પણ તમે જીવદયા અને પરમાર્થની મોટી મોટી વાતો કરો છો!

(શ્રીરામકૃષ્ણ કથામૃતમાંથી)

બહારનો ડોળ:–બહારના ડોળથી તમે કદાચ સઘળા લોકોને થોડો વખત આંજી શકશો અથવા કદાચ થોડા લોકોને સઘળો વખત પણ આંજી શકશો; પરંતુ યાદ રાખજો કે, સઘળાજ લોકોને સઘળો વખત તો તમે આંજી શકવાના નથીજ. (લિંકન)

"બેવકુફોનો ઘાંટો–એટલામાટે મોટો હોય છે કે, તેમ ન હોય તો તેમનું કોઈ સાંભળેજ નહિ." (ગ્લૅડસ્ટન)

"પરોપકાર કરવો–બીજાની સેવા કરવી, ને તેમ કરવામાં જરાએ મોટાઈ ન માની લેવી, એ ખરી કેળવણી છે."

"શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન નહિ, પરંતુ ચારિત્ર્યની ખીલવણી-ધર્મભાવનું ભાન."

"જગતને વધારે વિચારૂં છું, તેમ તેમ વધારે સમજાય છે કે, તવંગર થવા કરતાં ગરીબ રહેવામાં વધારે આશ્વાસન છે. × × × ગરીબાઈનાં ફળો વધારે સુંદર અને વધારે મીઠાં છે."

"એક પછી બીજું એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર–વિચાર પણ કરી શકશો."

"સુદામાજીનું ચરિત્ર તો હું વાંચી ગયો હતો. તેની અને નરસિંહ મહેતાની ગરીબાઈની હરિફાઈ કરવાનો મને ઉત્સાહ આવ્યો અને છે."

"આપણું પહેલું સૂત્ર એ છે કે, આત્માને જાણવો. એ પાઠ ભ-

ણ્યા-જાણ્યા પછી બધું પોતાની મેળે ઉકેલીને સમજી શકાશે."

"જ્યારે હું અંતકાળને કિનારે છું એમ મને લાગ્યું, ત્યારે ગીતાજ મારા અંતરનો વિશ્રામ હતી."

"પુસ્તકોમાં હું ગુંથાયલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર નહિ થાત; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે." (મહાત્મા ગાંધીજી)

"જે સ્વદેશબંધુઓના દુઃખે દુઃખી નથી થતો તે પશુથી પણ નીચ છે."

"પ્રભુની ઉદારતા ઇચ્છનારે તે પ્રભુનાં સંતાનરૂપ આ સૃષ્ટિની સાથે ભલાઈ કરવી જોઇએ."

"મોટાઇનું માપ ધન ઉપર નથી, પણ હૃદય ઉપર છે."

"ધનના વધવાની સાથે તૃષ્ણા પણ વધતીજ જાય છે."

"પ્રભુ સર્વની સંભાળ લઇ રહ્યો છે તોપણ સમજુ માણસનો તો (તેના પોતાના કલ્યાણને ખાતર) ધર્મજ છે કે, સહાયપાત્રને સહાય આપવી."

"સંપત્તિ જીંદગીમાટે છે, જીંદગી સંપત્તિમાટે નથી."

"બે માણસોએ વૃથાજ શ્રમ ઉઠાવ્યો છે; એક તો એ કે, જેણે ધન એકત્ર કર્યું છે, પરંતુ તેણે ભોગવ્યું કે દાનમાં આપ્યું નથી; અને બીજો એ કે, જે ભણ્યો છે ખૂબ પણ જેણે અનુભવ મેળવ્યો નથી. આવાં માણસો સોનાથી અને પુસ્તકોથી લાદેલાં ખચ્ચરો જેવાં છે."

"બે માણસ જગતના મોટામાં મોટા દુશ્મન છે; એક તો નિર્દય રાજકર્તા અને બીજો અજ્ઞાની ભેખધારી."

"હે બુલબુલ! તું તો વસંતની આનંદવાર્તાજ કહે અને ખરાબ વાત કહેવાનું ઘુવડમાટેજ રહેવા દે."

(સસ્તા સાહિત્ય તરફની "ટુંકીવાર્તાઓ" ભાગ ૭ મા માંથી)

"સત્ય" અથવા તો જગતનાં "સુખ-ચેન" એ બેમાંથી ગમે

તે પસંદ કરવાની તક ઇશ્વિર દરેક અંતઃકરણને આપે છે. એમાંથી ગમે તે એકજ તમે લઇ શકશો–બન્ને એકસાથે તમને કદી મળવાનાં નથી.”

× × ×

“હવેલીઓમાં રહેનારાં ઘણાં માણુસો અસંતોષ અને મદથી પૂછે છે કે, જીંદગી આવી બોજારૂપ અને કંટાળાભરી કેમ છે? જ્યારે બીજી તરફ એવા પુષ્કળ માણુસો છે, કે જેઓ ગરીબમાં ગરીબ અને ઝુંપડીઓમાં રહેવા છતાં પણુ ઇશ્વિરનો અખૂટ પ્રેમ અનુભવે છે અને માની લે છે કે, ઇશ્વિરકૃપાથી આપણે નવેનિધિ અને અષ્ટમહાસિદ્ધિ છે.”

× × ×

“પોતાના હૃદયના વિકાર ધોયાવિના બીજાનું ભલું કરવા દોડનારો માણુસ, કાદવવાળા પોતાના હાથવડે બીજાનું મોં લૂછવા જનારના જેવો છે.”

× × ×

“यस्यास्ति सद्ग्रंथ विमर्शभाग्यं किं तस्य शुष्कैश्चपला विनोदैः”

અર્થાત્ જેના ભાગ્યમાં સારા સારા ગ્રંથો વાંચવા–વિચારવાના હોય છે, તેને ચંચળ લક્ષ્મીના શુષ્ક વિનોદ શી ગણુતરીમાં છે?

ચારિત્ર્યની એક મુઠ્ઠી જ્ઞાનના હજારો મણુ કરતાં વધારે છે.

આપણી સંપત્તિનો આધાર આપણી કમાવાની શક્તિપર નથી, પણુ આપણી ત્યજવાની શક્તિપર છે.

તમારા પોતાના કૃત્યસિવાય બીજા કશાથી તમારી આબરૂને ખરી રીતે ધોકો લાગશે નહિ.

સ્વાર્થમય જીવન ગાળવું એનું નામજ પશુતા; પરાર્થમય જીવન ગાળવું એનું નામ મનુષ્યત્વ.

ખાલી વિચારકો કરતાં કાર્યવાહકોની હિંદને ઘણી જરૂર છે.

પીવાના પ્યાલાને મોઢે માંડતાં પહેલાં ધોજો.

શાળાઓનો વખત સવારસાંજનો ક્યારે સાંભળીશું?

મહાત્માઓનાં જીવનચરિત્રો એજ ખરો ઇતિહાસ છે.

મિત્રોની પસંદગી એજ યુવાવસ્થાની ખરી કસોટી છે.

પુસ્તકોનો સ્નેહ એ ઈશ્વરના રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે.

ખરાબ ચોપડીનું વાચન એ ઝેર પીવા સમાન છે.

મહેલોથી તથા અખૂટ ભંડારથી જે સંતોષ નહિ મળે, તે સંતોષ ઉત્તમ પુસ્તકોમાંથી પ્રાપ્ત થશે.

જેણે કદી ભૂલ કરી નથી, તેણે કદી કાર્ય કર્યું નથી.

એટલાં બધાં કાર્ય એકી સાથે શરૂ ન કરો, કે જેથી તમારૂં એક પણ કાર્ય સારી રીતે થઇ શકે નહિ.

"આપણે ક્ષુદ્ર પ્રાણી હોઇએ તેમાં આપણા ભાગ્યનો નહિ, પણ આપણો પોતાનોજ દોષ હોય છે. × × ગમે તેવા દુર્ભાગ્યમાં પણ આપણે મોટા પ્રમાણમાં ફેરફાર કરી શકવા સાથે આપણું હવે પછીનું ભાગ્ય પણ જેવું રચવું હોય તેવું રચવાને શક્તિમાન છીએ."

× × ×

હવે એક મિનિટ પણ ટકી શકાશે નહિ, એમ તમને લાગે અને પ્રત્યેક વસ્તુ તમારી વિરુદ્ધ જતી લાગે, ત્યારે પણ તમે પ્રયત્ન છોડી દેશો નહિ; કારણકે બરોબર તેજ સમયે કિસ્મતનું ચક્કર ફરી જશે.

× × ×

આળસુ થઇને રાહ જોયા કર નહિ; કેમકે ભાગ્યદેવી પણ એવી આળસુ છે કે, તે પોતાની મેળે તો કદી પણ તારી પાસે આવશે નહિ.

× × ×

નિશ્ચિત ઉદ્દેશ ધરાવનાર મનુષ્યોએજ દર વખતે જગતનું સ્વરૂપ ફેરવ્યું છે.

× × ×

પાસે પાઈ ન હોવી એ કંઇ ગરીબાઈ નથી, સંસ્કૃતિનો વધારો કરનાર માણસ ભિખારીની અવસ્થામાં મરણ પામે તોપણ તે પૈસાદાર છે; અને ભવિષ્યની પ્રજા તેનુંજ સ્મારક ઉભું કરવાની.

"ભાગ્યના સૂત્રો"

ગ્રંથોની શક્તિ—" ગરીબ લોકોને દરિદ્રતામાંથી બહાર ખેંચી કાઢવાની, કંગાલ લોકોને તેમનાં દુઃખોમાંથી મુક્ત કરવાની, ભાર ઉંચકનારને તેના બોજાનું વિસ્મરણ કરાવવાની અને બિમાર માણસોને તેમનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ હોય છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઇ પણ ચીજમાં હોતી નથી." "ભાગ્યના સૃષ્ટાઓ"

અત્યંત આવશ્યકતા—"લોકોની નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે પ્રાચીન ઋષિ–મુનિઓના ગ્રંથોનાં ભાષાંતર થવાની અને પશ્ચિમ તરફની પણ ઉપયોગી બાબતોની માહિતી દેશી ભાષામાં આપવાની અત્યંત આવશ્યકતા છે." "રાજા રામમોહન રાય"

૮૪–આંખોની સંભાળ–કેવી રીતે વાંચવું ?

(૧) આંખો ખેંચવી પડે એવા થોડા અજવાળામાં કદી વાંચવું નહિ.

(૨) વાંચતી વખતે ડોકું નીચું નમાવી કદી વાંચવું નહિ. બરાબર દસ્કત ના ઉકલે તો ચોપડી આંખો પાસે લાવો, પણ વાંચતી યા લખતી વખતે ડોકું તો ટટારજ રાખો.

(૩) આ વાત કદી ભૂલતા નહિ કે, તમારી આંખની કિંમત કોઈ પણ ચોપડી કરતાં વધારે છે અને તમારી આંખપરજ તમારા રક્ષણ તથા ફતેહનો મુખ્ય આધાર છે.

(૪) વાંચતીવખતે તમારી ચોપડી આંખોથી શુમારે ચૌદ ઇંચ દૂર રાખો.

(૫) જ્યારે જ્યારે તમે બારી આગળ અથવા દીવાના પ્રકાશથી વાંચતા હો, ત્યારે એવી ગોઠવણ કરો કે, તે અજવાળું કાં તો તમારા માથા ઉપરથી અથવા તો ડાબી બાજુથી આવે. સામો પ્રકાશ રહેવાથી આંખોનું તેજ ઘટે છે.

(૬) થોડી થોડી વારને અંતરે ચોપડીની બહાર જરા વાર જોતા રહીને કે આંખો બિલકુલ બંધ કરતા રહીને તેને આરામ આપવો.

(૭) ચોપડી ઉપર સૂર્યનાં કિરણ પડતાં હોય એવી રીતે કદી પણ વાંચવું નહિ.

(૮) તમારી આંખો સવારસાંજ ચોખ્ખા અને ઠંડા પાણીથી ધોજો અને ફરવા જાઓ ત્યારે લીલા ઘાસ અને દૂરનાં ઝાડો તરફ લાંબી નજર નાખજો.

(૯) આગગાડીમાં અથવા દોડતી ગાડીએ કદી વાંચવું નહિ.

(૧૦) હીંચકો કે આરામખુરશીપર બેસીને કદી વાંચો નહિ, ટટાર બેસીનેજ વાંચવું.

(૧૧) જે દીવેથી વાંચો તેનો પ્રકાશ પૂરતો અને સ્થિર હોવો જોઇએ અને તે પ્રકાશ આંખોપર ન પડતાં ચોપડીપર પડે તેવી રીતે કાગળ કે કપડાની આડ રાખવી.

(૧૨) સીનેમેટોગ્રાફ તમારી આંખો બગાડશે.

૮૫-નિર્જનતાને આરે

(લેખકઃ-વાસવાણી, "સૌરાષ્ટ્ર" તા.૨૮-૧૧-૨૫)

નિર્મળ આસમાન નીચે, કોઇ વેરાન ગામને તીરે, તેની નિર્જનતાને મારી બંદગીના સૂરોથી ભરતો હું ઉભો છું. પાસેજ નદીમાં પ્રલય-તોફાન ગાજે છે અને ઝંઝાવાતનાં ભીષણ ધમસાણ ધુધવે છે; પણ એથીયે વિશેષ ભીષણ ધમસાણ તો મારા અંતરમાં મચ્યાં છે, કારણ કે મારી માતાના વદન ઉપર વિષાદ છવાયો છે.

પક્ષીઓ તેમનાં મધુર ગીત ગાય છે અને વન વનમાંથી કલ્લોલના સૂર ઉઠે છે, સુધાકર સુધા વરસે છે અને તારકો તેમનો સૃજનજૂનો સંદેશ પાઠવે છે; પણ મારા અંતરમાં ઉદ્વેગ ઉભરાય છે, કારણકે મારી જનની જંજીરોનું દુઃખ વેઠે છે.

કૃષ્ણચંદ્રના અને બુદ્ધ ભગવાનના આર્યાવર્તમાં લાખોના પગમાં બેડીઓ પડી છે, કરોડો ક્ષુધાથી પીડાય છે. આર્યાવર્ત જગતસન્મુખ ચીંથરેહાલ, ગમગીન, દીન બનીને ઉભો છે. તેનો એ અમર સંદેશ, વિશ્વની સંજીવનીસમો એ પ્રભુ-પ્રબોધિત ધર્મ ઉદ્બોધવાને આજે આર્યાવર્તના હોઠ પણ ઉઘડતા નથી; અને એથી મારા અંતરમાં

વેદનાનો દાવાનળ સળગે છે. કારણ કે મારી માડીનાં બાળકો અકિંચન છે, કારણ કે મારી જનનીનું ઘર લૂંટાય છે, કારણ કે મારા બંધુઓ ઉપર દરિયાપારના વાસીઓએ આક્રમણો આદર્યાં છે.

છતાંએ, આ પુરાતન દેશના દુઃખનો કિનારો દૂર નથી, એવી આશાની વાણી ગિરિ-શિખરોપરથી સંભળાય છે અને આપણી લડતને અંતે માતાને શિરે વિજયનો મુગટ મંડાશે એવાં પ્રેરણા-વચન ભારતના પયગંબરો ભણે છે.

ફરી વાર પક્ષીઓ તેમનાં મધુર ગીત ગાય છે અને વન વનમાંથી કલ્લોલના સૂર ઉઠે છે, સુધાકર સુધા વરસે છે અને તારકો તેમનો સૃજનજૂનો સંદેશ પ્રકાશે છે. એ નીરખી મારા અંતરમાં આશા ઉભરાય છે, ઉત્સાહની ભરતી ચઢે છે, શ્રદ્ધા પ્રગટે છે.

આર્યાવર્તનાં ઓ પુત્રપુત્રીઓ! ઓ સર્વપુરાતન ભારતવર્ષનાં સંતાનો! જાગો, અને પ્રભાતના પ્રકાશથી ઝળહળતા તમારી જનનીના-ભારતમાતાના તેજસ્વી મુખારવિંદનાં દર્શન કરો; એ જગતકલ્યાણિની જગદંબાની પૂજા કરો.

૮૬-પ્રાતઃકાળની શાંતિ-રોજ વહેલા ઉઠો.

(લેખકઃ-વેલજી દેવરાજ; "લોહાણા હિતેચ્છુ"-તા ૧૭-૧૨-૨૫)

પ્રાતઃકાળનો સમય આખા દિવસમાં સૌથી અગત્યનો, આપણા જીવનની પ્રફુલ્લતા અને નિર્મળતાનો નિયામક છે. પ્રાતઃકાળમાં આપણું મન કોરા કાગળ જેવું ઉપાધિરહિત, ખીલતાં પુષ્પના જેવું હોય છે.

જેવી રીતે માનવજીવનમાં બાલ્યાવસ્થા એ આખા જીવનના બીજારોપણનો ભાગ છે-મૂળ છે, તેવીજ રીતે આખા દિવસમાં પ્રાતઃકાળ એ મૂળરૂપ છે. જેનું બાલ્યજીવન સંસ્કારી ન થયું તેનું પછીનું જીવન જેમ મોટે ભાગે નિરર્થક જાય છે, તેમ જેણે પ્રાતઃકાળ ફોગટ ગુમાવ્યો તેનો આખો દિવસ એળે જાય છે.

પ્રાતઃકાળમાં ઉઠતાંની સાથે એકાગ્રચિત્તે ઇશ્વરસ્મરણ કરી આપણા

હૃદયનાં દ્વાર પરમાત્મા તરફ ખુલ્લાં રાખી અપૂર્વ શાન્તિપૂર્વક શુદ્ધ ભાવનાવડે સ્તુતિ કરવાથી આપણું જીવન દૈવી, નિર્મળ અને ઉપાધિરહિત થાય છે. આપણા જીવનને ઉત્તમ બનાવવામાટે પ્રાતઃકાળનો સમય કિંમતીમાં કિંમતી છે.

ગઇ કાલનાં બધાં દુઃખોનું વિસ્મરણ થતાં, બધાં દુઃખો મટી જઇ આજે પ્રાતઃકાળથી શાંતિપૂર્વક જીવનની શરૂઆત કરવાથી આપણું હૃદય હલકું થાય છે. જે કારણોથી દુઃખો ઉત્પન્ન થાય તે કારણો દૂર કરી નિર્મળ જીવન ગાળવા પ્રયાસ કરવાથી અપૂર્વ શાંતિ પ્રાપ્ત થાય છે.

દરરોજ નવો આરંભ થાય છે, દર સવારે નવી દુનિયા જન્મે છે. દુઃખ અને પાપથી કંટાળેલા ઓ મનુષ્યો! જુઓ, જુઓ, તમારે વાસ્તે તેમજ મારે માટે-દરેકને માટે આશાનું નવું કિરણ સ્ફુરે છે.

ભૂતકાળ ભૂતમાં લીન થઇ ગયો, કામ થઇ ગયાં, આંસુ રેડાઈ ગયાં, ગઇ કાલની ભૂલો ગઈ કાલે ઢાંકી દીધી, ગઈ કાલના અસહ્ય ઘા શાંતિજનક રાત્રિના પ્રભાવથી રૂઝાઇ ગયા.

પ્રાતઃકાળના સમયમાં કેટલી બધી પ્રેરણા રહેલી છે! જો પ્રાતઃકાળના સમયનો સદુપયોગ કરવામાં આવે તો આપણાં જીવન-ઘણા ટુંક સમયમાં વહેલા ઉઠવાથી મન એટલું બધું પ્રફુલ્લિત રહે છે અને તે સમયે કરેલી શુદ્ધ હૃદયની પ્રભુપ્રાર્થના એટલી બધી સફળ નિવડે છે, કે જેથી આપણું જીવન કાંઇક ઓર પ્રકારનું બની જાય છે, આપણા જીવનમાં નવીન પ્રકારનું જોર આવે છે, આપણા જીવનમાં નવીન પ્રકારની શાંતિ આવી જાય છે અને આખા દિવસનાં કાર્યોમાં પણ સફળતા મેળવી શકાય છે.

જ્યારે જ્યારે આપણે પ્રમાદને વશ થઇ પ્રાતઃકાળનો સમય ગુમાવી નાખીએ છીએ, ત્યારે ત્યારે આખા દિવસની રસિકતા ખોઇ બેસીએ છીએ; એટલુંજ નહિ પણ આખો દિવસ લગભગ નિરર્થક જાય છે.

જેમણે પ્રાતઃકાળમાં નિયમિત રીતે ઉઠવાની, ઉઠીને ક્રમાનુસાર નિત્યકર્તવ્ય કરવાની યોજના ઘડી રાખી છે અને તે પ્રમાણે જે વર્તે

છે, તેમના જીવનમાં ઘણા પ્રકારે ફેરફાર થયેલો આપણે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ.

જે વિદ્યાર્થી પ્રાતઃકાળમાં વહેલો ઉઠી પોતાનો અભ્યાસ કરે છે, તે પોતાના અભ્યાસમાં સફળતા પ્રાપ્ત કર્યાવિના રહેતો નથી. પ્રાતઃકાળના એક કલાકની સરખામણી ત્યારપછીના બે–ચાર કલાક સાથે પણ કરી શકાય નહિ; કારણકે તે વખતે પુષ્કળ શાંતિ હોય છે અને કોઇપણ પ્રકારની ઉપાધિ ન હોવાથી ઘણું સારૂં કામ થઇ શકે છે.

પ્રાતઃકાળમાં વહેલા કયારે અને કેવી રીતે ઉઠી શકાય? આ પ્રશ્ન આપણને સહેજે ઉપસ્થિત થશે. જેવી ટેવ પાડીએ તેવી પડી શકે છે. જો સવારે વહેલા ઉઠવાની ટેવ ન હોય તો પહેલાં એકાદ બે માસ બહુજ મુશ્કેલ લાગશે; પણ ટેવ પડી ગયા પછી એટલો બધો આનંદ થશે અને તે ઉપરાંત જીવનમાં પ્રફુલ્લતા આવી જશે કે બે માસ સુધી ભોગવેલી મુશ્કેલી સહેજે ભૂલી જવાશે.

કેટલાકને સવારે વહેલા ઉઠાડવાની જરૂર પડે છે, ત્યારે કેટલાક ઘડિયાળમાં ઘંટડીની ચાવી રાખી ધારેલા સમયે ઉઠી શકે છે. આ બધું છતાં નીચેની બે બાબતોપર ખાસ લક્ષ્ય આપવાની જરૂર છે; કારણકે તે બાબતો પ્રમાણે વર્તવામાં આવે તો વહેલા ઉઠવાની ટેવ પાડવાનું સુગમ થઈ પડશે.

૧–રાત્રે સૂતા પહેલાં ઓછામાં ઓછા બેથી અઢી કલાક પહેલાં જમી લેવું જોઇએ. જમીને તુરત સૂવાથી મોડું ઉઠાય છે.

૨–રાત્રે સૂતી વખતે સવારે વહેલા ઉઠવાનો દઢતાપૂર્વક નિશ્ચય કરવાથી ધારેલે સમયે ઉઠી શકાય છે.

પ્રત્યેક વાચક આ બાબતપર વિચાર કરી પોતાના જીવનમાં ઉતારશે, તો તેમને ફાયદો થયા વિના રહેશે નહિ.

૮૭—સ્ત્રીજાતિના હૃદયને જરૂર સમજજો, નહિ તો મોટા ગુન્હેગાર થશો.

(હિંદી માસિક 'ગૃહલક્ષ્મી' ઉપરથી)

મહાભારતમાં કહ્યું છે કેઃ—સ્ત્રી એ પ્રકૃતિની પુત્રી છે. તેના તરફ તું કોપદૃષ્ટિથી જોતો નહિ. તેનું હૃદય કોમળ છે. તેનાપર વિશ્વાસ રાખ.

જે ઘરમાં સ્ત્રીઓનું માન નથી હોતું, તે કુળનો નાશ થઈ જાય છે.

કોઇ કહે છે કે, માતા મોટી છે; ત્યારે કોઇ કહે છે કે, બાપ મોટા છે. મારા મત પ્રમાણે માતાજ મહાન છે; કેમકે તે સંતાનોના પાલનપોષણ જેવું કઠણ કાર્ય કરવા છતાં પણ તેનું મુખ અને ચિત્ત પ્રસન્ન દેખાય છે.

બાયરન કહે છે કેઃ-પુરુષો ભલે હજારો કામ કરે છે; પરંતુ સ્ત્રીઓ તો માત્ર પ્રેમ રાખે છે અને પોતાની આખી ઉંમર તેમાંજ વીતાવે છે.

બાલનક કહે છે કેઃ-સ્ત્રી, પ્રેમ, સરળતા, એ એકજ ચીજનાં જૂદાં જૂદાં નામ છે.

શેક્સપિયરઃ-પુરુષ, એજ સ્ત્રીનું સૌભાગ્ય છે, એ વાત ખરી; પરંતુ જો તે પતિ સ્ત્રીપર પ્રેમ ન રાખે અને તેની સંભાળ ન લે, તો તેની એવીજ હાલત થાય છે, કે જેવી હાલત એક જીતી લીધેલા માણુસની કાળજી કે પરવા નહિ કરવાથી ખરાબ થાય-તેવી હાલત તેની થાય છે. એવી સ્થિતિમાં તે સ્ત્રીની આંખોનું તેજ મંદ પડી જાય છે અને તેના જીવનનો નાશ થાય છે. આ પ્રમાણે થવા છતાં પણ એ સ્ત્રીજાતિની ખુબી તો એ છે કે, તેને અંદર ને અંદર કોરી ખાવાવાળો ઉપલો જે રોગ મહાદુઃખી રાખે છે, તેની બીજા કોઇને ખબર પણ પહોંચવા પામતી નથી. જેમ એકાદ ઘાયલ કબુતર પોતાની પાંખો ઢાંકી દઇને પોતાનો ઘા છુપાવી રાખે છે, તેજ પ્રમાણે સ્ત્રી પણ તેના શોક અને દુર્ભાગ્યને પુરુષવર્ગથી છુપાવી રાખે છે. પરિણામ એ આવે છે કે, તે આ પ્રમાણે ઝુરી ઝુરીને મરી જાય છે !

ટામ્સરો કહે છે કે:–ઓ દેવિ! તું રાત્રિનો તારો અને દિવસનો હીરો છે. તું ઝાકળનાં બિંદુ જેવી છે, કે જેનાથી કાંટાનાં મુખ પણ મોતીથી ભરાઇ જાય છે. જ્યારે તારી આંખોનું તેજ અમારા હૃદયને શાંત કરતું નથી, ત્યારે રાત્રિદિવસ અમારેમાટે નિઃસત્વ છે અને ઉદાસીનતાથી ભરેલાં રહે છે.

મેથ્યુન હેરી:–સ્ત્રી પણ પુરુષના હૃદયથીજ ઉત્પન્ન થઇ છે;કાંઇ તેના મસ્તકમાંથી તે નથી ઉપજી કે તે પુરુષના ઉપર રાજ્ય ચલાવે. તેના હૃદયથી ઉત્પન્ન થવાને લીધે તે તો સદા તેના–પુરુષના ઉપર પ્રેમજ રાખે. એ તો પુરુષના હાથ નીચેથી ઉત્પન્ન થયેલી હોવાથી પુરુષજાતિના રક્ષણ નીચેજ રહે છે.

લૉર્ડ બેકન:–જે સ્ત્રી પતિવ્રતા હશે, તેનામાંજ આત્મગૌરવ–સાત્વિક સ્વાભિમાન જણાશે, રહેશે.

હુરમુજ કહે છે કે:–સુંદર અને સદાચારિણી સ્ત્રી પરમેશ્વરની સૃષ્ટિનું સર્વોત્તમ અને બહુમૂલ્ય રત્ન છે, કે જેને માટે દેવો પણ અભિમાન લઇ શકે છે.

ગોલ્ડસ્મિથ કહે છે કે:–સ્ત્રી, એ તો કાંટાળી ઝાડીને ફૂલવાડીમાંજ ફેરવી નાખે છે! અરે! એ તો ગરીબમાં ગરીબ માણસના ઘરને પણ "સંસારનું સુશીલ સ્વર્ગ" બનાવી દે છે!

લ્યુથર કહે છે કે:–મેં વારંવાર જોયું છે કે, જો સ્ત્રીઓ કોઇ પણ રસ્તે ધર્મશિક્ષણ–શુભ શિક્ષણને પ્રાપ્ત કરે છે, તો તેમનામાં વિશ્વાસ, ઉદ્યમ, સાહસ અને ભક્તિના ગુણો પુરુષો કરતાં કેટલાયે વધી જાય છે.

એલેક્ઝાન્ડર સ્મિથ કહે છે કે:–જ્યારે હું કોઇ દેવીને જોઉં છું, ત્યારે હું જાણે ઇશ્વરની સન્મુખ ઉભો હોઉં, એમ મને લાગે છે. ઇશ્વરે આ સંસારમાં તારાઓ બનાવ્યાને લાખો વર્ષ વીતી ગયાં; પણ તું (સ્ત્રીજાતિ) તો તેની છેલ્લામાં છેલ્લીજ (બહુ આવડત અને કારીગરીવાળી) જણાય છે. તું તો ચંદ્રની શાંત રોશની છે, તેની શીતળ સ્નિગ્ધ કોમળ ચંદ્રિકા છે. તું તો હૃદયની શાંતિ છે. વહાલી પુત્રિ!

તું આજેજ એવી છે, તો પછી મોટી થયા પછી તો વળી કેવી થઇશ તે કલ્પી પણ કેમ શકાય!

પોપ કહે છે કે:–સ્ત્રીઓનું હૃદય હમેશાં કોમળ અને શાંત હોય છે. તેમનામાં ક્રોધ તો હોતોજ નથી.

મિલ્ટન:–શાળાઓનું મહાનમાં મહાન શિક્ષણ પણ તેના–માતા તરફના શિક્ષણ આગળ તુચ્છ છે; અને મોટા વિદ્વાન શિક્ષક પણ તેના આગળ તો ચકલીના ચીં ચીં જેવા છે. સુયોગ્ય માતાની તુલનામાં તેની બુદ્ધિ અને માન, એ તો સાચા મોતી આગળ સાધારણ પથ્થર હોય તેવાં માલમ પડે છે. તેનું હૃદય પ્રેમ અને નીતિનું ઘર છે અને તેની દૃષ્ટિમાંથી એટલું અમીતેજ ઝરે છે, કે જેને જોઇને સ્વર્ગના દેવતાઓ પણ તેને વંદન કરે છે!

કાર્લીટન:–એવી કયી ઉંચાઈ છે કે જ્યાં સ્ત્રી ન ચઢી શકે? એવું કયું સ્થાન છે કે જ્યાં તે ન જઇ શકે? હજારો અપરાધને તે ક્ષમા આપી શકે છે. કોઇ પણ વાતમાં તે એક વાર નિશ્ચય કરી લે, એટલે પછી સંસારની કોઈપણ શક્તિ તેને રોકી શકે તેમ નથી અને તેને કોઇની પરવા પણ હોતી નથી. ઓ દેવિ! તારા સિવાય સંસારના પુરુષોના શા હાલ થાત? પુરુષની નિરાશા, દિલગીરી, દુઃખ, દરિદ્રતા એ બધાં મળીને પણ તારા હૃદયમાંથી પ્રેમભાવને છીનવી લઇ શકતાં નથી!

લૉર્ડ આસ્કર ચાર્લી કહે છે કે:–સ્ત્રીજાતિના પ્રતાપેજ આપણે ન્યાય અને ધર્મની મૂર્તિ બનીએ છીએ. તેની દિવ્ય જ્યોતિજ આપણા હૃદયના અવગુણોને દૂર નસાડી દે છે.

અનાતોલ ફ્રાન્સ કહે છે કે:–સ્ત્રી કોઇપણ પ્રકારનો વાયદો નથી કરતી; પરંતુ ઉલટી તે તો સમય આવતાં પતિને માટે પોતાનું સર્વસ્વ સમર્પણ કરે છે. બીજી બાજુપર પુરુષ બહુ વાયદા કરે છે અને વળી વખત આવ્યે અવળા પણ થઇ બેસે છે!

રવીન્દ્રનાથ કહે છે કે:–સુશીલ સ્ત્રી ઇશ્વરનો સૌથી ઉત્તમ પ્રકાશ છે અને તેના થકીજ તે સંસારની શોભા વધારી રહ્યો છે.

દ્વિજેન્દ્રલાલ કહે છે કેઃ-કોઇ દુષ્ટ સ્ત્રી સાથે લગ્ન થવું, એ તો સંસારમાં સૌથી મહાન દુઃખ છે, કે જે દુઃખદ્વારા ઈશ્વર પાપીઓને પણ ડરાવે છે-ધમકાવે છે.

અજ્ઞાતઃ-દેવીઓ ઇચ્છે તો સ્વર્ગને નરક અને નરકને સ્વર્ગ બનાવી શકે છે, ધનવાનને નિર્ધન અને નિર્ધનને ધનવાન બનાવી શકે છે.

એવું કયું કામ છે કે જે સ્ત્રીઓ ઇચ્છે ને ન કરી શકે? અને એવી કયી બાબત છે કે જે તેની શક્તિની બહાર હોય?

સ્ત્રીરૂપી પુષ્પની પ્રેમરૂપી સુગંધ સમસ્ત સંસારને સુગંધિત કરે છે અને પુરુષોને ગમે તેવી સ્થિતિમાંથી પણ શાંત-સુખી બનાવી દે છે.

૮૮–પાણી સ્વચ્છ કરવાના કેટલાક ઉપાય

('ગૃહલક્ષ્મી'માંથી; લેખિકાઃ-કુમારી મુક્તાવલી)

વરસાદમાં ઘણી ખરી જગાએ પાણી ગંદાં થઇ જાય છે. ગલીકુંચી, મોરી વગેરે અપવિત્ર સ્થળોનાં પાણી નદી-તળાવોમાં જઇ મળે છે, કૂવાઓમાં પણ કોઇ ને કોઇ પ્રકારે આવાં તેવાં દૂષિત પાણી પહોંચી જાય છે. વર્ષાઋતુમાં ચોખ્ખું પાણી પીવાનું ન મળે તો ભાદરવા-આસોમાં તાવની દહેશત રહે છે. આપણી બહુ ઓછી બહેનો પાણી સાફ કરી જાણે છે, તેથી હું તેમના હિતને ખાતર અત્રે કેટલાક ઉપાયો લખું છું.

૧-સાધારણ રીતે પાણી ગંદુ હોય અને તેમાં કોઇ પણ જાતના કીડા (રોગોત્પાદક જંતુ) હશે એમ લાગે, તો એવા પાણીને તાંબાના વાસણમાં ૧૦-૧૨ કલાક સુધી રાખી મૂકીને પછી ગાળીને પીવાથી રોગનો ઓછો સંભવ રહે છે. ગાંઠીઆની મરકીના સમયમાં તો તાંબાના વાસણનું પાણી અત્યંત નિર્ભય મનાયું છે; કેમકે પ્લેગના-ગાંઠીઆ તાવની બિમારીના જંતુઓને મારવાની તાંબામાં કોઈ અપૂર્વ શક્તિ રહેલી છે. આપણાં પૂજા વગેરેનાં વાસણો ઘણેભાગે તાંબાનાં રાખવામાં ઋષિમુનિઓનીજ બુદ્ધિ અને ડહાપણ રહેલાં છે. તેઓ કોઇપણ બાબત સિદ્ધાંતસિવાય કરતા નહોતા.

૨-પાણી જો વધારે ગંદુ અને રંગીન (લાલ-પીળુ) થઇ ગયું હોય તો એક ઘડા પાણીમાં એક અથવા અર્ધી નિર્મળી (નિર્મળી એ એક જાતના ફળની બીજનું-બીનું નામ છે અને તે સર્વ ઠેકાણે મળે છે.) ઘસીને પાણીમાં સારી રીતે ભેળવ્યા પછી બે ત્રણ કલાક સુધી તેમાંની એ ભેળવણી તેમજ જે કાંઇ મેલા જંતુ વગેરે હોય તે નીચે ઠરી જવા દેવું અને પછી ઉપરનું સ્વચ્છ પાણી નીતારી તથા ગાળી લઇને પીવું. ગંદામાં ગંદુ પાણી પણ આવી રીતે નિર્મળ-સ્વચ્છ કરી દેવાના ગુણને લીધેજ તેનું નામ 'નિર્મળી' પડયું છે. કહે છે કે, બદામની બીજમાં પણ ઉપરોક્ત ગુણ છે; પરંતુ આ લખનારે તેની કદી અજમાયશ નથી કરી. આપ ઇચ્છો તો અનુભવ કરી શકો છો.

૩-આ ઉપાય બહુ સરળ છે. ગંદા પાણીના વાસણમાં થોડોક પારો નાખો એટલે પાણી સ્વચ્છ થઇ જશે; પણ આ પ્રયોગ બાળકવાળાં ઘર અથવા જ્યાં ઘણાં માણસો એકજ ઘરમાં રહેતાં હોય, ત્યાં સાવધાની-પૂર્વકજ કરવો જોઇએ, નહિ તો બાળક તેને કોઇ ખાવાની વસ્તુ સમજીને ચપાટી જાય અથવા તમારાથીજ ભૂલમાં કોઇને પાઇ દેવાનો સંભવ છે.

૪-જંતુઓને દૂર કરવામાટે પાણીને ઉકાળીને પછી ઠરવા દઇ પીવું જોઇએ. આ પ્રકારે સર્વ જાતનાં જંતુ દૂર થાય છે, એમાં શંકાજ નથી; પણ એની સાથે સાથે પાણી પણ સત્વહીન થઈ જાય છેજ; કેમકે તેમાંની કુદરતી ઓજસ-શક્તિ ઉકાળવાથી નાબૂદ થઇ જાય છે, છતાં પણ જ્યાં રોગની દહેશત હોય ત્યાં તો ખરાબ પાણી પીવા કરતાં ઉકાળેલું પાણી પીવું એજ સારૂં છે.

૫-કૂવાને પણ સાફ રાખવાના ઉપાય બતાવીએ છીએ. કૂવામાં પરમેંગનેટ ઑફ પોટાસ નાખવાથી પાણી સાફ થાય છે. આ એક અંગ્રેજી દવા છે અને ભારતવર્ષમાં સર્વ સ્થળે તે મફત વહેંચવામાં આવે છે. તે નાખવાથી બાર કલાક સુધી પાણી પીવા યોગ્ય રહેતું નથી; કેમકે તે લાલ થઇ જાય છે. એ પાણી લાલ રંગનું મટી જઇ સફેદ રંગનું થઇ જાય, ત્યારેજ તેને પીવાલાયક થયેલું સમજવું જોઇએ.

૮૯–રામનવમી–રામજયંતિનો ઉત્સવ

("કર્મભૂમિ" તા. ૨૨–૪–૨૬ નો અગ્રલેખ)

(વાંચનાર ! પ્રત્યેક રામનવમીના દિવસે નીચે આપેલા ઉતારાઓ વાંચવા–વંચાવવાનું, સાંભળવા–સંભળાવવાનું ચૂકતાજ નહિ.)

"રાવણના સેતાની છત્રની છાયાતળે અસુરો ઉન્મત્ત બનેલા હતા; રાક્ષસી સુર્પણખા આખા દેશને પોતાના ભીષણ અને કારમા નખોથી ભયંકર રીતે ઉઝરડી રહી હતી; રાવણના સુબા–ખર અને દૂષણ–દેશભરમાં અનીતિનું સામ્રાજ્ય માંડી રહ્યા હતા. કુંભકર્ણ પ્રજાના મોટા ભાગને આખો ને આખોજ ગળતો હતો."

"ઇશ્વિરપરાયણ સાત્વિક બુદ્ધિવાળા વિભીષણે રાવણી રાજ્યના અધર્મની સામે માથું ઉપાડયું; પરંતુ સામ્રાજ્યના મદથી ઉન્મત્ત થયેલા રાક્ષસોને વિભીષણના વેણુસામે કાન ધરવાની ફુરસદ નહોતી–પરવા નહોતી. રાવણ તો પોતાના મહારાજ્યનાં દશવિધ ખાતાંઓમાં એકમુખીજ કારભાર ખેડતો હતો, પ્રજામાં એક શબ્દસુદ્ધાંયે બોલવાની સત્તા નહોતી–તાકાદ નહોતી; ને પોતાના નાનકડા બેટમાં બેઠેલો રાવણ અનેક વેળાએ ગર્વથી છાતી ફુલાવતો."

"રાવણ માનતો હતો કે, 'હું જગતભરતનું ભલું કરવાનેજ સરજાયેલો છું. મારી સત્તા સર્વોપરિ છે, મારૂં બળ અતુલ છે, મારી સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ છે. પ્રજાને રંજાડીને–તેને નીચોવીનેય જગતનાં સુખોનો ઉપભોગ કરવાનું મારે કાજે સુલભ છે.' રાવણની આસપાસના કારભારીઓ રાવણના આ ગર્વને–તેના આ પાપને–પોષવામાંજ પોતાના જીવનની ઇતિકર્તવ્યતા સમજતા હતા."

"ને રાવણની લંકાના માણસોની મનોદશા પણ કેવી હતી? બિચારા લોકો માનતા હતા કે, ધર્મનું પાલન એ તો દુર્બળ લોકોનુંજ કાર્ય છે! ધર્મના બધા ઇજારા–ધર્મની બધી ભાવના–ધર્મનાં બધાં કાર્યો–રાજા અને રાજ્યમાંજ સમાયેલાં છે! સમ્રાટોની શક્તિઓ તો ધર્મથીયે

શ્રેષ્ઠ છે. સામ્રાજ્ય પોતાના હાથમાં વિજયપતાકા લઇને જ્યારે જ્યારે ઘુમી રહે છે, ત્યારે ત્યારે ભગવાન દિવસના ચંદ્રમાની પેઠે આકાશના કોઈ ખૂણામાંજ સંતાઇ રહે છે."

બહુ થયું, રાવણના પાપનો ઘડો ભરાઇ ગયો, ધરતીમાતાપરનો પાપનો ભાર અસહ્ય થયો. ધરતી સળવળી સરજનહારને શરણે ગઈ. ધરતીમાતાએ વેણ કાઢ્યાં:–"કૃપાનાથ! આ પાપનો ભાર હવે નથી સહેવાતો, મારા ખોળાપરના માનવીઓની આસ્થા ભૂકો થઇ છે, તપ-શ્ચર્યા અને ધર્મપાલનનું આજની દુનિયામાં નામેય નથી, સુરાપાનની આજે છોળો ઉડી રહી છે. વાતાવરણના અણુયે અણુમાં અત્યાચાર વ્યાપી રહ્યો છે. લંકાની રાષ્ટ્રદેવી પહોરે પહોરે હજારો માણસોનો ભક્ષ માંડે છે, દેવો સંતાઇ ગયા છે. નાથ! સર્વનાશ આવ્યો છે. બચાવો!"

"અને જગદીશ્વરે પૃથ્વીને આશ્વાસન આપ્યું: 'દેવિ! શ્રદ્ધા રાખ. મનુષ્યોમાં ઇશ્વરી અંશ પ્રકટ થશે. વાનરોને હાથેજ રાવણ પરાભવ પામશે. વજ્રકાય, વજ્રકૌપીન બાળકો દેશમાં પ્રગટ થશે, ધર્મની જાગૃતિ થશે. આ બધાને કારણે પરમાત્મા પ્રકટ થશે!"

"પછી તો દશરથે તપસ્યા આદરી–ધર્મનો તેણે અગ્નિ ચેતાવ્યો. યજ્ઞ-પુરુષે પાયસરૂપી ચૈતન્ય આપ્યું. થોડાક ચમત્કારો થયા, કોઇ આગાહીઓ ઉઠી ને આવતા અવતારને ચરણે માથું નમાવવાને જનતા અધીરી બની."

"પાપનો ક્ષય થયો, ધર્મનો ઉદય થયો, અવતારની ઘડી આવી લાગી ને ભગવાન રામનો જન્મ થયો. કેવો તે દિવસે પ્રજાનો આનંદ!"

"રાવણ અને તેના રાક્ષસી કારભારીઓના અત્યાચારો તો જેવા ને તેવાજ ચાલતા હતા. કાંચનમૃગ મારીચની રાક્ષસી માયાનો સત્યાનાશ હજી નહોતો મંડાયો; પણ રામનો જન્મ થયો હતો ને! પ્રજાએ ઉત્સવ માંડયા."

"પરધુરામાં પીડાતી પ્રજાને રામજન્મનો આનંદ અનેરો હતો–અ-પૂર્વ હતો. રામ એટલે સત્ય, રામ એટલે ક્ષમા, રામ એટલે દયા ને રામ એટલે ધર્મ અને અસ્તેય!"

"રામે પોતાનું અવતારકાર્ય શરૂ કર્યું. પિતાના એક બોલને ખાતર

રામે રાજ્ય છોડયું, ધોબીને સંતોષવાને રામે સીતાને તજ્યાં; અન્યાય, અધર્મ અને અત્યાચાર સામે રામે દુશ્મનાવટ માંડી. જનતાએ રામજન્મમાં પોતાની મુક્તિ દીઠી, સ્વાતંત્ર્ય જોયું, ધર્મરાજ્ય દેખ્યું."

"ત્યારથી તે આજસુધી જનતા રામજન્મનો ઉત્સવ માંડે છે તે અમસ્તો નથી."

૯૦–ભારતીય સેવકો અને આગેવાનો !

તમને કેમ આવી રાષ્ટ્રસંતતિની સુંદર સેવા નથી સૂઝતી ?

(હિંદી માસિક "ગૃહલક્ષ્મી" ઉપરથી)

અનાથ બાળકોને, તેમજ જેમના પાલનપોષણનું માતા પાસે પૂરતું સાધન નથી હોતું તેવાં બાળકોને, ફ્રાન્સમાં "રાષ્ટ્રસંતાન" કહેવામાં આવે છે. ફ્રાન્સમાં રાજ્ય તરફથી એવાં કેટલાંએ આશ્રમો ચાલે છે, કે જ્યાં ગરીબ માતાઓ અને બીજાઓ બાળકોને મૂકી જાય છે.

આ બાબતમાં ફ્રાન્સ પાસેથી બીજાં રાષ્ટ્રોને ઘણું શીખવાનું છે. ફ્રાન્સના લોકો સ્વીકારે છે કે, એવી ઘણી પરિસ્થિતિઓ છે કે જેમાં સ્ત્રીને પોતાના બાળકનો ત્યાગ કરવો અનિવાર્ય થઈ પડે છે. આથી ત્યાં રાજય તરફથી એક એવો વિભાગ ખોલવામાં આવ્યો છે, કે જેથી બાળહત્યા કરવા કરતાં સ્ત્રીઓ પોતાના બાળકને રાષ્ટ્રને હવાલે કરી દે; પણ પ્રથમ તો સ્ત્રીઓ પોતેજ પોતાનાં સંતાનનું પાલનપોષણ કરે, એવો પ્રયત્ન કરવામાં આવે છે. આવાં આશ્રમોમાં એક દરવાજો એવો હોય છે, કે જે સ્ત્રીની જતી વખતે ઉઘડે છે અને તે અંદર પહોંચે છે એટલે તરતજ બંધ થઇ જાય છે. આ રીતે સ્ત્રી એક એકાંત ઓરડામાં પહોંચી જઇને ત્યાં તે કેટલીક વારસુધી એકલી રહે છે અને દિવાલો ઉપર ટાંગેલી હકીકતો વાંચે છે. એ હકીકતો વાંચતાં વાંચતાં તેને સમજાય છે કે, બાળક રાષ્ટ્રને આપી દીધા પછી તેને તે ફરીથી પાછું લઈ જઇ શકશે નહિ. વળી રાષ્ટ્ર તેને કેવી રીતે પાળશે–પોષશે તે વાત પણ તેને સમજાય છે. એ પછી થોડી વારે તેને બીજા ઓરડામાં આશ્રમ-

ના મંત્રી-સેક્રેટરી પાસે બોલાવે છે. સેક્રેટરી પ્રથમ તો તેને બાળકનું પાલન-પોષણ જાતેજ કરવા સમજાવે છે તથા તેને રોજગાર વગેરે શોધવાની યુક્તિઓ બતાવે છે; અને સ્ત્રીને તે વાત પસંદ નજ પડે, તોપછી તે એક કાગળ લખીને તૈયાર કરે છે અને તેના ઉપર સ્ત્રી પોતાની સહી કરે છે અને બાળકને તેમને હવાલે સોંપે છે. એ પછી અમુક વખત સુધીમાં તે પોતાનો વિચાર ફેરવતી નથી, તો તે બાળકના ગળામાં એક સફેદ મણકાની માળા પહેરાવવામાં આવે છે અને તે ઉપરથી તે રાષ્ટ્રની મિલ્કત ગણાય છે.

૯૧-શિવાજી કી પ્રતિજ્ઞા

જનની સમાન, જન્મભૂમિ કષ્ટ પા રહી,
જકડી પડી અનાથ અશ્રુ હૈ બહા રહી;
કોઇ નહીં સહાય, હાય હાય કર રહી,
તન છીન, મન મલીન દીન આહ ભર રહી;
સબ પાશ કાટકર ઇસે સ્વતંત્ર બનાઉં,
તબ મૈં યથાર્થ હી શિવાજી વીર કહાઉં. ૧
આયે ન આર્યવર્ત મેં યે શત્રુ-ભૂપ હૈં,
ઉતરે મનુષ્યવેષ મેં નિશિચર સ્વરૂપ હૈં;
મંદિર બીગાડ, ઘર ઉજાડ કર સતા રહે,
હિંદૂ સ્રિયોં ને કયા ન અત્યાચાર હૈં સહે;
ઇનકે સિરોં કી ભેંટ ભવાની કો ચઢાઉં,
તબ મૈં યથાર્થ હી શિવાજી વીર કહાઉં. ૨
કીતને કુલોં કી માન મર્યાદા વિનષ્ટ કી,
સીમા નહીં હૈં ગાય બેચારી કે કષ્ટ કી;
મેરી પવિત્ર માતૃભૂમિ દલિત હો રહી,

માલિક બને હૈં આજ ઉસકે કોઇ ઔર હી;
ઈનકા મિટાઉં નામ હિંદૂ નામ બચાઉં,
તબ મૈં યથાર્થ હી શિવાજી વીર કહાઉં. ૩
કિતને સિરોં સે ચોટિયાં જબરન ઉતાર લીં,
બદલે મેં ચોટિયોં કે યા ગરદન ઉતાર લીં;
ક્યા ક્યા કહું હા! સોચતે હી દિલ દહલ જાતા,
બાહેં ફડકતી ખૂન આંખોં ઉતર આતા;
ઇનકો પરાસ્ત કર વિજય કે કેતુ ફહરાઉં,
તબ મૈં યથાર્થ હી શિવાજી વીર કહાઉં. ૪
ઐસી લગાઉં આગ યવનવન વિનાશ હો,
ઈસ અંધકારમેં પુનઃ સુંદર પ્રકાશ હો;
ઉલટી બહાઉં ધાર ગંગા કી પહાડ કો,
મૈં એક હાને સે દીખા દૂં ફોડ ભાડ કો;
કોઈ બચે ન શત્રુ ઐસી ખડ્ગ ચલાઉં,
તબ મૈં યથાર્થ હી શિવાજી વીર કહાઉં. ૫

૯૨—હર હર મહાદેવ

(ચાકન દુર્ગ જીતને કે લિયે શિવાજી મહારાજ કા ચારણ મહારાષ્ટ્ર સિપાહિયોં કો ઉત્સાહિત કરતા હૈ ઔર સૈનિકગણ ઉસકા પ્રત્યુત્તર દેતે હૈં.)

ચારણઃ—

ચાકન કે ઉત્તુંગ કિલેપર શત્રુ-પતાકા ફહરાઇ,
મહારાષ્ટ્રપર તુર્કીં દલ કી દીખ રહી હૈ પ્રભુતાઇ;
ઉઠો રાષ્ટ્ર કે ઉદ્‌ભટ વીરો સુત દારા કા મોહ તજો,
છુરા વ્યાઘ્રનખ ખડ્ગ તીર સે વીર બાંકુરે ખૂબ સજો. ૧

સૈનિકગણઃ–

રાષ્ટ્ર હમારા ઘર હૈ, ઇસકે પહરેદાર સિપાહી હમ,
સોચ સમઝકર રખના ઇસમેં તુર્કોં કે એ ભૂપ! કદમ;
આતે હૈં હમ ચાકન પર સે યવની ધ્વજા ગિરાને કો,
માતૃ–ભૂમિ કી છાતી પર સે તેરા કદમ હટાને કો. ૨
મહાકાલ ઉસ રુદ્રમૂર્તિ કી શક્તિ હમારી માતા હૈ,
મહારાષ્ટ્ર કી દિવ્ય દેવતા તન મન ધન કી ત્રાતા હૈ;
ગોબ્રાહ્મણહિત છોડ પ્રાણ હમ ધર્મધ્વજા ફહરાયેંગે,
ખડ્ગવજ્ર સે શત્રુશૈલ કા મસ્તક તોડ ગિરાયેંગે. ૩
જીયે દેવતા જીજીબાઇ પૂર્વ દિશાસી કાન્તિમયી,
જુગજુગ જિયે શિવાજી ભાસ્કર જિનકી જ્વાલા તેજમયી;
કિરણ સદૃશ હમ ઘિર જાયેંગે દિશા દિશામેં ફૈલેંગે,
માર માર કર તુર્કોંકો હમ પૈરોં તલે મસલ દેંગે. ૪
ચઢે ચલો બાદલ સે વીરો તોરણ કે ચહું ઓર ઘિરો,
ઉમડ ઘુમડ કર બેહદ બરસો ટૂટ ટૂટ કર ખૂબ કરો;
માતા કા સ્તનપાન કિયા હૈ ઉસે ન બટ્ટા લગ જાયે,
છત્રપતિ કા માન બઢે જગ મેં શુભ ડંકા બજ જાયે. ૫
મહારાષ્ટ્ર કી આન રહેગી ગોબ્રાહ્મણ રક્ષિત હોંગે,
તુર્કી દલ કી રુધિરનદી મેં વીર ચરણ વિપ્લુત હોંગે;
હિન્દૂપન કી લાજ બચેગી દેવાલય સજ જાયેંગે,
હોંગે હમ સ્વાધીન આજ યોં વીરમૃત્યુ કો પાયેંગે. ૬

હર હર મહાદેવ

૯૩–આનંદસાગર બ્રહ્મની આરાધના

આનંદસાગર બ્રહ્મ આરાધીએ, એવું વેદવચન નિર્ધાર જો;
આનંદમાંથી સૌ જગ ઉપજે, જીવે આનંદે સંસાર જો. આ૦ ૧

અંતે આનંદમાં સરવે સમે, તે આનંદ અચલ કે'વાય જો;
અણુ ને આદિ તે બ્રહ્મા લગી, સૌમાં સરખો આનંદ થાય જો. આ૦ ૨

આનંદ વિષયોમાં જે કો કહે, તેને ગુરુની ગમ ના હોય જો;
જડ વિષયોમાં આનંદ ના રહે, આનંદ ચૈતન્યમધ્યે જોય જો. આ૦ ૩

વિષયવિષે જે આનંદ થાય છે, તેનો જોજો કરી વિચાર જો;
સમતી વૃત્તિ હોય છે જીવની, દેખી વિષય ઠરે છે ઠાર જો;
તેમાં પડે પ્રતિબિંબ બ્રહ્મનું, તેમાં છે આનંદ નિર્ધાર જો. આ૦ ૪

સૂકાં અસ્થિ વિષે જ્યમ શ્વાનને, ખાતાં મુખનું લોહી લપટાય જો;
ત્યમ ત્યમ ખાય ઘણું ખાંતે કરી, કારણ પોતે ના પ્રીછાય જો. આ૦ ૫

એમ વિષયમાં આનંદ જે કહે, તે નર શ્વાનસમા કહેવાય જો;
વિષયો નિદ્રામાં રહેતા નથી, પણ આનંદનો અનુભવ થાય જો. આ૦ ૬

એથી સહજ સમાધીને વિષે, ઉપજે આનંદ કેરા ઓઘ જો;
એવો અક્ષય આનંદ માણવા, સદાય કરવો સાચો જોગ જો. આ૦ ૭

આનંદ વિષયોનો સઘળે વદે, ઇન્દ્રાદિક અજપદ કૈલાસ જો;
છોટમ બ્રહ્માનંદ જેને મળ્યો, તે તો ન કરે કોઇની આશ જો. આ૦ ૮

૯૪—સૌ છે એનું એ.

(લેખકઃ-કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા)

અંજની ગીત

દેશતણા દીવા પ્રગટાવ્યા, દેશમહીં હીરા નીપજાવ્યા;
અણમૂલાં રત્નો કંઇ દીધાં, માતા એની એ.

રામ અને દેવાંશી કૃષ્ણ, સતવ્રતધારી હરિશ્ચંદ્ર;
સતી સીતાને દમયંતીની, જનની એની એ.

શંકર ગઉતમ ને ગઉરાંગ, નાનક વીર વિવેકાનંદ;
ધરમપ્રચારક ભક્તવરોની, ભૂમિ એની એ.

વીર પ્રતાપ પૃથુ શિવાજી, ચાંદબીબી ને લક્ષ્મી જેવી;
યુદ્ધવિશારદ વીર દેવીની, જન્મભૂમિ તે એ.

શિયળનો શણગાર સજીને, જૌહરવ્રતમાં પ્રેમ ધરીને;
બળતી બાળા ભડભડ ચેતે, જન્મભૂમિ તે એ.

ફરે ન પાછી પાની સ્વામી, સુંદરીના સૌંદર્યે મોહી;
ક્ષત્રાણીઓ ભેટ ધરંતી, નિજ શિરની તે એ.

દાદા ને સુરેન્દ્ર સરીખા, ગાંધી ને ગોપાળ સમાણા;
દેશભક્તનાં કીધાં લ્હાણાં, દાતા એની એ.

રે! ગૌરવ સૌ નષ્ટ થશે શું ? સુર ઇતિહાસો લુપ્ત થશે શું ?
ઉઠો, જાગો, પ્રાપ્ત કરોને, સૌ છે એનું એ.

૯૫—ગૃહદેવીઓનું મંગળ ગીત

(લેખકઃ—નર્મદાશંકર બાલાશંકર પંડયા)

અમે સ્નેહ ને સૌજન્યકેરી દેવીઓ રે લોલ;
અમે સ્વર્ગથી સંસારતટે ઉતર્યાં રે લોલ.
અમે શાન્તિ ને આનંદ બધે રેલીએ રે લોલ;
અમ હાસ્યમાં તો તેજના અંબાર છે રે લોલ.
અમે વાણીથી સ્વર્ગસુધા રેડીએ રે લોલ;
અમ નેણમાંથી પ્રેમની ધારા ઝરે રે લોલ.
અમે ધાત્રીઓ સંસારની કહેવાઈએ રે લોલ;
અમે વીર કાંઇ ઉછ્ંગમાં હુલાવીએ રે લોલ.
અમ ઉરથી અમૃતની શેરો ઝરે રે લોલ;
અમી પાઇને દેવાંશીઓ ઉછેરીએ રે લોલ.
અમે વિશ્વના સંતાપ સર્વ ફેડીએ રે લોલ;
તપ્યા માનવીને છાંય શીળી આપીએ રે લોલ.
દુઃખી માનવીનું શિર અંક રાખીએ રે લોલ;
અમે ઉતર્યાં રોતાંનાં આંસુ લૂછવા રે લોલ.
અમ હાસ્યથકી શોભતો સંસાર છે રે લોલ;
અમે વિશ્વમાં સૌન્દર્યના અવતારશાં રે લોલ.
અમે કાન્તની માનીતી ગૃહદેવીઓ રે લોલ;
અમે રાજી તો પ્રભુ સદા પ્રસન્ન છે રે લોલ.
અમે સ્વર્ગને સંસારમાં ઉતારીએ રે લોલ;
અમે સ્નેહ ને સૌજન્ય કેરી દેવીઓ રે લોલ.

૯૬—કહાં હૈ વીર શેર શિવરાજ ?

(લેખકઃ—કવિ શ્રી હરિશંકર શર્મા)

દેખ દીનતા આર્યજાતિ કી, હોતા દુઃખ મહાન!
સંકટ સહ સહ સિસક રહી હૈ, હા ! હા !! ઋષિસંતાન!
નષ્ટ હો ગયે સભી સુખ–સાજ
કહાં હૈ વીર શેર શિવરાજ ?
ગાય, વિપ્ર, અબલાઓંપર હા ! હોતે અત્યાચાર !
વીર કહાનેવાલે કાયર, સોયે પાંવ પસાર !
બચાવે કૌન આજ હા લાજ ?
કહાં હૈ વીર શેર શિવરાજ ?
દૂધ, દહીં, પટ, અન્નાદિક સે ભરે રહે ભંડાર,
પર અબ ટુકડે, ઔર ચીથડે તક કો હૈ લાચાર;
બન ગયે ઔરોં કે મહતાજ
કહાં હૈ વીર શેર શિવરાજ ?
કિસી સમય જગતીપર જિનકા દમકા દિવ્ય દિનેશ,
આજ વીર બનને કી ક્ષમતા રહી ન ઉનમેં શેષ;
કહો ફિર કૌન કહે સરતાજ
કહાં હૈ વીર શેર શિવરાજ ?
મંદિર, મૂર્તિ, મઠોંપર ફિર સે હોને લગે પ્રહાર,
ચોટી ઔર જનેઉ બચના હુવા હાય ! દુરવાર;
પુકારે પીડિત પડા સમાજ
કહાં હૈ વીર શેર શિવરાજ ?

उत्तम अने सस्तुं सा[illegible]त्य

અતિ ઉત્તમ ધાર્મિક ગ્રંથો

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદઇંચ	મૂલ્ય
સંપૂર્ણ મહાભારત–શુદ્ધ ગુજરાતી ભાષાંતર	૫૨૦૦	૬।।।×૧૦	૩૬)
શ્રીવાલ્મીકિ રામાયણ–૩૨ ચિત્રોસાથે......	૧૩૨૦	૬।।।×૧૦	૬)
તુલસીકૃત રામાયણ–૪૦ ચિત્રોસાથે	૧૩૫૦	,,	૬)
મહાભારતનું શાંતિપર્વ–નવી આવૃત્તિ......	૯૦૦	,,	૫)
ગિરધરકૃત શુદ્ધ રામાયણ	૭૮૪	૫।।।×૯	૨।
અખાની વાણી–મનહરપદ સાથે	૫૦૦	૫×૮	૧।।
પ્રીતમની વાણી–સર્વથી મોટો સંગ્રહ......	૪૨૦	૫×૯	૧।।
છોટમની વાણી–ગ્રંથ ૧ લો.....	૨૬૪	,,	૧)
છોટમની વાણી–ગ્રંથ ૨ જો તથા ત્રીજો છપાય છે. સત્વર બહાર પડશે.			
ધર્મતત્ત્વ–બંકિમચરિત્રસાથે	૨૪૮	૫।।×૮	૦।।।
યોગતત્ત્વ	૩૮૪	,,	૧।
શ્રીયોગવાસિષ્ઠ–મહારામાયણ બે ભાગમાં. ...	૧૯૦૦	૬।।।×૧૦	૧૦)
મહાભારતનાં આદિ અને સભાપર્વ(૧લી આવૃત્તિ)	૬૦૦	૬।।।×૧૦	૨)
શ્રીદાસબોધ–નવી આવૃત્તિ	૬૨૦	૫।।×૮	૨।।
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા–નવી આવૃત્તિ ...	૭૦૦	૫।।।×૯	૨।।।
શ્રીભગવતી ભાગવત–ઉત્તમ ભાષાંતર ...	૮૬૪	૬।।।×૧૦	૪।।
શ્રીમદ્ભાગવત–ઉત્તમ ભાષાંતર...	૭૦૦	૮×૧૧	૫)
શ્રીરામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા... ...	૬૫૦	૫।×૮	૨।।
સ્વામી રામતીર્થ–ગ્રંથ ૧ લો–ભાગ ૧ થી ૫	૫૮૦	,,	૨)
,, ,, ગ્રંથ ૨ જો–ભાગ ૬ થી ૯	૬૮૦	૫।।।×૮।	૨।
,, ,, ગ્રંથ ૩ જો–ભાગ ૧૦–૧૧	૫૨૮	૫।×૮	૨)

,, ,, ગ્રંથ ૪ થો–ભાગ ૧૨–૧૩	૬૪૦	૫ાાા×૮ાા	૨)
સ્વામી વિવેકાનંદ ગ્રંથ ૧ લો–ભા. ૧–૨–૩	૫૭૫	૫ાા×૮	૨ા
,, ,, ગ્રંથ ૨ જો–ભા. ૪–૫...	૬૦૦	,,	૨ા
,, ,, ભાગ ૬ થી ૮ નોખા ...	૧૦૦૦	૫×૬ાાા	૩ા
,, ,, ભાગ ૯ મો–સંપૂર્ણ ચરિત્ર	૭૪૦	૫×૬ાાા	૨ાા
,, ,, ભાગ ૧૦ મો–રાજયોગ...	૩૦૦	,,	૧ા
શ્રીભક્તચરિત્ર અથવા **ભક્તિરસામૃત** ...	૪૦૮	૫×૯	૧ાા
શ્રીભજનસાગર–નવી આવૃત્તિ...	૨૦૦	૫×૮	૦ા–
સ્વર્ગનું વિમાન	૩૮૪	૫×૯	૧ા≈
સ્વર્ગની કુંચી	૩૭૮	૫×૯	૧ા≈
સ્વર્ગનો ખજાનો...	૩૨૪	,,	૧ા≈
સ્વર્ગનો પ્રકાશ	૩૩૬	,,	૧ા≈
ભગવદ્‌ગીતા–ગુજરાતી ટીકાસહિત નવી આવૃત્તિ છપાય છે.			
ભગવદ્‌ગીતા–મરાઠી કે હિંદી ટીકાસહિત...	૨૩૦	૩ાા×૫ાા	૦ા
ભગવદ્‌ગીતા–મૂલમાત્ર–મધ્યમ તથા મોટા અક્ષરમાં ૦ા અને ૦ાા			
પંચરત્નગીતા-મૂલમાત્ર-નાના, મધ્યમ તથા મોટા અક્ષરમાં ૦ા, ૦ા≈, ૦ાાા			
મહાભારત અને રામાયણ–વિષે વિચારો ...	૨૦૦	૬ાાા×૧૦	૦ાા≈
શ્રીમહાભારત વિષે–જાણવા જોગ વિચારો ...	૩૨૮	”	૧ાા

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

શુભસંગ્રહ–ભાગ ૧ લો...	૧૯૨	૫×૬ાાા	૦ા
શુભસંગ્રહ–ભાગ ૨ જો...	૭૦૦	૬ાાા×૧૦	૨ાા
શુભસંગ્રહ–ભાગ ૩ જો છપાય છે. સત્વર બહાર પડશે.			
આગળધસો...	૪૬૮	૫×૯	૧ાાા
આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ ૧ લો	૩૩૬	૫ાા×૮	૧)≈
,, ,, ભાગ ૨ જો	૩૯૨	,,	૧ા
બંકિમનિબંધમાળા–ધર્મતત્ત્વસાથે	૫૯૦	૫ાા×૯	૧ાાા

ભાગ્યના સૃષ્ટાઓ (સાદું પૂંઠું)	૭૨૦	૫×૬ાાા	૧ાા
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ....	૫૫૨	,,	૧ા

ઈતિહાસ અને વૈદકસંબંધી ઉપયોગી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં ...	૧૫૩૦	૬ાાા×૧૦	૧૦)
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ ...	૭૦૦	૬ાાા×૧૦	૪)
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત ...	૧૪૦	૫×૬ા	૦ા–

બોધદાયક ઉત્તમ જીવનચરિત્રો

દાનવીર કાર્નેગી	૪૦૦	૫ા×૮	૧ાા
શ્રીભક્તચરિત્ર	૪૦૮	૫×૯	૧ાા
મુસ્લીમ મહાત્માઓ	૫૯૨	૫ાાા×૮ા	૧ાાા
કાઉન્ટ ટૉલ્સ્ટૉયનું જીવનચરિત્ર...	૬૨૦	૫ાા×૯	૨ાા
મહાન નેપોલિયન બોનાપાર્ટ	૮૪૦	૫ાા×૮	૩)
સ્વામી રામતીર્થની જીવનકથા	૬૪૦	,,	૨)
સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ જીવનચરિત્ર ...	૭૪૦	૫×૬ાાા	૨ાા
મહાન સમ્રાટ્ અકબર...	૩૫૨	૫ાા×૮ા	૧ા
શ્રી શિવાજી છત્રપતિ	૫૨૮	૫ાાા×૯	૨ા
વીર દુર્ગાદાસ...	૨૪૦	૫ા×૭ા	૦ાાા
ભારતનાં સ્ત્રીરત્નો–ગ્રંથ ૧ લો ...	૨૧૦૦	૫ાાા×૮ા	૬)
,, ,, ગ્રંથ ૨ જો	છુટક દરેક ભાગના રૂ.૨ાા		
,, ,, ગ્રંથ ૩ જો			

સ્ત્રીઓ તથા પુરુષોમાટે બોધપ્રદ વાર્તાઓ

ટુંકીવાર્તાઓ–ભાગ ૧ થી ૪ ભેગા	૬૦૦	૫×૯	૨)
ટુંકી વાર્તાઓ–ભાગ ૫ મો. ૨૮ સાંસારિક વાતો	૩૦૪	૫×૬ાાા	૦ાાા–
ટુંકીવાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો–બોધપ્રદ ૨૭ વાતો ...	૩૬૦	,,	૧)
ટુંકીવાર્તાઓ–ભાગ ૭ મો–અનેક વાતો ...	૨૫૦	,,	૧ાા

દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી ... ... ૧૬૦ ,, ૦

બાળકોમાટે ખાસ ઉપયોગી પુસ્તકો

સદ્‌ગુણી બાળકો–૬૯ બનાવોનો સંગ્રહ ... ૧૨૮ ૫×૭ા ૦
બાળસદ્‌બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ... ૧૧૨ ૫×૬ાા ૦
બાળકોની વાતો–રસિક વાતચીતરૂપે ૨૧ પાઠ ૯૬ ,, ૦)૬
દુઃખમાં વિદ્યાભ્યાસ–સચોટ સાચાં દૃષ્ટાંતો... ૯૦ ૫ાા×૮ ૦
સુબોધક નીતિકથા ... ... ૧૮૪ ૫ાા×૭ા ૦।=

ચિત્રો અને ચિત્રાવલીઓ

શ્રીમહાભારત ચિત્રાવલી ૨૬ ચિત્રોનો સુંદર સંગ્રહ ૧
શ્રીરામાયણ ચિત્રાવલી ૩૬ ,, ,, ,, ... ૧
ભગવાન શ્રીકૃષ્ણમુરારી (ત્રિરંગી) ... ... ૧૪×૨૨ ૦।=
દ્રૌપદી વસ્ત્રાહરણ (ત્રિરંગી) ... ... ૧૪×૨૨ ૦।

ઉપરની ચિત્રાવલીઓનાં છૂટક ચિત્રો પણ મળશે.

मंगावनारने खास सूचना

૧–પોસ્ટેજ ઉપરાંત રજીસ્ટર તથા વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦ સુધીનું રૂ. ०। જૂદું લાગે છે. ૨–મંગાવેલામાંનાં જે પુસ્તકો ન આ તે ખલાસ સમજવાં. ૩–પૂરૂં મૂલ્ય પ્રથમથીજ મોકલીને દશેક રૂ. ન પુસ્તકો રેલરસ્તે મંગાવવાથી વધારાના પેકીંગ બદલ રૂ. ०। ચઢશે તો પણ કુલ ખર્ચ બહુ ઓછો આવશે. ૪–મહાભારત સાથે રૂ. ૧૦૦)નાં અથવા મહાભારત સિવાયનાં રૂ. ૨૫) નાં પુસ્તકો લેનારને અમદાવાદમાં ૧૨ાા ટકા કમીશન મળશે અને મહાભારત સાથે ૩૦૦) ન અથવા તે સિવાયનાં ૧૦૦) નાં લેવાથી ૧૫ ટકા મળશે.

ઉત્તમ પુસ્તકો જૂજ કિંમતે પૂરાં પાડનારી, ૧૮ વર્ષથી ચાલતી

विविध ग्रंथमाळा

દરવર્ષે પા।।×૮ અને ૫×૯ ના કદનાં ૧૬૦૦ પૃષ્ઠનાં વિવિધ વિષયનાં ઉત્તમ પુસ્તકો પો. સાથે માત્ર ૪) અને પાકાં પૂંઠાં સાથે ૫)માં મળે છે.

સં. ૧૯૮૩માં “મુસ્લીમ મહાત્માઓ” નીકળી ચૂક્યું છે. તથા “શુભસંગ્રહ ભાગ ત્રીજો” “છોટમની વાણી–ભાગ બીજો” અને “ભારતના વીરપુરુષો”ની સંશોધિત બીજી આવૃત્તિ, એ પુસ્તકો થોડાજ માસમાં નીકળશે.

૧૯૮૪ માં–સંતવાણી તથા સ્વર્ગનાં પુસ્તકોમાંથી તેમજ શુભસંગ્રહ અને ટુંકી વાર્તાઓના નવા ભાગો, સત્યાગ્રહ અને અસહકાર, ટાગોરકૃત ભારતધર્મ, જેમ્સ એલનનાં પુસ્તકો, ભારતીય નીતિકથાઓ, સ્વામી વિવેકાનંદનો જ્ઞાનયોગ, સુબોધ રત્નાકર, વિજયકૃષ્ણ ગોસ્વામી અને ભાસ્કરાનંદ સ્વામી ૯૦નાં ઉત્તમ ચરિત્રો ૯૦માંથી નીકળશે.

आ माळाना आगलां वर्षोना हजी मळता सॅट

૧૯૭૬નાં ત્રણ પુસ્તક–પૃષ્ઠ ૧૫૦૦, રૂ. ૨।।, પાકાં પૂંઠાં ૩।।, સ્વામી વિવેકાનંદ ભાગ ૬–૭, ભાગ્યના સૃષ્ટાઓ, ટુંકી વાર્તાઓ ભાગ ૬ઠ્ઠો.

૧૯૭૯નાં ત્રણ પુસ્તક–પૃષ્ઠ ૧૫૦૦, રૂ. ૩।।, પાકાં પૂંઠાં ૪।।, ટુંકીવાર્તાઓ ભાગ ૭ મો, કાઉન્ટ ટૉલ્સ્ટૉય, સ્વામી વિવેકાનંદનો રાજયોગ.

સંવત ૧૯૮૦ નાં ત્રણ પુસ્તક–પૃષ્ઠ ૧૬૦૦, મૂલ્ય ૪, પાકાં પૂંઠાં ૫) સ્વામી રામતીર્થ ભાગ ૧૦–૧૧, નેપોલિયન બોનાપાર્ટ, બંકિમકૃત ધર્મતત્ત્વ.

સંવત ૧૯૮૧ નાં ચાર પુસ્તક–પૃષ્ઠ ૧૬૦૦, મૂલ્ય ૪, પાકાં ૫) સ્વામી રામતીર્થ ભાગ ૧૨–૧૩, યોગતત્ત્વ, સ્વર્ગનો પ્રકાશ, આદર્શ દૃષ્ટાંતમાળા.

સંવત ૧૯૮૨નાં પુસ્તકો:–દાનવીર કાર્નેગી, શુભસંગ્રહ ભા. ૨જો, રામાયણ અને મહાભારતવિષે વિચારો, આદર્શ દૃષ્ટાંતમાળા ભાગ ૨જો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–અમદાવાદ અને મુંબઈ

'कोई एक जणे जगमां जन्मी'

કોઈ એક જણે જગમાં જન્મી, કાંઇ કાંઈ સુંદર સુકૃત
કોઇ એક જણે નિજ માનવબંધુને, સહાય કરી આશી
કોઇ એક જણે ગાઇ ગીત મધુર, કંટકના હૃદયને શ
કોઇ એક જણે પ્રકટાવી પ્રસન્નતા, અન્યના હૃદયનું દુ
કોઇ એક જણે મહાવિપદવિષે, કરી સહાય સાર્થક મિત્ર
કોઇ એક જણે શબ્દ શ્રવણ કર્યાં, નિજ આશ્રિતનો ઉપકા
કોઇ એક જણે જઇ એકાંતમાં, નિજ સ્વરૂપતણું કર્યું ધ્યાન
કોઇ એક જણે 'દેશસેવા' કરે, એવું સાચા હૃદયનું વચન
કોઇ એક જણે નિજ ધર્મને કાજ, અધર્મ પ્રતિ યુદ્ધને
કોઈ એક જણે નિજ જીવન ગાળ્યું, તપાદિમાં એકાંતે શાંતિલહ્યું
કોઇ એક જણે વ્યવહારે રહી, સાચા સાધનથી સાધી ઉત્તમતા;
કહો બંધુ! વિચારી મને તો જરા, એવા 'કોઇ એક જણ' તે તમે શું હત

શ્રીઉપેન્દ્ર

सुणो, जागो, ओ बंधु ! ए मार्ग सजो.

બંધુ જુઓ જરી ઉક્ત વાણી તમે, કાંઈ ધારો-હૃદયમાં પ્રેર
બંધુ 'એમાંના એકાદ' બનવા ચહો, તો શું શક્ય નથી? એ વિચારે
બંધુ સત્ય આ વાત-હૃદયમાં ધરો, નકી થઇ શકશો 'એવા એક
બંધુ એકજ વાતનું કામ એમાં, તેહ આતુરતા તમ-હૃદય
બંધુ આડ ભાસે ભલે લક્ષ કહીં, તોય તેથી ન હારવું હૃદે
બંધુ પક્ષ તમારો છે સબળ બહુ, ખુદ સત્યનો સહાયક આ
બંધુ સદ્‌ગુણ સંપત્તિ સાથે હશે, હરિ તેહથી દૂર ન વાત
બંધુ સ્વાર્થ સાધો પ્રભુપ્રાપ્તિતણો, કાં તો દિન દુઃખીતણી સે
બંધુ ઉભયતણું ફળ આખર એક, તે મહાપદ લહી થઇ મુક્ત
બંધુ તન ધન આદિ છે ક્ષણિક બધાં, ઉપયોગ કરી લ્યોને તેહ
બંધુ વીજને ઝબકે પરોવી લ્યો મોતીને, સત્ય જીવનધન પ્રાપ્
ખરી બુદ્ધિ એમાં, ખરો સ્વાર્થ એમાં, અન્ય બુદ્ધિ કબુદ્ધિ લહીને , ...,
એમ સંત કહે જગ સર્વ તણા, સુણો, જાગો, ઓ બંધુ! એ માર્ગ સજો.